वर्ष : 10 ◆ अंक : 2-3
માર્ચ-જૂન 2020
સળંગ અંક : 56-57

कर भला होगा भला
- છગનભા




માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

## કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ



**આચાર્યશ્રી**
**મોહનલાલ પટેલ**
**(૧૯૨૭-૨૦૨૦)**
**સ્મૃતિઅંક**

# સંસ્થામાં હું

સંસ્થા સાથેનો મારો નાતો ઈ. સ. ૧૯૫૦થી આજ સુધીનો એટલે કે ૨૦૧૯ સુધીનો(જેનું આજે પૂર્ણવિરામ નથી) છે. આટલા લાંબા સમયગાળામાં સંસ્થા સાથેનો મારો અત્યંત સુખદ અનુભવ છે. સંસ્થામાં હું માત્ર મદદનીશ શિક્ષક હતો ત્યારે પણ સંસ્થા સાથેના મારા અનુભવો સુખદ અને માનભર્યા હતા. ચોવીસ વર્ષ મેં આચાર્ય તરીકે કામ કર્યું. મંડળે મારા કામમાં – વહીવટની દષ્ટિએ કદી પણ માથું માર્યું નથી. નાણાં કેવી રીતે ખર્ચાય છે એનો કદીયે મંડળે હિસાબ જોવા માગ્યો નથી. સંસ્થા (શાળા) ભારે ખોટ કરતી હોવા છતાં મંડળે એ અંગે કશીય પૃચ્છા કરી નથી. શાળાનો આચાર્ય મંડળનો આટલો અસાધારણ વિશ્વાસ ધરાવતો હોય એ આજના જમાનામાં નાનીસૂની વાત નથી.

હું નિવૃત્ત થયો એ પછી પણ મંડળે મને આદર અને મોભાના ઊંચા આસને બેસાડ્યો છે. નિવૃત્તિ પછી ઝળહળતું બહુમાન તો કર્યું જ. ક. પા. કે. ઉત્તેજક મંડળમાં તો મને ઘણાં વર્ષો પૂર્વે કારોબારીનો સભ્ય બનાવી મૂક્યો હતો. નિવૃત્તિ પછી લગભગ તરત (૧૯૮૪) સર્વ વિદ્યાલય કેળવણી મંડળની ગાંધીનગરની શાખામાં મંત્રીપદે બિરાજમાન કર્યો અને કડી સર્વ વિશ્વવિદ્યાલય (યુનિવર્સિટી)ના બોર્ડ ઑફ ગવર્નર્સમાં સભ્યપદનું માનવંતું સ્થાન આપ્યું. બાકી રહેતું હોય એમ ક. પા. કેળવણી ઉત્તેજક મંડળના પ્રમુખનું અવસાન થતાં એ પદ ઉપર હું ઉત્સુક ન હોવા છતાં મને એ સ્થાન ઉપર બેસાડ્યો છે. **હું ભારપૂર્વક કહું કે મેં સંસ્થાને સેવા દ્વારા જે આપ્યું એના કરતાં અનેકગણું વધારે સંસ્થાએ મને આપ્યું છે. અને મને ખૂબ પ્રતિષ્ઠા અપાવી છે. આ પ્રતિષ્ઠાને સંસ્થાના મંત્રીશ્રીએ પછી સંસ્થાના ચેરમૅન શ્રી માણેકલાલ મા. પટેલે ચાર ચાંદ લગાડી આપ્યા એ હકીકતની નોંધ સંસ્થાની વાત સાથે લેવાવી જોઈએ એમ હું માનું છું.** એક વર્ષે કડીની લાયન્સ ક્લબ તરફથી કડીના સાહિત્યકારોના બહુમાનનો સમારંભ હતો. તે વખતે શ્રી માણેકલાલભાઈએ ‘કડી વાર્તાવર્તુળ’ને ‘શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ’ નામ આપીને એને એક સંસ્થારૂપે રજિસ્ટર કરાવવાનું સૂચન કર્યું અને એના નિભાવ અર્થે એ સભામાં જ મોટા દાન (એક લાખ પાંત્રીસ હજાર)ની જાહેરાત થઈ.

મને પંચોતેર વર્ષ થતાં ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના ગ્રંથપાલ શ્રી મણિભાઈ પ્રજાપતિ દ્વારા શ્રી ભોળાભાઈ પટેલ અને શ્રી રઘુવીર ચૌધરી સાથે ચર્ચા-વિચારણા કર્યા પછી મારા અમૃત મહોત્સવની ઉજવણી કરવાનું થયેલું સૂચન શ્રી માણેકલાલ પટેલે પ્રેમ અને ઉત્સાહપૂર્વક સ્વીકારી લીધું. આ ઉજવણી નિમિત્તે રચાયેલી સમિતિના અધ્યક્ષપદે મારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને શુભેચ્છકો પાસેથી સાત લાખ કરતાં વધારે ભંડોળ એકત્રિત કરીને એમાંથી પાંચ લાખ રૂપિયાની સખાવત એમણે **‘શ્રી મોહનલાલ પટેલ ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળા’**નો આરંભ કરવાની શરતે ઉત્તર ગુજરાત (હાલ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત) યુનિવર્સિટીને કરી.

**હું અમદાવાદમાં કૉલેજનો અધ્યાપક બની રહ્યો હોત તો મને આર્થિક લાભ વધારે થયો હોત. સાહિત્યની ઘણી વધારે રચનાઓ કરી શક્યો હોત અને એ રીતે પણ સાહિત્યકાર તરીકેની વધારે પ્રતિષ્ઠા તેમજ નાણાંનો લાભ થયો હોત, પણ કડીમાં રહીને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના આશ્રયે રહીને કામ કરવામાં જે પ્રતિષ્ઠા મળી છે એની તોલે પેલી ઉપલબ્ધિ કદી ન આવી શકત. ઉક્ત મંડળોમાં કામ કરવાના આધારે ઉત્તર ગુજરાતના મોટા વિસ્તારમાં પરોક્ષ રીતે કેળવણીનું ઘણું કામ કરી શકાયું છે. આ પ્રતિષ્ઠા મળી કડીનાં બે કેળવણી મંડળોના આધારે જેનું ઋણ સ્વીકારવું રહ્યું.**

**મોહનલાલ પટેલ**

***‘ટાઇમ કૅપ્સ્યૂલ’*** (૨૦૧૯)

પૃ. ૨૨૧-૨૨૩માંથી ટૂંકાવીને સાભાર

## સારસ્વતોના સાંનિધ્યમાં...



એમ.એ.ના અભ્યાસ દરમ્યાન ભદ્રેશ્વરના પ્રવાસ વખતે ગુરુવર્ય ઉમાશંકર જોશી સાથે વિચાર-વિમર્શ...



સર્વ વિદ્યાલય'ના આચાર્ય તરીકે ૧૯૮૪માં નિવૃત્ત થતાં મહેસાણા જિલ્લા આચાર્ય સંઘ વતી શ્રી ઉમાશંકર જોશી 'સ્મૃતિચિહ્ન' અર્પણ કરી રહ્યા છે. આ પ્રસંગે શ્રી યશવંત શુકલ, આચાર્યશ્રી મનુભાઈ પટેલ વગેરે દ્રશ્યમાન થાય છે.



'સર્વ વિદ્યાલય'માં આયોજિત સમારોહ પ્રસંગે શ્રી પન્નાલાલ પટેલ સાથે.




'સર્વ વિદ્યાલય'માં આયોજિત સમારોહ પ્રસંગે શ્રી ઈશ્વર પેટલીકર 'સંદેશ સુવર્ણચંદ્રક' યુકત કરી રહ્યા છે. બાજુમાં શ્રી પીતાંબર પટેલ છે.

## સારસ્વતોના સાંનિધ્યમાં...



શ્રી રામજીભાઈ કડિયા પુષ્પગુચ્છ અર્પણ કરી રહ્યા છે.



ઈ.સ.૧૯૭૧માં શ્રી ગુલાબદાસ બ્રોકર
'સન્માન સ્મૃતિચિહ્ન' અર્પણ કરી રહ્યા છે.



'ગુજરાત સાહિત્ય અકાદમી'ના
પ્રમુખ શ્રી ભોળાભાઈ પટેલ
શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક અર્પણ કરી રહ્યા છે.
વચ્ચે ડૉ. કુમારપાળ દેસાઈ દ્રશ્યમાન થાય છે.





'૪૦ લઘુકથાઓ'ના અનાવરણ પ્રસંગે શ્રી બકુલ ત્રિપાઠી, રઘુવીર ચૌધરી વગેરે સાથે.

# સારસ્વતોના સાંનિધ્યમાં...



શ્રી મોહનલાલ પટેલને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને
ક. પા. કે. ઉ. મંડળના ઇતિહાસ લેખન માટે મંડળના
ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલ અને લબ્ધપ્રતિષ્ઠ સાહિત્ય
સર્જક શ્રી રઘુવીર ચૌધરી સન્માનપત્ર અર્પણ કરી
સન્માનિત કરી રહ્યા છે તે પ્રસંગનું દ્રશ્ય.




'હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી', પાટણમાં આયોજિત
'શ્રી મોહનલાલ પટેલ ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળા' તથા 'દર્શક
ફાઉન્ડેશન અવોર્ડ અર્પણ' સમારોહ પ્રસંગે કુલપતિશ્રી કે. કે. શાહ,
શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક, શ્રી રઘુવીર ચૌધરી, શ્રી માણેકલાલ પટેલ, વગેરે સાથે.




કડીમાં 'શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ' દ્વારા આયોજિત
વ્યાખ્યાનમાળા પ્રસંગે શ્રી રતિલાલ નાયક, શ્રી માણેકલાલ પટેલ,
શ્રી ભોળાભાઈ પટેલ, શ્રી પ્રિયકાન્ત પરીખ વગેરે.



'શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ', કડી દ્વારા આયોજિત કાર્યક્રમ
પ્રસંગે ઉપસ્થિત શ્રી રઘુવીર ચૌધરી વગેરે સાહિત્યકારો ઉપરાંત
શ્રી માણેકલાલ પટેલ, ડૉ. રામભાઈ પટેલ વગેરે દ્રશ્યમાન થાય છે.



મોહનલાલ પટેલકૃત 'લાંછન' નવલકથાનું વિમોચન કરી રહેલા
શ્રી રઘુવીર ચૌધરી. બાજુમાં કુલપતિશ્રી નિરંજન દવે, પ્રો. ભોળાભાઈ પટેલ,
પ્રો. જગદીશ દવે, માણેકલાલ પટેલ અને શ્રી મોહનલાલ પટેલ છે.




શ્રી હે. ઉ. ગુ. યુ., પાટણ દ્વારા આયોજિત શ્રી મોહનલાલ પટેલ ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળાનું
પ્રથમ વ્યાખ્યાન વર્ષ ૨૦૦૬માં આયોજિત કરવામાં આવ્યું હતું તે પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો.
**વક્તા : પદ્મશ્રી સિતાંશુ યશશ્ચંદ્ર**

# સર્વ વિદ્યાલયના મોવડીઓ સાથે...



સર્વ વિદ્યાલય માટે ૧૯૮૨માં અમેરિકા દાનયાત્રા પ્રસંગે મંડળના
મંત્રી શ્રી વકીલ ધનાભાઈ પટેલ, પ્રભાવતી બહેન અને
એમની બે પુત્રીઓ તથા શ્રી ડેવિડ અને શ્રી પીટર વગેરે સાથે.



૧૯૮૨માં અમેરિકા દાનયાત્રા પ્રસંગે મંડળના મંત્રીશ્રી વકીલ ધનાભાઈ
પટેલ, શ્રી ભરતકુમાર અને એમનાં બાળકો હેતલ અને ભારવિ સાથે.



'સર્વ વિદ્યાલય' માટે ૧૯૯૮ માં અમેરિકા દાનયાત્રા પ્રસંગે
શ્રી વિઠ્ઠલભાઈ ચોકસીના પરિવાર સાથે ચેરમેન શ્રી માણેકલાલ પટેલ વગેરે.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ આયોજિત બેઠકમાં શ્રી કેશવલાલ શેઠ,
ભોળાભાઈ પટેલ, શ્રી માણેકલાલ પટેલ અને શ્રી મોહનલાલ પટેલ.



'ક. પા. કે. ઉ. મંડળ', કડીના પ્રમુખ શ્રી કેશવલાલ શેઠ સ્મૃતિચિહ્ન અર્પણ
કરી સન્માનિત કરી રહ્યા છે. બાજુમાં શ્રી માણેકલાલ પટેલ વગેરે છે.



શ્રી મોહનલાલ પટેલ સંપાદિત
'કર્મચૂડામણિ માણેકલાલ : અભિવાદન ગ્રંથ'ના
વિમોચન પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો

# સર્વ વિદ્યાલયના મોવડીઓ સાથે...




'કડી મ્યુનિસિપાલિટી' દ્વારા કડીના પ્રતિષ્ઠિત મહાનુભાવોને સન્માનિત કરવાના
પ્રસંગે શિક્ષણમંત્રીશ્રી આનંદીબહેન પટેલ સન્માનપત્ર અર્પણ કરી રહ્યાં છે.
બાજુમાં શ્રી નીતિનભાઈ પટેલ અને અન્ય મહાનુભાવો દ્રશ્યમાન થાય છે.




પ્રયતકર કાનડિયા કૃત 'કર્મયોગી માણેકલાલ' પુસ્તક વિમોચન કરી રહેલા
શ્રી મોહનલાલ પટેલ, બાજુમાં શ્રી માણેકલાલ પટેલ અને
શ્રી વલ્લભભાઈ પટેલ દ્રશ્યમાન થાય છે.



'કડી તાલુકા વ્યાયામ મંડળ'ના ઉપક્રમે આયોજિત સમારોહ પ્રસંગે
શ્રી માણેકલાલ પટેલ સન્માનપત્ર અર્પણ કરી રહ્યા છે.
બાજુમાં ડૉ. રામભાઈ પટેલ વગેરે છે.



'એસ. કે. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મૅનેજમેન્ટ એન્ડ કમ્પ્યૂટર સ્ટડીઝ' ના
ઉદ્‌ઘાટન પ્રસંગે ઉદ્‌બોધન કરી રહેલા શ્રી મોહનલાલ પટેલ બાજુમાં
શ્રી માણેકલાલ પટેલ, સ્વામી સચ્ચિદાનંદ, શ્રી ભોળાભાઈ પટેલ,
શ્રી બળદેવભાઈ પટેલ વગેરે દ્રશ્યમાન થાય છે.



ચેરમેનશ્રી માણેકલાલ પટેલ
શ્રી મોહનલાલ પટેલને પુષ્પગુચ્છ અર્પણ કરી રહ્યા છે.



સરઢવમાં પૂ. છગનભાના નિવાસસ્થાને તેમના
પૌત્ર શ્રી કનુભાઈ પટેલ મોહનભાઈ સાહેબનું સન્માન કરી રહ્યા છે.


# સર્વ વિદ્યાલયના મોવડીઓ સાથે...



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીમાં નવાં બંધાયેલાં વિદ્યાભવનોનાં ઉદ્‌ઘાટન તથા 'માણેકલાલ એમ. પટેલ મેરિટ સ્કોલરશિપ' વિતરણ સમારોહનું આયોજન ગુજરાત રાજ્યના આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલના મુખ્ય મહેમાનપદે તા. ૧૨ જાન્યુઆરી, ૨૦૧૬ના દિને કરવામાં આવેલ તે પ્રસંગે ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો, સર્વશ્રી ક. પા. કે. ઉ. મંડળના પ્રમુખશ્રી મોહનલાલ પટેલ, સ. કે. મં. કડીના પ્રમુખ શ્રી ડૉ. રામભાઈ પટેલ, ગાંધીનગર શાખાના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલ વગેરે દ્રશ્યમાન થાય છે. **નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ** ઉદ્‌બોધન કરી રહ્યા છે.



શ્રી મોહનલાલ પટેલની સાથે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલ અને ડૉ. મણિભાઈ પટેલ, ડૉ. રમણભાઈ પટેલ, શ્રી ખોડભાઈ પટેલ વગેરે દ્રશ્યમાન થાય છે.







'સર્વ વિદ્યાલય', કડીમાં આચાર્યશ્રીના કાર્યાલયમાં




કેમ્પસમાં સ્થિત 'આચાર્ય નિવાસ' માં....

# કુટુંબસાથેનાં સ્નેહસંભારણાં







૧૯૫૫માં બી.એડ્.ની પરીક્ષામાં ગુજરાત યુનિવર્સિટીમાં ત્રીજા ક્રમે ઉત્તીર્ણ થતાં પદવીદાન સમારંભમાં ઉપાધિ પ્રાપ્ત કર્યા પછી....



શ્રીમતી હીરાબહેન યુવાવયે.

# કુટુંબસાથેનાં સ્નેહસંભારણાં



સર્વ વિદ્યાલય પરિસરમાં પરિવાર સાથે.



સુપુત્રીઓ સર્વશ્રી શર્વરીબહેન, દીનાબહેન અને જલધારાબહેન



શ્રી મોહનલાલ પટેલ, શ્રીમતી હીરાબહેન,
પુત્ર ડૉ. મયંક, પુત્રવધૂ સીમા, પૌત્રી અભિજ્ઞા
અને પૌત્ર ઈપ્સિત સાથે.



શ્રી મોહનલાલ પટેલ, શ્રીમતી હીરાબહેન,
પૌત્રી અભિજ્ઞા અને દોહિત્રી ઊર્જિતા

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

**કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર**

વર્ષ : ૧૦, અંક : ૨-૩, માર્ચ-જૂન, ૨૦૨૦; સળંગ અંક : ૫૬-૫૭

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ


સંસ્થામાં હું — મોહનલાલ પટેલ (કવર પૃ. ૨)
ઉઘાડા પગે (એક સ્મૃતિવિશેષ) — ડૉ. મયંક પટેલ (કવર પૃ. ૩)
સંપાદકીય — ૩
શ્રદ્ધાંજલિ
- આચાર્યશ્રી મોહનલાલ પટેલસાહેબ — ૬
- સ્વ. શ્રીમતી વિજયાબહેન પટેલ — ૭
- શ્રીમતી પારુબહેન ચૌધરી — ૭

૧. મોહનલાલ બા. પટેલને સ્મરણાંજલિ — સિતાંશુ યશશ્ચન્દ્ર — ૮
૨. શિક્ષણ અને સાહિત્યની ચેતનાના પ્રેરક શ્રી મોહનલાલ પટેલ — મનુભાઈ જે. પટેલ — ૯
૩. સર્વ વિદ્યાલયના અવિસ્મરણીય આચાર્યશ્રીની અલવિદા... — ડૉ. કનુભાઈ ધ. પટેલ — ૧૩
૪. આચાર્યશ્રી મોહનભાઈ સાહેબ — વલ્લભભાઈ એમ. પટેલ — ૧૫
૫. સર્વ વિદ્યાલયનું વટવૃક્ષ ધરાશાયી થયું ! — વિઠ્ઠલભાઈ અં. પટેલ — ૧૮
૬. અનંતની યાત્રાએ મોહનલાલ પટેલ — ડૉ. મણિભાઈ એસ. પટેલ — ૨૦
૭. શ્રી મોહનભાઈ સાહેબ - એક વિરલ અને પ્રેરક વ્યક્તિત્વ — ડૉ. રમણભાઈ જી. પટેલ — ૨૫
૮. અને ૯૩મા વર્ષે તેજસ્વી કલમ થંભી ગઈ — ગણેશભાઈ કા. પટેલ — ૨૮
૯. આજીવન શિક્ષક શ્રી મોહનભાઈ સાહેબ — ડૉ. સોમભાઈ સી. પટેલ — ૩૦
૧૦. મોહનલાલ સાહિત્યવર્તુળ–એક દૃષ્ટિપાત — ડૉ. રમેશ વ્યાસ — ૩૨
૧૧. Shri Mohanlal Patel : Man of Ideals and Integrity — Dr. Amrita Patel — ૩૩
૧૨. સ્થિતપ્રજ્ઞ મોહનભાઈ પટેલ — પ્રો. બી. એ. પ્રજાપતિ — ૩૭
૧૩. મોહનલાલ પટેલ ગુજરાતી લઘુકથાના આદ્ય સર્જક અને પ્રવર્તક — સોમાભાઈ વિ. પટેલ — ૪૦
૧૪. ... તો હું પટેલસાહેબનો અનુગામી હોત ! — ડૉ. પ્રભુદાસ પટેલ — ૪૩
૧૫. સૌમ્યમૂર્તિ શ્રી મોહનભાઈ પટેલ — ચંદુલાલ હીરાલાલ પટેલ — ૪૫
૧૬. નથી છતાં છે – મારી સ્મૃતિમાં ! — પ્રા. દિનકર દેસાઈ 'વિશ્વબંધુ' — ૪૬
૧૭. સંનિષ્ઠ સારસ્વત અને બહુમુખી પ્રતિભાશાળી સાહિત્યકાર મોહનલાલ પટેલ — ડૉ. બહેચરભાઈ પટેલ — ૪૮

૧૮. ‘સમરણ-મંજૂષા’નાં કેટલાંક ‘મનમોહન દશ્યો’ આચાર્ય ડૉ. મણિભાઈ ઈ. પ્રજાપતિ ૫૧
૧૯. આવી પરગજુતા ક્યાં જોવા મળશે ? તુલસીભાઈ પટેલ ૫૪
૨૦. એમને પગલે...પગલે...ચાલવા માંડીએ તો... ઈશ્વર પરમાર ૫૬
૨૧. મોહનલાલ પટેલનું સંપાદન-કાર્ય રતિલાલ બોરીસાગર ૫૭
૨૨. હૃદયસ્થ શ્રી મોહનલાલ પટેલ જિતેન્દ્ર કા. વ્યાસ ૬૦
૨૩. સ્મરણસેતુ પર સાહેબ સાથે સંવેદનસભર સફર પ્રસાદ બ્રહ્મભટ્ટ ૬૩
૨૪. વિદ્યાગુરુ-સાહિત્યગુરુ સ્વ.મોહનલાલ પટેલ, અંજલિકાવ્ય રમેશ ત્રિવેદી (કડી) ૬૮
૨૫. પૂજ્ય સ્વ. મોહનભાઈ સાહેબને સ્મરણાંજલિ દિલીપ રૉય ૬૯
૨૬. પ્રેરણા અને પ્રોત્સાહનનું પીયૂષ - શ્રી મોહનભાઈ પટેલ ગિરિમા ઘારેખાન ૭૦
૨૭. સરસ્વતી સપૂત અને શબ્દસાધક : શ્રી મોહનલાલ પટેલ રેખાબા સરવૈયા ૭૪
૨૮. શીલભદ્ર સારસ્વત અને મૂલ્યનિષ્ઠ શિક્ષક ડૉ. કનકબાળા જાની ૭૫
૨૯. પટેલસાહેબની સ્મૃતિઓ મને ભીજવ્યા કરે છે નટવર આહલપરા ૭૭
૩૦. મારા લઘુકથાના માર્ગદર્શક – મોહનભાઈ સાહેબ નટવર પટેલ ૭૯
૩૧. શ્રી મોહનલાલ પટેલની યશોદાયી લઘુકથા :‘જાકારો’ ગોવિંદ દરજી ‘દેવાંશી’ ૮૧
૩૨. સર્વ વિદ્યાલયના ‘કબીરવડ’ મોહનલાલ પટેલને હૃદયાંજલિ હર્ષદભાઈ શાહ ૮૨
૩૩. કડીને સાહિત્યિક નગરી બનાવનારને શ્રદ્ધાંજલિ શૈલેષભાઈ પટેલ ૮૫
૩૪. લઘુકથાના ધ્રુવતારક જિતુ નાયક ૮૬
૩૫. બીજો કોઈ... મોહનલાલ પટેલ જયંતી મકવાણા ૮૭
૩૬. કુટુંબના મોભી : અમારા વંદનીય મોહનભા ડૉ. હર્ષાબહેન પટેલ ૮૮
૩૭. દાદાજી સાથેનાં અવિસ્મરણીય સંસ્મરણો ડૉ. ઊર્જિતા પટેલ ૮૯
૩૮. શ્રદ્ધેય દાદાગુરુના સાંનિધ્યમાં મણિભાઈ પ્રજાપતિ ૯૦
૩૯. સાહિત્યસર્જક અને કેળવણીવિદ આચાર્યશ્રી મોહનલાલ પટેલ મણિભાઈ પ્રજાપતિ ૯૪
૪૦. મોહનલાલ પટેલ : ઘટનાક્રમ ૧૦૭
૪૧. સ્નેહસંભારણાં, સ્નેહાંજલિઓ અને અભિપ્રાયો ૧૧૮
અનંતરાય રાવળ ● આર. એસ. ત્રિવેદી ● ઉમાશંકર જોશી ● કુમારપાળ દેસાઈ ● કુલીનચંદ્ર યાજ્ઞિક ● કેશુભાઈ દેસાઈ ● ગાર્ગી રાજપરા ● ચંદ્રકાન્ત શેઠ ● ચિનુ મોદી ● ચિમનલાલ ત્રિવેદી ● જશવંત શેખડીવાલા ● જાદવજીભાઈw પટેલ ● દાઉદભાઈ ઘાંચી ● ધીરેન્દ્ર મહેતા ● નરોત્તમ પલાણ ● નરોત્તમ વાળંદ ● નવનીત શાહ ● પી. જી. પટેલ ● પ્ર. ચુ. વૈદ્ય ● પ્રવીણ દરજી ● બળવંત જાની ● ભરત સોલંકી ● ભોળાભાઈ પટેલ ● મણિલાલ હ. પટેલ ● મનસુખ સ્વામી ● મહેશ બાલાશંકર દવે ● માણેકલાલ પટેલ ● મુકુન્દભાઈ પી. બ્રહ્મક્ષત્રિય ● રઘુવીર ચૌધરી ● ડૉ. રણજિત પટેલ (અનામી) ● રતિલાલ સાં. નાયક ● રવીન્દ્ર પારેખ ● રાધેશ્યામ શર્મા ● રામજીભાઈ કડિયા ● રામભાઈ એમ. પટેલ ● વિનોદ અધ્વર્યુ ● સાધુ ભક્તિ પ્રિયદાસ ● સી. કે. પટેલ ● હીરા પાઠક



**પત્રવ્યવહારનું સરનામું :**
**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ, **કડી સર્વ વિશ્વવિદ્યાલય,**
એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કૅમ્પસ, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬
e-mail : manibhaiprajapati@gmail.com. ફોન : મો. ૯૬૦૧૨૭૩૮૩૬

# સંપાદકીય

'સર્વ વિદ્યાલય'ના કુલગુરુ પરમ પૂજ્ય શ્રી મોહનભાઈ પટેલસાહેબનું ૯૩ વર્ષની વયે પૂર્ણતઃ સ્વસ્થતા સાથે અમદાવાદમાં પોતાના નિવાસ-સ્થાને તા. ૧૩ માર્ચ, ૨૦૨૦ ના રોજ અવસાન થતાં 'સર્વ વિદ્યાલય' પરિવાર તેમજ સાહિત્ય અને શિક્ષણ-જગત શોક-સંતપ્ત થયું. પૂ. સાહેબે ૧૯૫૦ થી ૧૯૮૪ સુધીના સમયગાળામાં પ્રારંભમાં શિક્ષક અને ત્યારબાદ આચાર્ય તરીકે અને નિવૃત્તિબાદ મંડળના મંત્રી તેમજ વર્ષ ૨૦૧૧ થી અવસાનપર્યંત 'કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ'ના પ્રમુખ તરીકે સેવાઓ આપી. આમ, સાહેબશ્રી ૭ દશક સુધી મંડળ સાથે તન-મનથી પૂર્ણતઃ સમર્પિત બની રહ્યા હતા. તેઓશ્રી પોતાનાં અણીશુદ્ધ આચરણો થકી એક શીલભદ્ર શિક્ષક - આચાર્યનો પર્યાય બની રહ્યા હતા. 'શિક્ષક-આચાર્ય એટલે મોહનભાઈ સાહેબ' એવા જનસમાજના આદરના અધિકારી બની રહ્યા હતા. સાહિત્ય-સર્જક તરીકે ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કરવામાં ફાળો આપવાની સાથે 'સર્વ વિદ્યાલય' સંબંધી ગ્રંથોના સર્જન થકી 'સર્વ વિદ્યાલય'નો સત્ત્વશીલ અને સંતર્પક પરિચય વિદ્યાજગતને કરાવી આપ્યો. આવા ગરવા ગુરુ-કુલગુરુનું ઋણ સદાય અમારા શિરે રહેશે. ગુરુ ઋણમાંથી કદાપિ મુકત ન જ થઈ શકાય. એમણે એક આચાર્ય તરીકે અમારા સંસ્કાર ઘડતરમાં મોટો ફાળો આપ્યો છે, જેની સ્મૃતિ સદાય હૈયે તાજી જ રહેશે. પૂ. ગુરુજીનો જીવનપથ અમારા માટે સદાય પ્રેરણાપથ બની રહે તથા અન્ય સૌ કોઈનો માર્ગ પ્રશસ્ત કરનાર બની રહે તે હેતુસર પ્રસ્તુત વૃત્તપત્રનો માર્ચ-જૂન, ૨૦૨૦, અંક નંબર ૨ અને ૩ **'આચાર્યશ્રી મોહનલાલ પટેલ સ્મૃતિઅંક'** તરીકે પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. આ વૃત્તપત્રની મર્યાદાઓને ધ્યાને લઈને સર્વ વિદ્યાલય પરિવાર તેમજ શિક્ષણ અને સાહિત્ય-જગતના કેટલાક સ્વજનોને વિનંતી કરતાં તેમના તરફથી પ્રાપ્ત સંસ્મરણો - અભ્યાસલેખો - શ્રદ્ધાંજલિઓને અહીં ગ્રંથસ્થ કરવામાં આવ્યાં છે. આ ઉપરાંત સાહેબશ્રી સાથે સંબંધ ધરાવતા કેટલાક સ્વજનોએ પોતાનાં સંસ્મરણો મોકલી આપતાં તેનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

ઋગ્વેદના મંત્ર (૧.૮૯.૮) માં અંશતઃ ઉમેરણ કરીને આપણે ઈશ્વરને પ્રાર્થના કરીએ કે **'वयं सर्व विद्यालयीया, भद्रं कर्णेभिः श्रुणुयाम देवाः, भद्र पश्येमाक्षिर्यजत्राः'** અર્થાત્ 'હે દેવો અમે સર્વ વિદ્યાલયીઓ - સર્વ વિદ્યાલયજનો સર્વ વિદ્યાલય વિશે કાનથી હંમેશ કલ્યાણકારી વાત સાંભળીએ, અમે નેત્રોથી હંમેશ કલ્યાણકારી દૃશ્ય જોઈએ' તે ભાવના અમારા હૃદયકમળમાં સદાય પ્રદીપ્ત બની રહો. પૂ. સાહેબના આત્માને પરમાત્મા ચિર શાંતિ અર્પે અને 'સર્વ વિદ્યાલય' પરિવારજનોને તેમના પગલે પગલે ચાલવા સંકલ્પશીલ બનાવે તેવી સર્વ વિદ્યાલય પરિવારની પ્રાર્થના.

※

'મહોપનિષદ'માં કહ્યું છે કે **'कालोडयं सर्वसंहारी तेनाक्रान्तं जगत्रयम्'** (૩.૩૮) અર્થાત્ 'આ કાળ સર્વસંહારી છે, તેનાથી ત્રણેય લોક આક્રાંત છે.' તેની ગતિ જ ન્યારી છે, તેને કોઈ સમજી શકયું નથી. આ કાળ વિશે વખતોવખતના વિશ્વના ચિંતકો - thinkersના અમૃતરૂપ આર્ષવિધાનો / સૂકિતવચનો આપણો માર્ગ પ્રશસ્ત કરી ટાઢક બંધાવનારાં બની રહે છે. આપણા આર્ષગ્રંથો - વેદો, ઉપનિષદો, આર્ષકાવ્યો, પુરાણો વગેરેમાં દૈવીશકિત ઉપર આસુરીશકિતઓ અલ્પસમય માટે પણ આધિપત્ય ભોગવતી હોવા સંબંધી અનેક ગાથાઓ જોવા મળે છે અને આજે પણ આવાં તત્ત્વો અલ્પ કે લાંબા સમય માટે વિજય મેળવતાં ઠેર ઠેર નજરે પડે છે, તેને માનવસમાજની કરુણતા કે ઉદાસિનતા કે

નૈતિક હિંમતનો અભાવ ગણવો ? અથવા આ બધું કાળની ગતિની લીલા જ સમજવી રહી - તેની જ બલિહારીનું પરિણામ સ્વીકારવું રહ્યું ?

સહસ્રાબ્દિઓથી વિશ્વની જીવસૃષ્ટિ કુદરતી પ્રકોપો જેમકે ધરતીકંપ, જ્વાળામુખી, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, રોગચાળો વગેરેથી સમયે સમયે આક્રાંત થઈ રહી છે. આ સંબંધી સિલસિલાબંધ વિગતો - જાનહાનિના વર્ષવાર આંકડા સહિતની માહિતી 'ગુગલ-ગુરુ' દ્વારા સુલભ છે. પ્રવર્તમાન સમયમાં પ્રાયઃ ડિસેમ્બર માસથી સમગ્રજગત **'કોરોના-૧૯' = 'COVID-19'** ના ભરડા હેઠળ આવી જતાં ત્રાહિમામ્ ત્રાહિમામ્ પોકારી ઊઠયું છે. હાલ તો મેડિકલ સાયન્સ પણ પ્રાયઃ આ સામે લાચાર થઈ રહયું છે. આ લખી રહ્યો છું ત્યાં સુધી અર્થાત્ ૯ જુલાઈ, ૨૦૨૦ સુધીમાં સમગ્ર વિશ્વમાં ૫,૫૨,૧૧૨, ભારતમાં ૨૧,૧૪૪ અને ગુજરાતમાં ૧,૯૯૩ લોકો કોરોનાથી મૃત્યુ પામ્યા છે અને લાખોની સંખ્યામાં કોરાનાથી સંક્રમિત થયા છે. વિશ્વના વિવિધ દેશોમાં 'કોરોના'થી મૃત્યુ પામેલ લોકોની સંખ્યાની તુલનામાં ભારતમાં મૃત્યુદર ઘણો ઓછો છે. આ માટે આપણે આભારી છીએ આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના કે જેમણે સમયસૂચકતાથી સમગ્ર દેશમાં લોકડાઉન - સંચારબંધી લાદતાં માનવખુવારી ઘણી અટકી ગઈ અને સંક્રમિત થવાનું પ્રમાણ પણ ઘણું ઓછું રહ્યું છે. આમ છતાં, ભારે વ્યથા સાથે નોંધવું પડી રહ્યું છે કે વિશ્વના 'કોરાના' સંક્રમિત દેશોમાં આપણો દેશ ઠેઠ છઠ્ઠા ક્રમે પહોંચી ગયો છે. અને હજી શું થશે તે વિશે કોઈ વિધાન કવેળાનું ગણાશે. આ મહામારીમાંથી બચવા સરકાર દ્વારા વખતોવખત જાહેર કરવામાં આવતી આજ્ઞાઓનું પાલન કરી સ્વયંશિસ્ત પાળવી હિતાવહ બની રહેશે. આ આજ્ઞાઓ જનજીવનના હિતમાં હોઈ તેનું પાલન એ આપણો ધર્મ બની રહેવો જોઈએ.

'કોરોના'નો પ્રસાર અટકાવવા માટે લોકડાઉન જાહેર કરવામાં આવતાં નાના-મોટા ધંધા–ઉદ્યોગો બંધ પડતાં લાખોની સંખ્યામાં માનવબંધુઓના જીવનનિર્વાહનો ભારે મોટો પ્રશ્ન પેદા થયો છે. 'કોરોના' જેવી આફત વિશ્વના ઇતિહાસમાંય ક્યાંય નોંધાઈ નથી. સરકારની સાથે પ્રત્યેક નાગરિકની ફરજ થઈ પડે છે કે 'કોરોના'થી સંક્રમિત થઈ રહેલાં આપણઆં ભાઈ-બહેનોની મેડિકલ સેવા-સુશ્રુષા માટે તથા રોજગાર વિહિનોને મદદરૂપ થવા યથાશક્તિ પોતાનો આર્થિક સહયોગ આપે. આ સંબંધી સરકારની અપીલને ધ્યાને લઈ વ્યક્તિગત અને સંસ્થાગત ધોરણે મદદ કરવી એ આપણો નાગરિક ધર્મ બની રહે છે. પ્રત્યેક શૈક્ષણિક, સામાજિક ઇત્યાદિ વિવિધ સંસ્થાઓના કર્મચારીઓએ સ્વેચ્છાએ અગ્રેસર થવું જરૂરી બન્યું છે. ગર્વપૂર્વક નોંધવું રહ્યું કે આપણા કેટલાક ઉદ્યોગગૃહો જેમ કે ટાટા, રિલાયન્સ વગેરેએ આ દિશામાં પહેલ કરી છે, પરંતુ આશ્ચર્ય તો એ છે કે આપણાં કેટલાંક ધાર્મિક સંસ્થાનો ધનકુબેર હોવા છતાં તેના ટ્રસ્ટીઓની ઉદાસિનતા અકળાવી રહી છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી-ગાંધીનગર) જરૂરતમંદોને ભોજન ઇત્યાદિ સામગ્રી પૂરી પાડવાના સેવાયજ્ઞમાં એક ઋત્વિજ તરીકે પોતાની સેવાઓ આપી રહ્યું છે. આ ઉપરાંત 'કોરોના'થી સંક્રમિત દરદીઓની સારવાર અર્થે મંડળ દ્વારા સંચાલિત નર્સિંગ તથા ફિઝિયોથેરાપી કૉલેજોના વિદ્યાર્થીઓને ખાસ પ્રશિક્ષિત કરીને અમદાવાદ સિવિલ હૉસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે. આ હેતુ ૨૩-૨૩ વિદ્યાર્થીઓની ટીમો ક્રમાનુસાર મોકલવામાં આવી છે. આ વિદ્યાર્થીઓની 'કોરોના વૉરિઅર્સ' તરીકેની સાહસિક અને ઉમદા સેવાઓને બિરદાવવાના હેતુ પ્રત્યેક વિદ્યાર્થીને મંડળના ચેરમૅનશ્રી વલ્લભભાઈ એમ. પટેલે જાહેર કર્યું છે કે રૂ. ૫૦૦૦/- પુરસ્કાર પેટે આપવામાં આવશે, તેમજ તેમની **માર્કશીટમાં 'કોરોના વૉરિઅર્સ'** તરીકે ઉલ્લેખ કરવાની સાથે પ્રશસ્તિપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ તેના સ્થાપનાકાળથી જ ઉચ્ચ ગુણવત્તાપૂર્ણ શિક્ષણ પૂરું પાડવાની સાથે સમાજ-સેવાનાં કાર્યોમાં સદાય પોતાની ફરજના ભાગ તરીકે સેવાઓ આપતું રહ્યું છે.

'કોરોના'ના કહેરથી માનવજાત ભારે મોટી આપત્તિનો સામનો કરી રહી છે ત્યારે તેમાંથી કંઈક બોધપાઠ પણ મેળવવો જોઈએ. ખાસ કરીને આપણે સફાઈ, આરોગ્ય, ભોજનની ટેવ ઇત્યાદિ પ્રતિ ઉપેક્ષા જ દાખવી રહ્યા છીએ. જો આપણે પ્રકૃતિના નિયમોનું પાલન

નહીં કરીએ અને સમતુલિત પર્યાવરણની જાળવણી નહીં કરીએ તો તે આપણા અસ્તિત્વ માટે ભારે ભયજનક બની રહેશે. આ ઉપરાંત 'કોરોના વોરિઅર્સ' - ડૉક્ટરો, નર્સિસ, સહાયક કર્મચારીઓ, પોલીસ વગેરે કે જેઓ પોતાના જાનના જોખમે સેવા આપી રહ્યા છે. તેમના પ્રતિ વિશેષ આદરભાવ રાખીએ અને 'કોરોના સંક્રમિતો' પ્રતિ સંવેદનશીલ બની રહીએ, તે આપણી પવિત્ર ફરજ બની રહે છે.

'કોરોના' સંચારબંધીથી જનજીવન થંભી જતાં આપણે પારાવાર નુકશાનનો સામનો કરવો પડી રહ્યો છે. આર્થિક નુકશાનીની સાથે સાથે સૌથી વધુ આક્રાંત વિદ્યાજગત- શાળા, કૉલેજો, યુનિવર્સિટી વગેરે - છે. વિદ્યાર્થીઓ જે નુકશાન ભોગવી રહ્યા છે તેનો અંદાજ પ્રાયઃ અસંભવિત છે. આમ છતાં વિદ્યાર્થીઓ, અધ્યાપકો, સંશોધકો વગેરે આ પડકારને તકમાં ફેરવીને તેનો મહત્તમ લાભ લેશે તો તે ઘણું લાધી શકશે. આપણા કવિ - મનીષી - ચિંતક ઉમાશંકર જોશીએ ગાયું છે કે 'જે જે થયો પ્રાપ્ત ઉપાધિયોગ, બની રહો તે તે સમાધિયોગ.' આ વાત હૈયે ધરવા જેવી છે. 'કોરોના', 'કોરોના'ના હાઉ સાથે બેસી રહે પાલવશે નહીં. ઘરમાં રહે રહે, પ્રાપ્ત સમયનો સદુપયોગ વાંચન માટે કરવો જોઈએ. બૌદ્ધિક અને વ્યવસાયિક સજજતા માટે, તેમ જ આજના સ્પર્ધાત્મક યુગમાં ટકવા માટે - પોતાના અસ્તિત્વને સાર્થક કરવા માટે વાંચન એ એક અમોઘ શત્ર અને શાસ્ત્ર છે. વાંચન જીવન જીવવાનું સંતર્પક ભાથું - ડહાપણ (wisdom) તેમજ ચરિત્રનું શિક્ષણ પૂરું પાડે છે. આપણો ભાવિ માર્ગ પ્રશસ્ત કરી આપે છે. માનવીય સંવેદનશીલતાનું ઘડતર અને ચણતર વાંચન વગર અધૂરું રહે છે. વાંચન વિવેક અને પરખની આંખ આપે છે. જીવનમાં અનુભવાતા ખાલીપાની પૂર્તિ કરી જીવનને હર્યું ભર્યું બનાવે છે અને તેથી જ જગતના ચિંતકોએ વાંચનનો અર્થાત ગ્રંથ - ગ્રંથાલય - ગ્રંથપાલનો મહિમા ગાયો છે. આ આ પૈકી વિશ્વની કોઈપણ એક પ્રમુખ ભાષામાં પણ આ વિશેનાં વિચારમૌકિતકોને સંપાદિત કરવામાં આવે તો પણ પ્રત્યેક ભાષામાં એક સ્વતંત્ર કોશ બની શકે. ધ્યાને રાખવું રહ્યું કે માત્ર વાંચનનો કોઈ અર્થ નથી. વાંચનથી અધિક તેનું ચિંતન કરવું જોઈએ. આ સંદર્ભે ગુણવંત શાહની શીખ હૈયે ધરવા જેવી છે 'અધોળ જેટલું વાંચો અને એક ટન જેટલું વિચારો'. આ જ વાત રવિશંકર મહારાજે એક સરસ અને સહજમાં ગળે ઉતરે તેવા ઉદાહરણ દ્વારા સમજાવતાં નોંધ્યું છે કે 'કેટલાક જલદી જલદી પુસ્તકો વાંચી નાખે છે. મનન કરતા નથી. જે ઢોરને વાગોળતાં ન આવડે, તેને લોહી ન ચઢે. તેમ જે વાંચીને મનન ન કરે તેને એ જ્ઞાન પચે નહી. નિદિધ્યાસન થાય નહી.' વિદ્યા-અર્થી માત્રમાં વાંચનપ્રીતિ હોવી જોઈએ. ઘર બહાર નીકળતાંની સાથે જ તેના થેલામાં પુસ્તક હોવું એ તેના અસ્તિત્વની આગવી ઓળખ છે. આપણા માટે 'Live to Read Not Read to Live' સૂત્ર જીવનમંત્ર બની રહેવું જોઈએ.

'કોરોના'ના કારણે અવસાન પામેલા સૌ દિવંગતોના આત્માને પરમાત્મા ચિર શાંતિ અર્પે તેમજ તેમના પરિવારજનોને અણધારી આપત્તિનો સામનો કરવાની શકિત અર્પે તેવી સર્વ વિદ્યાલય પરિવારની પ્રાર્થના. આ સાથે મહાકવિ સૂર્યકાન્ત ત્રિપાઠી 'નિરાલા' ના શબ્દો જીવનમાં આવતી ઝંઝાવાતો સામે ટકવા માટે પ્રેરણાદાયી બની રહે તેવા છે. તે આ રહ્યા :

**'જીવન કે રથ પર ચઢકર**
**સદા મૃત્યુ-પથ પર બઢકર**
**મહાકાલ કે ભી ખર શર સહ**
**સકૂં મુઝે તૂ કર દ્રઢતર.'**

**મણિભાઈ પ્રજાપતિ**

*સામાન્ય રીતે વિધ્વંશાત્મક પ્રવૃત્તિઓમાં સમૂહમાનસ (Group mind) ઘણી નીચી કક્ષાએ ઊતરી જતું હોય છે, પણ રચનાત્મક પ્રવૃત્તિઓમાં તે કાર્યશકિતની ટોચ પર પહોંચે છે. કિશોરો કે તરુણો આમાં અપવાદરૂપ ન હોય.*

***મોહનલાલ પટેલ. 'ટાઈમ કેપ્સ્યૂલ', ૨૦૧૯, પૃ. ૧૪૨***

# શ્રદ્ધાંજલિ

## આચાર્યશ્રી મોહનલાલ પટેલસાહેબ

પરમ વંદનીય ગુરુવર્ય આચાર્યશ્રી મોહનલાલ પટેલસાહેબ (સેવાનિવૃત્ત આચાર્ય, 'સર્વ વિદ્યાલય', કડી અને પ્રમુખ, 'કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ', કડી)નું અમદાવાદમાં તેમના નિવાસ-સ્થાને તા. ૧૩ માર્ચ, ૨૦૨૦ને શુક્રવારે સાયં ૩.૪૫ કલાકે અવસાન થતાં સર્વ વિદ્યાલય પરિવાર ઘેરા શોકની લાગણી અનુભવે છે. પૂજ્ય સાહેબશ્રી ઋષિકુળ પરંપરાના પ્રતિબદ્ધ શિક્ષક-આચાર્યશ્રી, મૂલ્યનિષ્ઠ સર્જક અને અનપેક્ષઃ શુચિર્દક્ષ સંવેદનશીલ વ્યક્તિ હોઈ કડીની સામાજિક અને સારસ્વત ચેતનાના પ્રાણસ્વરૂપ બની રહ્યા હતા. 'સર્વ વિદ્યાલય'માં શિક્ષક તરીકેની કામગીરી દરમિયાન વિદ્યાર્થીવત્સલ શિક્ષક અને સાહિત્યસર્જક તરીકે આગવી ઓળખ પ્રસ્થાપિત કરતાં અમદાવાદમાં યશસ્વી કારકિર્દી માટે તક ઉપલબ્ધ થવા છતાં 'સર્વ વિદ્યાલય'ને પોતાની જરૂરિયાત પિછાણીને સર્વ વિદ્યાલયને પ્રપત્તિભાવપૂર્વક આજીવન સમર્પિત બની રહી તેના બહુઆયામી અને દૂરંદેશિતાપૂર્ણ વિકાસની આધારશિલા બની રહ્યા હતા. તેમણે ખાદી અને તેની ભાવનાને ખરા અર્થમાં આત્મસાત કરીને વિદ્યાર્થીઓના શિક્ષણ અને સંસ્કારઘડતરને પોતાનું મિશન બનાવવાની સાથે જ્ઞાનની આરાધના કરતાં કરતાં સંસ્કૃત સૂક્તિ **'अमृतं तु विद्या'** ને ચરિતાર્થ કરી હતી. તેઓશ્રી દૃષ્ટિપૂત કેળવણીકાર અને સાહિત્યસર્જક હોવા છતાં ગીતાને અભિપ્રેત એવા અનાસક્ત કર્મયોગી બની રહી 'સર્વ વિદ્યાલય'નો પર્યાય બની રહ્યા હતા. સર્વ વિદ્યાલય એક માધ્યમિક શાળામાંથી વિશ્વવિદ્યાલય સુધીના પ્રોજ્વલતમ ગિરિશૃંગ સુધીની ગૌરવશીલ સફર સંપન્ન કરી શક્યું તેમાં તેના સેવાપરાયણ અને દૃષ્ટિપૂત કર્ણધારોની સાથે સાથે સવિશેષતઃ તેની આચાર્યપ્રવર ત્રિપુટી - આચાર્યશ્રી નાથાભાઈ દેસાઈસાહેબ, આચાર્યશ્રી મોહનલાલ પટેલસાહેબ અને આચાર્યશ્રી મનુભાઈ પટેલસાહેબનું યોગદાન પાયાના પથ્થર સમાન દીપી રહ્યું છે, જેની નોંધ લેતાં અમે ગૌરવ અનુભવીએ છીએ. સાહેબશ્રી ગુજરાતી સાહિત્યના એક જાણીતા સર્જક તરીકે ખ્યાતિપ્રાપ્ત છે. તેમણે ગુજરાતી ટૂંકી વાર્તા, નવલકથા, લઘુકથા, નિબંધ, ચરિત્ર, આત્મકથા, પ્રવાસ, વિવેચન, અનુવાદ વગેરે ક્ષેત્રોમાં માતબર પ્રદાન કર્યું છે. આ બધાં ક્ષેત્રોમાં તેમણે આજપર્યંત ૭૦ જેટલા ગ્રંથોનું સર્જન કર્યું છે. તેઓશ્રી સામાજિક સંપ્રજ્ઞતાના સર્જક હતા. વિવિધ સાહિત્ય સ્વરૂપોમાં પ્રદાન પૈકી ટૂંકીવાર્તા અને લઘુકથા ક્ષેત્રે તેમનું મહત્ત્વપૂર્ણ અને બળૂકુ પ્રદાન રહ્યું છે. ગુજરાતી લઘુકથાના જનક, પ્રસ્થાનકાર - પ્રવર્તક અને તેના વ્યાખ્યાકાર તરીકેનું શ્રેય તેમના શિરે જાય છે.

પૂજ્ય મોહનભાઈ સાહેબ જ્ઞાનસમૃદ્ધ, સ્મૃતિસમૃદ્ધ અને અનુભવસમૃદ્ધ હતા. આયુષ્યના ૯ દાયકા પૂર્ણ કરવા છતાં પણ સર્વ વિદ્યાલય સંબંધી તેમની સ્મૃતિ અસાધારણ રહી હતી. તેમણે ઇતિહાસકાર અને કેળવણીકારની નિષ્ઠા સાથે **'સર્વ વિદ્યાલય અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડીનો ઇતિહાસ'** (૨૦૧૫), સર્વ વિદ્યાલયનો પ્રાણ એવા સમાજોદ્ધારક, શિક્ષણહિતચિંતક અને ઋષિતુલ્ય પૂ. છગનભાનું ચરિત્ર **'પ્રજ્ઞાદીપ છગનભા'** (૧૯૮૯) અને સંસ્થાના 'આર્ષદષ્ટા વિકાસપુરુષ' માણેકલાલ પટેલસાહેબ કે જેઓશ્રી સર્વ વિદ્યાલયને પૂર્ણતઃ સમર્પિત બની રહી 'શિક્ષણ એ જ સાચી સેવા'ના ધ્યેયમંત્ર સાથે તપઃપૂત ક્રિયાશીલ રહ્યા હતા. તેવા બીજા છગનભાનું જીવનચરિત્ર **'ધ્રુવતારક : શ્રી માણેકલાલ પટેલની જીવનકથા** (૨૦૧૩) આપીને અમને તેમના ઓશિંગણ બનાવ્યા છે. તેઓશ્રી ખરા અર્થમાં 'સર્વ વિદ્યાલયનો જ્ઞાનકોશ' હતા. 'વિષ્ણુસહસ્રનામ'માં અભિવ્યક્ત **'ओजस्तेजोद्युतिधरः प्रकाशात्मा प्रतापनः'**નું સાક્ષાત મૂર્તિમંત સ્વરૂપ એવા અમારા ગરવા વિદ્યા અને દીક્ષા ગુરુના આત્માને ઈશ્વર શાંતિ અર્પે તેવી આર્ત સ્વરે પ્રાર્થના.

**સર્વ વિદ્યાલય પરિવાર**

## સ્વ. શ્રીમતી વિજ્યાબહેન પટેલ



'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ', કડી-ગાંધીનગર અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડીના સદ્ગત ચૅરમૅન તથા કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના સદ્ગત પ્રેસિડેન્ટ શ્રી માણેકલાલ એમ. પટેલસાહેબનાં ધર્મપત્ની તથા મંડળના વર્તમાન ચૅરમૅનશ્રી તથા વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલનાં માતુશ્રી શ્રીમતી વિજયાબહેનનું ૮૭ વર્ષની વયે કડીમાં તા. ૧૪ મે, ૨૦૨૦ના રોજ અવસાન થતાં સર્વ વિદ્યાલય પરિવાર ઊંડા શોકની લાગણી અનુભવે છે.

'સર્વ વિદ્યાલય'ના આર્ષદૃષ્ટા વિકાસપુરુષ સ્વ. માણેકલાલ સાહેબ સર્વ વિદ્યાલયને પ્રતિબદ્ધતા સાથે પૂર્ણતઃ સમર્પિત બની રહેતાં સર્વ વિદ્યાલયનો દૂરંદેશિતાપૂર્ણ વિકાસ સાધી શક્યા હતા. આ સંદરર્ભે ખાસ ઉલ્લેખ કરવો રહ્યો કે સાહેબની વ્યસ્તતાનો અભાવ ન સાલે તે હેતુ સ્વ. પૂ. વિજ્યાબાએ પોતાના કુટુંબ તથા સગાંસંબંધીઓ સાથેના સામાજિક સંબંધોના સમરસતાપૂર્ણ નિર્વાહ વગેરે સંબંધી જવાબદારી સ્વધર્મ તરીકે ભારે કુનેહપૂર્વક અને કુશળતાથી નિભાવી હતી. તેમનાં વ્યવહારપટુતા, વિનમ્રતા, સહિષ્ણુતા તથા સ્નેહાળ સ્વભાવ અને અતિથિસત્કાર સ્પર્શી જાય તેવાં રહ્યાં હતાં. **સાહેબનો પડતો બોલ મૌન અને હરખતા હૈયે ઝીલીને પોતાના કુટુંબ ઉપરાંત પરોક્ષ રીતે સર્વ વિદ્યાલય માટે પણ સ્વ. પૂ. વિજ્યાબહેન સમર્પિત બની રહ્યાં હતાં,** જેની નોંધ લેતાં હૈયું ભરાઈ આવે છે.

જગતનિયંતા સદ્ગતના આત્માને ચિર શાંતિ અર્પે તેવી સર્વ વિદ્યાલય પરિવારની આર્તસ્વરે પ્રાર્થના

**સર્વ વિદ્યાલય પરિવાર**

## શ્રીમતી પારુબહેન ચૌધરી



આપણા સન્માનનીય સાક્ષરવર્ય અને સર્વ વિદ્યાલયના સ્વજન શ્રી રઘુવીરભાઈનાં ધર્મપત્ની સન્માનનીયા પારુબહેનનું ૭૮ વર્ષની વયે અમદાવાદમાં તા. ૨૬ મે, ૨૦૨૦ના રોજ થયેલ અવસાનના સમાચાર જાણીને સર્વ વિદ્યાલય પરિવાર ઊંડા શોકની લાગણી અનુભવે છે. તેમનું સુસ્વાસ્થ્ય અને જિંદાદિલી જોતાં કોરોનાના કારણે અકાળે થયેલ અવસાન વિશેષ દુઃખદાયક બની ગયું. તેમના નિધનના સમાચાર કોઈ પણ સ્વજન માટે અકલ્પ્ય બની રહેવાના. 'ગુજરાતી સાહિત્ય પરિષદ' આયોજિત પ્રત્યેક અધિવેશન અને તેની પ્રત્યેક બેઠકમાં શ્રીમતી પારુબહેનની પ્રસન્નવદને ઉપસ્થિતિ, તેમનો નર્મમર્મ તથા માયાળુ સ્વભાવ તથા વાત્સલ્યસભર આતિથ્ય સદૈવ સ્મરણીય બની રહેશે. પારુબહેનની એક અસાધારણ આગવી ખાસિયત એ છે કે તેમણે પેન ઉપાડી નથી, પરંતુ એક યા બીજા સ્વરૂપે લેખન માટે પ્રેરક બની રહ્યાં હતાં તેનું ઉદાહરણ એ કે આપણા ઝીણાદાદા (સ્નેહરશ્મિ) તેમને એકાએક પૂછી બેઠા હતા કે પારુબહેન, તમે રઘુવીરનું સાહિત્ય વાંચો છો ? ત્યારે શીઘ્ર પ્રત્યુત્તર પાઠવ્યો હતો કે દાદા, મારું બોલેલું તો તેઓ લખે છે, ત્યારે મારે શીદ વાંચવાની જરૂર પડે. આ જ વાતનો પડઘો સિતાંશુભાઈના શબ્દો 'સમજણભરી વાણી રઘુવીરભાઈના લેખનમાં વાંચીએ એ પહેલાં અનેક વાર પારુબહેનના કંઠે અમે સાંભળી હશે.' (પરિષદ પરિવારની શોકાંજલિ, ૫૨બ જૂન ૨૦૨૦)માં પડઘાતો અનુભવાય છે. આવાં ગરવાં પારુબહેન સમાજજીવન અને સાહિત્યવર્તુળમાં જીવંત બની રહેશે.

ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે કે **'जातस्य हि ध्रुवो मृत्यु...'** આમ છતાં વ્યવહારજીવનમાં આ વાત ગળે ઉતારવી અઘરી થઈ પડે છે, કારણ કે દાયકાઓ સુધી જેમનું સમર્પિતભાવે સ્નેહાળ સાંનિધ્ય સાંપડ્યું હોય અને પોતાના ઘરને **'આતિથ્યભવન'** તરીકેની ઓળખ આપી હોય તેમની સ્મૃતિ સ્વાભાવિક રીતે જ હૈયે બની રહે અને વિખૂટા પડવાના દુઃખની કલ્પના અકલ્પ્ય બની રહે છે.

ઈશ્વર સદ્ગતના આત્માને ચિર શાંતિ અર્પે તેવી સર્વ વિદ્યાલય પરિવારની પ્રાર્થના.

**સર્વ વિદ્યાલય પરિવાર**

# મોહનલાલ બા. પટેલને સ્મરણાંજલિ

**સિતાંશુ યશશ્ચન્દ્ર**

'ગુજરાત શિક્ષકે સુખી છે', એવું ઉમાશંકર જોશીનું કહેવું આગળ જતાં યે સાચું ઠરે એ રીતે આજીવન એક ઉત્તમ શિક્ષક બની રહી ગુજરાતને સુખી સુખી કરનારા શિક્ષક, કડી સર્વ વિદ્યાલયના આચાર્ય અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના ઘડવૈયા મોહનલાલ બા. પટેલે ૨૦૨૦ના માર્ચ મહિનાની ૧૩મી તારીખે ચિરવિદાય લીધી. પોતાના વિદ્યાગુરુ કવિવર-કુલપતિ ઉમાશંકરની આંખ ઠરે અને આપણા સહુની આંખ નમે એવા આદર્શ શિક્ષક, આચાર્ય અને સાહિત્યકારની સ્મૃતિને સ્નેહવંદન.

દેશની આઝાદી પછીના બે દસકાઓ દરમિયાન યુનિવર્સિટી-કૉલેજોના સ્તરે અધ્યાપન કરવાનું ટાળી કડીની નાનકડી શાળામાં શિક્ષક થવાનું પસંદ કરનાર મોહનભાઈએ ૧૯૬૧થી એ શાળાના આચાર્ય થવાનું કહેણ સ્વીકાર્યું. એમણે એનું એવું જતન કર્યું કે કડીની એ વિશિષ્ટ શાળા વિકસીને આજે 'કડી સર્વ વિશ્વવિદ્યાલય'નું સ્વરૂપ પામી છે. સંસ્થાની એ સુદીર્ઘ અને નિષ્ઠાભરી વિદ્યાસાધનાનું મોહનભાઈ તો તપ અને સત હતા. એમના વિદ્યાતપની સચ્ચાઈએ, એક નાની શાળાના એક વિશાળ વિશ્વવિદ્યાલયમાં થયેલા વિકાસનાં મૂળ સીંચવાનું કામ કર્યું. આચાર્ય મોહનભાઈની એ સાધના એક સંસ્થાની વિકાસ-સિદ્ધિ માટેની સાધના હતી.

તો સાહિત્યકાર મોહનલાલ પટેલની સાહિત્યસાધના લાઘવ-સિદ્ધિ માટે હતી. કડીની નાનકડી શાળાનો વિકાસ એક વિશ્વવિદ્યાલયમાં થાય એ માટે એક શિક્ષક તરીકે જે ખંતથી કામ કર્યું, એવા જ ખંતથી એક સાહિત્યકાર રૂપે એમણે કથાસાહિત્યનાં બૃહદ સ્વરૂપોનો 'વિકાસ' લાઘવપૂર્વક રચાતા એક નવીન કથા સ્વરૂપમાં થાય, એ માટે કામ કર્યું. 'લઘુકથા'-નું સ્વરૂપ ગજરાતી સાહિત્યમાં વિકસ્યું, એ મોહનલાલ પટેલની લગનીનું પરિણામ ગણાય. પોતે એક સિદ્ધહસ્ત નવલકથાકાર હતા. દૈનિક વર્તમાનપત્રોમાં ચાલે એવી અનેક ધારાવાહિક, ઘટનાપ્રધાન નવલકથાઓ લખી શકનાર આ વાર્તાકારે, જોકે, નવલિકાના સ્વરૂપની માવજત અલગ રીતે કરી. 'ક્રોસ રોડ' (૧૯૮૩) સુધી આવતાં તો એમની ટૂંકી વાર્તાઓમાં ઘટનાઓના ગઠ્ઠાઓ ઓગળીને મનોવલણોના તરલ વહેણો રૂપે વહેતા થયા. એ પ્રવાહોથી પોષાઈને નીપજી આવી છે એમની જે ઉત્તમ છે એ લઘુકથાઓ.

લઘુથી બૃહદ અને બૃહદથી લઘુ – બન્ને પ્રકારના પ્રવાસો કરી શકનાર એક સાચા શિક્ષક અને નિજરંગ સાહિત્યકારને ગુજરાતી સાહિત્ય પરિષદ વતી અને અંગત સ્તરે મારી સ્મરણાંજલિ.

**મો. ૯૨૨૮૧૮૭૪૩૬**

*સાહિત્યના કોઈ પણ સ્વરૂપની કૃતિમાં માનવજીવનના રહસ્યનું પ્રકટીકરણ એ પ્રથમ શરત છે. જે કૃતિમાં એ ન થયું હોય એને સાહિત્યકૃતિ તરીકે સ્વીકારી શકાય નહીં.*

***મોહનલાલ પટેલ. લઘુકથા સ્વરૂપપરિચય, પૃ. ૨૩***

# શિક્ષણ અને સાહિત્યની ચેતનાના પ્રેરક શ્રી મોહનલાલ પટેલ

**મનુભાઈ જે. પટેલ**

ગુજરાતના મૂર્ધન્ય સાહિત્યકાર ઉમાશંકર જોશીએ પ્રાચાર્યશ્રી મોહનલાલ પટેલ વિશે લખ્યું છે કે, 'મોહનલાલભાઈ અચ્છા સાહિત્યકાર તો છે જ, પણ આપણા એક ઉમદા શિક્ષક અને આચાર્ય પણ છે. પ્રોફેસર થવાની મોહિની ખંખેરી નાખી પોતાના સમાજનાં ઊછરતાં બાળકોની વચ્ચે જઈને તેઓ બેઠા છે.'

સર્વ વિદ્યાલય કડી એટલે ઉત્તર ગુજરાતનું કાશી. જ્યાં બાળકોના ઉત્તમ શિક્ષણ અને ઉમદા ચારિત્ર્ય નિર્માણકાર્ય સાથે સમાજપરિવર્તન સાથે રાષ્ટ્રસેવાની શ્રેષ્ઠ પ્રવૃત્તિઓનું પ્રેરણા કેન્દ્ર છે. આવી રાષ્ટ્રીય શાળાના પ્રાચાર્યો પણ કર્તવ્યનિષ્ઠ અને સેવા-સમર્પણની ભાવનાવાળા મળ્યા છે. મોહનલાલ પટેલનું નામ અગ્ર હરોળમાં ચિર સ્થાયી બનેલ છે. આ સંસ્થાની સ્થાપનામાં કૃષિઋષિ પૂ. છગનભાનો મોટો ફાળો છે. બાપુભાઈ ગામી, પોપટલાલ ગુલાબદાસ પટેલ, છગનભાઈ કા. પટેલ અને નાથાભાઈ ના. દેસાઈ જેવા ઋષિ આચાર્યોએ સંસ્થામાં શિક્ષણ, ચારિત્ર્ય અને રાષ્ટ્રપ્રેમની સાથે મૂલ્યોની ઉમદા પરંપરા ઊભી કરેલ છે. શ્રી રામચંદ્ર અમીન, પુરુષોત્તમદાસ, ધનાભાઈ વકીલ અને માણેકલાલ એમ. પટેલ, ડૉ. રામભાઈ જેવા કાર્યકરોએ સંસ્થાની પ્રતિષ્ઠા અને ઉત્તમ પરિણામો સાથે મૂલ્યનિષ્ઠાની સ્થાપના કરીને સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. આ સંસ્થામાં ૧૯૫૦થી ૧૯૮૪ સુધી મોહનલાલ પટેલે શિક્ષક/આચાર્ય તરીકે ફરજ બજાવેલ છે. નિવૃત્તિ બાદ પણ સંસ્થાના મંત્રી, અને પ્રમુખ તરીકેની જવાબદારીઓ વહન કરીને આજીવન સંસ્થાની સેવા સૌરભ પ્રસરાવી છે.

પ્રાચાર્યશ્રી મોહનલાલનો પ્રથમ પરિચય વર્ષ ૧૯૬૭માં થયો. સિપોર હાઈસ્કૂલનું આચાર્યપદ સંભાળવાની સાથે મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા સંઘની સાધારણ સભા સર્વ વિદ્યાલય કડીમાં મળી હતી. તેમાં હાજરી આપતાં શાળા સંઘના મંત્રી શ્રી મોહનલાલ પટેલનું પ્રથમ દર્શન થયું. શરીર પ્રભાવશાળી, ખાદીનો પૂર્ણ પરિવેશ અને ચહેરા પર સ્મિત અને નિર્મળ દૃષ્ટિથી સૌ સભ્યોનું અભિવાદન કરતા હતા. આ સાધારણ સભામાં ત્રણસોથી વધારે પ્રતિનિધિશ્રીઓ હાજર રહેતા હતા. સર્વ વિદ્યાલય કડીનો યજમાન ધર્મ હંમેશાં પ્રસન્નતાનું પ્રદાન કરતો દેખાયો છે. આ સંઘમાં બધાં જ કાર્યો સર્વાનુમતે જ થતાં હતાં. મધુરેણ સમાપયેતિની રીતે મિષ્ટ ભોજન પ્રસાદ પછી જ સૌ વિદાય લેતા.

મહેસાણા જિલ્લાની માધ્યમિક શાળાઓ વર્ષમાં લેવામાં આવતી તમામ પરીક્ષાઓનાં પ્રશ્નપત્રો તૈયાર કરાવીને દૈનિક પરીક્ષાના વિષયો પ્રમાણેની કોથળીઓ સીલબંધ કોથળીઓમાં પૅક કરવામાં આવતાં અને પરીક્ષા શરૂ થાય તે પહેલાં જે-તે વિતરણ કેન્દ્રો દ્વારા શાળાઓમાં પહોંચાડવામાં આવતાં. જિલ્લા શાળા સંઘનું મધ્યસ્થ કાર્યાલય સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડીમાં હંમેશ માટે રહેતું હતું, કારણ આ સંસ્થામાં પોતાનું પ્રિન્ટિંગ પ્રેસ હતું. જેથી પરીક્ષાનું કામકાજ સમયબદ્ધ અને ગોપનીય રીતે ઉત્તમ રીતે થતું. જેથી શાળા સંઘની આગવી પ્રતિષ્ઠા સમગ્ર ગુજરાતમાં હતી. નહીં નફો નહીં નુકસાન અને સુઘડ મુદ્રણ કાર્ય તેનું ગૌરવ હતું. સર્વ વિદ્યાલય કડીના પ્રાચાર્યશ્રી જ આ શાળા સંઘના માનદ્ મંત્રી તરીકે સમગ્ર કાર્યભાર સંભાળતા હતા. અન્ય જિલ્લાઓની શાળાઓ અને અમદાવાદ શહેરની પણ ૧૦૦ કરતાં વધારે શાળાઓ શાળા સંઘની સભ્ય બનેલ હતી.

શાળા સંઘના મંત્રી તરીકે શ્રી મોહનલાલ પટેલે ૧૯૬૧થી ૧૯૮૪ સુધી નિવૃત્ત થયા ત્યાં સુધી પ્રશસ્ય કાર્યભાર સંભાળ્યો હતો. પ્રશ્નપત્રોની બ્લૂ પ્રિન્ટ તૈયાર કરવા તથા આદર્શ પ્રશ્નપત્રો તૈયાર કરવાની કાર્ય શિબિરો

હંમેશાં થતી રહેતી. શાળા સંઘ દ્વારા વર્ષમાં થતી પરીક્ષાઓનાં પ્રશ્નપત્રો તૈયાર કરવામાં આવતાં. આજના માધ્યમિક શિક્ષણ બોર્ડ જેટલી જવાબદારી શાળા સંઘના મંત્રીશ્રીની હતી. ૧૯૭૦થી શાળા સંઘના પ્રમુખ તરીકે મારી પસંદગી થતાં પ્રાચાર્યશ્રી મોહનલાલની સાથે ઘનિષ્ઠ પરિચય થયો અને સંવાદી રીતે કાર્ય કરવાની પ્રેરણા પણ તેમની પાસેથી મળી. ગમે તેવી વિપરીત પરિસ્થિતિમાં પણ મોહનલાલને ગુસ્સે થતાં ક્યારેય જોયા નથી. સૌમ્ય સ્વભાવથી તેઓશ્રી સૌના પ્રિય થઈ શક્યા હતા.

પ્રશ્નપત્રોની કાર્યશિબિરો દરમિયાન ઘણી વાર કડી સંસ્થાના અતિથિગૃહમાં રાત્રિ રોકાણ અમે કરતા. એક વાર રાત્રે દસ વાગે શાળામાં કાર્ય કરતાં-કરતાં શ્રી મોહનલાલે કહ્યું બસ-સ્ટૅન્ડ સુધી ફરી આવીએ. અમે ચાર-પાંચ જણ હતા. શંકરલાલ ટાવર પાસે પાનની વિખ્યાત દુકાન આગળ તેઓ ઊભા રહ્યા. દુકાનવાળો મોહનલાલને જોતાં જ મૂકભાવે પાન બનાવવા માંડ્યો. અમે બધાએ પાનનો આસ્વાદ માણ્યો. અને ગપસપ કરતા શાળામાં પરત આવી ગયા. સહજભાવે અને પ્રસન્નતાસભરની આ પાનપ્રસાદી હંમેશાં સ્મરણમાં સ્થાયી થઈ છે. આદર્શ પ્રાચાર્યોની ગંભીર લાગતી મુખમુદ્રા પાછળ જીવનરસની ધબકતી આ ક્ષણોએ કડી રાત્રી રોકાણ સમયે પાનની દુકાનની મુલાકાત લેવા લલચાવતી રહેતી.

શ્રી મોહનલાલની અસ્મિતાની સાચી પરખ ૧૯૭૬માં થઈ. ૧૦+૨+૩ની નવી તરેહની પદ્ધતિને અમલમાં લાવનાર શ્રી પી. સી. પરીખસાહેબ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના પ્રથમ ચૅરમૅન હતા. જેઓ મારા વિદ્યાગુરુ હતા. માધ્યમિક શાળાઓમાંથી ૧૧મું ધોરણ અને કૉલજનું પ્રથમ વર્ષ એમ ૨ (૧૧/૧૨)ની પદ્ધતિ માધ્યમિક શાળાઓમાં અમલી બની. કૉલેજના નવા વિષયો, ત્રણે પ્રવાહો – આર્ટ્સ, કૉમર્સ અને વિજ્ઞાનમાં સઘન અભ્યાસક્રમ આવ્યો. શાળા સંઘે આ નવા વિષયો માટેના સંદર્ભગ્રંથો નિષ્ણાત અને તજજ્ઞ પ્રાચાર્યો, અધ્યાપકો અને પ્રોફેસરોના સહયોગથી તૈયાર કરવામાં આવ્યા. જેથી માધ્યમિક શાળાના સીનિયર અધ્યાપકોને આ ગ્રંથો ખૂબ જ ઉપયોગી બની શક્યા અને નવી તરેહની પદ્ધતિનો પાયો મજબૂત અને શૈક્ષણિક ગુણવત્તાભર્યો બની શક્યો. આ સમગ્ર ભગીરથ કાર્યની સફળતાનો યશ શ્રી મોહનલાલને જ આપી શકાય.

સર્વ વિદ્યાલય, કડી કૅમ્પસમાં પ્રાથમિક, માધ્યમિક શાળાઓ અને વિજ્ઞાન કૉલેજ પણ હતી. શાળા/કૉલેજ ઉપરાંત છાત્રાલયોનું સંચાલન અને દેખરેખ પણ સર્વ વિદ્યાલય કડીના પ્રાચાર્યોના શિરે જ રહેતી. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના કર્મઠ અને નિષ્ઠાવાન ચૅરમૅન શ્રી માણેકલાલ હંમેશાં ગર્વથી કડી સર્વ વિદ્યાલય કૅમ્પસ એટલે હાઈસ્કૂલ ઓરિએન્ટેડ કૅમ્પસ ગણવામાં જ કૅમ્પસનું ગૌરવ ગણતા હતા, કારણ વૈધાનિક રીતે પણ સર્વ વિદ્યાલય, કડીના આચાર્ય જ મુખ્ય ગૃહપતિ ગણાતા. અન્ય સંસ્થાઓના આચાર્યો મદદનીશ ગૃહપતિ ગણાતા. સમગ્ર જવાબદારી કુશળતાપૂર્વક અને સંવાદી રીતે શ્રી મોહનલાલે નભાવીને સર્વ વિદ્યાલય કેળવણી મંડળની શૈક્ષણિક સંસ્થાઓના સુદૃઢ પાયા બનાવેલ છે. જિલ્લા અને રાજ્યમાંથી આવતા કારોબારીના સર્વે સદસ્યશ્રીઓ અને મંડળના દૃષ્ટિવંત સર્વે પદાધિકારીશ્રીઓ સાથે સૌહાર્દ રીતે કામ કરીને સૌનો પ્રેમ અને વિશ્વાસ સંપાદન કરેલ હતો. સર્વ વિદ્યાલય કેળવણી મંડળનું ગૌરવ હંમેશાં વધાર્યું છે. સંસ્થાના અનેક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ગુજરાત અને અન્ય પ્રદેશોમાં અને ખાસ કરીને U.S.A.માં સ્થિર થઈને મોટા સ્ટોર અને સંસ્થાનો સ્થાપીને સમૃદ્ધ બનેલા છે. સંસ્થાની રજતજયંતી ઉજવણી હોય કે શતાબ્દી મહોત્સવની ઉજવણી માટેની તૈયાર હોય ત્યારે મંડળના પદાધિકારીશ્રીઓ સાથે શ્રી મોહનલાલની ઉપસ્થિતિ ફંડમાં અસાધારણ વધારો કરતી હતી. પૂર્વ છાત્રોનાં નામ અને તેમની વિશેષ માહિતી શ્રી મોહનલાલ પ્રાચાર્યને હૈયે અને હોઠે હંમેશાં મુખરિત થતી હતી. જેથી સંસ્થા અનેક નવીન સંસ્થાઓમાં પરિવર્તિત થઈને 'કડી સર્વ વિશ્વવિદ્યાલય', ગાંધીનગર બનીને આજે ગુજરાત અને વિશ્વમાં મૂલ્યોવાળી સંસ્થા તરીકે પ્રતિષ્ઠિત થવા પામી છે.

સંસ્થાના છાત્રાલયોમાં રહેતા છાત્રોને માતાપિતાનો પ્રેમ અને હૂંફ હંમેશાં આપતા. દરરોજ કૅમ્પસના બધા છાત્રો સાથેની સમૂહ પ્રાર્થના યોજવામાં આવતી. જેમાં મુખ્ય ગૃહપતિ તરીકે તેઓશ્રી નિયમિત

હાજરી આપતા. .પ્રાર્થના/ભજન/ધૂન પૂરાં થાય ત્યારે દેશના મહાપુરુષોના જીવનની પ્રેરક વાતો નિયમિત રીતે કરતા અને ઘણી વાર રામાયણ/મહાભારત જેવા ગ્રંથોમાંથી છાત્રોને ગમતી વાતો પણ ૨૦/૨૫ મિનિટ સુધી કહીને છાત્રોના જીવનઘડતરનું ઉત્તમ કાર્ય કરતા હતા. ઘણા છાત્રો આજે પણ આવાં સ્મરણો દ્વારા મોહનલાલને યાદ કરતા દેખાય છે. છાત્રાલયની પૂર્વ દિશામાં એક રમતનું મેદાન હતું. ૨૦૦ મીટરના ટ્રેક માટે એક ૧૫ ફૂટ ઊંચો અને ૨૦ ફૂટ પહોળો વડ હતો જેને દૂર કરવાની વાત પ્રાર્થનામાં કરી. થોડા દિવસમાં મોટા અને સશક્ત વિદ્યાર્થીઓનું પ્રતિનિધિ મંડળ મોહનલાલને મળીને તેનું સ્થાનાંતર કરવા માટેની યોજના રજૂ કરી. સાહેબે હર્ષ સાથે રજા આપી. બીજા દિવસે જ વડના વિશાળ ઝાડને મૂળ સાથે બધા છાત્રોએ બહાર કાઢ્યું અને વ્યાયામશાળાની બાજુમાં આવો મોટો ખાડો ખોદીને ખેતરની ફળદ્રુપ માટી નાખીને વટવૃક્ષનું રોપણ કર્યું. એકાદ સપ્તાહ બાદ આ સ્થાનાંતરિત વટવૃક્ષને નવી કૂંપળો ફૂટતી જોઈને સમગ્ર છાત્રાઓએ હર્ષની ભારે બૂમો પાડીને આનંદ વ્યક્ત કર્યો હતો. આવું કામ આ પહેલાં કદી થયું હોય એવું દેખાયું નથી. જેથી સામૂહિક શક્તિનું આ મોટું પ્રદાન હંમેશાં પ્રેરણા આપતું રહ્યું છે.

સમગ્ર ગુજરાતમાં આ સંસ્થા ગાંધીવાદી વિચારસરણી સાથે વિવિધલક્ષી શિક્ષણ પદ્ધતિ પ્રમાણે વર્ષોથી શિક્ષણ આપતી રહી છે. ખેતીવાડી, ગૌશાળા, કાંતણવણાટ, સુથારીકામ, મુદ્રણકાર્ય જેવા કાર્યાનુભવ દ્વારા બાળકોને જીવનલક્ષી શિક્ષણ આપવામાં આવતું હતું. ૧૯૧૯માં ગાંધીજીની પ્રેરણાથી ગૂજરાત વિદ્યાપીઠમાં ભણતા શ્રી પોપટલાલ, છગનલાલ કા. અને બાપુભાઈ જેવા યુવાનો સમાજ સેવા માટે આ સંસ્થામાં જોડાયા હતા. કર ભલા હોગા ભલાનો જીવનમંત્ર આપનાર અભણ કૃષિઋષિ પૂ. છગનભાએ માત્ર ૭ વિદ્યાર્થીઓથી આ શાળા શરૂ કરી. આજે ૫૫૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ પોતાનું જીવનઘડતર કડી અને ગાંધીનગરની સંસ્થાઓમાં આજે ભણીને કરી રહેલ છે. ઉત્તર ગુજરાતના પાટીદાર સમાજમાં એ સમયે શિક્ષણનું પ્રમાણ નહિવત્ હતું. સામાજિક લગ્ન/મરણ પાછળના ખર્ચાઓ ભારે, અને કન્યા કેળવણી તો હતી જ નહીં. સ્વામી કેશવાનંદની પ્રેરણાથી છગનભા સર્વ વિદ્યાલયના વટવૃક્ષની સ્થાપનામાં અગ્રણી બની રહ્યા હતા. આજે કબીરવડની જેમ અનેક શાખા/વિષયો સાથે સંસ્થાનો વિકાસ થઈ ગયો છે. વિદ્યાર્થીનું ચારિત્ર્યઘડતર, ઊંચાં પરિણામો સાથે સંસ્થાઓના કન્યા છાત્રાલયોમાં પણ હજારો દીકરીઓ તેજસ્વી બનીને સ્વાભિમાન સાથે સંસ્થાનું ગૌરવ વધારી રહેલ છે.

સંસ્થાના ઊંચા આદર્શો, સાથી કર્મચારીઓની નિષ્ઠા અને કર્તવ્યપરાયણતા વિદ્યાર્થીઓના પ્રશ્નો અને માનવતાપૂર્ણ ઉકેલ લાવવામાં મોહનલાલ પટેલે પોતાનું સમગ્રજીવન સંસ્થાને સમર્પણ કરીને સેવાની ઉદાત્ત કેડીઓ કંડારી છે. પોતાના અંગત ગૃહસ્થ જીવન અને વ્યવહારોની પળોજણમાં પડ્યા સિવાય સંસ્થાની ચિંતા અને ચિંતનમાં વિતાવી છે.

શાળા સંઘમાં કેટલીક સભ્ય શાળાઓ બિલનાં નાણાં વિલંબથી આપતી હતી. જેથી સંઘની કારોબારી સભાએ સર્વાનુમતે નિર્ણય કર્યો કે જે શાળાનાં બિલ બાકી હોય તેમનાં પ્રશ્નપત્રોનાં બંડલો વિતરણ કેન્દ્રમાં મોકલવાં નહીં. જે-તે શાળા નાણાં રોકડા/ચેકથી રૂબરૂ ચૂકવ્યા પછી જ પ્રશ્નોપત્રો લઈ જવાં. આવી શાળાઓની સંખ્યા ૩૦/૪૦ જેટલી હંમેશાં નીકળતી. પ્રશ્નપત્રો લેવા માટે ગમે તે સમયે રાત્રે પણ રૂબરૂ આવતા મંત્રી તરીકે શ્રી મોહનલાલને રૂબરૂ મળીને બિલની રકમ જમા કરાવ્યા પછી જ પ્રશ્નપત્રોનાં બંડલ તેમને મળતાં હતાં. પરીક્ષાના આગલા બે-ત્રણ દિવસ મંત્રીશ્રીએ આમાં જ વ્યસ્ત રહેવું પડતું. પરીક્ષા શરૂ થવાના દિવસે એક શાળાના આચાર્યશ્રી સવારે ૭-૦૦ કલાકે પ્રશ્નપત્રોનું બંડલ લેવા આવેલા, પણ શાળા સંચાલકની ગેરહાજરી હોવાથી આચાર્યશ્રી બિલનાં નાણાં લાવી શકેલ નહીં. શાળા પ્રતિનિધિની આંખ અને ચહેરા ઉપર લાચારી વ્યક્ત થતી હતી. મંત્રીશ્રી માટે ધર્મસંકટ ઊભું થયું. જો પ્રશ્નપત્રનું બંડલ આપે નહીં તો બાળકોની પરીક્ષા લઈ શકાય નહીં અને બિલનાં નાણાં જમા કરાવ્યા સિવાય આપે તો શાળા સંઘની કારોબારીના ઠરાવનું ઉલ્લંઘન થાય. હૃદયથી સરળ અને ભાવનાશીલ મંત્રી શ્રી મોહનલાલે બિલ ભર્યા સિવાય પ્રશ્નપત્રોનાં બંડલ શાળાને આપીને બાળકો અને શિક્ષણની મોટી સેવા કરી હતી. અલબત્ત, આવાં બાકી

નાણાં એકાદ બે સપ્તાહમાં જ જમા થઈ જતાં હતાં. શ્રી મોહનલાલનો સમગ્ર અભિગમ શિક્ષણ અને માનવતાભર્યો જોવા મળતો હતો. કારોબારી સભા હંમેશાં મંત્રીશ્રીના અભિગમને બિરદાવતી જ હતી. ૧૯૮૫માં કડી સંસ્થામાં પ્રાચાર્ય થતાં શાળા સંઘના પ્રમુખનું પદ છોડીને મંત્રીશ્રીનું પદ સ્વીકારવાની મને ફરજ પડી.

કડી કૅમ્પસની મોટી જવાબદારીઓ સાથે મોહનલાલની સાહિત્ય સાધના હંમેશાં ચાલુ રહેતી હતી. લગભગ ૭૦ ઉપરાંતના ગ્રંથો મોહનલાલે સમાજને આપેલ છે. જેમાં નવલકથાઓ, વાર્તા, લઘુકથા, નિબંધ, પ્રવાસવર્ણન, વિવેચન, સંપાદન, શૈક્ષણિક, ચરિત્રકથાઓ અને આત્મકથા મુખ્ય છે. ગુજરાતમાં લઘુકથાનો સાહિત્યપ્રકાર મોહનલાલ દ્વારા જ અવતર્યો અને વિકસ્યો જેથી લઘુકથાના જનક તરીકે તેઓશ્રીનું નામ સાહિત્ય-જગતમાં શિરમોર સમું છે. આ ઉપરાંત 'પ્રજ્ઞાદીપ છગનભા', 'ધ્રુવતારક શ્રી માણેકલાલ પટેલ', 'શિક્ષણ પ્રેરક ડૉ. રામભાઈ' જેવા જીવનચરિત્રાત્મક ગ્રંથો તથા 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને ક. પા. કેળવણી મંડળનો ઇતિહાસ' ગ્રંથ આપીને તેઓશ્રીએ સંસ્થાને અક્ષરદેહમાં અમર કરેલ છે. 'નયન શોધે નીડ' પુસ્તક આમ તો પ્રણયકથા છે, પણ છાત્રાલય જીવનના મહત્ત્વના પ્રશ્નોની ગૂંથણી કરીને છાત્રાલયમાં કામ કરતા ગૃહપતિઓને માર્ગદર્શન આપે તેવી ક્ષમતા ધરાવે છે.

૧૯૪૭થી ૫૦ સુધી ન્યૂ હાઈસ્કૂલમાં મદદનીશ શિક્ષક તરીકે કાર્ય કર્યું. ૧૯૫૦થી ૧૯૬૦ સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ કડીમાં અધ્યાપક તરીકે કાર્ય કર્યું. ૧૯૬૦માં રાજીનામું આપીને 'પ્રકાશ આર્ટ્સ અને એજ્યુકેશન કૉલેજ'માં પ્રાધ્યાપક તરીકે નિમણૂક લઈને કાર્ય શરૂ કર્યું. ૧૯૬૧માં ઋષિ આચાર્ય શ્રી નાથાભાઈ સાહેબ કેટલાક કારણોસર રાજીનામું આપીને બાવળા હાઈસ્કૂલમાં જોડાયા. વિદ્યાર્થીઓના પ્રીતિપાત્ર આચાર્યશ્રીએ રાજીનામું આપતાં સંસ્થામાં હડકંપ સર્જાયો. છાત્રો શાળા/છાત્રાલય છોડીને જવા લાગ્યા. સંસ્થામાં કામ કરતા કોઈ પણ સીનિયર અધ્યાપક કે અન્ય આચાર્યો પણ આ જવાબદારી લેવા સહમત થયા નહીં. મંડળની કારોબારીએ મોહનલાલને આ પદ સ્વીકારવા વિનંતી કરી. પોતાની સાહિત્યિક અને ઉજ્જ્વળ કેરિયરની તક છોડીને સમાજની સેવા માટે શ્રી મોહનલાલ આચાર્ય તરીકે જોડાતાં પુનઃ સંસ્થાને સ્થિરતા અને વિકાસ આપેલ છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળે 'મોહનલાલ પટેલ સાહિત્ય- વર્તુળ'ની સ્થાપના કરીને નવલેખકો માટે વિકાસની ઉમદા પરંપરા ઊભી કરી છે. 'હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી', પાટણમાં સાહિત્યકાર મોહનલાલ સ્મૃતિ વ્યાખ્યાન માળાની ચેર માટે મોટી રકમનું દાન યુનિવર્સિટીમાં સંસ્થાએ આપેલ છે.

મોહનલાલ પટેલે તેમની 'ટાઇમ કૅપ્સ્યૂલ'ના 'સંસ્થામાં હું' પ્રકરણમાં (પાન ૨૨૩) આત્મસંતોષની પરિતૃપ્તિ સાથે-સાથે જ નોંધ્યું છે કે, 'હું અમદાવાદમાં કૉલેજનો અધ્યાપક બની રહ્યો હોત તો અને આર્થિક લાભ વધારે થયો હતો. સાહિત્યની ઘણી વધારે રચનાઓ કરી શક્યો હોત અને એ રીતે પણ સાહિત્યકાર તરીકેની વધારે પ્રતિષ્ઠા તેમજ નાણાંનો લાભ થયો હોત, પણ કડીમાં રહીને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના આશ્રયે રહીને કામ કરવામાં જે પ્રતિષ્ઠા મળી છે એની તોલે પેલી ઉપલબ્ધિ કદી ન આવી શકત. ઉક્ત મંડળોમાં કામ કરવાના આધારે ઉત્તર ગુજરાતના મોટા વિસ્તારમાં પરોક્ષ રીતે કેળવણીનું ઘણું કામ કરી શકાયું છે. આ પ્રતિષ્ઠા મળી કડીનાં બે કેળવણી મંડળોના આધારે જેનું ઋણ સ્વીકારવું રહ્યું.'

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના યશસ્વી નભોમંડળમાં એક પ્રેરક ધ્રુવતારક સમા મોહનલાલ પટેલ તેજોમય રીતે વર્તમાન અને ભાવિયુગને સેવા, સાદગી અને સમર્પણની શિક્ષા અને દીક્ષાની પ્રેરણા સદાયે આપતા રહેશે.

મહાકવિ નાન્હાલાલની નીચેની પંક્તિઓ સદાયે સ્મરણમાં રહેશે.

**'શું શું સંભારીએ અને શી શી રીતે પૂજીએ**
**પુણ્યાત્માઓનાં ઊંડાણો આભ જેવાં અગાધ છે.**

**મનુભાઈ જે. પટેલ**
પૂર્વ પ્રાચાર્યશ્રી
સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડી
મો. ૭૮૭૪૭૬૧૯૨૯

# સર્વ વિદ્યાલયના અવિસ્મરણીય આચાર્યશ્રીની અલવિદા...

**ડૉ. કનુભાઈ ધ. પટેલ**

પૂ. મોહનભાઈ સાહેબે ૭ દાયકા (૧૯૫૦-૨૦૨૦) સુધી 'સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ'ના શિક્ષક-આચાર્યશ્રી - 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ', ગાંધીનગરના મંત્રીશ્રી અને 'કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ'ના પ્રમુખશ્રીના હોદા પર એમ વિવિધ હોદાઓ પર રહી વિદ્યાર્થીઓના શ્રદ્ધેય માર્ગદર્શક રહી દરેક હોદાને અનુરૂપ ન્યાય આપી ઉત્તર ગુજરાતના આચાર્યોમાં આચાર્ય કેવા હોઈ શકે તેવી ઉજ્જ્વળ છાપ અંકિત કરી આ દુનિયાને અલવિદા કરી. પૂ. મોહનભાઈ સાહેબે વિદાય લીધી ત્યારે એક લાંબાગાળાથી 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ', તથા 'કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ'ના એક અનુભવી માર્ગદર્શક તથા ઘણીબધી બાબતોના જાણકારને સંસ્થાએ ગુમાવ્યા. કુદરતી ન્યાય પ્રમાણે જન્મ એનું મરણ નક્કી છે. કુદરતના એ ક્રમને આપણે સૌએ સ્વીકારવો જ પડે. 'શ્રીમદ્ ભગવદ્ગીતા'માં ભગવાન શ્રીકૃષ્ણે પણ કહ્યું છે કે -

**જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુર્ધ્રુવં જન્મ મૃતસ્ય ચ ।**
**તસ્માદપરિહાર્યેઽર્થે ન ત્વં શોચિતુમર્હસિ ॥ (૨.૨૭)**

(જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત છે અને મરેલાનો જન્મ નિશ્ચિત છે, તેથી પણ આ ઉપાય વિનાના વિષયમાં શોક કરવો તારા માટે યોગ્ય નથી.) આમ છતાં, આ મંડળના વિકાસનો એક મજબૂત સ્તંભ તથા જેમનું વાત્સલ્યસભર સાંનિધ્ય લાંબા સમય સુધી મેળવ્યું છે તેમની વિદાયથી દુઃખ અનુભવવું સ્વાભાવિક છે.

એક સફળ આચાર્ય – ચારિત્રશીલ આચાર્ય, પોતાના વિષયમાં અને વિષય ઉપરાંત બીજી ઘણી બધી બાબતોમાં રસ લઈ ઇતિહાસ, યુદ્ધોની જાણકારી અને વિદ્યાર્થીઓના માનસને બહુ સારી રીતે પારખીને ઘણા બધા પ્રસંગોએ ઉત્પન્ન થયેલી પ્રતિકૂળ પરિસ્થિતિને અનુકૂળ પરિસ્થિતિમાં તેમણે ફેરવી છે.

અમારા પૂ. પિતાશ્રી સ્વ. પટેલ ધનાભાઈ હ. વકીલશ્રીએ સંસ્થાની ખૂબ લાંબા સમય સુધી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, (કડી-ગાંધીનગર), કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, (કડી). ગુજરાત ગૌશાળા, (કડી)ના વિવિધ હોદાઓ ઉપર રહી સેવાઓ આપેલી છે. એટલે એમના મુરબ્બીપણા હેઠળ શ્રી મોહનભાઈ સાહેબ સાથેનો તેમનો સથવારો લાંબો રહ્યો. વિવિધ સારા-માઠા પ્રસંગોએ સાથે મળી ઉકેલ કાઢવામાં એમનો ફાળો નોંધનીય રહ્યો. સંસ્થાના અમૃત મહોત્સવ સમિતિના અધ્યક્ષશ્રી તરીકેની જવાબદારી પૂ. પિતાશ્રી સ્વ. ધનાભાઈ હ. પટેલે સુપેરે નિભાવી ત્યારે પ્રસંગને અનુરૂપ વ્યવસ્થામાં પૂ. શ્રી મોહનભાઈ સાહેબે તથા અમૃત સમિતિના મંત્રીશ્રી ભાઈલાલભાઈ પટેલ તથા વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ગૃહપતિઓનો ફાળો નોંધનીય રહ્યો હતો.

પૂ. મોહનભાઈ સાહેબે તેમનાં વક્તવ્યોમાં ઘણી વખતે પૂ. દાસકાકા પછી શ્રી ધનાભાઈ હ. વકીલશ્રીને સંસ્થાનો Face છે એવું કહેલું. સંસ્થાની સાથે મંત્રીશ્રી તરીકેના એ ગાળાને તથા સંસ્થાની ઉજ્જ્વળ સેવાનો પ્રતિસાદ જ્યારે અમેરિકા પ્રવાસ દરમિયાન મળ્યો ત્યારે શ્રી મોહનભાઈ સાહેબે કરેલી એ વાતને જાણે સિક્કો લાગ્યો. અમૃત મહોત્સવ સમિતિના અધ્યક્ષશ્રી તરીકે જ્યારે ફંડફાળા માટે સુરત - વડોદરા જવાનું થયું ત્યારે તે વખતે સંસ્થાના ત્રણેય આચાર્યશ્રીઓ - શ્રી મોહનભાઈ, શ્રી નરોત્તમભાઈ અને શ્રી ત્રિભોવનભાઈ સુથાર - ને લઈ સમિતિના અધ્યક્ષશ્રી ધનાભાઈએ પ્રવાસ યોજેલો તેમાં સારી સફળતા મળેલી. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું અમેરિકા દાન પ્રવાસ માટે આમંત્રણ મળતાં અમેરિકા જવાનું થતાં શ્રી સી. કે. પટેલ (સરસાવ, ભૂતપૂર્વ શિક્ષક સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ) તથા તેમના નાનાભાઈ શ્રી આર. કે. પટેલને અમેરિકા જવા પ્રેરણા પૂ. શ્રી ધનાભાઈ હ. પટેલે પૂરી પાડેલ એટલે જાણે સંસ્થાઋણ ચૂકવતા હોય તે પ્રમાણે આ બંને ભાઈઓએ તથા બીજા

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો અભૂતપૂર્વ સાથ મળ્યો હતો. સહુ પ્રથમ આયોજન અને ફંડફાળા માટે અમારાં બહેન પ્રભાબહેન તથા બનેવી ભરતકુમારને ત્યાં હેડ કવાર્ટર રહ્યું. પંદર દિવસના આ વસવાટનો જ્યારે પણ મોહનભાઈ સાહેબ મળતા ત્યારે ઉમળકાભેર એ પ્રથમ દિવસના વસવાટનો અચૂક ઉલ્લેખ કરતા. પછી તો શ્રી આર. કે. પટેલ, ધનાભાઈ વકીલના ભાણાશ્રી જયંતીભાઈ પી. પટેલ, શ્રી કાલીદાસ, શ્રી નારણભાઈ ભગત, શ્રી અજિત મા. પટેલ, શ્રી સાંકળચંદ, શ્રી બાબુભાઈ એમ. પટેલ, કેનેડામાં શ્રી ભોગીભાઈ, શ્રી વિષ્ણુભાઈ તથા અસંખ્ય ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને તેમના દ્વારા કેળવણીમાં રસ હોય તેવા ઘણા બધાનો સાથ મળ્યો અને ઘણું સારું ફંડ થયું.

લેખક તરીકે સાહેબશ્રીની પ્રગતિ એમની શૈક્ષણિક કારકિર્દીને સમાંતર ચાલતી રહી. એમની કલમમાં વામનને વિરાટ અને વિરાટને વામન કરવાની ગજબ તાકાત હતી. એક નાનકડી ઘટનાને તેઓ પૂરી બૂક લખવાની શક્તિ ધરાવતા. દા.ત. અમારા મિત્ર ડેવિડ અને જેનીફર ગાંધીઅન ફિલોસોફી અને હિન્દુ રિલિજિઅનના અભ્યાસ માટે 'ગૂજરાત વિદ્યાપીઠ'માં આવેલાં ત્યારે અમારે ત્યાં દોઢેક માસ સુધી રહેલાં. પૂ. પિતાશ્રી ધનાભાઈ વકીલશ્રી અમેરિકા ફંડ માટે ગયેલા ત્યારે આ ડેવિડ અને તેની પત્ની જેનીફર (આ વખતે Divorce થઈ ચૂકેલા) તેમને મળવા આવેલાં અને સાથે એમનો દીકરો જેકરી પણ હતો. આ પછી ડેવિડના આગ્રહથી થોડોક સમય (એકાદ દિવસ) પૂ. બાપુજી અને શ્રી મોહનભાઈ સાહેબે ડેવિડના ઘેર ગાળેલો. પણ મોહનભાઈ સાહેબની કલમનો જાદુ એવો ચાલ્યો કે જાણે ડેવીડ અને જેનીફર એમનાં વર્ષોનાં મિત્રો હોય તેવો ઉઠાવ એ લખાણમાં તેમણે આપ્યો. એમના Divorce ના પ્રસંગ ઉપર 'Broken Home' શીર્ષક હેઠળ એક રસપ્રદ અને સંવેદનશીલ લેખ (સર્વ વિશ્વવિદ્યાલય વૃત્તપત્ર. સપ્ટેમ્બર-ઑક્ટોબર, ૨૦૧૯, પૃ. ૭-૧૧) તેમણે પ્રગટ કર્યો. કહેવાનો મતલબ એ કે સાહેબ એમની કલમમાં જાદુ લાવી શકતા. અમેરિકાના પ્રવાસનું વર્ણન 'Good Morning અમેરિકા' નામના પ્રવાસ પુસ્તકમાં પ્રગટ કર્યું. પ. પૂ. ધનાભાઈના સૂચનથી અને પ્રેરણાથી 'પ્રજ્ઞાદીપ છગનભા' તેમણે પ્રગટ કર્યું અને બીજાં ઘણાં બધાં પુસ્તકો પ્રગટ કરતા રહી સાહિત્યના વિવિધ અવોર્ડ મેળવતા રહ્યા.

પૂ. શ્રી મોહનભાઈના નિધનથી સંસ્થાને પોતાના ગૌરવવંતાકાળના ભૂ. પૂ. આચાર્યશ્રી કે જેમણે વિવિધ હોદ્દાઓ પર Services આપી હતી તેવા અનુભવી માર્ગદર્શકની ન પુરાય તેવી ખોટ પડી છે. પરમકૃપાળુ પરમાત્મા તેમના આત્માને ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના સહ...

**ડૉ. કનુભાઈ ધ. પટેલ**
પ્રમુખશ્રી, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર
મો. ૯૭૨૫૪ ૨૪૨૧૩

*૧૯૫૦ના જુલાઈ માસની સાતમી તારીખે [સર્વ વિદ્યાલયમાં] નોકરી પર હાજર થયો, અમદાવાદથી લગભગ સવા નવા વાગ્યે પડતી અમદાવાદ-બેચરાજી લોકલમાં લગભગ સવા અગિયાર વાગ્યે હું કડીના પ્લેટફોર્મ ઉપર ઊતર્યો. સર્વ વિદ્યાલય કેમ્પસ શહેરથી વિરુદ્ધ દિશામાં. પાટા ઓળંગીને કેમ્પસ સુધી પહોંચ્યા પછી સર્વ વિદ્યાલયમાં આચાર્યશ્રીની ઑફિસમાં મેં પ્રવેશ કર્યો.*

*કડી સ્ટેશનથી નગરના મુખ્ય દરવાજા સુધીનો માર્ગ લગભગ વસાહત વગરનો હતો. માર્ગની બંને બાજુ સમાંતરે ખાઈ જેવાં સળંગ ખાડા હતા. એ રસ્તે સરકારી વિશ્રામગૃહ, મણિલાલ મેન્શન, બોમ્બે કેસલ, એક ખાસ ન વપરાતી ધર્મશાળા, ગામડેથી આવેલા લોકોને ઊતરવા માટે પટેલ ભવન - આટલાં રહેઠાણ માટેનાં સ્થાન. સરકારી વિશ્રામગૃહ બહુ ઓછું વપરાતું. મણિલાલ મેન્શનમાં કેટલાંક કુટુંબો ભાડે રહેતાં હતાં. બોમ્બે કેસલ બંધ રહેતું હતું. એના માલિક કદાચ મુંબઈ રહેતા હતા. વહેલી સવારે ઊપડતી ટ્રેનમાં જનાર મુસાફરો માટે બીક લાગે એવો આ રસ્તો, બંને બાજુએ ઊંચાં વૃક્ષો.*

***મોહનલાલ પટેલ. 'ટાઈમ કેપ્સૂલ', ૨૦૧૯, પૃ.૧૧૬-૧૧૭***

# આચાર્યશ્રી મોહનભાઈ સાહેબ

**વલ્લભભાઈ એમ. પટેલ**

પરમ પૂજ્ય આચાર્યશ્રી મોહનભાઈ સાહેબના અવસાનથી ભારે દુઃખની લાગણી અનુભવું છું. સર્વ વિદ્યાલયમાં મારા પ્રત્યક્ષ શિક્ષક - આચાર્યશ્રી, નિવૃત્તિ બાદ મંડળના મંત્રીશ્રી અને વર્ષ ૨૦૧૧ થી અવસાનપર્યંત કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડીના પ્રમુખ વગેરે તરીકેના તેમની સાથેના પ્રાયઃ ચાર દશક જેટલા સહવાસના સમયગાળાનાં અનેકવિધ સંસ્મરણો મારા માનસપટલ ઉપર તાજાં જ છે. પરંતુ, આ પૈકી કેટલાંક સંસ્મરણો વર્ણવતાં પૂર્વે હૃદયની સચ્ચાઈથી જણાવું છું કે મારા સદ્‌ગત પિતાશ્રી માણેકલાલ પટેલસાહેબના અવસાનથી મેં જે નિઃસહાયતા અનુભવી હતી, ભારે વ્યથા અનુભવી હતી, તેટલા જ દુઃખની લાગણી પૂ. સાહેબના અવસાનથી અનુભવી રહ્યો છું. તેઓશ્રી મારા શિક્ષાગુરુ તો હતા જ, પરંતુ પિતૃતુલ્ય પણ હતા. સૌથી પહેલાં તો મનમાં એ વિચાર પેદા થાય છે કે સર્વ વિદ્યાલયનો ઇતિહાસ - અમારી ગૌરવગાથા ઉજાગર કરી આપીને અજાણતાં પણ કરવા જેવાં કાર્યો વિસરાઈ ગયાં હોય તે પ્રતિ વાત્સલ્યભાવથી અમને કોણ આંગળી ચીંધશે ? પૂજ્ય સાહેબ તો સાહેબ હતા. તેમનામાં એક શિક્ષક-આચાર્ય, સાહિત્યસર્જક અને એક મૂઠી ઊંચેરા માનવનો ત્રિવેણી સંગમ ઉદાહરણ સ્વરૂપ હતો. આવો અનાસકત અને વિદ્યાવ્યાસંગી જીવ સર્વ વિદ્યાલયના કોઈ પુણ્યપ્રતાપે જ આપણને મળ્યો હતો. પૂજ્ય છગનભા, પૂ. બાપુભાઈ ગામીસાહેબ, પૂ. નાથાભાઈ સાહેબ, સૌથી લાંબા સમય સુધી મંડળના સેવક તરીકે સેવાઓ આપનાર પૂ. ધનાફુઆ, માણેકલાલ સાહેબ વગેરે અનેકાનેક સેવાપરાયણ કર્મયોગીઓની હરોળમાં સ્થાન શોભાવનાર પૂજ્ય મોહનભાઈ સાહેબ સદૈવ તેમનાં વિદ્યાતેજ અને આચરણ થકી આપણા હૈયામાં રહેશે. ‘સર્વ વિદ્યાલય કેળવણી મંડળ’ અને ‘કડી સર્વ વિશ્વવિદ્યાલય’ના પ્રત્યક્ષ સંચાલનની કામગીરીના કારણે પ્રસંગોપાત્ત વિવિધ શાળા - કૉલેજો - યુનિવર્સિટીઓના અધ્યાપકો, આચાર્યો, કુલપતિશ્રીઓ, શિક્ષણવિદો વગેરે સાથે પ્રત્યક્ષ સંપર્કમાં આવવાનું થતાં મને આપણા મોહનભાઈ સાહેબ ઋષિકુળ પરંપરાના આચાર્ય કે વર્તમાન યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓની પંગતમાં દીપી ઊઠે તેવા અનુભવ્યા છે. સર્વ વિદ્યાલય તેમની ઉપસ્થિતિથી ખરા અર્થમાં ગૌરવ અનુભવે છે.

સર્વ વિદ્યાલયમાં મારા વિદ્યાર્થીકાળ દરમ્યાન અમે કેટલાક વિદ્યાર્થીઓ ચાલુ શાળાએ ક્રિકેટ રમતા હતા. અમારા આ પરાક્રમની જાણ સાહેબને થતાં તેઓશ્રી મેદાનમાં આવી પહોંચ્યા અને તે પણ કોઈ જાતના આવેશ કે ગુસ્સા સિવાય જાણે કશું જ અઘટિત થયું નથી તેમ સ્વસ્થચિત્તે થોડેક દૂર ઊભા રહ્યા હતા. અમારા પૈકીના જે તે વિદ્યાર્થીની બોલિંગ અને બેટિંગનો દાવ પૂરો થાય ત્યાં સુધી અમારી રમત પણ જોતા રહ્યા હતા. આ દાવ પૂરો થયા બાદ મેદાનમાં આવીને અમને સૌને અમારા આશ્ચર્ય વચ્ચે અમારી બોલિંગ / બેટિંગના ગુણદોષો જણાવીને ક્રિકેટ વિશે થોડીક વાતો કરીને અમને હળવેકથી કહ્યું હતું કે જુઓ, અત્યારે તમારો ભણવાનો સમય છે. ભણવાનું બગાડીને ક્રિકેટ ન રમાય. શાળાનું શિક્ષણકાર્ય પૂરું થયા પછી તમે અહીં ક્રિકેટ રમજો. અચૂક રમજો. જરૂર પડે તો તમારા વ્યાયામ શિક્ષકને પણ મોકલી આપીશ કે જેથી તમે સારા ક્રિકેટર બની આપણી શાળાનું નામ રોશન કરી શકો. સાહેબની આ વાતથી અમે ખુશ તો થયા, પરંતુ, અમે ક્યારેય ચાલુ શાળાએ તાસ છોડીને મેદાનમાં આવવાની હિંમત કરી શક્યા ન હતા. આ સાથે મારે એ પણ જણાવવું રહ્યું કે મને તેમણે મંડળના મંત્રીના પુત્ર તરીકે ક્યારેય જોયો નથી. સૌ વિદ્યાર્થીઓની સાથે મારી સાથે પણ એક વિદ્યાર્થી તરીકેનો જ વ્યવહાર કરતા.

પૂજ્ય સાહેબ પ્રતિ સર્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓ ઉપરાંત કડીના નગરજનો પણ ભારે આદરની લાગણી ધરાવતા હતા. તેમની વાત હરહંમેશ માથે ચઢાવી લેતા હતા. આ સંબંધી ઘણી વાતો મારા પિતાશ્રી અમને ગર્વથી કહેતા હતા. આ પૈકી તેમણે જણાવેલ ઘટનાઓ પૈકી બે અહીં નોંધું છું. એકાદ પ્રસંગે કડી નગરમાંથી ભારે મોટું ટોળું આવેશથી પ્રેરાઈને સર્વ વિદ્યાલય તરફ ધસી આવતું

સાંભળીને સાહેબ પોતે જ અગમચેતી વાપરીને ટોળાને મળવા માટે શાળાના ગેટ ઉપર પહોંચી ગયા હતા. સૌ પ્રથમ તો સાહેબે તેમની વાત શાંતિથી સાંભળી લઈને સૌને સાચી હકીકત જણાવતાં અને તે પણ વિદ્યાર્થીઓના હિતની વાત સાંભળતાં સૌ શાન્ત થઈને પરત થઈ ગયા હતા. આવી જ બીજી ઘટના શાળામાં વિદ્યાર્થીઓનાં બે જૂથો મારામારીના આરે આવી જતાં તેનો ભારે અવાજ સાંભળતાં જમવાનું છોડીને શી ઘટના છે તે જાણ્યા વગર ઉઘાડા પગે બે ટોળાં વચ્ચે જઈને ઊભા રહયા હતા. તેમની ઉપસ્થિતિ માત્રથી રકતપાત ટળ્યો હતો અને સૌ મતભેદ ભૂલીને પોતપોતાની ઓરડીઓમાં ચાલ્યા ગયા હતા.

મારા પિતાશ્રી અને મોહનભાઈસાહેબ વચ્ચે અરસ-પરસ માનમર્યાદા સાથેના લાગણીભર્યા સંબંધો હતા. સાહેબના આચાર્યકાળ દરમ્યાનનાં છેલ્લાં કેટલાંક વર્ષો મારા પિતાશ્રી મંડળના મંત્રી હતા, છતાંય સાહેબનો બોલ સ્વીકારીને જ તેમને આગળ વધતા જોયા હતા. પ્રસંગોપાત્ત અમારા ઘરમાં કોઈ વાત નીકળે ત્યારે પણ તેઓશ્રી સાહેબ પ્રતિ અહોભાવ વ્યકત કરતા રહેતા હતા. આ સંબંધ ઉત્તરોત્તર ભારે આદરમાં પરિણમ્યો હતો. મારા પિતાશ્રીનું અવસાન થતાં તેમની શ્રદ્ધાંજલિ-પ્રાર્થનાસભામાં ઉપસ્થિત રહેનાર સૌને સ્મૃતિભેટ તરીકે 'કર્મચૂડામણિ માણેકલાલ પટેલ અભિવાદન ગ્રંથ'નું તાત્કાલિક પુનર્મુદ્રણ કરાવવાનું અમે બંને ભાઈઓએ નકકી કર્યાનું સાહેબે જાણતાં શ્રી મણિભાઈ દ્વારા મને કહેવરાવ્યું હતું કે તમે થોડીક રાહ જુઓ. અત્યારે આ બધું કરવાની કશી જરૂર નથી. હું માણેકલાલભાઈનું સળંગ ચરિત્ર લખીશ. સાહેબે આ વચન ખૂબ જ ટૂંકાગાળામાં પૂરું કરી આપ્યું. મારે આ સંદર્ભે ખાસ ઉલ્લેખ કરવો રહ્યો કે આ જીવનચરિત્ર લખવા માટે સાહેબે મારી સાથે બેઠકો કરીને મારા પિતાશ્રી વિશે ઠીક ઠીક માહિતી એકઠી કરી, તેમજ અમારા વતન ઊંટવા ગામની મુલાકાતે મને અને ડૉ. કનુભાઈસાહેબને સાથે લઈ જઈ અમારા ગામનો ઇતિહાસ, રીતરિવાજ વગેરે જાણી લેવા ઉપરાંત ગામનાં વિવિધ સ્થળો, જેમ કે ગામતળાવ, ગોંદરું, ઊંટવા-કડીનો રસ્તો, આસપાસનો વિસ્તાર વગેરેની મુલાકાત લઈ ચૅરમેનસાહેબ બાલ્યવયે આ બધાં સ્થળોનો કેવો ઉપયોગ કરતા હશે તેની રમ્ય કલ્પના તેમણે રજૂ કરી છે. તેમની કલ્પના પણ હકીકત પ્રેરિત બની રહેતી. મારે અહીં એ કહેવું છે કે સાહેબ નાનીશી વાતમાં પણ ભારે ચીવટ લેતા હતા.

આપણે સૌ જાણીએ છીએ કે સાહેબે ગુજરાતી નવલકથા, ટૂંકીવાર્તા, લઘુકથા, ચરિત્ર, નિબંધ, વિવેચન વગેરે વિશે ૭૦ જેટલી કૃતિઓની રચના કરી છે. આ અંગે મારે એકરાર કરવો રહ્યો કે આ પૈકી ગણતરીની કૃતિઓ જ મેં વાંચી છે. જોકે સર્વ વિદ્યાલય સંબંધી તેમનાં બધાં જ પુસ્તકો, જેમકે, 'પ્રજ્ઞાદીપ છગનભા', 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને ક. પા. કે. ઉ. મંડળનો ઈતિહાસ', 'ધ્રુવતારક માણેકલાલ' અને 'સમાજહિતૈષી ડૉ. રામભાઈ પટેલ' એકથી અધિક વખત વાંચ્યાં છે. સાહેબે આ ગ્રંથોમાં પોતાનું સર્વસ્વ રેડ્યું છે. આ ગ્રંથોની રચનામાં તેમનાં અખંડ સ્વાધ્યાય અને સાધનાનાં વાંચનારને સહજમાં દર્શન થાય છે. 'પ્રજ્ઞાદીપ છગનભા' તો આપણા માટે ગીતાસમાન ગ્રંથ તરીકેનું સ્થાન આપણાં હૃદયમાં સ્થાન ધરાવે છે. તેનું પ્રત્યેક વાચન નવી જ અનુભૂતિ કરાવે છે. જ્યારે સર્વ વિદ્યાલયનો ઈતિહાસ તો એમની પ્રખર યાદદાસ્તનું અને પ્રતિભાનું પ્રોજ્જ્વલતમ ઉદાહરણ બની રહે છે. આ ચારેય ગ્રંથો ઉપરાત એમની આત્મકથા 'ટાઈમ કેપ્સ્યૂલ' કે જે એક શિક્ષણવિદની ઘડતરકથાની સાથે ૨૦મી સદીના શિક્ષણની અને કંઈક અંશે સર્વ વિદ્યાલયની વિકાસગાથા પણ છે, તેનું જ્યારે જ્યારે વાંચન કરું છું ત્યારે મને સાચે જ કંઈક નવીજ પ્રેરણા મળી છે.

સર્વ વિદ્યાલયના ઈતિહાસના પ્રકાશન અવસરે આ ગ્રંથને આવકારતાં 'ચૅરમેનશ્રીના નિવેદન'માં જે વાત કહી હતી તે અહીં ઉતારીને કહું છું કે "પૂ. મોહનભાઈસાહેબનું સર્વ વિદ્યાલય, કડીના એક શિક્ષક-આચાર્ય (૧૯૫૦-૧૯૮૪) તરીકે તો ઘણું મોટું ઋણ આપણા ઉપર રહ્યું છે. તેઓશ્રી આપણા અંતરંગ દ્રષ્ટા અને શ્રદ્ધેય માર્ગદર્શક રહ્યા છે. તેમણે નિવૃત્તિકાળ પછી પણ આ સંસ્થા સાથે જીવંત નાતો કેળવીને તેનો એક અંતરંગ હિસ્સો બનીને આપણને માર્ગદર્શન આપતા રહ્યા તેમ જ વર્તમાન અને ભાવિ પેઢી માટે 'પ્રજ્ઞાદીપ છગનભા' અને 'ધ્રુવતારક : શ્રી માણેકલાલ પટેલ' જેવા મૂલ્યવાન ગ્રંથોની રચના કરવા ઉપરાંત આ સંસ્થાના અણમોલ દસ્તાવેજી ઇતિહાસગ્રંથનું સર્જન કરીને આપણને સૌને તેમના ઓશિંગણ બનાવ્યા છે. હું સમગ્ર સંસ્થા-પરિવાર વતી પૂ. મોહનભાઈસાહેબને આ મૂલ્યવાન ઇતિહાસગ્રંથની રચના માટે તેમ જ તેના લેખન માટે અગોતરું વિનમ્ર નિમંત્રણ પાઠવનાર આર્ષદ્રષ્ટા ચેરમેન સ્વ. માણેકલાલ એમ. પટેલ 'સોહબ'ને વંદન પાઠવું છું. મને પૂર્ણ શ્રદ્ધા છે કે આ શૈક્ષણિક ઇતિહાસ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ પરિવાર ઉપરાંત શિક્ષણ-જગત સાથે સંકળાયેલા સૌ કોઈ માટે

બહુવિધ રીતે ઉપકારક બની રહેશે. પૂ. સાહેબ એટલે **''સર્વ વિદ્યાલયનો જ્ઞાનકોશ''.**

પૂ. સાહેબશ્રી મંડળની બેઠકોમાં અચૂક હાજર રહેતા. સંભવતઃ છેલ્લી બે-ત્રણ બેઠકોમાં તેઓશ્રી હાજર રહી શક્યા ન હતા અને તે પણ આંખે ઝામરની પીડાના કારણે. આ બેઠકોમાં તેમનું ભાષણ અમારા માટે ચિંતનભાથું બની રહેતું. એકાદ કોઈક નવી વાત કરે અને સૌને આશ્ચર્ય પમાડે. આ નવી વાત પણ સહજતાથી કહે. ક્યાંય 'હું' જોવા કે સાંભળવા ન મળે. તેમનાં વાણી અને વર્તનની સાદગી હૃદયસ્પર્શી બની રહે તેવી હંમેશ અનુભવી છે. નિવૃત્તિ બાદ મારા પિતાશ્રી અને મંડળના સૌ સભ્યોના અતિ આગ્રહના કારણે મંડળનું મંત્રીપદ અને વર્ષ ૨૦૧૧માં કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળનું પ્રમુખપદ સ્વીકાર્યું હતું. છેલ્લા એકાદ વર્ષમાં આંખે ઝાંખપ આવતાં પ્રમુખના હોદ્દાનું રાજીનામું મને શ્રી મણિભાઈ મારફત મોકલી આપ્યું હતું. આ રાજીનામું પરત ખેંચવા માટે સાદર વિનંતી કરતાં તેમણે પોતાનો આગ્રહ કંઈક ગ્લાનિ સાથે પડતો મૂકયો હતો. કોઈક મુસદો બતાવું તો તે સંપૂર્ણ વાંચી જઈને અથવા કોઈ વાત કરું તો પૂરી વાત સાંભળીને પોતાનો અભિપ્રાય આપતા હતા.

એક શીલભદ્ર શિક્ષક-આચાર્ય અને મૂલ્યનિષ્ઠ સર્જક એટલે કે પોતાની સાહિત્યિક કૃતિઓમાં તેમજ આચાર-વિચારમાં પણ શિક્ષકધર્મ નિભાવનાર પૂજ્ય મોહનભાઈસાહેબના સમગ્ર જીવન, સર્વ વિદ્યાલય પ્રત્યે કર્મયોગીની નિષ્ઠા, સમર્પિતતા અને સવિશેષતઃ તો અનાસકત પ્રકૃતિ વિશે વિચારે ચઢું છું ત્યારે તેમના પ્રતિ મારું શીશ સ્વતઃ વંદન કરવા ઢળી જાય છે. સર્વ વિદ્યાલયની કીર્તિ અને પ્રગતિને જોતાં મનમાં એ પણ પ્રશ્ન ઉદ્‌ભવે છે કે મોહનભાઈસાહેબ આપણને મળ્યા ન હોત તો આ બધું શકય બનત ખરું ? આ પ્રશ્ન મારો એકલાનો નથી. આ વિશે તેમના અનેકાનેક વિદ્યાર્થીઓ સાથે ફોનથી કે રૂબરૂમાં મળવાનું થતું રહે છે ત્યારે આ વાત સહજમાં જ ચર્ચાતી રહે છે. મને યાદ છે કે પ્રોફેસર ભોળાભાઈસાહેબે શાંતિનિકેતનથી ૧૯૮૨માં સાહેબને પત્ર લખ્યો હતો કે 'હું જાણું છું કે આજે સર્વ વિદ્યાલયમાં જે કંઈ રહ્યું છે, તેમાં તમે એક મોટું બળ છો. તમે ન હોત તો સર્વ વિદ્યાલય આજે જે છે તે તો ન જ હોત.' **સાહેબે સર્વ વિદ્યાલયને આગવી ઓળખ અપાવી છે. સહેજ પણ અતિશયોક્તિ વગર કે ભાવાવરણમાં તણાયા સિવાય કહું છું કે પૂ. સાહેબ સર્વ વિદ્યાલયનો પર્યાય બની ગયા હતા. એટલે કે મોહનભાઈસાહેબ એટલે સર્વવિદ્યાલય.** તત્કાલીન સમયના વિદ્યાર્થીઓ, શિક્ષકો ઉપરાંત મહેસાણા જિલ્લા શાળા સંઘના શિક્ષકો-આચાર્યો અને કડીના જનજીવનમાં સાહેબ ખરા અર્થમાં ઋષિપરંપરાના આચાર્ય તરીકેના માન-સન્માનના અધિકારી બની રહયા હતા. પૂ. સાહેબનાં આ પ્રભાવ અને ગૌરવથી મંડળના સેવકો પણ ગર્વ અનુભવતા હતા. સર્વ વિદ્યાલયના વિકાસ માટે અમેરિકામાંથી ફંડ મેળવવા માટે વર્ષ ૧૯૮૨ અને ૧૯૯૮માં મંડળ દ્વારા બે પ્રતિનિધિમંડળો મોકલવામાં આવ્યાં હતાં, જેમાં પૂ. મોહનભાઈસાહેબ ઉપરાંત પ્રથમ વખત વકીલશ્રી ધનાભાઈસાહેબ અને બીજા વખતે શ્રી માણેકલાલસાહેબ તથા ડૉ. કનુભાઈસાહેબનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ બંને સમયે ફંડ એકઠું કરવાના મંડળના પૂર્વનિર્ધારિત ટાર્ગેટથી ઘણું અધિક ફંડ મળ્યું હતું. આ માટે આપણે આભારી છીએ સર્વ વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા અન્ય સ્નેહીજનોના. આ ત્રણેય સભ્યશ્રીઓ પાસેથી સાંભળ્યું છે કે વિદ્યાર્થીઓ મોહનભાઈસાહેબ પ્રતિ અસાધારણ સ્નેહભાવ અને લાગણી ધરાવતા હતા. જાણે કે તેમના હાથ નીચે તાજા જ ભણીને અમેરિકા ગયા હોય તેવી તેમના પ્રતિ ભારેસ્મૃતિ અને અહોભાવની લાગણી અમને ઠેર ઠેર જોવા મળી હતી. તેમણે સર્વ વિદ્યાલયને જે પ્રતિષ્ઠા અપાવી છે, તેના કારણે દાતાઓ પાસેથી સર્વ વિદ્યાલયને ખોબલે ખોબલે દાન મળ્યું છે અને મળતું રહેશે તેવા આશાવાદની નોંધ લેતાં ગર્વ અનુભવું છું.

આવા ગૌરવશીલ મોહનભાઈ સાહેબના અવસાનથી ખાલીપો અનુભવું છું. સાહેબ, આજે આપણી વચ્ચે સદેહે નથી, પરંતુ આપણા માટે જે અખૂટ વિચારવારસો મુકતા ગયા છે તે હરહંમેશ આપણો માર્ગ પ્રશસ્ત કરતો રહેશે એમ નિઃશંક માનું છું. આ તબકકે ઈશ્વરને પ્રાર્થના છે કે શિક્ષણ થકી સમાજસેવાના પાયા ઉપર સ્થપાયેલ આ સંસ્થા પૂ. મોહનભાઈ સમાન જ્યોર્તિધરોથી સદાકાળ સંપન્ન બની રહો.

**વલ્લભભાઈ એમ. પટેલ**
ચેરમેન, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર
ચેરમેન, કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી
પ્રેસિડેન્ટ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર

# સર્વ વિદ્યાલયનું વટવૃક્ષ ધરાશાયી થયું!

વિઠ્ઠલભાઈ અં. પટેલ

૧૩ માર્ચ, ૨૦૨૦ શુક્રવારના રોજ ઉત્તર ગુજરાતમાં વટવૃક્ષ ધરાશાયી થવાનો પ્રચંડ અવાજ સંભળાયો. તપાસ કરતાં એ વટવૃક્ષ સર્વ વિદ્યાલય – કડી કૅમ્પસમાં કૅમ્પસની મધ્યે શોભામાં અભિવૃદ્ધિ કરતું હતું તે વટવૃક્ષ નીકળ્યું. આ વટવૃક્ષની છાયામાં ઘણા બધા સાહિત્યકારો તેમનાં સર્જનોની આપ-લે કરતા. એટલું જ નહીં એ છાયામાં કેળવણીકારો ભણાવવાની નવી-નવી રીતોની ચર્ચા કરતા અને એથીય વધુ તો એ છાયામાં ઊગતી પેઢીનાં બાળકો કલ્લોલ કરતાં રમતાં હતાં. હવે એ વટવૃક્ષની છાયા ગઈ.

જ્યારે સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ અને વિદ્યાર્થી આશ્રમ બાંધવાનો નિર્ણય લેવાયો, ત્યારે એક એકલા અટૂલા વૃદ્ધ માણસે વિદ્યાર્થી આશ્રમની પાસે ઈંટોની નાની ઓરડી બનાવેલી. ઠંડી હોય કે ગરમી હોય કે ધોધમાર વરસાદ પડતો હોય તો પણ જરાયે ડગ્યા વગર તે બંધાયે રાખતા હતા. જે આપણે વૈજ્ઞાનિકો, તત્ત્વજ્ઞાનીઓ અને લેખકોમાં ડગ્યા વગર તેમના કામમાં મશગૂલ રહેવાની શક્તિ જોઈએ છીએ, તેવી જ શક્તિથી આ વૃદ્ધ માણસ શાહી ઢબનો વિદ્યાર્થી આશ્રમ અને સરસ મઝાની હાઈસ્કૂલ બંધાવી રહ્યા હતા. શા માટે ? વૈજ્ઞાનિકો, તત્ત્વજ્ઞાનીઓ અને લેખકો શા માટે રાતદિવસ કામ કરે છે ? જે કારણોસર આ બધા કામ કરે છે તે જ કારણે આ વૃદ્ધ, દરિયાના કિનારે બેસીને તણખલાથી દરિયો ખાલી કરવાની અડગ શ્રદ્ધા ધરાવનારની જેમ, દિવસોના દિવસો કામ કરતા રહ્યા. તેમના પરિશ્રમથી બંધાયેલા એ વિદ્યાર્થી આશ્રમે અને એ હાઈસ્કૂલે અનેક અણમોલ રત્નો આપ્યાં છે. તે વૃદ્ધને તે દિવસે તેમના પરિશ્રમથી શું મળવાનું છે તે કોઈએ કહ્યું હોત તો તે માનત કે નહીં, પણ જરૂરથી તેમને આનંદ થયો હોત.

આ વિદ્યાર્થી આશ્રમ અને સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ તેના આદર્શો અને વાતાવરણના કારણે ઘણા આદર્શવાદી યુવન શિક્ષકોને ખેંચી લાવતી. સને ૧૯૪૯ની આસપાસ હું સર્વ વિદ્યાલયમાં ભણવા આવ્યો. બરાબર યાદ નથી, પણ એકાદ બે વર્ષમાં અમારા ગુજરાતીના સાહેબ રજા ઉપર હોઈને નવા આવેલા શિક્ષકે અમને તેમની લખેલી વાર્તા, 'ચક્રવાત પરિવર્તન્તે' શીખવેલી. અમારા માટે તેમની જ લખેલી તે અગત્યનું હતું. એક મોટા લેખક અમને ભણાવવા આવ્યા. એમના વિશે મિત્રો પાસેથી સાંભળેલું. અમદાવાદની સારી હાઈસ્કૂલમાંથી નોકરી મૂકીને સર્વ વિદ્યાલય હાઈસ્કૂલમાં આવ્યા છે. એ સમયે સર્વ વિદ્યાલયની આગળ અમદાવાદની સ્કૂલોની કોઈ કિંમત ન હોઈને સર્વ વિદ્યાલયમાં આવવું તે સ્વાભાવિક જ લાગતું. એ સમયે એ દલીલ સમજાતી ન હતી, પણ હવે સમજાય છે. તેમની શીખવવાની રીત તદ્દન જુદા પ્રકારની શાંત, ધીરજવાળી અને ગમે તેવી હતી. હું જે વર્ગોમાં હતો તે વર્ગોમાં તેમણે ભાગ્યે જ ભણાવ્યું હોય. આથી વિદ્યાર્થી તરીકે ભાગ્યે જ તેમના પરિચયમાં આવવાનું બન્યું હોય. આના જેવું જ અંબાલાલભાઈસાહેબનું હતું, પણ તે મારા સૌથી મોટાભાઈ ત્રિભોવનભાઈ સાથે ભણેલા હોઈને અને બંને મિત્રો હોઈને અંબાલાલભાઈ સાહેબને અંગ્રેજી શીખવા કે કોઈ પણ પ્રકારના બીજા કામ માટે વારંવાર મળતો. અને અંબાલાલભાઈસાહેબ અમારી કાળજી પણ રાખતા. હું જ્યારે દશમા ધોરણમાં હતો ત્યારે ગાંધીજયંતીના દિવસે દશમા અને અગિયારમા ધોરણના વિદ્યાર્થીઓની વક્તૃત્વ હરીફાઈ હતી, ત્યારે મેં હરીફાઈમાં ભાગ લીધેલો. મોહનભાઈ સાહેબ જજ હતા અને તેમના હાથે મને ઇનામ મળેલું અને તે ઇનામમાં ....Websterની ડિક્ષનેરી મળેલી જે મેં ઘણાં વર્ષો વાપરેલી.

અમેરિકાથી પાછા આવ્યા પછી સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સભાઓમાં, છગનભા ઉપરની વ્યાખ્યાનમાળાઓમાં, માણેકલાલભાઈની સ્મૃતિમાં વિદ્યાર્થીઓને અપાતાં ઇનામોના પ્રસંગે મોહનભાઈ સાહેબને મળવાનું વારંવાર થતું. આપણી સંસ્થાના

ઇતિહાસ ઉપરનાં તેમનાં પ્રવચનો ખૂબ જ રસદાર હતાં. અને નવું-નવું પણ ઘણું સંસ્થા વિશે જાણવા મળતું. 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ', કડી 'સર્વ વિદ્યાલય' અને તેમનાથી ચાલતી પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ અને ઘણી બધી કૉલેજો માટે મોહનભાઈ સાહેબ જીવતા wikipedia ! તેઓ ઇતિહાસના વિદ્યાર્થી હોઈને તેમણે બધી સંસ્થાઓના ઇતિહાસો તેમના લેખો અને પુસ્તકોમાં સારા નસીબે સમાવી લીધેલા છે.

આપણામાંથી કોઈએ તેમના મળેલા સમય ઉપર નજર નાખીને વિચાર્યું છે કે તેમણે જિંદગીમાં તેમને મળેલી પળેપળનો તેમણે બરાબર ઉપયોગ કર્યો છે. શિક્ષક અને આચાર્ય તરીકેની ફરજો બજાવવા જે સમય જોઈએ તે જોઈએ. તમારે જે વિષય ભણાવવાનો હોય તે તમે પોતે જ બરાબર પચાવેલ ન હોય તો વર્ગમાં ભણાવવાની મઝા ન જ આવે. આથી સરસ ભણાવવાની પ્રથમ જરૂરિયાત તમારી પોતાની ભણાવવાના વિષયની આવડત. આથી મોહનભાઈ સાહેબે સાહિત્ય, ઇતિહાસ, ભૂગોળ જ કંઈ ભણાવતા હોય તે બરાબર પચાવવા માટે ઘેર ઘણી મહેનત કરી હશે. લેશન, પરીક્ષાઓ વગેરે તપાસવાનો સમય, કોઈ-કોઈ વખત વિદ્યાર્થી અને તેના વાલી મળવા આવે તે માટેનો સમય, ગૃહપતિ તરીકેનો સમય અને તેમના પોતાના કુટુંબ માટેનો સમય. આ બધા કામ માટે સરેરાશ રોજના આઠથી દસ કલાક. બાકીના સમયમાંથી તેમણે નિયમિત લખવા અને વાંચવા માટે ચારથી પાંચ કલાક કામ કર્યું હશે. આ સમયમાં તેમણે લેખો, વાર્તાઓ અને નવલકથાઓ લખી. આપણને બધાને અચંબો પમાડી દે તેવું તેમણે કામ કર્યું છે. શિક્ષક કરતાં આચાર્યની ફરજો વધારે સમય માગી લે. આ બધું જોતાં 'લગે રહો'થી શું મળી શકે તેનું આપણા બધા અને આપણા વિદ્યાર્થીઓ માટે મોહનભાઈ સાહેબ મોટું ઉદાહરણ હતા. આવા મોહનભાઈ સાહેબનો કોઈ મને ખ્યાલ જ ન હતો. તેમના જીવતાં આ જાતનું વિચારીને તેમને કહ્યું હોત તો જરૂરથી તેમને આનંદ થયો હોત.

આ બધું તો ખરું જ, પણ તેમની વિશિષ્ટતા આખી દુનિયાએ અપનાવવા જેવી છે. તમારે તમારું કામ કરાવવા માટે બૂમો પાડવાની કે દબાણ કરવાની કોઈ જરૂર નથી. નમ્રતાથી અને ધીરા અવાજે શાંતિપૂર્વક સમજાવીને પણ કરાવી શકો છો. મોહનભાઈ સાહેબે આ રીતે કામ કરાવ્યાં છે. અને જેણે તેમના આવા સરળ સ્વભાવને તેમની નબળાઈ માની, તેણે તેની કિંમત ચૂકવી છે. આના કારણે શાળાનું ઘણાં લાંબાં વર્ષો માટે વાતાવરણ શાંત હતું. આ અદ્ભુત ગણાય. આ સમય દરમિયાન આશા રાખીએ કે આપણી શાળાએ ઘણાં અણમોલ રત્નો પેદાં કર્યાં હશે.

લગભગ પાંત્રીસ વર્ષ ગુજરાતી ભાષા બોલવા સિવાય વાપરી ન હોઈને ગુજરાતીમાં લખવાનું સરળ નહોતું. છતાંયે આપણા તંત્રી મણિભાઈ પ્રજાપતિ અને બીજા 'સુગણિતમ્'ના તંત્રી પ્રહ્લાદભાઈ વ્યાસના આગ્રહના કારણે ગુજરાતીમાં ગણિતના કે અમેરિકા વિશેના લેખો લખે રાખતો. 'અમેરિકાની શિક્ષણપદ્ધતિ' વિશેનો લેખ 'સર્વ વિશ્વ વિદ્યાલય વૃત્ત'માં પ્રસિદ્ધ થયો. આ પછી મોહનભાઈ સાહેબને મળવાનું થયું. મને જોઈને સાહેબે કહ્યું કે, 'તમારો લેખ સંઘરી રાખવા જેવો છે.' મારા માટે આથી વધારે આનંદદાયક શું હોઈ શકે ?

મોહનભાઈ સાહેબે જોયું કે તેમને લખવાનું અને વાંચવાનું ખૂબ જ ગમે છે. આથી જો તે કૉલેજમાં અધ્યાપક હોય તો લખવા અને વાંચવા માટે વધારે સમય મળે. આ જોયા પછી, અધ્યાપક બનવા માટે M.A. થયેલા હોવો જોઈએ. અને M.A.માં સરસ માર્ક્સ હોય તો અધ્યાપક બનવું સરળ પડે. આથી તેમણે M.A.ના બીજા વર્ષમાં હૉસ્ટેલમાં રહ્યા. સર્વ વિદ્યાલયમાંથી રાજીનામું આપ્યું અને બચાવેલા પ્રોવિડન્ટ ફંડના પૈસા લઈને હૉસ્ટેલમાં રહ્યા અને ઉમાશંકર જોશીના ખાસ વિદ્યાર્થી તરીકે નામના મેળવી અને M.A.માં (ફર્સ્ટ ક્લાસ) પ્રથમ વર્ગ પણ મેળવ્યો અને પ્રકાશ આર્ટ્સ અને એજ્યુકેશન કૉલેજમાં અધ્યાપક તરીકે જોડાવવાનું નક્કી પણ થયું. તેમનાં ગુજરાતીના સરસ લેખક બનવાનાં સ્વપ્નાં સફળ થવાની તૈયારીમાં જ હતાં. ત્યારે જ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ મોહનભાઈ સાહેબને સર્વ વિદ્યાલય હાઈસ્કૂલનું આચાર્યપદ સ્વીકારવા ખૂબ જ નમ્ર વિનંતી કરે છે. મોહનભાઈ સાહેબને સમાજની સેવા કરવાની મોટી ફરજના સ્વરૂપે આચાર્યપદ સ્વીકારવું પડ્યું. જાણે કે સર્વ વિદ્યાલય કેળવણી મંડળે તેમના આ મોટા ત્યાગની ઊંચી કદર કરી છે.

આના જેવો જ પ્રસંગ અમારી શેરથાની જે. એમ.જી. હાઈસ્કૂલમાં બનેલો. મારા મોટાભાઈ ઈશ્વરભાઈ શેરથા કેળવણી મંડળના પ્રમુખ અને ડૉ. પ્રભુભાઈ પટેલ જે. એમ. જી. હાઈસ્કૂલના આચાર્ય. બંને જણ મિત્રો પણ ખરા. ડૉ. પ્રભુભાઈને અમદાવાદની વિદ્યાનગર

હાઈસ્કૂલના આચાર્ય તરીકેની નિમણૂકનો પત્ર મળ્યો. તેમણે શેરથા હાઈસ્કૂલના આચાર્ય તરીકે રાજીનામાનો પત્ર ઈશ્વરભાઈને આપ્યો. અમદાવાદની સરસમાં સરસ હાઈસ્કૂલોમાંની વિદ્યાનગર હાઈસ્કૂલ એક બીજું અમદાવાદ શહેર. આથી ડૉ. પ્રભુભાઈ પટેલ માટે બહુ જ સરસ ઑફર ગણાય. શેરથા કેળવણી મંડળ, ઈશ્વરભાઈ વગેરે રાજીનામું પાસ કરવાની વિરોધમાં. ઈશ્વરભાઈએ મારા પુત્ર મિહિરને આ બાબતનો અભિપ્રાય પૂછ્યો. મિહિરે ઈશ્વરભાઈને જવાબ આપ્યો, 'બાપા, ડૉ. પ્રભુભાઈની જગ્યાએ હું હોઉં તો શું ? મને વિદ્યાનગર હાઈસ્કૂલમાં જવા દેશો ?' ઈશ્વરભાઈને તેનો જવાબ હામાં હોઈને, કેળવણી મંડળ અને સર્વે ગ્રામજનોએ આનંદથી અને પ્રેમથી ડૉ. પ્રભુભાઈને જવા દીધા. અમદાવાદમાં તેમણે જે પ્રગતિ કરી તે કદાચ શેરથામાં કરી શક્યા ન હોત.

મોહનભાઈ સાહેબની જગ્યાએ જો સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખનો પુત્ર હોત, તો કેળવણી મંડળના પ્રમુખનો જવાબ શો હોત ?

મોહનભાઈ સાહેબે ગુજરાતી ભાષાના પ્રખર લેખકોની હરોળમાં ગણના થતા લેખક અને ગુજરાતી સાહિત્યના જ જાણીતા અધ્યાપક બનવાને બદલે અમને બધાને સરસ અને મહેનતુ નાગરિકો બનાવ્યા તે જરાયે ઓછું નથી. અમારી બધાંની કાળજી રાખવા તમારાં સ્વપ્નાં તમે જતાં કર્યાં તે અમે કદીયે નહીં ભૂલીએ ! !

**વિઠ્ઠલભાઈ અં. પટેલ**
મુ. પો. શેરથા, નરસિંહજીના મંદિર પાસે,
ઉવારસદ રોડ, તા. જિ. ગાંધીનગર
મો. ૯૪૨૮૦ ૧૯૦૪૨

# અનંતની યાત્રાએ મોહનલાલ પટેલ

**ડૉ. મણિભાઈ એસ. પટેલ**

અણહિલપુર પાટણનો ગૌરવવંતો ભૂતકાળ છે. વાડા અને પાડા એના શેરી મહોલ્લાનાં નામો આજે પણ પાટણની આગવી ઓળખ થઈ પડી છે. આ ઐતિહાસિક નગરનો આધુનિક નગર તરીકે વિકાસ ઓછો. અહીંની બુદ્ધિજીવી પ્રજા વિકાસ અર્થે પાટણ બહાર ધંધાર્થે જવાથી પોતાનાં ભવ્ય મકાનો ખાલી પડ્યાં છે. બહારથી હટાણું ખરીદવા અને ઘી વેચવા પાટણ આવતી ગ્રામ્ય પ્રજાને જમવા માટેનું ઉત્તમ સ્થળ એટલે વિરતાવાળા શ્રી વસ્તારામનું ગાંધી રેસ્ટોરન્ટ. પાટણમાં સવિશેષ પટેલ અને જૈનોની વસ્તી વધારે. એમાં કડવા અને લેઉવા પાટીદાર પણ ખરા. જળચૉક અને જોગીવાડામાં મોટા બાર સમાજના માણસોનો વસવાટ વધુ. મેડિકલક્ષેત્રે પાટણના નામાંકિત ડૉ. નિંબાલકર સર્જન, ડૉ. શાંતિલાલ પટેલ, ડૉ. રમણલાલ શાહ તેમજ આંખના સર્જન ડૉ. મહેતાસાહેબની સેવાઓ પ્રશંસનીય હતી. દૂરદૂરથી દર્દીઓ સારવાર મટે આવતા. પટોળાં તો પાટણનાં જ, ભારત અને દેશવિદેશમાં આજે પણ પ્રખ્યાત, પરંતુ પટોળાં બનાવવામાં કલાદૃષ્ટિ, ધીરજ, નિષ્ણાત કારીગરોની જરૂર ખૂબ વધુ. આજે આ કલાના જાણકાર કારીગરો ઓછા જેથી આ ગૃહઉદ્યોગ દિનપ્રતિદિન ઓછો થતો જાય છે. પાટણ અને સહસ્રલિંગ સરોવરનું મનોહર વર્ણન અનેક ગ્રંથોમાં છે. જૈન દેરાસરોની ભવ્યતા અનેક પ્રાચીન ગ્રંથોમાં વર્ણિત છે. રાણકીવાવની આગવી ઓળખ છે. ઈ. સ. ૧૯૬૦માં રાણીની વાવના ખોદકામ બાદ જે સ્વરૂપ આવ્યું તે રાણકીવાવ. દેશ તેમજ વિદેશના પ્રવાસીઓ અચૂક રાણકીવાવની મુલાકાત લઈ ધન્યતા અનુભવે છે. તેની કોતરણી, નકશીકામ ઉત્તમ પ્રકારનું છે. જેથી રાણકીવાવે વર્લ્ડ હેરીટેઝમાં સ્થાન મેળવ્યું છે. ભવ્ય ઐતિહાસિક સાંસ્કૃતિક વારસો ઉપરાંત જિલ્લા મથક, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, સરકારી કાર્યાલયો, શૈક્ષણિક સંસ્થાઓ, અદ્યતન ડૉક્ટરી સેવાઓ વગેરેના કારણે પાટણનો દિનપ્રતિદિન વિકાસ થતો જાય છે. આ વિકાસનું શ્રેય આપણાં પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના શિરે જાય છે.

શ્રી મોહનલાલ પટેલના પરિવારની ઝલક જોઈએ તો... મોહનલાલ પટેલનો જન્મ તા. ૩૦-૪-૧૯૨૭ના રોજ પાટણના જોગીવાડામાં થયો હતો. પિતાશ્રી બાભાઈદાસ અને માતા જેઠીબહેન. તેમના પિતાશ્રીને બે ભાઈઓ : ભુદરભાઈ અને ભાવસંગભાઈ હતા. મોહનભાઈ સાહેબ અને બીજા પાંચ ભાઈઓ મળીને તેઓ છ ભાઈઓ હતા. જેમાં સૌથી નાના મોહનભાઈ અને બીજા મંછારામ, અમથાભાઈ, ઈશ્વરભાઈ, ધનાભાઈ અને પરસોત્તમભાઈ પટેલ (સૌથી મોટા). પરિવાર બહોળો પણ સંપ સરસ. તેમનું મોસાળ લણવા ગામમાં અમારા મહોલ્લામાં (કનોડિયાનો માઢ) સ્વ. લખુદાસ ડોસાભાઈ પટેલને ત્યાં થાય. તેમનાં પત્ની હીરાબહેનનું વતન કહોડા. તેમનો સ્વભાવ માયાળુ તથા કામકાજમાં નિપુણ, આંતરસૂઝ અને સેવાભાવનાના ગુણોથી સંપન્ન. પરિવારમાં સૌની માન-મર્યાદા જાળવતાં. તેમને ત્રણ દીકરીઓ : જલધારા, દિના તેમજ શર્વરી. પુત્ર ડૉ. મયંક અને પુત્રવધૂ સીમા.

વડોદરા રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ ફરજિયાત હતું. મોહનભાઈના પિતાશ્રી પ્રાથમિક શાળામાં શિક્ષક હતા. તેઓ કડક સ્વભાવની છાપ ધરાવતા હતા. પ્રભાવશાળી વ્યક્તિત્વ. સમાજના કે અન્ય કોઈ પ્રશ્નોનું નિવારણ સહેલાઈથી કરવાની આંતરસૂઝ ધરાવતા હતા. પિતાશ્રીના લીધે બાળપોથી, પહેલી અને બીજી એમ ત્રણ વર્ષનો અભ્યાસક્રમ ઘરે રહીને કરતાં શાળા નં. ૩માં બે વર્ષ ધોરણ-૩ અને ૪નો અભ્યાસ પૂરો કર્યો. ઈ. સ. ૧૯૩૬માં પાટણ હાઈસ્કૂલમાં પ્રવેશ મેળવ્યો, જ્યાં શ્રી એમ. એમ. અધ્યારુસાહેબે શ્રી મોહનભાઈને અંગ્રેજી ભાષાનું શિક્ષણ ઉત્તમ પ્રકારે આપેલું. ૧૯૪૩ એપ્રિલમાં મુંબઈ યુનિવર્સિટીની મૅટ્રિકની પરીક્ષા પાસ કરી હતી. વડોદરા કૉલેજમાં એડ્‌મિશન લઈ બી. એ.માં ઇતિહાસ અને અર્થશાસ્ત્ર વિષયો રાખ્યા હતા. પાટણથી વડોદરા જવા માટે માત્ર રેલવે મારફતે જ જવાતું. રેલવે ભાડું પણ નહિવત. વડોદરાના કારેલીબાગ વિસ્તારમાં આવેલ 'કડવા પાટીદાર છાત્રાલય'માં પ્રવેશ મેળવ્યો. કૉલેજનાં મકાનો અદ્યતન- સરસ, સુવિધાસભર. કૉલેજના મોટા ભાગના વિદ્યાર્થીઓ લેંઘા અને શર્ટમાં જ જતા અને સાહેબે કૉલેજના છેલ્લાં વર્ષમાં પેન્ટ-શર્ટ પહેરેલ. કોઈ-કોઈ વખત ધોતી અને શર્ટમાં કૉલેજ જવાનું થયેલું. કૉલેજના અધ્યાપકશ્રીઓ વિષયનિષ્ણાત, તજ્જ્ઞ હતા. મોહનભાઈને અંગ્રેજી ભાષામાં સારું પ્રભુત્વ હતું. પૂરક કોચિંગની જરૂર નહોતી પડી. ઈ. સ. ૧૯૪૭માં મુંબઈ યુનિવર્સિટીની બી. એ.ની ડિગ્રી મેળવી.

બી. એ. થયા બાદ અમદાવાદમાં 'ન્યૂ હાઈસ્કૂલ'માં શિક્ષક તરીકે કારકિર્દીની શરૂઆત કરી અને તેની સાથે-સાથે સાહિત્ય-સર્જક તરીકે ખ્યાતિ મેળવતા ગયા. મોહનભાઈના ખાસ મિત્ર રામભાઈ ના. પટેલ (એબર્ટ લેબોરેટરીવાળા)ના આગ્રહથી ઈ. સ. ૧૯૫૦માં ૭ જુલાઈના રોજ 'સર્વ વિદ્યાલય કડી'માં શિક્ષક તરીકે જોડાયા. અને સંસ્થાના વિદ્યાર્થી આશ્રમ કિશોરકુંજમાં ગૃહપતિ તરીકેની જવાબદારી સ્વીકારી. 'સર્વ વિદ્યાલય'માં સૌ ખાદીનાં કપડાં પહેરતાં એટલે જ્યારે ઉત્તમ પેન્ટ-શર્ટમાં સજ્જ મોહનલાલ પટેલે પ્રવેશ કર્યો ત્યારે વર્ગખંડના વિદ્યાર્થીઓ તેમને જોઈ રહ્યા. ભલે પેન્ટ-શર્ટમાં સજ્જ પણ 'વટ'નો ભાવ જરાય નહીં, વિનમ્રતાનો ભાવ તેમનામાં દૃષ્ટિપાત થતો. દરેકને માનથી બોલાવતા. તેમણે વિદ્યાર્થીઓનો પ્રેમ જીતી લીધો. તે દિવસથી પેન્ટ-શર્ટ અદશ્ય થઈ ગયાં અને ખાદીનાં વસ્ત્રો આવી ગયાં. તે સમયે સ્કૂલ ડ્રેસ સફેદ શર્ટ અને બ્લૂ ચડ્ડી હતી. ઈ. સ. ૧૯૫૫ના અરસામાં શ્રી નાથાભાઈ દેસાઈ સાહેબની તબિયત લથડી હતી. તેમને સારવાર માટે પંચગીની જવાનું નક્કી હતું. આ સમયે સંચાલક મંડળે શ્રી મોહનભાઈને ગૃહપતિની જવાબદારી સોંપી હતી. ઈ. સ. ૧૯૬૦-૬૧માં શાળામાંથી છૂટા થઈ એમ.એ.નો અભ્યાસ અમદાવાદમાંથી કર્યો. ઈ. સ. ૧૯૬૧માં કડીમાં આચાર્યશ્રી નાથાભાઈ દેસાઈએ કેટલાંક કારણોસર 'સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ'માંથી રાજીનામું આપ્યું હતું. તે સમયે વાલીઓ અને વિદ્યાર્થીઓમાં ભારે અજંપો થયો હતો અને ભારોભાર નારાજગી વર્તાતી હતી. એવા કપરા સમયમાં સંસ્થાના સંચાલકો તથા નાથાભાઈસાહેબના આગ્રહને વશ થઈને કડીમાં આચાર્ય તરીકેનું સુકાન સંભાળ્યું. આ સમયે પુસ્તકાલયમાં જવાનું થયું ત્યારે ગ્રંથપાલ તરીકે પાટણના વતની શ્રી નરોત્તમભાઈ પટેલ હતા. તે પાટણના હોવાથી તેમને મળીને મોહનભાઈ સાહેબને ખૂબ જ આનંદ થયો અને પુસ્તકાલયની વિગતવાર માહિતી મેળવી લીધી અને અંત સુધી આ પુસ્તકાલયના વિકાસની જવાબદારી સારી

રીતે નિભાવી હતી. આચાર્ય તરીકેની જવાબદારી ઉપરાંત વિદ્યાર્થી આશ્રમના ગૃહપતિ તરીકેની જવાબદારી વિશેષ હોય છે. છાત્રોના વિવિધ પ્રશ્નોનું નિરાકરણ સફળતાપૂર્વક કરતા. આચાર્ય તરીકે સરકારના શિક્ષણ વિભાગના વિવિધ વિભાગો સાથે કામ કરવાની જવાબદારી, કાયદાકીય ઉકેલો લાવવાનું કાર્ય પણ હોય છે, પરંતુ મોહનભાઈ સાહેબની પ્રતિભાથી જ કામો સરળતાથી સફળતાપૂર્વક ઉકેલાઈ જતાં. સર્વ વિદ્યાલય કૅમ્પસમાં તે સમયે આત્મારામ (સરસાવવાળા), ચતુરભાઈ (વ્યાયામ શિક્ષક), સોમભાઈ પટેલ, ભાઈલાલભાઈ પટેલ, હીરાભાઈ કોઠારી, ગણેશભાઈ કા. પટેલ, માધવલાલ (મેડા આદરજવાળા) સૌ સંસ્થામાં જ એક પરિવારની જેમ રહેતા. મોહનભાઈના પુત્ર ડૉ. મયંકભાઈ, આત્મરામભાઈના પુત્ર અજિતભાઈ, ચતુરભાઈના પુત્ર (બકાભાઈ) રવીન્દ્રભાઈ સાથે અભ્યાસ કરતા હતા. આજે પણ ત્રણેયની મૈત્રી અકબંધ છે. સર્વ વિદ્યાલયના સ્થાપનાકાળથી તેને ઉત્તમ આચાર્યો, ઋષિકુળ પરંપરાને પોષતા આચાર્યો મળ્યા છે, જેમાં પોપટભાઈ, બાપુભાઈ, નાથાભાઈ, મોહનભાઈ અને મનુભાઈસાહેબનાં નામો લોકહૈયામાં તાજાં જ રહ્યાં છે અને રહેશે.

લાયન્સ ક્લબ, કડીની સ્થાપના ઈ. સ., ૧૯૭૧માં થઈ હતી. તેમાં હું તેમજ મોહનભાઈ ચાર્ટર મૅમ્બર હતા. દિલીપભાઈ રૉય અને ભગવતભાઈ સુથારની એક નાની ઑફિસ ત્રણ દરવાજાની બાજુમાં હતી. તેઓ કાપડ ઉપર બેનર અને દુકાન માટે બોર્ડ બનાવતા હતા. તેઓ લાયન્સ ક્લબ, કડી માટે બિલકુલ વાજબી ભાવે કામ કરી આપતા. તેમજ લાયન્સ ક્લબ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં નિર્ણાયક તરીકેની સેવાઓ આપતા. શિક્ષણ તેમજ સાહિત્યક્ષેત્રે કડીનગરને નામના પ્રદાન કરનાર 'કડી સાહિત્ય વર્તુળ'ના સાહિત્યકારો તથા રાષ્ટ્રીય અને રાજ્યકક્ષાના શ્રેષ્ઠ શિક્ષક તરીકેના ઍવૉર્ડ વિજેતાઓનો સન્માન-સમારંભ તા. ૨૩-૯-૧૯૯૪ના રોજ સંસ્કાર ભવન, સર્વ વિદ્યાલય કૅમ્પસ, કડીમાં યોજાયેલ. જેમાં મુખ્ય મહેમાન તરીકે લાયન ડૉ. દિલીપ શાહ (યુરોલૉજિસ્ટ; પાસ્ટ ડિસ્ટ્રિક્ટ ગવર્નર ડિસ્ટ્રિક્ટ ૩૨૩-બી), અતિથિ વિશેષ તરીકે શ્રી મનુભાઈ એ. પટેલ (પ્રમુખ : કડી બાર ઍસોસિએશન) પધાર્યા હતા. તે સમયે ક્લબના પ્રમુખ લા. વિનોદભાઈ બી. પટેલ (હાલ કૅનેડા), પ્રોજેક્ટ ચૅરમૅન તરીકે મારી જવાબદારી હતી. સન્માનિત મહાનુભાવો : રાષ્ટ્રીય શ્રેષ્ઠ શિક્ષક ઍવૉર્ડ વિજેતા (૧૯૯૩), શ્રી મનુભાઈ જે. પટેલ (આચાર્ય, સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડી) ગુજરાત રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક ઍવૉર્ડ વિજેતા (૧૯૯૩), શ્રી રમેશ ત્રિવેદી (ખમાર ગર્લ્સ હાઈસ્કૂલ, કડી) તેમજ સાહિત્યકારો શ્રી મોહનલાલ બી. પટેલ, શ્રી રતિલાલ સાં. નાયક, ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ, શ્રી રામજીભાઈ કડિયા, શ્રી ભગવત સુથાર, શ્રી દિલીપ રૉય, શ્રી રમેશ ત્રિવેદી, શ્રી યશવંત કડીકર વગેરેની ઉપસ્થિતિ હતી. આ પ્રસંગે શ્રી માણેકલાલ પટેલ, ડૉ. રામભાઈ પટેલ, શ્રી આર. જે. વ્યાસ હાજર હતા. સન્માનિત સૌનો પરિચય કરાવી, સન્માનિત મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતું. શ્રી મનુભાઈ વકીલે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે કડીનગરની બે શૈક્ષણિક સંસ્થાઓના રાષ્ટ્ર અને રાજ્યકક્ષાના શ્રેષ્ઠ શિક્ષકો અને સર્જકો-સાહિત્યકારો એ આપણું ગૌરવ છે. ડૉ. દિલીપ શાહ જેમણે સર્જકો સાથે મળવાની ઉત્તમ તક મળી છે તેમ જણાવી પોતાની આગવી શૈલીમાં વક્તવ્ય આપ્યું હતું. નગરના સર્જકોની કડી-બીજી કડીથી જોડાઈને આ એક મજબૂત સાહિત્ય વર્તુળ બન્યું છે. ડૉ. રામભાઈ અને શ્રી માણેકલાલસાહેબ સમગ્ર કાર્યક્રમથી પ્રભાવિત થયા હતા. તેઓ બંનેએ પણ અગાઉ લાયન્સ ક્લબની મહત્ત્વની જવાબદારીઓ નિભાવી હતી. આ પ્રસંગ પૂર્ણ થયા પછી સંસ્થાના મધ્યસ્થ કાર્યાલયમાં સૌ મળ્યા હતા ત્યારે શ્રી માણેકલાલ સાહેબે જણાવેલ કે સાહિત્ય વર્તુળને વધુ વિસ્તૃત બનાવો અને સાહિત્ય વર્તુળને બદલે 'શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ'નામ રાખો. સાહિત્ય વર્તુળ વિવિધ આયોજનો કરે તેવી આર્થિક સ્થિતિ નહોતી એ વાત માણેકલાલને સમજાઈ ગઈ. તેમણે 'શ્રી કડી નાગરિક સહકારી બૅન્ક', કડી વતી એક લાખનું દાન જાહેર કરેલ. લાયન્સ ક્લબ દ્વારા પણ પાંચ હજાર અને ડૉ. રામભાઈ પટેલ તેમજ કેટલાક સભ્યો તરફથી દાન જાહેર કરવામાં આવ્યું હતું. તા. ૨૬-૨-૧૯૯૬ના રોજ 'શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ'નું નામાભિધાન થયું. જેના મૅનેજિંગ ટ્રસ્ટી તરીકે ડૉ. રમેશભાઈ જે. વ્યાસને જવાબદારી સોંપવામાં આવી હતી. આજે પણ 'શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ' દ્વારા પ્રતિવર્ષ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

પાટણના ઇતિહાસ વિશેની સાચી માહિતીની જાણ શ્રી મોહનભાઈ સિવાય ભાગ્યે જ કોઈને હશે ! તેમની પ્રથમ નવલકથા 'હેતનાં પારખાં' અને ત્યાર બાદ 'ખાલી ખેપ', 'અંતિમ દીપ', 'લાંછન', 'ભવપ્રપંચ', 'ડેડ ઍન્ડ', 'સૂકી સરિતા ભીના તટ', 'જલતા હિમગીરી', 'સાંજ ઢળે', 'બંધન' વગેરે જાણીતી નવલકથાઓ છે. તેમના વાર્તાસંગ્રહોમાં 'હવા તુમ ધીરે બહો', 'ટૂંકા રસ્તા', 'વિધિનાં વર્તુળ', 'ક્રોસ રોડ', 'પ્રત્યાલંબન' વગેરે. ગુજરાતનો છેલ્લો રાજપૂત રાજા કર્ણદેવ વિશે લખાયેલ ઐતિહાસિક નવલકથા 'અંતિમ દીપ' ૧૯૬૦માં 'ગુજરાત સમાચાર'માં ધારાવાહિક સ્વરૂપે પ્રગટ થઈ હતી. શ્રેષ્ઠ ઐતિહાસિક નવલકથા 'લાંછન' ૧૯૯૫માં 'સંદેશ'માં ધારાવાહિક તરીકે પ્રગટ થઈ હતી. એક ગૌરવપ્રદ ઘટનાએ કે લઘુકથાના જનક તરીકેનું શ્રેય મોહનલાલ પટેલના શિરે જાય છે. તેમની પસંદગીની ઉત્તમ વાર્તાઓમાં 'બ્લાઇન્ડ વર્મ', 'એમના સોનેરી દિવસો', 'શહીદનો દીકરો' વગેરે છે. એમની લઘુકથાઓ નવચેતન, પરબ, સમય, સાધના, પ્રખર અને જીવન પ્રકાશ જેવાં સામયિકોમાં પ્રગટ થતી હતી. પ્રવાસ પુસ્તક 'ગુડ મૉર્નિંગ અમેરિકા' ૧૯૯૮માં પ્રગટ થયું. મોહનભાઈની લઘુકથાઓને સારો આવકાર મળ્યો. તેમજ વાચકોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો ગયો. તેમની પ્રેરણાથી ભગવત સુથાર, રામજીભાઈ કડિયા, રમેશ ત્રિવેદી અને દેવ યોગીએ લઘુકથાઓ લખવાનું શરૂ કરતાં તેમની લઘુકથાઓ કેટલાંક માસિકોમાં પ્રગટ થઈ છે. તેમણે પણ મને પુસ્તકો ભેટ આપેલ છે. બચુભાઈ રાવત, પ્રવીણ દરજી, ચુનીલાલ મડિયા, મફત ઓઝા તેમજ ચાંપશીભાઈ વગેરેએ તેમનાં માસિકોમાં મોહનભાઈની લઘુકથાઓ પ્રગટ કરી છે. જાણીતા સાહિત્યકાર શ્રી ભોળાભાઈ પટેલ (પૂર્વ પ્રમુખ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી) શ્રી મોહનભાઈ સાહેબને પોતાના દીક્ષાગુરુ માનતા હતા. જોકે, સર્વ વિદ્યાલયમાં અભ્યાસ દરમિયાન પોતાના શિક્ષાગુરુ તો હતા જ.

૨૦૦૭માં કડી નગરપાલિકા તરફથી 'આદર્શ હાઈસ્કૂલ'ના ઈશ્વરભુવનમાં વિવિધ ક્ષેત્રોમાં યોગદાન કરનાર પ્રતિભાશાળી વ્યક્તિઓના સન્માન માટેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે માણેકલાલસાહેબ, નીતિનભાઈ પટેલ, ડૉ. રામભાઈ, શેઠશ્રી ડાહ્યાભાઈ અને અન્ય નગરશ્રેષ્ઠીઓ, કેળવણીકારની ઉપસ્થિતિ હતી. અમદાવાદથી પધારેલ માયાબહેન પંચાલે પોતાના કલાવૃંદ દ્વારા પ્રસ્તુત કરેલ કાર્યક્રમ રંગારંગ બન્યો હતો. પૂર્વ આચાર્ય તેમજ સાહિત્યકાર તરીકેના યોગદાન બદલ મોહનભાઈ સાહેબનું સન્માન કડી નગરપાલિકાના પ્રમુખશ્રી નટવરલાલ રામદાસ પટેલના વરદ હસ્તે થતાં તાળીઓના ગડગડાટથી હૉલ ગુંજી ઊઠ્યો હતો. પ્રસંગોચિત પ્રવચન માણેકલાલ સાહેબે અને નીતિનભાઈએ કરેલ. મોહનભાઈ સાહેબે પોતાના સન્માન બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમ રાત્રે ૧ વાગ્યાના અરસામાં પૂર્ણ થતાં હું અને શારદા મોહનભાઈને મળવા ગયાં. તેઓશ્રીને અમારા ઘેર રાત્રી રોકાણ માટે વિનંતી કરી. ત્યારે સાહેબે કહેલું કે મણિભાઈ હું કલાવૃંદ સાથે અમદાવાદ જઈશ. મેં સાહેબને કહ્યું કે અત્યારે મધરાતે અમદાવાદ જવું ઉચિત નથી. મારું ઘર એ આપનું ઘર નથી ? ત્યારે સાહેબે કહ્યું કે, 'એવો કોઈ સવાલ નથી.' અમે સૌ મારા ઘેર રાત્રે આવ્યાં.' સાહેબ ફ્રેશ થયા. શારદાએ કહ્યું શું બનાવું સાહેબ ? સાહેબે કહ્યું 'શારદા, સરસ મજાની કડક ચા બનાવ.' શારદાએ કહ્યું, 'ડૉક્ટર રાત્રે ચા પીતા નથી.' સારું, આપણે બે જણ ચા પીશું.' ચા બનાવીને લાવ્યાં ત્યાં સુધી મેં સાહેબ સાથે વાતો કરી. મોહનભાઈ સાહેબ જ્યારે બહાર નીકળે ત્યારે તેમના બગલથેલામાં પુસ્તકો અને કપડાં અથવા નાઇટડ્રેસ હોય. હું મારા રૂમમાં સૂઈ ગયો. સાહેબ અને શારદાએ કૅમ્પસની ભૂતકાળની વાતો/પ્રસંગો યાદ કર્યાં. વાતો-વાતોમાં રાતના સાડા ત્રણ વાગી ગયા હતા. તે વાત મને સવારે જાણવા મળી. સવારે ચા-પાણી કરી સાહેબ અમદાવાદ જવા નીકળ્યા હતા. સાહેબનો મારે ત્યાં રાત્રી રોકાણનો પ્રસંગ અને કૅમ્પસમાં સાથે રહ્યા પછીના ભૂતકાળનાં સંસ્મરણોને વાગોળવાની તક શારદા માટે અવિસ્મરણીય બની રહી છે.

હીરાભાભીની તબિયત સારી રહેતી નહોતી. એટલે હું, શારદા, મારા નાનાભાઈ ડૉ. બાબુભાઈ અને કપિલા અમે ચારે જણ સાહેબના નિવાસસ્થાને સાંજના ગયાં હતાં. અમને જોઈને હીરાભાભી રાજીનાં રેડ થઈ ગયાં. અને પલંગમાં બેઠાં થઈ ગયાં. મારાં સાસુ દિવાળીબહેનનું અવસાન ૨૦૦૯માં થયું હતું. કૅમ્પસમાં

સૌ એક જ પરિવારની જેમ રહેતાં હતાં. હીરાભાભીએ કહ્યું, 'મારી બહેનપણીને ભગવાન લઈ ગયા, મને ક્યારે લઈ જશે ?' ત્યારે અમે ભાવુક થઈ ગયા. ભાભીએ શારદા અને કપિલાનો હાથ પકડી રાખ્યો. અમે બંનેએ સામાજિક તેમજ સંસ્થાની વાતો કરી હતી. સાહેબ કહેતા હતા કે, 'આપણી સંસ્થામાં કેટલાક અગત્યના કાગળો સચવાયા નથી.'

સાહેબની યાદશક્તિ ગજબની હતી. વર્ષો અગાઉની ઘટના-પ્રસંગને સારી રીતે ક્રમબદ્ધ વર્ણવતા. ૧૯૮૨માં સંસ્થાના વિકાસ અર્થે મંત્રીશ્રી ધનાભાઈ હ. પટેલ સાથે અમેરિકાના પ્રવાસે ગયા હતા. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તરફથી ઉષ્માભર્યો આવકાર અને સંસ્થા માટે મોટો ફાળો મેળવ્યો હતો. ૧૯૮૪માં ગુજરાત સરકાર તરફથી વર્ષના શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો અવૉર્ડ સાહેબને એનાયત કરવામાં આવ્યો હતો. ૧૯૮૯માં 'પ્રજ્ઞાદીપ છગનભા' ચરિત્રગ્રંથ પ્રગટ થયો. ૧૯૯૧માં 'બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ' ચરિત્રગ્રંથ અને ૧૯૯૫માં 'બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજ' ચરિત્રગ્રંથ પ્રગટ થયો. ૨૦૧૧માં કડવા પાટીદાર કેળવણી મંડળના પ્રમુખ તરીકે સાહેબની વરણી થઈ હતી. માણેકલાલસાહેબ સાથે મોહનભાઈના સંબંધો ખૂબ જ સારા. 'ધ્રુવતારક માણેકલાલ માધવલાલ પટેલ' પુસ્તક લખવા હેતુ ડૉ. કનુભાઈ સાથે સાહેબે ઊંટવા ગામની મુલાકાત લીધી હતી. માણેકલાલ સાહેબ મોહનભાઈને કહેતા, 'આ સંસ્થાના ભવ્ય ભૂતકાળનો ઇતિહાસ અને એની વિકાસકૂચ તમે જ યોગ્ય રીતે લખી શકો તેમ છો.' જે ભગીરથ કાર્ય સાહેબે યોગ્ય રીતે પૂર્ણ કર્યું. આ પુસ્તકનું વિમોચન એવી રીતે કરીશું કે તે પ્રસંગ સંસ્થાના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત થશે. આ વાત માણેકલાલસાહેબ સાથે મારે થઈ હતી. તે બાબતની જાણ મેં મોહનભાઈ સાહેબને પણ કરી હતી. ડૉ. રામભાઈ પટેલના જીવનચરિત્ર વિશે પણ પુસ્તક લખ્યું છે. વ્યવસ્થાપક મંડળની તેમજ સાધારણ સભાની તારીખ મોહનભાઈ સાહેબ, મનુભાઈસાહેબ તેમજ ડૉ. કનુભાઈ સાથે ચર્ચા કર્યા બાદ નક્કી થતી. મારે જણાવવું રહ્યું કે શ્રી મોહનભાઈ સાહેબ આપણા ડૉ. કનુભાઈ તેમજ વલ્લભભાઈની કાર્યશૈલીથી ઘણા પ્રભાવિત હતા. તેમની કામગીરી ઉત્તમ પ્રકારની છે, તે બાબતને જાહેરમાં કહેવાનું ચૂકતા નહીં. મોહનભાઈ સાહેબની હાજરીમાં મીટિંગનું વાતાવરણ આનંદમય બની રહેતું. સંસ્થાના વિકાસની વાતોમાં રચનાત્મક સૂચનો પણ જણાવતા. જરૂર પડે તો કડવી વાત કરવામાં કોઈ સંકોચ નહીં. શ્રી મણિભાઈ પ્રજાપતિ અઠવાડિયાના એક દિવસે મોહનભાઈના નિવાસસ્થાને જતા. મણિભાઈ વિવિધ પ્રશ્નોત્તરી દ્વારા સાહેબના જીવન-કવનને વાતો મારફત મેળવી લેતા. તે સમયે મોહનભાઈ સાહેબને સારી એવી હૂંફ મળતી. કોઈએ સાચે જ ગાયું છે કે,

**'આદમી એક મુસાફિર હૈ, આતા હૈ જાતા હૈ,**
**આતે જાતે રાસ્તે મેં, યાદેં... છોડ જાતા હૈ.**

આપણા મોહનભાઈ સાહેબ પણ આપણા સૌના સદ્નસીબે આપણને મળ્યા અને તેમનાં સદાચરણ અને ઉત્તમ કાર્યપ્રણાલી થકી પોતાનાં પદ્ચિહ્નો અંકિત કરતા ગયા છે, જે સદૈવ તાજાં જ રહેશે. શ્રી મોહનભાઈ સાહેબના પુત્ર ડૉ. મયંકભાઈ વ્યવસાયે ડૉક્ટર (રેડિયોલૉજિસ્ટ) છે. સ્વભાવે ખૂબ જ સારા, નમ્ર, ખૂબ જ ઓછું બોલે, દરેકને આદરભાવ આપે તેવા છે. સાહિત્યના શોખીન-કવિતાઓ અને સાહિત્ય સર્જનમાં રસ. તેમની 'બેસણું' કવિતા 'પરબ' માસિક ૨૦૧૯ના સપ્ટેમ્બર માસમાં પ્રગટ થઈ હતી. તેમની પત્ની સીમા વિનમ્ર, જેમણે બા-બાપુજીની સેવામાં કોઈ કચાસ રાખી નહોતી. સીમાનું મોસાળ પણ મારા વતન લણવામાં થાય. મયંકભાઈનાં આર્કિટેક્ટ પુત્ર-પુત્રવધૂ ઈપ્સિત અને રીકા હાલમાં મુંબઈમાં ધંધાકીય રીતે સ્થાયી થયાં છે. દીકરી અભિજ્ઞા લગ્ન બાદ વડોદરામાં રહે છે.

મોહનભાઈ પટેલે અનેકનાં હૃદયગોખમાં સ્થાન મેળવ્યું છે. એવા સદ્ગત ઋષિમુનિ મોહનભાઈ સાહેબને સાદર શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં હૃદય પોકારી ઊઠે છે. હે ઈશ્વર ! તું અમારામાં આચાર્યપ્રવર અને કેળવણીકાર મોહનભાઈ સાહેબ જેવી સર્વ વિદ્યાલય પ્રતિ આસ્થા અને સમર્પિતતા દૃઢ કરજે કે જેથી અમે સૌ અમારા સર્વ વિદ્યાલય પ્રતિ નિષ્ઠાવાન બની રહી તેના વિકાસને અમારું ધ્યેય બનાવીએ.

**ડૉ. મણિભાઈ પટેલ**
મંત્રીશ્રી, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી મંત્રીશ્રી,
કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી
મો. ૯૪૨૭૫૪૩૬૨૭

# શ્રી મોહનભાઈ સાહેબ - એક વિરલ અને પ્રેરક વ્યક્તિત્વ

**ડૉ. રમણભાઈ જી. પટેલ**

પૂજ્ય મોહનભાઈ સાહેબને શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં હૃદય ભરાઈ આવે છે, શબ્દો ઓછા પડે છે. આ ક્ષણે સાહેબનું સ્મરણ કરી રહ્યો છું ત્યારે મેં અનુભવેલ ઋષિકુળ પરંપરાના આચાર્યસાહેબનું વ્યક્તિત્વ અને વર્તન મારી નજરસમક્ષ  તરી આવે છે. તેમનું વ્યક્તિત્વ માયાળું, વિનમ્ર તેમજ ભાવુક હતું. વિનમ્રતામાં તો સાહેબનો જોટો જડે તેમ નથી. સાહેબ 'સર્વ વિદ્યાલય'ને આજીવન સમર્પિત બની રહ્યા હતા. પ્રારંભનાં ૧૦ વર્ષ શ્રી નાથાભાઈ સાહેબના હાથ નીચે શ્રેષ્ઠ શિક્ષક તરીકે સેવાઓ આપ્યા બાદ ૧૯૬૦-૬૧માં એક વર્ષ એમ.એ.ના અભ્યાસ માટે નોકરી છોડી છૂટા થયા હતા. પરંતુ નાથાભાઈ સાહેબના રાજીનામા બાદ મંડળના આગ્રહને તથા નાથાભાઈ સાહેબની ઇચ્છાને વશ થઈ આચાર્ય તરીકે જોડાયા અને નિવૃત્તિપર્યંત સતત ૨૪ વર્ષ સુધી સેવાઓ આપી. મારે ભારપૂર્વક લખવું રહ્યું કે સાહેબે બાળકોની કેળવણી તેમજ ઉજ્જ્વળ ભવિષ્ય માટે પૂ. છગનભાના વિચારો અને પૂ. છગનભાની ઉત્તર ગુજરાતના પાટીદાર સમાજના વિદ્યાર્થીઓને શિક્ષિત કરી સમગ્ર સમાજને આગળ લાવવા માટેની આકાંક્ષા પૂર્ણ કરવા માટે, પોતાને મળતી પ્રોફેસરની નોકરી અને અમદાવાદમાં રહીને સાહિત્ય ક્ષેત્રે આગળ વધવાની તકો છોડીને કડીમાં સર્વ વિદ્યાલયના આચાર્ય તરીકે સેવા આપવાની જવાબદારી સ્વીકારી અને તે તેમણે અમારા જેવા હજારો વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ શિક્ષણ આપીને પરિપૂર્ણ કરી છે. અત્યારે વર્તમાન સમયમાં સવિશેષતઃ ઉત્તર ગુજરાતના પાટીદાર સમાજની શૈક્ષણિક, સામાજિક, આર્થિક તેમજ રાજકીય પ્રગતિ થઈ છે અને તેના જે સન્માનનીય અગ્રણીઓ છે તેમાં મોટા ભાગના શ્રી મોહનભાઈ સાહેબ કે શ્રી નાથાભાઈ સાહેબના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ છે.

હું શ્રી મોહનભાઈ સાહેબનો ૧૯૬૧થી ૧૯૬૩ના સમયગાળાનો ધોરણ ૧૦-૧૧નો વિદ્યાર્થી હતો. મને સાહેબ પાસેથી પ્રત્યક્ષ શિક્ષણ પ્રાપ્ત કરવાનો લાભ મળ્યો હતો. સાહેબ ગુજરાતી તથા અંગ્રેજીના શિક્ષક હતા, છતાં ભૂગોળ જેવા વિષયને પણ રસમય બનાવીને ભણાવતા. તે જમાનામાં એટલે કે આજથી ૬૦ વર્ષ પહેલાં સાહેબ અમને પ્રોજેક્ટરથી સ્લાઈડોની મદદથી પડદા પર ભણાવતા હતા. અમે કરણનગરના સૌ વિદ્યાર્થીઓ અભ્યાસ માટે કડી સ્કૂલમાં રોજ પાંચ કિલોમીટર ચાલતા આવતા - જતા. ટ્રેનની સગવડ હતી, પરંતુ છેલ્લો પિરિયડ છોડવો પડતો હોવાથી તેનો લાભ લેવાનું ટાળતા હતા. આમ છતાં અમે કરણનગરના વિદ્યાર્થીઓ કોઈ કોઈ વખતે છેલ્લો પિરિયડ છોડીને ટ્રેનમાં જતા તે સાહેબને જરાયે પસંદ ન હતું, કારણ કે આમ કરવાથી અમારો અભ્યાસ બગડતો. પરંતુ વિદ્યાર્થીઓ પ્રત્યેની લાગણીના લીધે ક્વચિત્ મીઠો અને માર્મિક ઉપદેશ આપતા, પરંતુ શારીરિક શિક્ષા કદાપિ કરતા નહીં. તેમની ભાવુકતા હૃદયને સ્પર્શી જાય તેવી હતી. જ્યારે આપણે સાહેબને વંદન કરીએ કે ચરણ સ્પર્શ કરીએ, ત્યારે સાહેબની આંખમાંથી આપણા પ્રત્યે એક પિતાનું પુત્ર પ્રત્યેનું હેત તથા વાત્સલ્ય નીતરતું જોવા મળતું.

વિદ્યાર્થીઓના અભ્યાસ પ્રત્યે સાહેબ બહુ જ સજાગ હતા. આ સંબંધી એક જ ઉદાહરણ પર્યાપ્ત થઈ પડશે. ધોરણ-૧૧માં તે વખતના અમારા ગણિત શિક્ષકની ભણાવવાની પદ્ધતિથી અમને વિદ્યાર્થીઓને અસંતોષ હતો. અમે થોડા વિદ્યાર્થીઓએ આચાર્યશ્રી મોહનભાઈ સાહેબને મળીને અમારી લાગણી વ્યક્ત કરી. અમારા આશ્ચર્ય વચ્ચે બીજા જ દિવસે સાહેબ વર્ગમાં અમારી સાથે પાટલીપર બેસીને સમગ્ર પિરિયડ

દરમિયાન ગણિત શિક્ષકની અભ્યાસ કરાવવાની પદ્ધતિનું અવલોકન કર્યું. ત્યારબાદ મારી જાણ મુજબ સાહેબે ગણિત શિક્ષકને પોતાની ઑફિસમાં બોલાવીને અધ્યાપન સંબંધી જરૂરી સૂચનાઓ આપીને અમારી સમસ્યા સુચારુ રીતે હલ કરી હતી. સાહેબ વર્ગમાં જ ગણિત શિક્ષકને વાત કરી શક્યા હોત, પણ તેમ ન કરતાં શિક્ષકનું ગૌરવ જાળવીને તેમજ વિદ્યાર્થીઓનું હિત હૈયે ધરીને પ્રશ્ન ઉકેલી આપ્યો હતો, તેમની આ કોઠાસૂઝ પ્રેરણાદાયી બની રહે છે.

સાહિત્ય ક્ષેત્રે પણ સાહેબ એક ઉમદા અને સમર્થ સાહિત્યકાર હતા. તેમણે ઘણી નવલકથાઓ, વાર્તાસંગ્રહો લખ્યા હતા. લઘુકથાના તેઓશ્રી જનક હતા. તેમના સન્માન માટે આપણા સ્વ. ચૅરમૅન શ્રી માણેકલાલ સાહેબે ઉત્તર ગુજરાતના સાહિત્યકારો સાથે મળીને 'શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ'ની સ્થાપના કરી હતી તે વખતે શ્રી માણેકલાલ સાહેબે સારી એવી આર્થિક સહાય કરી હતી. 'શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ' આજે પણ કડીમાં સારી રીતે કાર્યરત છે. સાહેબને શિક્ષણ તથા સાહિત્યિક ક્ષેત્રે 'દર્શક ઍવૉર્ડ', 'ધનજી કાનજી ગાંધી સુવર્ણચંદ્રક', 'આનર્ત ઍવૉર્ડ' વગેરે અનેક ઍવૉર્ડ પ્રાપ્ત થયા હતા અને સમાજમાં પણ શ્રી મોહનભાઈ સાહેબનું ભારે માન હતું. કડીની લાયન્સ કલબ તથા જુનિયર ચેમ્બર જેવી સંસ્થાઓ દ્વારા પણ સાહેબનું સન્માન થયું હતું. સાહેબને ગુજરાત રાજ્યનો શ્રેષ્ઠ શિક્ષકનો અવોર્ડ મળ્યો હતો.

૧૯૭૫ની સાલમાં હું કડી જુનિયર ચેમ્બરનો પ્રમુખ હતો. તે વખતે જુનિયર ચેમ્બર તરફથી સમગ્ર કડી શહેર માટે કડી મ્યુનિસિપાલિટીના સફાઈ કામદારોની કડી શહેર સ્વચ્છતાની હરીફાઈ યોજવામાં આવી હતી. તે વખતે આપણા સ્વ. ચેરમેન શ્રી માણેકલાલ સાહેબ કડી મ્યુનિસિપાલિટીના પ્રમુખ હતા. અમે શ્રી માણેકલાલ સાહેબની સાથે મોહનભાઈ સાહેબને સફાઈ હરીફાઈના નિર્ણાયક રાખ્યા હતા. મને યાદ છે કે આ બંને સાહેબોએ અમારી સાથે સમગ્ર દિવસ દરમિયાન આખા શહેરમાં પગપાળા ફરીને સફાઈકાર્યનું નિરીક્ષણ કર્યું હતું.

પૂ. સાહેબે આચાર્ય તરીકેની નિવૃત્તિબાદ મંડળની ગાંધીનગર શાખાના મંત્રી તરીકે તેમજ ત્યારબાદ વર્ષ વર્ષ ૨૦૧૧ થી અવસાનપર્યંત કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના પ્રમુખ તરીકે સેવાઓ આપી હતી. મંડળની દરેક મીટિંગમાં સાહેબ અચૂક હાજર રહેતા. સાહેબને સર્વ વિદ્યાલયનો ઇતિહાસ આરંભથી આજ સુધી કંઠસ્થ હતો. મંડળની મીટિંગમાં સાહેબને સાંભળવાનો લ્હાવો અનેરો રહેતો. ખાસ તો સર્વ વિદ્યાલયના નાના-નાના છતાં પ્રેરક પ્રસંગો ખાસ યાદ કરીને કહેતા. જીવનના આખરી વર્ષો સુધી સાહેબની યાદશક્તિ અતિ તીવ્ર હતી. તબિયતના લીધે સાહેબ મીટિંગમાં ન આવ્યા હોય તો મીટિંગમાં એક પ્રકારનો ખાલીપો વર્તાતો હતો.

મારે ગર્વપૂર્વક નોંધવું રહ્યું કે જ્યારે જ્યારે સર્વ વિદ્યાલયની પ્રતિષ્ઠાની - ઊજળી પરંપરાઓની - શિક્ષણના સાચા તીર્થધામ તરીકેની ઓળખની વાત નીકળે ત્યારે ત્યારે સર્વ વિદ્યાલયના ભૂતપૂર્વ આચાર્યશ્રીઓનું અભૂતપૂર્વ યોગદાન સહજ રીતે તાજું થાય જ. આ ગૌરવશીલ આચાર્યોની પરંપરામાં શ્રી બાપુભાઈ ગામી સાહેબ, શ્રી પોપટભાઈ સાહેબ, શ્રી છગનભાઈ સાહેબ, શ્રી નાથાભાઈ સાહેબ, શ્રી મોહનભાઈ સાહેબ અને શ્રી મનુભાઈ સાહેબનાં નામોની નોંધ સુવર્ણાક્ષરે લેવાય છે અને લેવાતી રહેશે. એક આચારવાન અને શીલવંત આચાર્યનો પોતાના વિદ્યાર્થીઓ અને સમાજ ઉપર શાશ્વત પ્રભાવ રહેતો હોય છે. જેનું સાક્ષાત્ ઉદાહરણ મોહનભાઈ સાહેબ છે. અમારા સાહેબ હતા નહી અમારા સાહેબ છે તેઓ ભાવ સદાય માનસ-પટલ ઉપર તાજો રહેતો હોય છે. જેની પ્રતીતિ પૂ. સાહેબશ્રી અને મંડળના પ્રતિનિધિઓ સંસ્થા માટે ફંડ મેળવવા અમેરિકા બે વખત ગયા હતા ત્યારે સૌ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ સાહેબ પ્રત્યે અસાધારણ આદર વ્યક્ત કરતાં 'Indian Community Abroad' સંસ્થાના ઉપક્રમે અમેરિકામાં સાહેબનું અને મંડળના પ્રતિનિધિઓનું જાહેરમાં અભિવાદન કર્યું હતું. આ ઉપરાંત મંડળની અપેક્ષાથી અધિક દાન આપ્યું, તેમજ અન્યો પાસેથી દાન મેળવી આપવામાં સહયોગી થયા હતા.

સર્વ વિદ્યાલયના સૌ સંચાલકો જેમ કે પૂ. શ્રી

છગનભા, શ્રી અમીનસાહેબ, શ્રી પુરુષોતમદાસકાકા, વકીલશ્રી ધનાભાઈ પટેલ, શ્રી માણેકલાલ સાહેબ વગેરે પોતાના સમયના આચાર્યો પ્રત્યે ખૂબ આદરભાવ રાખતા. સવિશેષતઃ આપણા સ્વર્ગસ્થ ચેરમેન શ્રી માણેકલાલ સાહેબ, શ્રી મોહનભાઈ સાહેબ પ્રતિ અહોભાવની લાગણી ધરાવતા હતા. માણેકલાલ સાહેબ માનવમનના ઝવેરી - માણસપારખુ હતા. તેમણે મોહનભાઈ સાહેબની શક્તિઓ અને ક્ષમતાઓ અનુભવતાં સર્વ વિદ્યાલય વિશે લખવા માટે પ્રેમાદર સાથે તેમને જણાવતાં 'પ્રજ્ઞાદીપ છગનભા' અને 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ તથા કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળનો ઇતિહાસ' જેવા મૂલ્યવાન ગ્રંથોની રચના કરીને આપણને તેમના ઓશિંગણ બનાવ્યા છે. વધુમાં શ્રી માણેકલાલ સાહેબનું અવસાન થયા બાદ તેમનું જીવનચરિત્ર 'ધ્રુવતારક : માણેકલાલનું જીવનચરિત્ર' પણ લખ્યું. જેમાં માણેકલાલ સાહેબ પ્રતિ મોહનભાઈની શ્રદ્ધાનાં દર્શન થાય છે. આ ચરિત્ર થકી આપણને માણેકલાલ સાહેબનાં અંતરંગ વ્યક્તિત્વ તથા એક આર્ષદ્રષ્ટા કેળવણીકારનાં દર્શન થવા ઉપરાંત માણેકલાલ સાહેબના કાર્યકાળ દરમિયાન સંસ્થાની બહુઆયામી પ્રગતિની વિકાસરેખા પણ જાણવા મળે છે. અત્યારના આપણા યુવા ચેરમેન શ્રી વલ્લભભાઈને પણ શ્રી મોહનભાઈ સાહેબ પ્રત્યે ખૂબ જ આદરભાવ રાખતા જોયા છે.

શ્રી મોહનભાઈ સાહેબનો લેખન શોખ તો તેમના જીવનનાં અંતિમ વર્ષો સુધી જળવાઈ રહ્યો. સાહેબને પાછલાં વર્ષોમાં ઝામરના લીધે આંખોની તકલીફ રહેતી હતી. તેથી સાહેબને તેમના લેખનકાર્યમાં કોઈ તકલીફ ના પડે, તે માટે આપણા ચેરમેન શ્રી વલ્લભભાઈએ આપણી યુનિવર્સિટીના પ્રકાશન વિભાગના વડા શ્રી મણિભાઈ પ્રજાપતિને સાહેબના નિવાસ્થાને જઈને મદદ કરવા જણાવતાં તેમણે સાહેબની સાથે રહીને સાહેબની અંતિમ ક્ષણો સુધી ફરજ નિભાવી હતી. **શ્રી મોહનભાઈ સાહેબ એક વિરલ, વિનમ્ર, ભાવનાશીલ, આકંઠ શિક્ષક, ઉમદા સાહિત્ય-સર્જક, સર્વ વિદ્યાલયના ઇતિહાસના જ્ઞાતા અને અજાતશત્રુ હતા તેમ કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી.** શ્રી મોહનભાઈ સાહેબે ગીતાના કર્મયોગના સિદ્ધાંત 'કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન.'ને પોતાના જીવનમાં ખરા અર્થમાં આત્મસાત કરીને અનાસક્તભાવે સંપૂર્ણ જીવન વ્યતીત કરતાં કરતાં માનવામાં ન આવે તેમ શારીરિક - માનસિક સ્વસ્થતા સાથે ૯૩ વર્ષની વયે આપણી વચ્ચેથી વિદાય લીધી. સાહેબના અવસાનથી સર્વ વિદ્યાલય પરિવાર, 'શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ', ગુજરાતના વિદ્યા જગતને તેમજ તેમના અંગત પરિવારને મોટી ખોટ પડી છે. જોકે સાહેબના ભૂતપૂર્વ વિદ્યાર્થી તરીકે તથા વર્તમાનમાં મંડળના મંત્રી તરીકે અનુભવું છું કે સર્વ વિદ્યાલયને આવા ગરવા અને આર્ષદ્રષ્ટાગુરુ, કેળવણીકારની ખોટ સૌથી વધુ સાલશે.

આપણે સૌ સ્વ. શ્રી મોહનભાઈ સાહેબને હૃદયપૂર્વક સજળ નેત્રે શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં ભારે દુઃખની લાગણી અનુભવીએ છીએ. ઈશ્વરને પ્રાર્થીએ કે તેમના આત્માને ચિર શાંતિ અર્પે.

**ડૉ. રમણભાઈ પટેલ**

મંત્રીશ્રી,

કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી

પ્રમુખસ્વામી સાયન્સ કૉલેજ ગર્વનિંગ બોડી,

મો. ૯૮૨૪૭૨૧૦૯૯

*લઘુકથાની સર્જનપ્રક્રિયાના નિમિત્તરૂપ ઘટના આકસ્મિક અને ક્ષુદ્ર હોવી જરૂરી છે. કારણ કે ઘટનાનું આકસ્મિકપણું અને ક્ષુદ્રત્વ જીવનના કોઈ એક જ સંદર્ભને સ્પર્શતાં હોઈ એ લઘુકથાના પુદ્ગળ અને કલેવરને ચુસ્તીભર્યો ઘાટ આપનારાં નીવડે છે. લઘુકથામાં જે લાઘવ છે તે આ બે લક્ષણોના આધારે નિષ્પન્ન થયેલું હોય છે. ક્ષુદ્ર ઘટના કોને કહેવી ? અહીં ક્ષુદ્ર શબ્દ નકામું કે નગણ્ય એ અર્થમાં લેવાનો નથી, પણ એને હળવું અથવા અલ્પફલકવાળું એવા અર્થમાં સમજવાનો છે.*

***મોહનલાલ પટેલ. લઘુકથા સ્વરૂપપરિચય, પૃ. ૧૩-૧૪***

# અને ૯૩મા વર્ષે તેજસ્વી કલમ થંભી ગઈ

ગણેશભાઈ કા. પટેલ

મોહનલાલ પટેલ બહુ આયામી વ્યક્તિત્વના સ્વામી હતા. માણસ જ્યારે પલાંઠી વાળીને બેસે છે ત્યારે ચમત્કારો સર્જાય છે. સર્વ વિદ્યાલય કેમ્પસ - કડીમાં આપણી પ્રાચીન પરંપરા (તપોવન) જેવા છાત્રાલય અને શાળામાં તેમણે કરેલી સાધના અને પુરુષાર્થને પ્રતાપે આજે સંસ્થા વિશ્વસંસ્થાનું (સર્વ વિશ્વવિદ્યાલય = યુનિવર્સિટી) માનવંતુ યશકલગીરૂપ સ્થાન પામી છે. સરકારના ચોપડે આ સંસ્થા માત્ર ને માત્ર શિક્ષણને વરેલી, સ્વચ્છ ચારિત્ર ધરાવતી સંસ્થા તરીકેની નામના ધરાવે છે. સરકાર આ સંસ્થાના કોઈપણ પ્રોજેકટને આંખો મીંચીને મંજૂર કરી દે છે. આ જેવું તેવું પ્રમાણપત્ર નથી. આ સંસ્થાને આવા ઉચ્ચ સ્થાને પહોંચાડવામાં તેના સદ્‌ગત ગતિશીલ અને કર્મચૂડામણિ એવા સ્વપ્નદ્રષ્ટા ચેરમૅન માણેકલલાલ સાહેબ તથા મંડળના કર્મઠ કાર્યકરોની નિષ્ઠા અને આકરો પરિશ્રમ રહેલો છે. દાતાઓએ ખોબલે ખોબલે દાન આપી દાનની ઝોળી છલકાવી દીધી છે. અર્થના ઉંજણ વિના પ્રવૃત્તિરથ અટકી પડે છે. આવા સૌના વિદ્યાલય અને સર્વ વિદ્યાઓના આલય સમી (આમાર સોનાર સર્વ વિદ્યાલય) જેને ઉત્તર ગુજરાતનું કાશી અને શિક્ષણનો કબીરવડ કહે છે તેવી સંસ્થાના નભોમંડળના તારલાઓમાંનો એક ઝળહળતો તારલો (મોહનલાલ પટેલ) તા. ૧૩/૦૩/૨૦૨૦ ના રોજ ખરી પડ્યો.

૧૯૫૦ થી ૧૯૮૪ અને ત્યારબાદ જિંદગીના અંતિમ દિન સુધીની તેમની દીર્ઘ અને યશસ્વી જીવનયાત્રા દરમિયાન તેમણે શિક્ષણ અને સાહિત્ય એમ બંને ક્ષેત્રે આગવું પ્રદાન કર્યું છે. 'ધરતી' માસિકના વિદ્વાન તંત્રી તરીકેની તેમની સેવા પણ ઉલ્લેખનીય છે. સંસ્થાના એ વખતના નોખા-અનોખા ઋષિતુલ્ય આચાર્ય નાથાભાઈ દેસાઈસાહેબના હાથે તેઓ ઘડાયા. દેસાઈસાહેબના હાથ નીચે કામ કરવું એ એક લ્હાવો હતો. આના પરિણામે જ નાથાભાઈ સાહેબના બાવળા ગયા પછી ઊભો થયેલો અવકાશ સંસ્થાના સુકાની (આચાર્ય) બનીને મોહનભાઈ સાહેબે ભરી દીધો. શાળા અને છાત્રાલય એમ બન્નેના સુકાની બની તેઓ વિદ્યાર્થીવત્સલ શિક્ષક અને ઉમદા આચાર્ય તરીકે ઉપસી આવ્યા. ૧૯૫૦ થી ૧૯૮૪ સુધી (૩૪ બાદ) આ કપરી જવાબદારી ઉઠાવી.

આમ તો એ શહેરી જીવ હતા. પાટણ શહેરમાં એક મધ્યમ પરિવારમાં તા. ૩૦/૦૪/૧૯૨૭ ના રોજ એમનો જન્મ થયેલો. કૉલેજ શિક્ષણ અમદાવાદ અને વડોદરામાં લીધું. એમ.એ. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદમાં કર્યું. કવિવર ઉમાશંકર જોશી એમને ભણાવતા. વિદ્યાર્થી તરીકે એવી ઊજળી છાપ કે વી. સી. જોશીસાહેબ પોતાની ગેરહાજરીમાં એમ.એ. નો કલાસ લેવાનું આપણા મોહનભાઈને સોંપતા 'જેને જોઈ બાળકો રીઝે' એવા શિક્ષક મોહનભાઈ છે એવું મોહનભાઈના સંદર્ભમાં જોશી સાહેબ કહેતા. રેસિડેન્સિઅલ શાળાના (નિવાસી શાળા - છાત્રાલય સાથેની) આચાર્ય થવું એટલે કપરી જવાબદારી વહન કરવી. કંઈક અંશે કાંટાળો તાજ પહેરવા જેવું એ કામ છે. એમાંય સર્વ વિદ્યાલય જેવી રાષ્ટ્રીય શાળા જે ચોક્કસ ધ્યેયને વરેલી હોય એના આચાર્ય થવું અને ૫૦૦ છાત્ર સંખ્યા ધરાવતા છાત્રાલયના અધિપતિ થવું એટલે લોઢાના ચણા ચાવવા. સફળ ગૃહપતિ રાજ્યનો સારો ગૃહ પ્રધાન બની શકે એવું મારું માનવું છે.

છાત્રાલય એ ચોવીસ કલાકની શાળા છે. છાત્રોનું અહીં ઉત્તમ નાગરિક તરીકેનું ઘડતર થાય છે. અનેક ગામોથી આવેલા અને વિવિધ પ્રકારની ચિત્રવિચિત્ર ટેવો ધરાવતા છાત્રોને એક કુંભકાર અને બગીચાના માળીની

જેમ પ્રેમથી તૈયાર કરવાના છે. તેઓ પ્રેમભૂખ્યા હોય છે. ઘર જેવો પ્રેમ આપો તો પ્રશ્નો ન ઉદ્‌ભવે. ગૃહપતિ કંઈ જેલર નથી, છાત્રાલય એ જેલ નથી. ગૃહપતિ અને ઘંટ બંને ચોવીસ કલાક સાબદા રહેલા જોઈએ. એ છે તો છાત્રાલય પણ છે. છાત્રાલય એટલે શાંત જ્વાળામુખી. ક્યારે વિસ્ફોટ થાય તે કોઈ ન જાણે. જો ભોજનાલય સારું ચાલે તો છાત્રાલય પણ સારું ચાલે. નાનામોટા પ્રશ્ને હડતાલ પણ પડે. છાત્રો જમવા ન જાય. અહીં ગૃહપતિની કસોટી થાય. ગુસ્સે થાઓ અને કોઈ છાત્રને ટીપી નાખો તો વાત વણસે. આવા પ્રસંગે જ્યાં સુધી છાત્રો ન જમે ત્યાં સુધી ગૃહપતિઓએ પણ ન જમવું. એ હડતાલ ઉકેલવાની સુંદર ચાવી છે. આની છાત્રો ઉપર ધારી અસર થાય છે. હડતાલ એ એક પ્રકારનું આઉટલેટ (દરવાજો) છે જેના થકી છાત્રોનો રોષ પ્રગટ થતો અને શમી જતો હોય છે. શંકર ભગવાનની જેમ વિષ પણ પીવું પડે. આવી કપરી જવાબદારી આપણા મોહનભાઈ પટેલે વર્ષો સુધી બજાવી છે. એમના માર્ગદર્શન નીચે આ લખનારે પણ ગૃહપતિની કપરી જવાબદારી તીસ વર્ષ સુધી ઉઠાવી છે. છાત્રાલયના આ છાત્રો જ સંસ્થાની સાચી મૂડી છે જે સંસ્થાના વિકાસ માટે દાનની ઝોળી છલકાવી દે છે. સંસ્થાની આ સાચી મૂડી છે.

આવી કપરી કામગીરી વચ્ચે પણ તેમણે જબરી સાહિત્યસાધના કરી. આનું નામ જ તપશ્ચર્યા. 'યા નિશા સર્વ ભૂતાનામ્ તસ્યામ્ જાગ્રતિ સંયમી' ની જેમ મોડે સુધી સાધના કરીને માતૃભાષાના ચરણે ૭૦ જેટલાં પુસ્તકો અર્પણ કર્યાં. સાહિત્ય સ્વરૂપો પૈકી કાવ્ય અને નાટક સિવાયનાં તમામ સ્વરૂપોમાં એમની કલમ ફરી વળી છે. એમના ઉત્કૃષ્ટ સાહિત્યસર્જન માટે એમને 'દર્શક અવોર્ડ', 'આનર્ત અવોર્ડ', 'સંસ્કાર અવોર્ડ', 'ધનજી કાનજી સુવર્ણચંદ્રક' વગેરેથી સન્માનિત કરવામાં આવ્યા છે. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણમાં તેમના નામે દર વર્ષે 'મોહનલાલ પટેલ ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળા' યોજાય છે. કડીમાં તેમની સ્મૃતિમાં 'મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ' વિવિધ સાહિત્યિક પ્રવૃત્તિઓ કરે છે. રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક અવોર્ડથી તેઓ વિભૂષિત છે. ૨૦૦૧માં સંસ્થાએ તેમનું અમૃતપર્વ ઊજવી જાહેર સન્માન કર્યું હતું. સારી મેનર્સ કોને કહેવાય તેના તેઓ પર્યાય હતા. કોઈ કામ અંગે કદી કોઈને 'ના' કહેવાનું તેઓ શીખ્યા જ નહોતા. નાનામાં નાના વિદ્યાર્થીને પણ 'તમે' જ કહીને સંબોધતા.

આવા ગુજરાતી ભાષાના સમર્થ સાહિત્યકાર ગુજરાતી ભાષામાં લઘુકથાના પ્રવર્તક-સર્જક છે. છેલ્લે સુધી લખતા રહ્યા, બસ લખતા જ રહ્યા અને ૯૩મા વર્ષે આ કલમવીરની યશસ્વી કલમ થંભી ગઈ. ઓમ શાંતિ, શાંતિ, શાંતિ.

તા. ૧૭ માર્ચ, ૨૦૨૦ **ગણેશભાઈ કા. પટેલ**

પૂર્વ કેમ્પસ ડાયરેક્ટર
સર્વ વિદ્યાલય કેમ્પસ, કડી-ગાંધીનગર
અને 'ધરતી' માસિકના પૂર્વ તંત્રી
મો. ૯૮૯૮૮૪૧૧૦૯

*લઘુકથામાં લાઘવ એ કોઈ આગંતુક તત્ત્વ નથી. કૃતિના ઉદ્ભવ સાથે જ એના વિસ્તારની મર્યાદા નક્કી થઈ ગઈ હોય છે. જેના આધારે લઘુકથાનું પુદ્‌ગળ બંધાય છે તે સિચ્યુએશન પોતે જ મર્યાદિત ફલકનું હોઈ લઘુકથાને અણઘટતી રીતે વિસ્તરવા દેતું નથી. સર્જક ઈચ્છે તો પણ નહીં.*

*લઘુકથાની લંબાઈ વિશેની ચર્ચા નિરર્થક છે. એ એક ફકરા જેટલી લંબાઈની હોય અને ત્રણ પાનાનો વિસ્તાર પણ ધરાવી શકે. ચિનુ મોદીની 'ભૂરી ભૂરી બે આંખો' અઢી પાન પર વિસ્તરેલી રચના હોવા છતાં એક મનોહર લઘુકથા છે.*

***મોહનલાલ પટેલ. લઘુકથા સ્વરૂપપરિચય, પૃ. ૫૯, ૭૨***

# આજીવન શિક્ષક શ્રી મોહનભાઈ સાહેબ

**ડૉ. સોમભાઈ સી. પટેલ**

સદ્‌ગત શ્રી મોહનલાલ પટેલનું નામ મેં સૌ પહેલું સાંભળ્યું ત્યારે કે જ્યારે પાટણની કોટાવાળા આર્ટ્સ કૉલેજમાં ઈ. સ., ૧૯૬૪માં હું પ્રોફેસર તરીકે જોડાયો. તેઓશ્રીનું વતન પાટણ હતું. પણ તે સમયે તેઓ કડીની સુપ્રસિદ્ધ 'સર્વ વિદ્યાલય' નામે ઓળખાતી માધ્યમિક શાળામાં આચાર્ય તરીકે કાર્ય કરતા હતા. શિક્ષક, ગૃહપતિ અને આચાર્ય તરીકે તેમની શ્રેષ્ઠ કોટિની કામગીરી હતી અને આગળ જતાં ગુજરાત રાજ્ય સરકારે તેમને શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો ઍવૉર્ડ પણ આપેલો. વળી તેઓશ્રી સુપ્રસિદ્ધ લેખક પણ હતા. અને ગુજરાતી સાહિત્યના જાણીતા લેખકોમાં તેમનું નામ ગણાતું હતું. આ અને આવી બધી વાતો મને મારા પાટણ નિવાસ દરમિયાન જાણવા મળતી.

એક વાર ગુજરાતી ભાષાના અભ્યાસક્રમમાં તેઓશ્રીનો વાર્તાસંગ્રહ ' મોહનલાલ પટેલની શ્રેષ્ઠ વાર્તાઓ' એ નામે નિયત થયેલો અને એ પુસ્તક મારા વિદ્યાર્થીઓને ભણાવવાનું મારા ભાગે આવેલું. ત્યારે જ લેખક તરીકેની તેમની અદ્વિતીય શક્તિનો મને પરિચય થયો. ગુજરાતી લઘુકથાના તો તેઓ જનક ગણાતા હતા. આ વાર્તાઓ મને સ્પર્શી ગયેલી. મને એક વિચાર આવ્યો : લેખકને મારી કૉલેજમાં બોલાવવા અને વર્ગમાં લઈ જવા કે જે વર્ગમાં હું તેમની આ વાર્તાઓ ભણાવતો હતો. વાર્તાઓનાં જુદાં જુદાં વિષયાંગો ઉપર વિદ્યાર્થીઓનાં ટૂંકાં વક્તવ્યો મેં તૈયાર કરાવ્યાં હતાં. આ કાર્યક્રમમાં લેખકે કોઈ વક્તવ્ય આપવાનું ન હતું, વિદ્યાર્થીઓ બોલે અને લેખક સાંભળે એવા આ અલગ પ્રકારના કાર્યક્રમની તેમને નવાઈ પણ લાગેલી, પણ આ કાર્યક્રમથી પ્રોફેસર તરીકે મારા વિશે તેમના મનમાં ઊંચો અભિપ્રાય બંધાયેલો.

તેઓશ્રી કોઈ કોઈ વાર પાટણ આવતા ત્યારે મળવાનું થતું. તેમનો સ્વભાવ મિલનસાર અને મળતાવડો હતો. અને મળીએ ત્યારે સ્નેહીજનો મળતા હોઈએ તેવો અનુભવ થતો.

કડીમાં તેમનું કામ એટલું સરસ હતું કે જ્યારે તેઓશ્રી નિવૃત્ત થવાના હતા, ત્યાર પછી પણ તેમની સેવાઓ ચાલુ રાખવાનો વિચાર કડી સંસ્થાના તત્કાલીન ચૅરમૅન શ્રી માણેકલાલ પટેલે કરી રાખેલો અને કડીની ગાંધીનગર શાખામાં તેમને ડાયરેક્ટર તરીકે સવેતન કામ આપવા એક ઑફિસ-કમ- મકાન તૈયાર કરાવ્યું હતું. પણ કોઈક કારણસર તે બન્યું નહી અને નિવૃત્તિ પછી તેઓશ્રી પોતાના વતન પાટણમાં આવીને રહ્યા. પછી અમારો પરિચય થોડોક વધ્યો.

એક વાર તેમના ભત્રીજા શ્રી અમરતલાલ મારા ઘેર આવ્યા અને બોલ્યા : 'સાહેબ, કાકા તમને બોલાવે છે.' પછી હું તેમને મળવા ગયો. શ્રી મોહનભાઈએ મને કહ્યું : 'સોમભાઈ, અમારી કડી સંસ્થા ગાંધીનગરમાં એક મહિલા કૉલેજ શરૂ કરવાની છે. કૉલેજ બહેનોની હોવાથી યોગ્ય પ્રિન્સિપાલની શોધમાં અમે છીએ. તમારા જેવા પ્રિન્સિપાલની અમારે જરૂર છે. તમે આવશો ?' વળી પાછા તેઓ બોલ્યા : 'તમારી જ જરૂર છે.' મેં હા પાડી અને મારા જીવનમાં એક નવો જ વળાંક આવ્યો. ગ્રામસંસ્કૃતિમાંથી હું એકાએક નગર સંસ્કૃતિમાં આવી ગયો. મારી પ્રિન્સિપાલ તરીકેની ઉજ્જ્વળ કારકિર્દીમાં તેઓશ્રીનું નામ હંમેશ માટે જોડાયેલું રહ્યું.

સમય સંજોગો બદલાતાં શ્રી મોહનભાઈ સાહેબ વતન પાટણ છોડી અમદાવાદમાં તેમના દીકરા ડૉ. મયંકભાઈ સાથે રહ્યા. અને અહીંથી જ તેમણે આ જગતની અંતિમ વિદાય લીધી.

અમારી સંસ્થાના તત્કાલીન ચૅરમૅન શ્રી માલેકલાલ 'સાહેબ' શ્રી મોહનભાઈ વિશે ઘણા ઊંચા

આદરની લાગણી ધરાવતા હતા. તેથી ગુરુઋણ અદા કરવા માટે તેઓશ્રીએ એક મોટી રકમનું દાન પાટણની યુનિવર્સિટીને આપીને 'શ્રી મોહનલાલ પટેલ ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળા' એ નામે યુનિવર્સિટી વ્યાખ્યાનમાળા શરૂ કરાવેલી છે.

ગાંધીનગરની અમારી 'ઉમા આર્ટ્સ અને નાથબા કોમર્સ મહિલા કૉલેજ'માં કોઈ કોઈ વાર મેં શ્રી મોહનભાઈ સાહેબને વ્યાખ્યાન નિમિત્તે બોલાવેલા છે. આમ અમારો પરિચય સતત તાજો રહ્યા કર્યો છે.

કડીની સંસ્થામાં શ્રી મોહનભાઈ સાહેબની નિવૃત્તિ પછીની સેવાઓ ન લઈ શકવાનો રંજ શ્રી માલેકલાલ સાહેબના મનમાંથી જતો ન હતો એટલે છેવટે તેમને સંસ્થાની ગાંધીનગર શાખાના મંત્રી બનાવીને સંતોષ લીધો.

શ્રી મોહનભાઈ સાહેબનો સંસ્થા સાથેનો સંબંધ અલગ અલગ સ્વરૂપે જળવાતો રહ્યો છે. ઈ. સ., ૧૯૧૯માં શરૂ થયેલી આ સંસ્થાના આદ્ય અગ્રણી પૂજ્ય છગનભાનું જીવનચરિત્ર 'પ્રજ્ઞાદીપ છગનભા' એ નામે તથા કડી શિક્ષણ સંકુલનો સો વર્ષના વિકાસનો ઇતિહાસ 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને ગાંધીનગર અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ કડી' સંક્ષિપ્ત ઇતિહાસ' એ નામે લખીને અને સંસ્થાના વિકાસમાં સહુથી મોટું યોગદાન આપનાર સદ્ગત શ્રી માણેકલાલ સાહેબના જીવનચરિત્રનો સંપાદિત ગ્રંથ 'કર્મ ચૂડામણિ શ્રી માણેકલાલ ' (શ્રી માણેકલાલ માધવલાલ પટેલ અભિવાદન ગ્રંથ) એ નામે અને 'ધ્રુવતારક શ્રી માણેકલાલ પટેલની જીવનકથા' એ નામે તેમનું જીવનચરિત્ર લખીને તેમજ પોતાની આત્મકથા 'ટાઇમ કેપ્સુલ : મોહનલાલ પટેલની આત્મકથા' એ નામે કે જેમાં સંસ્થા સાથેના તેમના ઘણા સંબંધોની વાતો આવી જાય છે, તે લખીને સંસ્થા પ્રત્યેની તેમની આત્મીયતા તેમણે જાળવી રાખી છે.

કેટલાંક વર્ષો બાદ સંસ્થાના સંચાલક મંડળે શ્રી મોહનભાઈ સાહેબને કડી સંસ્થાના સહુ પહેલા મંડળ 'શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી'ના પ્રમુખના હોદ્દા ઉપર નીમી તેમની સેવાઓનું યોગ્ય સન્માન કર્યું.

શ્રી મોહનભાઈ સાહેબની ઉંમર વધતી જતી હતી. શારીરિક શક્તિ ઘટતી જતી હતી પણ ઉત્સાહ તેવો ને તેવો જ જળવાઈ રહ્યો હતો. વ્યાખ્યાન આપતા હોય ત્યારે આ વાતની ખાતરી થતી હતી.

શ્રી મોહનભાઈ સાહેબ ૯૩ વર્ષ જીવ્યા. ૯૧મા વર્ષે તેમણે મને કહેલું, 'સોમભાઈ, હવે મને આંખે ઓછું દેખાય છે. કાને ઓછું સંભળાય છે. મારા હાથ લખી શકતા નથી. મને એક ટેપ રેકોર્ડર લઈ આપો. હજી ત્રણ ઐતિહાસિક નવલકથાઓ લખું એટલી સામગ્રી મારા મનમાં પડેલી છે.' મેં મારું ટેપ રેકોર્ડર મોકલી આપ્યું, પણ અશક્તિઓથી ઘેરાયેલું તન હવે આરામ માગતું હતું. છેલ્લા શ્વાસ સુધી નીરોગી તન અને શાંત- પ્રસન્ન મન સાથે તેમણે આ દુનિયા છોડી. તન ગયું, મન ગયું પણ માન સ્નેહીજનોના મનમાં હંમેશ માટે રહી ગયું.

**કેમ્પસ ડાયરેક્ટર,**
કડી કેમ્પસ, ગાંધીનગર
મો. ૯૪૨૭૩૩૧૦૧૨

*ઈ.સ. ૧૪૧૧માં અમદાવાદની સ્થાપના અને એના રાજધાની તરીકેના દરજ્જા પછી અણહિલપુરની રહી સહી રોનકનો જાણે અંત આવ્યો. નવી રાજધાની અમદાવાદ માટે પાટણમાંથી એક લાખ સૈનિકો, ૮૦૦ હાથી, ૩૨૦૦૦ ટેંક, ૬૦૦ તોપ, ૧૬૦૦૦ ભારવાહક પશુઓ અને ૫ કરોડ રોકડા રૂપિયા મોકલવામાં આવ્યા. આ ઘટનાએ પાટણની પ્રજાને ભારે માનસિક આઘાત પહોંચાડયો. અને બાકી રહેતું હોય તેમ ઈ.સ.૧૪૧૪માં સુલતાન અહમહશાહે એક નવા ધાર્મિક ખાતાની રચના કરી. તાજ-ઉલ-મુલ્કને એનો વડો નિમ્યો અને અણહિલપુરનાં હિન્દુ અને જૈન ધાર્મિક સ્થળોનો નાશ કરવાની જવાબદારી સોંપીને પાટણ મોકલ્યો. નવા નિમાયેલા આ સત્તાધીશે પાટણમાં ભારે ભજવાડ અને ખાનાખરાબી કરી.*

***મોહનલાલ પટેલ. 'ટાઈમ કેપ્સૂલ', ૨૦૧૯, પૃ. ૨***

# મોહનલાલ સાહિત્યવર્તુળ-એક દષ્ટિપાત

**ડૉ. રમેશ વ્યાસ**

શ્રી મોહનલાલ પટેલનું કાર્યક્ષેત્ર મહદંશે કડી રહ્યું છે. વાર્તાઓ, નવલકથાઓ, વ્યક્તિચિત્ર, વિવેચના, લઘુકથાઓ એમ વિવિધ ક્ષેત્રોમાં તેમની યશસ્વી કલમે આશ્ચર્યજનક સિદ્ધિઓ મેળવી છે. તેમની કલમ મૃત્યુપર્યંત સતત વિકાસશીલ રહી છે. કડીમાં ટાવર પાસે વસંત શુક્લના મકાનનો એક મેડો જ્યાં કડીના ઊગતા સાહિત્યકારો સાપ્તાહિક-પાક્ષિક દિને વસંત શુક્લના મકાનમાં પોતાની સાહિત્યકૃતિ સાથે સાંજે સાતથી નવ આવતા અને મોહનલાલ પટેલ આ નાનકડા ગ્રૂપનું નેતૃત્વપદ શોભાવતા.

આ વાર્તાગ્રૂપમાં રમેશ ત્રિવેદી, વસંત શુક્લ, શ્રી ભગવત સુથાર, રામજીભાઈ કડિયા, ડૉ. કાન્તિ રામી, ડૉ. બિપિનભાઈ, દિલીપ રૉય, ઉપેન્દ્ર રાવલ, ચંપકભાઈ બારોટ જેવા નવલોહિયા યુવાનો વાર્તા, લઘુકથા જેવું સાહિત્યસર્જન લઈને આવતા અને મોહનલાલ પટેલની ઉપસ્થિતિમાં તેનું વાચન થતું અને સાહેબ સાહિત્ય કે વાર્તાના ગુણ-દોષની નિખાલસ ચર્ચા કરતા. પરિણામસ્વરૂપ આ વાર્તાકારોની કૃતિઓ દિનપ્રતિદિન ધારદાર બનતી જતી. સાહિત્ય ચર્ચામાં સર્વેનો સહયોગ રહેતો, પરંતુ મોહનલાલ સાહેબ શું કહે છે, કેવાં સજેશનો કરે છે, તેના તરફ સૌની મીટ રહેતી.

મોહનલાલ પટેલની વાર્તાઓ નવચેતન, કુમાર, આરામ, સરિતા, ચાંદનીથી માંડીને નવાં સમાયિકોમાં પ્રસિદ્ધ થતી રહી છે. તેઓ અને તેમની વાર્તાઓ સદાય એકબીજાનાં પર્યાય રહ્યાં છે.

એમણે વાર્તાઓમાં સામાજિક દૂષણો, વાસ્તવિકતાની વિવિધ ચેષ્ટાઓ, પાત્રોની સમભાવ મનઃસ્થિતિ, સુલક્ષણોથી ભરપૂર પાત્રોની સ્વીકૃતમુદ્રા વગેરે સાહિત્યિક ગુણવત્તા સાચવીને આલેખન કર્યું છે. તેમની વાર્તાઓમાંથી એટલું તો સ્પષ્ટ જણાયું છે કે મોહનલાલ માત્ર ને માત્ર ટૂંકી વાર્તાઓના બંધારણને વફાદાર રહીને વાર્તાઓ લખતા.

આ સાહિત્યકારોની ગતિવિધિથી સ્વ. પૂ. માણેકલાલ સાહેબ પણ સુપરિચિત હોય તે સ્વાભાવિક છે. તેમણે આ સાહિત્યવર્તુળને 'મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ' નામાભિધાન આપ્યું અને આ પ્રવૃત્તિને ચિરકાલીન બનાવવા પોતે આર્થિક ડોનેશન આપી સેવા કરી. મોહનલાલે અનેક પ્રકારના નવા-નવા વિષયવસ્તુ લઈને 'શાહમૃગ', 'સંપ', 'ભૂખનો ઓડકાર', 'ગાંડી', 'ઘર', 'રણ ખજૂરી', 'બ્લાઇન્ડ વર્મ' જેવી વગેરે વાર્તાઓ આપી, જે વિશિષ્ટ અર્થમાં પ્રયોગશીલ છે. 'ભૂતકાળ વિનાનો માનવી' મોહનલાલ પટેલની દલિત વિષય પર લખાયેલી વાર્તા છે. જે વખતે દલિત સાહિત્ય અસ્તિત્વ ધરાવતું નહોતું તે સમયે મોહનલાલની આ કૃતિ દલિતવર્ગને સ્પર્શે તે આશ્ચર્ય પમાડે તેવી વાત છે. જૂની પ્રણાલીને કાળના પ્રવાહમાં દફનાવી ઘોડાગાડી હંકારતા દલિત યુવાન- રણછોડની ખુમારીની આ વાત છે. પ્રત્યક્ષ કે પરોક્ષપણે ઉચ્ચ વર્ગના લોકોને એ તિરસ્કારે છે. ભૂતકાળ એક સપનું હતું એમ માની ભૂતકાળને ભૂલીને વર્તમાનમાં જીવે છે. આ એક ઉત્કૃષ્ટ દલિત વાર્તા છે.

આ તો માત્ર થોડીક વાર્તાઓનો ઉલ્લેખ છે જે દૃષ્ટાંતરૂપ છે. મોહનલાલની આ સિવાયની ઘણી વાર્તાઓ આપણને સ્પર્શી જાય એવી છે. કડી હંમેશાં તેમની વાર્તાઓમાં સદાય કેન્દ્રવર્તી સ્થાને રહ્યું છે. મોહનલાલ પટેલનું ટૂંકી વાર્તા અને નવલિકા ક્ષેત્રે મહત્ત્વનું યોગદાન છે, પરંતુ સવિશેષ તો ગુજરાતી સાહિત્યમાં સૌપ્રથમ લઘુકથા સાહિત્ય પ્રકારને વિકસાવનાર મહાન લેખક તરીકે તેમનું યોગદાન ગુજરાતી સાહિત્યને આગવી ભેટ છે.

થોડાં વર્ષો પહેલાં કડીમાં, કડી સર્વ વિદ્યાલય, 'મોહનલાલ સાહિત્યવર્તુળટ અને 'ગુજરાતી સાહિત્ય

**(અનુસંધાન પૃ. ૩૯મે પાને)**

# Shri Mohanlal Patel : Man of Ideals and Integrity

**Dr. Amrita Paresh Patel**

Shri Mohanlal Patel (1927-2020), former Principal of Sarva Vidyalaya School, Kadi and former President of Kadva Patidar Kelavani Uttejak Mandal, Kadi, was a leading Gujarati litterateur. Versatility and prolificacy can be considered the most important aspects of his creative writings. His creative writings in Gujarati include novels, historical novels, short stories, *laghu kathas*, biographies and his own autobiography, along with educational books.

I consider myself fortunate enough to come into his contact when I was appointed as a lecturer in Uma Arts and Nathiba Commerce Mahila College, Gandhinagar in 1991. I could see that all the office bearers of Sarva Vidyalaya Kelavani Mandal held him in very high respect and his word was considered final in many decisions of the Mandal.

At that time I wondered what was so striking in the personality of this man who was apparently so simple, sober and yet at times very outspoken and empathetic in his addresses of the gatherings and meetings of the Mandal.

Gradually, I got myself acquainted with the multi-faceted aspects of his personality.

First and foremost, he was a man of ideals like patriotism, selfless social service and truthfulness . He was courageous enough to put these principles into practice.

His patriotic spirit inspired him to be a freedom fighter in his career as a student and he participated in Quit India Movement while he was doing his matriculation in 1942. His patriotism led him to participate in the meetings and demonstrations in the beginning of a few months of this Movement. Then he associated himself with certain creative activities of the freedom struggle during his study in a college in Vadodara like cleaning the public places, constructing the roads with earth and taking lunch with Harijans, etc. He participated enthusiastically on the Independence Day of India on 15th August, 1947 at 12:00 midnight in Ahmedabad Municipality Kotha building. These experiences of the freedom movement led him to write novels like *Ran Ma Chhai Shyam Ghata, Bhavprapanch, Dead End,* short stories like *Shahid No Dikro, Bheed Na Ekaant*, one-act plays like, *Sangeet Ane Shahadat*, brief stories like *Sod, Dhwajdin, Digbhraant, Maria Ni Ankh* and the collection of short biographical sketches, entitled *Mehsana Jilla Na Swatyantr Sainiko.*

Shri Mohanlal's motto was that of selfless social service for which he left a prospective career of a professor in a well-known college in Ahmedabad in 1961 and

accepted the principalship of Sarva Vidyalaya School in the then small town of Kadi. Sarva Vidyalaya Kelavani Mandal also has a motto of *Kar Bhala Hoga Bhala*. Additionally, he accepted the duty of *Mukhya Grihpati* ( Superintendent ) of Vidyarthi Ashram (Hostel) there. He accepted the membership of Management of Vidyarthi Sahayak Mandali Limited. He also was selected as the member of state advisory committee of N C C. He held different positions in various projects related to vocational training of UNICEF between 1965 and 1969. He earned various awards for his philanthropic service for students, community and education at large and literary works also like Darshak Award, 'Aanart Award', 'Dhanji Kanji Suvaran Chandrak' and also 'Shresth Shikshak' Award of Government of Gujarat. During his dynamic career at Sarva Vidyalaya School, Kadi from 1961 to 1984, he gradually involved himself so much with the varied philanthropic activities of the Mandal that he became the part and parcel of the Management and held different offices in various committees, beginning from Executive Council member of Kadva Patidar Kelavani Uttejak Mandal in 1962 to the President of Kadva Patidar Kelavani Uttejak Mandal in 2011. He held the position of the Secretary of Gandhinagar branch of Sarva Vidyalaya Kelavani Mandal from 1985 to 2011, as well.

His close and constant association with Sarva Vidyalaya Kelavani Mandal led him to write the excellent biography, *Pragna Deep Chhaganbha.* This exhibits all the exemplary qualities of Pujya Chhaganbha who was a man of deep spiritual interest. Sri Mohanlal Patel narrates how this spiritually motivated man, inspired by Swami Keshwanand, gave up the idea of taking ***diksha of sanyasa*** and dexterously endeavoured for years to remove the prevalent social evils and bring about social revolution through education in North Gujarat, particularly by establishing a boarding school with seven students and various activities of Kadva Patidar Kelavani Uttejak Mandal and Sarva Vidyalaya Kelavani Mandal, Kadi, very well. Sri Mohanlal Patel, with all brevity of writing style, has created such a vivid picture of Pujya Chhaganbha, that the reader feels as if he is present before him in flash and blood and showing all good qualities which he lived in his life of sincerity, hard work, honesty and compassion for all. Sri Mohanlal has poured his soul in writing this biography and it is a work of perennial interest and inspiration for all academicians, educationists, teachers, philanthropists, hostel superintendents and students of all times. In fact, it can be considered the *Geeta* for all those who are associated with Sarva Vidyalaya Kelavani Mandal to understand the founding principles like *Satyam Param Dhimahi*(The Emblem of Sarva Vidyalaya Kelavani Manal) and *Kar Bhala Hoga Bhala*(The motto of Sarva Vidyalaya Kelavani Mandal)

He edited the book *Karma chudamani Maneklal* which was prepared to felicitate Sri Maneklal M. Patel, the visionary Chairman of Sarva Vidyalaya Kelavani Mandal and the President of Kadi Sarva Vishwavidyalaya. Shri Mohanlal also penned the book *Dhruvtarak-Shri*

*Maneklal Patel ni Jivankatha* in 2013. Sri Mohanlal Patel had witnessed and recorded all the major landmarks of achievements of Sarva Vidyalaya Kelavani Mandal with his foresight. This record has been documented in the book form by Sri Mohanlal under the tiltle, *Sarva Vidyalay Kelavani Mandal Kadi ane Gandhinagar ane, Kadva Patidar Kelavani Uttejak Mandal, Kadi : Sankshipt Itihas* which was published by Sarva Vidyalaya Kelavani Mandal in 2015.

According to Shri Mohanlal, the best person in the world is the one who possesses the characteristics of compassion for all, even for all creatures and nature in the world. Such a person is able to understand the difficulties and troubles of others. Moreover, he must have the spirit of equality for all. Shri Mohanlal himself developed these qualities in him. He was so compassionate to his fellow workers, his students and all human beings who came into his contact.

All through his life he remained true to his ideals. He was particular enough to follow meticulously his ideals in his practical life. He has recorded the events of his life in detail in his autobiography. His autobiography is a record of a person who has struggled so much to live as per his principles. He has tried to be an ideal freedom fighter, an ideal teacher, Principal of school and Superintendent of hostel who chiseled the lives of many of his students. Shri Mohanlal was an ideal literary writer who did not write novels when he accepted the Principalship of Sarva Vidyalaya School, Kadi, thinking that romantic narrations of novels might not have good moral impact on his students.

His prolific literary contribution includes 20 novels, 13 collections of stories, 3 collections of *laghu katha* i.e. brief stories, 5 collections of essays, a book on travelogue, 6 books of literary criticism, 4 compiled books, 7 books on education etc. He wrote his autobiography, *Time Capsule* and also seven books of biographies. 4 books in English are also written by him. 4 critical works are published on Shri Mohanlal's literary contribution during his own life time.

In his autobiography, *Time Capsule*, with all honesty he has narrated all incidents of his life from childhood to the date when he published it first in 2013 and revised it in 2019. It contains vivacious sketches of his parents, family members and neighbours, descriptions of different places of Patan and the culture of that city, including the collaborative spirit with which the young and the aged, men and women of Jogiwada, where his house is situated, lived. Moreover, it can be considered a document of education system and also the literary environment of his time.

In his historical writings he never deviated from the facts of historical records which have given a great authenticity to his historical as well as biographical and autobiographical works.

While he was working as the Principal of Sarva Vidyalaya School, Kadi and Superintendent of Vidyarthi Ashram there, he took genuine interest in the likes and dislikes, merits and talents of his students and attempted to channelize their energies in the proper direction. He inspired many of his students who had liking for creative

writing in the right direction. So, many of his students, like him, turned out to be great writers. The most noticeable case is that of Shri Bholabhai Patel, who was awarded *Padmashree* Award by the President of India for his contribution in the field of literature. This apart, the list of Shri Mohanlal's students who became famous as Gujarati writers include Ramesh Trivedi, Bhagvad Suthar, Prasad Brahmabhatt, Dilip Roy, Prakash Gajjar, Upendra Raval etc.

In his interview with Shri Manibhai Prajapati, Publication Officer, Kadi Sarva Vishwa Vidyalaya, Gandhinagar, he very honestly answers his questions. When he was asked a question about Mahatma Gandhi and his thoughts, Shri Mohanlal said that though he liked Gandhian principles, he finds it difficult to believe in views of Gandhiji on Hind Swaraj.

When Shri Mohanlal was asked about the purpose of getting his novels published in sequels in different dailies of Gujarati, he confessed that the reason was that of earning money.

When Shri Manhibhai enquired about the critics of his literary works, Shri Mohanlal said that he is not unhappy because his critics criticized his works but because his critics criticized his works without reading them, which was very painful to him.

Shri Mohanlal can be considered a man of ideals and integrity as he was true to himself in his words and behaviour. Such a person is rare to find in the modern times. There was no pretense, no self-complacency, and no hypocrisy in his behavior.

When I approached him in 2018 with my work on Wordsworth with a wish to get the book published with an introduction by him, very gladly he accepted my proposal. Though he had some issues with his eyesight at that time, he read my work line by line and wrote a very extensive Introduction with all his exposure to the field of literature of the world for years. He brought out all qualities of my work in detail. My work saw the light of the day because of his encouragement and enthusiasm. Shri Vallabhbhai Patel, President of Kadi Sarva Vishwavidyalaya and Chairman of Sarva Vidyalaya Kelavani Mandal, was kind enough to publish my work under the banner of Kadi Sarva Vishwavidyalaya with the title *Wordsworth as a Poetic Mystic: A Critical Study* in 2019.

I salute Shri Mohanlal Patel for all his integrity, values, ideals and tremendous energy to live the active life till almost the end of his life. I pray to God that such souls like Shri Mohanlal Patel may be back again and again on this planet for Sarva Vidyalaya Kelavani Mandal, for humanity and also for persons like us who learn from the light of his personality.

**Amrita Paresh Patel**
Principal
Uma Arts and Nathiba Commerce
Mahila College
Gandhinagar

# સ્થિતપ્રજ્ઞ મોહનભાઈ પટેલ

**પ્રો. બી. એ. પ્રજાપતિ**

આચાર્ય હેમચંદ્રની તપોભૂમિ એવી શ્રી અને સરસ્વતીથી શોભાયમાન બની રહેલ પાટણના પનોતા પુત્ર, શીલભદ્ર સારસ્વત અને મૂઠી ઊંચેરા શિક્ષક-આચાર્ય આદરણીય શ્રી મોહનભાઈ પટેલ સાહેબ સાથે મારે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીની વિવિધ પ્રવૃત્તિઓમાં જોડાવાનું થતાં તેમના પ્રત્યક્ષ પરિચયમાં આવ્યો હતો. જોકે મને નાનપણથી જ વાંચનનો શોખ રહયો હોવાથી મુનશી, દર્શક, ર. વ. દેસાઈ, ધૂમકેતુ, મેઘાણી વગેરે સર્જકોની કૃતિઓ સાથે મોહનભાઈસાહેબની કેટલીક નવલકથાઓ, ટૂંકીવાર્તાસંગ્રહો વગેરે વાંચી હતી. તેમની કૃતિઓ પૈકી ‘અંતિમ દીપ’ અને લાંછન’ અમારા પ્રદેશની ઐતિહાસિક વિષયવસ્તુ આધારિત નવલકથાઓ હોવાથી મને ખૂબ જ સ્પર્શી ગઈ છે. આ ઉપરાંત તેમની ‘હેતનાં પારખાં’, ‘ખાલી ખેપ’, ‘જલતા હિમગિરિ’, ‘ભાસ-આભાસ’, વગેરે નવલકથાઓના વાંચનના કારણે તેમને એક સમર્થ સાહિત્યકાર તરીકે ઓળખતો હતો. પરંતુ પ્રત્યક્ષ પરિચય કોઈ નહીં. હું વર્ષ જુલાઈ-૧૯૯૭માં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના નવીન સ્થપાયેલ એમ.બી.એ. વિભાગના પ્રોફેસર તથા અધ્યક્ષ તરીકે જોડાયો. આ સમય ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે સંધિકાળ સમાન હતો. રાજ્ય સરકાર નવીન ગ્રાન્ટેબલ અભ્યાસક્રમો શરૂ ન કરવા મંજૂરી ન આપતાં સેલ્ફ - ફાયનાન્સ ધોરણે અભ્યાસક્રમો ચલાવવા માટે વિવિધ સંસ્થાઓને જોડાણ આપવા માટે યુનિવર્સિટીઓને જણાવતી હતી.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સમક્ષ પણ વિવિધ સંસ્થાઓ તરફથી બીબીએ તથા એમબીએના અભ્યાસકમો શરૂ કરવાની દરખાસ્તો આવતી હતી. પરંતુ તત્કાલીન કુલપતિ આદરણીય પ્રો. એન. આર. દવેસાહેબે એ અભિગમ દાખવ્યો કે જ્યાં સુધી યુનિવર્સિટીનો મેનેજમેન્ટ વિભાગ સ્થિર ન થાય ત્યાં સુધી વ્યાપક વિસ્તૃતિકરણ ન કરવું. એમબીએની પ્રથમ બેચ ૧૯૯૮ માં બહાર પડયા બાદ પ્રાયોગિક ધોરણે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીમાં બીબીએનો અભ્યાસક્રમ શરૂ કરવાની દરખાસ્ત સ્વીકારાઈ તથા જોડાણ આપવામાં આવ્યું. મેનેજમેન્ટની અલગ વિદ્યાશાખા બનાવવામાં આવી અને તેના પ્રથમ ડીન તરીકે જોડાણ પ્રક્રિયાથી લઈ અધ્યાપકોની નિમણૂક તેમજ અન્ય વ્યવસ્થાઓ ગોઠવવા માટે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીની પ્રત્યક્ષ મુલાકાત લેવાનું થતાં શ્રી મોહનભાઈ સાહેબને પ્રત્યક્ષ મળવાનું થયું. પછી તો અનેકવાર આદરણીયશ્રી માણેકકાકા, શ્રી નરસિંહભાઈ, ડૉ. રામભાઈ, શ્રી મોહનભાઈ સાહેબ વગેરેને મળવાનું થતું રહયું. શ્રી માણેકકાકાએ મને બીબીએ તથા એમબીએના અભ્યાસક્રમો માટે સતત સાથે રાખ્યો. કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનો કાયદો વિધાનસભામાં પસાર થયો ત્યારે યુનિવર્સિટીના સ્ટેચ્યૂટ તથા રેગ્યુલેશન બનાવવાની કામગીરીમાં પણ સાથે જોડતાં તેમના ગાઢ પરિચયમાં આવ્યો. મેં અનુભવ્યું છે કે શ્રી માણેકલાલ સાહેબ સવિશેષતઃ શ્રી મોહનભાઈ સાહેબ, શ્રી નરસિંહભાઈ અને ડૉ. રામભાઈને કાયમ સાથે રાખતા. આ બધી મીટિંગોમાં શ્રી માણેકકાકા અને શ્રીનરસિંહભાઈ વચ્ચે કાર્યશૈલી સંદર્ભ ચર્ચા થતી. બન્નેના મનમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયનાં હિતો શિરમોર પણ અભિગમમાં ફરક. માણેકકાકા ખૂબ જ ત્વરીત પરિણામ મળે તેમ ‘એગ્રેસિવ’ ‘aggressive’ રીતે કામ કરવા ટેવાયેલ, જ્યારે શ્રી નરસિંહભાઈ સ્વસ્થચિત્તે શાન્તિથી દ્રઢતાપૂર્વક કામ કરવાના હિમાયતી. આ બન્ને વચ્ચેની વિચારધારાનો સુભગ સમન્વય આદરણીય શ્રી મોહનભાઈ સાહેબ કરાવતા તથા બન્નેને તે માન્ય પણ

રહેતું. આવા સમયે મને શ્રી મોહનભાઈ સાહેબમાં 'સ્થિતપ્રજ્ઞતા' નાં દર્શન થતાં.

શ્રી માણેકકાકા તથા શ્રી નરસિંહભાઈ પટેલના નિધનબાદ, 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ', કડી તથા 'કડી સર્વ વિશ્વવિદ્યાલય', ગાંધીનગરની સંસ્થાઓ ચલાવવાનો ભાર શ્રી વલ્લભભાઈ (સરદાર)ના શીરે આવ્યો. આ સમયે શ્રી મોહનભાઈની રાહબરી હેઠળ ડૉ. કનુભાઈની સાથેની નવીન ટીમ બની. આ ટીમમાં પણ મેં શ્રી મોહનભાઈને ખૂબ જ ધીર-ગંભીર તથા સ્પષ્ટતા ધરાવતા નિહાળ્યા. એક વખત મેં યુનિવર્સિટીના બોર્ડ ઓફ ગર્વનન્સમાં આજના માર્કેટિંગના સમયમાં, યુનિવર્સિટીએ પ્રયત્નો કરવા જોઈએ તેવો વિચાર મૂક્યો. આ વખતે આદરણીયશ્રી મોહનભાઈના શબ્દો હતા, ''આપણે કર ભલા હોગા ભલા'માં શ્રધ્ધા રાખી શિક્ષણયજ્ઞ ચાલુ રાખ્યો છે અને રાખવો જોઈએ. માર્કેટિંગના ખોટા દેખાડા કરવાની જરૂર નથી.'' સર્વ વિદ્યાલય કેળવણી મંડળ''ના વિઝનની તેમનામાં આ સ્પષ્ટતા મને જોવા મળી. શ્રી મોહનલાલ પટેલને ૭૫ વર્ષ પૂર્ણ થતાં તેમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને સ્નેહીજનોએ તેમનું અમૃતપર્વ પાટણમાં યુનિવર્સિટીના પ્રાંગણમાં વર્ષ ૨૦૦૧ માં ઉજવ્યું. આ પ્રસંગે એકઠી થયેલી રકમમાંથી રૂ. પાંચ લાખનું દાન 'શ્રી મોહનલાલ પટેલ ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળા' ની સ્થાપના હેતુ 'હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી', પાટણ (શ્રી મોહનલાલ પટેલ સાહેબની જન્મભૂમિ)ને આપવામાં આવ્યું. આ દાનની વ્યાજની આવકમાંથી પ્રતિવર્ષ 'શ્રી મોહનલાલ પટેલ ભારતીય સાહિત્યવ્યાખ્યાન માળા' નું આયોજન કરવામાં આવે છે. યોગાનુયોગ ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૦૬માં 'હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી'ના ઉપકુલપતિ અને કા. કુલપતિ તરીકે મારી નિમણૂક કરવામાં આવતાં સદર વ્યાખ્યાન માળાનો શુભારંભ કરવાનું મને નસીબ સાંપડયું હતું. આ ઉપક્રમે અમે વર્ષ ૨૦૦૬માં પદ્મશ્રી સિતાંશુ યશશ્ચંદ્ર અને વર્ષ ૨૦૦૭ માં પ્રો. અવધેશકુમાર સિંહને નિમંત્રિત કર્યા હતા. આ વ્યાખ્યાનમાળામાં શ્રી માણેકલાલ સાહેબ, શ્રી મોહનભાઈ સાહેબ, શ્રી ભોળાભાઈ સાહેબ અને શ્રી રઘુવીરભાઈ સાહેબ વગેરે વરિષ્ઠો ચાહીને ઉપસ્થિત રહેતા હોઈ આ સૌની સાથે અનાયાસે સાહિત્ય અને શિક્ષણની મનભર વાતો થતી. પછીથી મારે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતમાં કુલપતિ તરીકે જોડાવવાનું થયું. આ કાર્યકાળ પૂર્ણ થયા બાદ પુનઃ છે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણમાં મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટમાં કાર્યભાર સંભાળતાં પ્રત્યેક વ્યાખ્યાનમાળામાં અચુક ઉપસ્થિત રહેવાની પરંપરા જાળવી રાખી છે. ગુજરાત સરકાર દ્વારા મને પુનઃ વર્ષ ૨૦૧૭ માં 'હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી', પાટણમાં કુલપતિ તરીકે નિયુકત કરતાં આ વ્યાખ્યાનમાળાના આયોજનમાં પ્રત્યક્ષ જોડાવાનો અવસર પ્રાપ્ત થતાં શ્રી મોહનભાઈ સાહેબના પ્રત્યક્ષ વ્યાખ્યાનનો લાભ મળી રહે તે હેતુસર 'ટૂંકીવાર્તા ઘડતર અને સર્જન' વિશે વ્યાખ્યાન આપવા તેમને નિમંત્રિત કરવામાં આવતાં તેમનું આ વ્યાખ્યાન ખૂબ જ વખણાયું હતું. વર્ષ ૨૦૧૮માં પદ્મશ્રી કુમારપાળ દેસાઈ અને વર્ષ ૨૦૧૯માં રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા સંસ્કૃતના વિદ્વાન પ્રોફેસર ડૉ. ગૌતમભાઈ પટેલને નિમંત્રિત કરવામાં આવ્યા હતા. આ સાથે જ આ વિદ્વત્ત વ્યાખ્યાનોનું કાયમી સંભારણું બની રહે તે હેતુસર પુસ્તિકા સ્વરૂપે પ્રકાશિત કરવાની આ સમયે શરૂઆત કરતાં સંબંધિત Stack holders તરફથી અમને ખૂબ જ પ્રોત્સાહક પ્રતિભાવો સાંપડયા હતાં.

પૂ. શ્રી મોહનભાઈ સાહેબે વિવિધ સાહિત્યસ્વરૂપો જેમકે નવલકથા, ટૂંકીવાર્તા, લઘુકથા, વિવેચન, ચરિત્ર વગેરેમાં માતબર પ્રદાન કર્યું છે. તેમના આ સત્ત્વશીલ પ્રદાનને ધ્યાને લઈ અનેકવિધ શૈક્ષણિક અને સાહિત્યિક સંસ્થાઓ દ્વારા તેમને સન્માનિત કરવામાં આવ્યા છે, જેમકે 'ધનજીકાનજી ગાંધી સુવર્ણચંદ્રક', 'આનર્ત અવોર્ડ', 'દર્શક અવોર્ડ', ગુજરાત સરકાર દ્વારા 'શ્રેષ્ઠ શિક્ષક' તેમજ ગુજરાતી સાહિત્ય પરિષદ તથા ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા તેમની કેટલીક કૃતિઓ પુરસ્કૃત પણ કરવામાં આવી છે. એક સાહિત્યસર્જક ઉપરાંત સર્વ વિદ્યાલયના ઘડતર અને ચણતરમાં તેમનું બહુમૂલ્ય પ્રદાન રહ્યું છે. સાહેબશ્રી સાહિત્યસર્જનની સાથે અભ્યાસમાં પણ તેજસ્વી રહયા હોવાથી અમદાવાદની કોલેજમાં અધ્યાપક થવાની ઓફર પ્રાપ્ત થવા છતાં

કડીના મંડળના આગ્રહને કારણે કડીને આજીવન સમર્પિત બની રહી પૂર્વજન્મનું કોઈ ઋષિઋણ અદા કરી રહયા હતા. આ સંસ્થાને પૂ. બાપુભાઈ ગામીસાહેબ, શ્રી નાથાભાઈ દેસાઈ સાહેબ, શ્રી મોહનભાઈ સાહેબ અને પૂ. શ્રી મનુભાઈ સાહેબ જેવા દ્રષ્ટિપૂત અને કેળવણીવિદ આચાર્યોની સાથે નિઃસ્વાર્થ સેવાભાવી દ્રષ્ટિપૂત સંચાલકો મળ્યા હોવાથી આ સંસ્થા આજે ઘેઘૂર વડલા સમ ફૂલીફાલી શકી છે, તેમજ ગુજરાતમાં આગલી હરોળનાં શૈક્ષણિક મંડળોમાં પોતાનું સ્થાન શોભાવે છે.

પૂ. શ્રી મોહનભાઈ સાહેબે 'પ્રજ્ઞાદીપ છગનભા' (૧૯૮૭), 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ તથા કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળનો ઇતિહાસ' (૨૦૧૫) અને 'ધ્રુવતારક શ્રી માણેકલાલ' (૨૦૧૩) જેવા ગ્રંથો આપીને આ સંસ્થાને ભારે ગૌરવ બક્ષ્યું છે. આ મંડળના પ્રારંભકાલીન કર્ણધાર આર્ષદષ્ટા પૂ. છગનભા અને પરવર્તિકાળમાં તેનો બહુઆયામી અને અસાધારણ વિકાસ કરનાર પૂ. શ્રી માણેકલાલ સાહેબના ચરિત્રનું લેખન કરીને તેમને સાચી શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે. આ ગ્રંથો આ સંસ્થાની ઓળખના પર્યાય બની રહયા છે. આ ગ્રંથોના સર્જનમાં પૂ. મોહનભાઈ સાહેબનાં સંસ્થાભકિતની સાથે સાથે એક ખમતીધર કેળવણીકારનાં દર્શન થાય છે.

સાહેબશ્રીના પ્રત્યક્ષ-પરોક્ષ સાંનિધ્યથી હું ઘણું બધું પામ્યો છું, પુષ્ટ થયો છું. આથી સદગતના અવસાનથી હું વ્યક્તિગત રીતે પણ ખોટ અને દુઃખની લાગણી અનુભવું છું.

પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ અર્પે તે જ અભ્યર્થના સહ.

**પ્રો. બી. એ. પ્રજાપતિ**
પૂર્વ કુલપતિ
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત
મો, ૯૮૨૫૦૮૯૦૪૨

---

**(અનુસંધાન પૃ. ૩૨નું ચાલુ)**

અકાદમી'ના ઉપક્રમે ગુજરાતી સાહિત્યમાં લઘુકથાઓ ઉપર એક મર્મજ્ઞ સેમિનાર યોજાયો હતો. જેમાં સાહિત્યના લબ્ધપ્રતિષ્ઠિત લેખકો, આચાર્યો, શિક્ષકો ઉપસ્થિત હતા. આ પ્રસંગને યાદ કરવો એટલા માટે જરૂરી છે કે તેમાં મોહનલાલ પટેલે ટૂંકી વાર્તા અને લઘુકથાઓ એક નથી પણ ભિન્ન સાહિત્યપ્રકાર છે તે સિદ્ધ કરવા એમણે ટૂંકી વાર્તા અને લઘુકથાઓના માનાંક માપદંડોની વિસ્તૃત ચર્ચા કરી હતી. આ પ્રવચન તેમનું મનનીય પ્રવચન હતું. જેમાં લઘુકથા, સાહિત્યપ્રકારના માપદંડો તેમણે સ્પષ્ટપણે ટૂંકી વાર્તાઓથી અલગ છે તે અનેકવિધ દષ્ટાંતો આપી સિદ્ધ કરી બતાવ્યું ત્યારે સભામાં સૌ કોઈ ખૂબ જ પ્રભાવિત થયા હતા. આજે રમેશ ત્રિવેદી, નટવર પટેલ, ભગત સુથાર, રામજીભાઈ કડિયા, ડૉ. બિપિનભાઈ, ઉપેન્દ્ર રાવલ, ચંપક બારોટ તેમજ કાંતિ રામી વગેરે વ્યક્તિઓએ પણ લઘુકથાઓમાં ઝુકાવી સારી પ્રતિભા ઉપસાવી છે. તે માટે મોહનલાલ પટેલનાં નેતૃત્વ અને તેમના માર્ગદર્શન જ ઉપકારી બન્યાં છે એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી.

સાહિત્યક્ષેત્રે અનેક પારિતોષિક અને યુનિવર્સિટી દ્વારા બહુમાન પ્રાપ્ત કરનાર આવા મહાન સાહિત્યકાર, વાર્તાકાર, નવલકથાકાર, વિવેચક, લઘુકથાકાર આજે આપણી વચ્ચે નથી તેની ખૂબ જ મોટી ખોટ વર્તાય તે સ્વાભાવિક છે. અંતમાં મહાન જ્યોતિર્ધર મોહનલાલ પટેલને વિનમ્રપણે નતમસ્તકે શ્રદ્ધાંજલિ અર્પું છું.

**સેવાનિવૃત્ત પ્રિન્સિપાલ,**
સૂરજબા મહિલા બી.એડ. કૉલેજ, કડી
પૂર્વ કેમ્પસ ડાયરેક્ટર, નર્સિંગ કૉલેજ કેમ્પસ,
ગાંધીનગર. મો. ૯૮૨૪૬ ૪૪૭૪૦

# મોહનલાલ પટેલ ગુજરાતી લઘુકથાના આદ્ય સર્જક અને પ્રવર્તક

સોમાભાઈ વિ. પટેલ

ગુજરાતી સાહિત્યક્ષેત્રે અર્વાચીન યુગમાં જે અસાધારણ નવા ઉન્મેષો પ્રગટ્યા તેમાં ઊર્મિકાવ્ય-ખંડકાવ્ય જેવાં પદ્યસ્વરૂપોથી માંડીને નવલકથા, નાટક, એકાંકી, ટૂંકી વાર્તા જેવાં ગદ્યસ્વરૂપોનું સર્જન નોંધપાત્ર રહ્યું છે, પણ આવાં સાહિત્યસ્વરૂપોમાં એક નાનકડું, નમનીય ગદ્યસ્વરૂપ 'લઘુકથા' રૂપે છેલ્લી અર્ધી-પર્ધી સદી દરમિયાન પ્રગટ્યું અને વિકસ્યું એની નોંધ પણ લેવી આવશ્યક ગણાય. ટુચકા અને ટૂંકી વાર્તાથી ભિન્ન એવું આ ગદ્યસ્વરૂપ તેની પોતીકી લાક્ષણિકતાઓને કારણે વિકાસની ઘણી શક્યતાઓ ધરાવે છે એમાં શંકા નથી. અલબત્ત, એનો આધાર વર્તમાન અને ભાવિ સર્જકો પર નિર્ભર રહે છે.

**ગુજરાતી લઘુકથાના આદ્ય સર્જક મોહનલાલ પટેલ**

ગુજરાતી લઘુકથાનો આરંભ ક્યારથી થયો, એના આદ્ય સર્જક કોણ એ વિશે તેમ જ તેના ઉછેર વિશે વાત કરવાનું ખાસ મુશ્કેલ નથી; કેમ કે એનો ભૂતકાળ બહુ દૂરનો નથી. ગુજરાતીમાં સૌપ્રથમ નાટક કોણે લખ્યું, સૌપ્રથમ ટૂંકી વાર્તા કોણે લખી એ વિશે વિવાદને સ્થાન છે. પરંતુ ગુજરાતી લઘુકથાનો આરંભ કોણે કર્યો, એના પ્રથમ સર્જક કોણ હશે એ વિશે ચર્ચાને અવકાશ નથી. ગુજરાતી લઘુકથાના આદ્ય સર્જક છે મોહનલાલ પટેલ. તેમજ 'લઘુકથા'ના આ નવા નમનીય સ્વરૂપનું નિર્માણ કર્યું; એટલું જ નહિ, સૌપ્રથમ વાર ઉત્તમ કોટિની સંખ્યાબંધ કૃતિઓના સર્જન દ્વારા લઘુકથાને એક સ્વતંત્ર સાહિત્યપ્રકાર તરીકે ગુજરાતી સાહિત્યમાં પ્રસ્થાપિત કરનાર પણ તેઓ જ.

**લઘુકથા : રૂપનિર્મિતિની મથામણોનું સુભગ પરિણામ**

ગુજરાતી લઘુકથાનું આ સ્વરૂપ કેવા સંજોગોમાં કેવી મથામણોના અંતે વિશિષ્ટ રૂપનિર્માણ પામ્યું એ વિશે મોહનલાલે વીગતે લખ્યું છે. મોહનલાલ આવી લઘુ પ્રકારની વાર્તાઓ ઈ. સ. ૧૯૫૦ આસપાસથી એ સમયના પ્રતિષ્ઠિત માસિક 'કુમાર'માં મોકલતા હતા. અને એ વાર્તાઓ એમાં પ્રતિમાસ પ્રગટ પણ થતી હતી; પરંતુ ત્યારે આ વાર્તાઓને 'લઘુકથા' એવું પોતીકું નામ મળ્યું ન હતું. પણ એમની 'છાપું'નામની એક વાર્તા ૧૯૬૪માં 'કુમાર'ના તંત્રી બચુભાઈ રાવતે 'લઘુકથા' એવા કૉલમ હેઠળ છાપી ત્યારથી આ પ્રકારની કૃતિઓની 'લઘુકથા' તરીકેની આગવી ઓળખ શરૂ થઈ. જોકે, મોહનલાલે જ નોંધ્યું છે તેમ આ લઘુ સાહિત્યપ્રકારનાં બીજ તો ઈ. સ. ૧૯૫૦ આસપાસમાં વવાઈ ચૂક્યાં હતાં; કેમ કે એ સમયથી આ જ પ્રકારની એક કૉલમની લઘુકૃતિઓ 'ડબલ સોપારી', 'મોતનો મિનાર' વગેરે 'કુમાર'માં પ્રગટ થતી જ રહેલી. કુમારના તંત્રી બચુભાઈએ મોહનલાલની આ પ્રકારની લઘુ કૃતિઓનું ટૂંકી વાર્તા અને ટુચકાથી જુદું અને આગવું પોત પારખેલું; અને એમના આગ્રહથી પ્રેરાઈને મોહનલાલ આ પ્રકારની કૃતિઓ તેમને મોકલતા રહેલા. મોહનલાલ ટૂંકી વાર્તાના પણ મર્મી સર્જક હતા; એથી તેમના દ્વારા લખાતી આ લઘુ પ્રકારની રચનાઓ ટૂંકી વાર્તા કે ટુચકો ન બની જાય એ માટે પૂરેપૂરા સભાન હતા. તેઓ કહે છે, 'કુમારના તંત્રીએ માગેલી વાર્તાઓ ટુચકો બનીને ન આવે તેની પૂરી સભાનતા તો હતી જ. કશુંક નવું આપવાના ખ્યાલ સાથે 'અત્યંત' ટૂંકી વાર્તાઓ આપવાનું લક્ષ્ય હતું...'

અલબત્ત, ટૂંકી વાર્તા અને ટુચકાથી જુદું આપવાની મોહનલાલની મથામણો અને સભાન પ્રયાસોના પગલે ઈ. સ. ૧૯૫૦થી સર્જાતી રહેલી અને 'કુમાર'માં પ્રગટ થતી રહેલી આ લઘુ કૃતિઓને 'લઘુકથા' એવું પોતીકું નામ તેમની ઈ. સ. ૧૯૬૪માં છપાયેલી 'છાપું' વાર્તાથી મળ્યું ખરું; પણ એટલું જ. હકીકતમાં એ સમયના સાહિત્યજગતને કે વાચકવર્ગે આ વાર્તાઓની 'લઘુકથા' એવા નવતર સાહિત્યપ્રકાર તરીકે કશી નોંધ લીધી

નહોતી. એમની આ પ્રકારની લઘુ વાર્તાઓને લઘુકથા એવા એક નવતર સાહિત્યસ્વરૂપ તરીકે ગુજરાતના સાહિત્યજગતમાં અને વાચકવર્ગમાં આગવી ઓળખ અને સ્વીકૃતિ ત્યારે મળી જ્યારે તેમની આવી કૃતિઓનો પ્રથમ લઘુકથાસંગ્રહ 'પ્રત્યાલંબન' ઈ.સ. ૧૯૭૦માં પ્રગટ થયો. આ દૃષ્ટિએ, ગુજરાતી સાહિત્યક્ષેત્રે લઘુકથા એ પ્રતિભાવંત સર્જક મોહનલાલ પટેલની નવતર સ્વરૂપ-નિર્માણની બે દશકની મથામણોનું સુભગ પરિણામ છે એમ કહી શકાય.

### વિપુલ અને ઉચ્ચ સ્તરનું લઘુકથા સર્જન

ગુજરાતી લઘુકથાસર્જન ક્ષેત્રે મોહનલાલ પટેલનું સ્થાન માત્ર પ્રારંભક તરીકેનું જ નથી. તેઓ વિપુલ પ્રમાણમાં વિવિધ કોટિની લઘુકથાઓના સર્જન દ્વારા ગુજરાતી લઘુકથાની વિકાસયાત્રામાં પણ અગ્રેસર રહ્યા છે. વળી તેમની મોટા ભાગની કૃતિઓનું સ્તર પણ રૂપનિર્મિતિની દૃષ્ટિએ ઘણું ઊંચું રહ્યું હોઈ ગુજરાતી લઘુકથાનો આદર્શ પણ તેમની કૃતિઓ જ રહી છે. પ્રથમ લઘુકથાસંગ્રહ 'પ્રત્યાલંબન' ૧૯૭૦માં મળ્યા પછી એમનો બીજો સંગ્રહ 'ઝાકળમાં સૂરજ ઊગે' ઈ. સ. ૧૯૯૧માં પ્રગટ થયો. આ દરમિયાન એમના સર્જનકાર્યથી પ્રેરાઈને કડી નગરના સર્જનની ક્ષમતાવાળા વિદ્યાર્થીઓ અને પરિચિતો તેમજ ગુજરાતના નાનામોટા અનેક સર્જકોના હાથે લઘુકથાઓ લખાવા માંડી હતી અને સામયિકોમાં પ્રગટ થતી રહી હતી. આ બધા સર્જકોની લઘુકથાઓમાંથી ચૂંટીને ઈ.સ. ૧૯૮૪માં '૪૦ લઘુકથાઓ' તેમજ બીજા જ વર્ષે 'ગુજરાતી પ્રતિનિધિ લઘુકથાઓ' એવાં બે નોંધપાત્ર સંપાદનો પણ મોહનલાલે જ ગુજરાતી સાહિત્યને આપ્યાં.

ગુજરાતી સાહિત્યમાં લઘુકથા એક આગવા સ્વરૂપ તરીકે સ્વીકૃતિ પામ્યા પછી મોહનલાલ પટેલના લઘુકથા સર્જનમાંથી પ્રેરણા લઈને કડીના અને ગુજરાતના અન્ય પ્રદેશોના કેટકેટલા સર્જકો આ નવતર સાહિત્યસ્વરૂપનું સર્જન કરવા તરફ વળ્યા હતા તેનો આલેખ આ સંપાદનોમાંથી મળે છે. આ દૃષ્ટિએ મોહનલાલ પટેલ આ ક્ષેત્રના નવોદિત સર્જકોના પ્રેરક અને પથદર્શક બનવાની સાથે ગુજરાતી લઘુકથાની વિકાસયાત્રાના પણ અગ્રેસર રહ્યા હતા.

### મોહનલાલની લઘુકથાઓનું વૈશિષ્ટ-સિચ્યુએશનની પસંદગી અને ઊર્મિવિસ્ફોટ

લઘુકથાની સ્વરૂપગત લાક્ષણિકતાઓમાં મારી દૃષ્ટિએ ત્રણ બાબતો મુખ્ય છે : એક લાઘવ, બીજું સિચ્યુએશન(પરિસ્થિતિ) અને ત્રીજું લાગણી યા સંવેદનની અનુભૂતિ. અલબત્ત, લાઘવ ટૂંકી વાર્તાનું અને ટુચકાનું યે પ્રમુખ લક્ષણ ગણાય., એટલે માત્ર એનાથી લઘુકથાને આ સ્વરૂપોથી અલગરૂપે ઓળખવાનું મુશ્કેલ બને. પણ લઘુકથા અન્ય બે બાબતોથી જુદી પડી શકે. લઘુકથામાં ઘટના હોય અને ન પણ હોય. ઘટના હોય તોયે એમાં એનું ખાસ મહત્ત્વ ન હોય. મોહનલાલ ઘણી વાર કહે છે તેમ ક્ષુલ્લક કે ક્ષુદ્રમાં ક્ષુદ્ર અર્થાત્ સાવ સામાન્ય સિચ્યુએશન હોય તોપણ સફળ લઘુકથા સંભવી શકે. અલબત્ત, એવું સામાન્ય સિચ્યુએશન પણ ઊર્મિવિસ્ફોટક બનવાની ક્ષમતા ધરાવતું હોય એ ઇષ્ટ ગણાય. આમ હોવાથી સાચો લઘુકથાસર્જક સામાન્ય. સિચ્યુએશનમાં પણ ઊર્મિનો વિસ્ફોટ કરવાની રહેલી ક્ષમતાને પારખી લે છે અને પોતાની પ્રતિભાના બળે યોગ્ય માવજતથી પ્રબળ સંવેદન પ્રગટાવી શકે છે.

મોહનલાલ પટેલ ટૂંકી વાર્તાનાયે સફળ સર્જક છે, પણ લઘુકથાના સર્જન વખતે તેમની નજર સામાન્ય સિચ્યુએશન કે પરિસ્થિતિમાંથી વાચકને યથાશક્ય તીવ્ર સંવેદનની અનુભૂતિ કરાવવા તરફ હોય છે. એમની એક લઘુકથા 'લિખિતંગનાં પાયલાગણ'ની વાત કરીએ - એમાં ધંધામાં ગળાડૂબ દીકરો પિતાને ખુશીના સમાચારનો ટૂંકો પત્ર લખે છે. તેમાં સંબોધનમાં કુટુંબના સભ્યોનાં બીજાં નામોની સાથે થોડા સમય પહેલાં મૃત્યુ પામેલા તેના નાનાભાઈનું નામ પણ સરતચૂકથી લખી દે છે. પરંતુ પિતા આ પત્ર વાંચીને ઊંડા વિષાદમાં ડૂબી જાય છે. તેઓ આ પત્ર વાંચે છે ત્યારે સમજી જાય છે કે પુત્રએ પત્ર લખ્યો એમાં ઔપચારિકતા છે, યંત્રવત્તા છે; પણ હૃદય નથી. લખનારને આની ખબર નથી; પણ વાંચનાર પિતાને માટે એ નાનીશી ઘટના કેવી દુઃખદ અને આઘાતજનક નીવડે છે તેનો વિચાર વાચકના હૃદયમાં પણ ઊંડી વેદના પ્રગટાવી જાય છે. મોહનલાલની મોટા ભાગની લઘુકથાઓનું સ્તર વિષય વૈવિધ્યની દૃષ્ટિએ, ઘટના કે સિચ્યુએશનની પસંદગી અને માવજતની દૃષ્ટિએ તેમજ રૂપનિર્મિતની દૃષ્ટિએ ઘણું ઊંચું

રહ્યું હોઈ ગુજરાતી લઘુકથાનો આદર્શ પણ તેમની લઘુકથાકૃતિઓ જ રહી છે.

અલબત્ત, લઘુકથામાં ઘટના ન જ હોય કે પરિસ્થિતિ ક્ષુલ્લક જ હોય એ આવશ્યક નથી. મોહનલાલની જ 'લગાવ', 'મારિયાની આંખ', 'વચન એટલે વચન', 'જાકારો', 'ખરીદી' જેવી લઘુકથાઓમાં કોઈ ઠોસ ઘટના અને તેનું આયોજન જોઈ શકાય છે, પણ આવા વખતે લઘુકથાનો લેખક ટૂંકી વાર્તા નિપજાવવાની લાલચમાં ન ખેંચાઈ જાય એવી સજાગતા ખાસ જરૂરી ગણાય.

## પ્રવર્તમાન સ્થિતિ

મોહનલાલ પટેલે લઘુકથાના નવતર સાહિત્યપ્રકારને સ્પષ્ટ કલાદેહ આપ્યો. એ પછી એમાં ઉત્તમ કોટિનું સતત સર્જન કરતા રહીને તેના વિકાસની કેડી પણ કંડારી આપી. આ દરમિયાન એમના સમકાલીન અને અનુગામી સર્જકો દ્વારા એમનામાંથી પ્રેરણા લઈને કે સ્વતંત્રપણે નોંધપાત્ર સંખ્યામાં લઘુકથાઓ મળતી રહી. લઘુકથા-સર્જનનો આ વિસ્તરતો વ્યાપ આ નવતર સ્વરૂપના વિકાસની શક્યતાઓ માટે આશા જન્માવે એવો અવશ્ય લાગે; આમ છતાં પ્રવર્તમાન સ્થિતિ જોતાં એ હકીકતનો સ્વીકાર કરવો રહ્યો કે ગુજરાતી લઘુકથાનાં મૂળિયાં હજુ જોઈએ તેટલાં ઊંડાં ગયાં નથી. આ કથાપ્રકારનું ઉત્તમ કોટિનું અને માતબર સર્જન કરીને તેને લોકપ્રિય, વ્યાપક અને દઢમૂલ કરવાના મોહનલાલના સંનિષ્ઠ પ્રયાસો છતાં એમાં ઝાઝી પ્રગતિ સધાઈ શકી નથી. એનું એક કારણ એ જણાય છે કે જેમ જેમ લઘુકથાઓ લખાતી રહી તેમ તેમ તેના સ્વરૂપ વિશે સ્પષ્ટ સમજના અભાવે તેમાં ઠીક ઠીક ભેળસેળ થતી રહી અને પછી તો તેમાંથી પાણીદાર મોતી સમાન લઘુકથાકૃતિઓ શોધવાનુંય મુશ્કેલ બન્યું. પરિણામે, ગુજરાતી લઘુકથાનો સરસ મજાનો છોડ તેની સ્વરૂપગત લાક્ષણિકતાઓની સ્પષ્ટ સમજ અને યોગ્ય માવજતના અભાવે વિકસી શક્યો નથી એ હકીકતનો સ્વીકાર કરવો રહ્યો.

ગુજરાતી સાહિત્યમાં જેમ સૉનેટના ઉદ્ભવ પછી સૉનેટ-સર્જનનું મોજું પ્રગટ્યું અનેક નામી-અનામી કવિઓ જાણ્યે-અજાણ્યે એમાં તણાયા અને તેમના દ્વારા ગુજરાતી સૉનેટને ઊંચી પ્રતિષ્ઠા મળી. ગુજરાતી લઘુકથા સ્વરૂપની ઊંચી વિસાત છતાં તેમાં આવું મોજું પ્રગટી શક્યું નથી અને વિવિધ સર્જકો દ્વારા થતા રહેલા સર્જન છતાં તે સ્થગિતતાની સ્થિતિમાં જ રહ્યું છે. જો સર્જાતું જતું લઘુકથા-સાહિત્ય તેના આગવા સ્વરૂપની સાચી ઓળખ ન કરાવી શકે તો તે ત્યાં જ સ્થગિત થઈ જાય અને સમય જતાં લુપ્તપ્રાય પણ થાય.

આ બધું છતાં મોહનલાલ પટેલ ગુજરાતી સાહિત્યમાં લઘુકથાના નવતર સાહિત્યસ્વરૂપના આદ્ય સર્જક તરીકે, ઉત્તમ કોટિના વિપુલ લઘુકથાસર્જન દ્વારા આ સાહિત્યપ્રકારનો આદર્શ પ્રસ્થાપિત કરનાર તરીકે તેમજ એમના સમકાલીન અને અનુગામી સર્જકોને લઘુકથાના આ નવતર સ્વરૂપના સર્જન પ્રત્યે પ્રેરવાની સાથે આ સ્વરૂપની શરૂ થયેલી વિકાસયાત્રાના અગ્રેસર તરીકે નિ:શંકપણે ચિરંજીવ રહેશે.

## મોહનલાલ પટેલ એક અનોખું સૌજન્યપૂર્ણ વ્યક્તિત્વ

એક સન્નિષ્ઠ શિક્ષક - આચાર્ય, અગ્રીમ હરોળના સાહિત્યકાર અને સૌજન્યશીલ ઉમદા માનવી. મને કોઈ પ્રશ્ન કરે કે મોહનભાઈ સાહેબમાં આ ત્રણેયમાંથી કયું પાસું ઉત્તમ હતું ? તો પ્રત્યુત્તર આપવામાં મૂંઝવણ જરૂર થાય. આમ છતં હું ત્રીજા પાસાને કદાચ પ્રથમ મૂકું. એક ઉત્તમ કોટિના શિક્ષક અને આચાર્ય તરીકેનું સ્થાન એમના હજારો વિદ્યાર્થીઓના હૈયામાં આજેય છે એ સાચું, પ્રથમ હરોળના સાહિત્યકાર તરીકે એમને સમગ્ર ગુજરાત વર્ષોથી ઓળખે છે એય ખરું; પરંતુ જેઓ એમના પ્રત્યક્ષ સંસર્ગમાં આવ્યા હોય તેમને તેમના શાંત, સ્વસ્થ અને સ્નેહસિક્ત માનવીય વ્યક્તિત્વનો સંસ્પર્શ થયા વગર ભાગ્યે જ રહે. મોહનભાઈ સાહેબ નખશિખ સૌજન્યમૂર્તિ હતા. એમનું તેજ સૂર્ય જેવું દઝાડનારું જરાયે ન હતું. એ ચંદ્ર જેવું શીતળ અને આહ્લાદક હતું. એમને મેં ક્યારેય ઊંચા અવાજે બોલતા, કોઈની ટીકા કરતા કે કોઈ પ્રત્યે નફરત કરતા જોયેલા નહિ. પછી ગુસ્સે થવાની તો વાત જ શી ? 'અજાતશત્રુ' શબ્દ સાર્થક થાય તેવા આવા ઉમદા માનવીય વ્યક્તિત્વને કારણે.

મોહનભાઈ સાહેબ સાહિત્યના ક્ષેત્રમાં જ નહીં, જીવનમાં પણ આદર્શરૂપ વ્યક્તિ હતા. એમના દિવ્ય આત્માને પરમ વંદના.

**ડૉ. સોમાભાઈ વિ. પટેલ**
સેવાનિવૃત્ત પ્રિન્સિપાલ,
સરસપુર આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
મો. ૯૭૨૬૪ ૮૫૧૧૬

# ... તો હું પટેલસાહેબનો અનુગામી હોત !

ડૉ. પ્રભુદાસ પટેલ

૮૦ના દાયકામાં હું શેરથા હાઈસ્કૂલમાં પ્રિન્સિપાલ હતો. શેરથાની સ્કૂલ ગાંધીનગર જિલ્લાની સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહ સહિતની બાલમંદિરથી ધોરણ બાર સુધીની નંબર વન સ્કૂલ હતી. બાળકોનો તમામ પ્રકારે સર્વાંગી વિકાસ થાય એ માટે શિક્ષણ ઉપરાંત શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી શાળા બારે માસ ધમધમતી રહેતી, જિલ્લા વિજ્ઞાન મેળામાં સતત પાંચ વર્ષ ચૅમ્પિયન, જિલ્લા અને જૂથથી માંડીને પ્રદેશ કક્ષાની રમતો અને યુવક મહોત્સવનાં આયોજન તથા સંચાલન આ સંસ્થામાંથી થતાં. તેને ધ્યાને લઈને મને રાજ્ય કક્ષાનો અને રાષ્ટ્રકક્ષાનો નેશનલ અવૉર્ડ પ્રાપ્ત થયો હતો.

આ અરસામાં એક દિવસ કડીથી પ્રમુખશ્રી માણેકલાલ સાહેબ તથા મંત્રીશ્રી ધનાભાઈ વકીલ સ્કૂલમાં પધાર્યા. આ બંને મહાનુભાવોના આગમનથી હું ઘણો રાજી થયો. શ્રી માણેકલાલ સાહેબ માટે મને ખૂબ જ આદર અને સન્માન હતાં. મને કહે, 'પ્રભુદાસ, કડીમાં શ્રી મોહનભાઈ સાહેબ નિવૃત્ત થાય છે. તે તો ખબર છે ને ?' મેં કહ્યું, 'હા', એ જગ્યા પુરવાની છે.' મેં કહ્યું, 'હા સાહેબ, જે સંસ્થાનું સુકાન પૂ. નાથાભાઈ સાહેબ અને તે પછી પૂ. મોહનભાઈ સાહેબે સંભાળ્યું હોય તેમના અનુગામી તરીકે વહીવટકુશળ અને બહોશ આચાર્યને નિમવા જોઈએ.' સાહેબે મારી આંખોમાં આંખ પરોવી કહ્યું, 'પ્રભુદાસભાઈ, અમારા આવવાનું પ્રયોજન પણ એ જ છે. અમે મોહનભાઈના અનુગામી તરીકે તમને લેવા આવ્યા છીએ.' હું તો આભો જ બની ગયો ! મારી કઈ યોગ્યતા ? મેં નમ્રતાપૂર્વક કહ્યું, 'Sir, I am too little to be a principal in your institution.' કડીની સંસ્થા માટે હું ઘણો નાનો છું. મને માફ કરો. શેરથાની સંસ્થાને મારું દસ વર્ષ સુધીનું જૅન્ટલમૅન પ્રોમિસ છે. ત્યાં સુધી હું આ સંસ્થા છોડી શકીશ નહીં.'

ઠીક ! તો પછી કોઈ નામ સૂચવી શકશો ? મેં કહ્યું, 'હા, મહેસાણા જિલ્લામાં સિપોર હાઈસ્કૂલમાં ચાણસ્માના શ્રી મનુભાઈ પટેલની એક સંનિષ્ઠ આચાર્ય તરીકેની છાપ છે. તેમના માટે પ્રયત્નો કરો. સારા સુકાની શોધવા મેળવવા અને ટકાવવા એ કામ સહેલું નથી.

જો શ્રી માણેકલાલ સાહેબની ઑફર મેં સ્વીકારી હતો તો આદરણીય શ્રી મોહનભાઈ સાહેબના અનુગામી તરીકે સર્વ વિદ્યાલયમાં હું બિરાજત. કદાચ એ મારા જીવનનો એક ટર્નિંગ પૉઇન્ટ હોત ! એની વે, આજે જ્યારે સદ્‌ગત મોહનભાઈ સાહેબ માટે શ્રદ્ધાંજલિ વિશેષાંક તૈયાર થઈ રહ્યો છે ત્યારે ઘણા જ આદર અને માનપૂર્વક મારી સંવેદનાઓ વ્યક્ત કરું છું.

'No Study Without Kadi' એ સૂત્ર જે સંસ્થા માટે ઉચ્ચારાતું હોય, જે સંસ્થાની મંગલમય પાયાની ઈંટ કૃષિ-ઋષિ પૂ. છગનભા હોય તે સંસ્થા આજે ઘેઘૂર જ્ઞાનવડ થઈ ચૂક્યો છે. મિત્રો ! શબ્દો જન્મે છે અને સદીઓ સુધી જીવે છે. ક્યારેક એના અર્થનું આકાશ વિસ્તરતું જાય છે. પૂ. મહાત્મા ગાંધી અને પ્રજાવત્સલ રાજવી સયાજીરાવનાં પુનિત પગલાં આજે પણ પુણ્ય સ્મૃતિ તરીકે ઉલ્લેખાતાં હોય એવા જ્ઞાનાશ્રમ સર્વ વિદ્યાલયની તેજસ્વી તપોભૂમિના આચાર્ય મનીષીઓ પૂ. ગામીસાહેબ, પૂ. નાથાભાઈ દેસાઈસાહેબ અને પૂ. મોહનભાઈ સાહેબ મજબૂત સ્તંભ હતા. શ્રી મોહનભાઈ સાહેબે દેસાઈસાહેબના યજ્ઞકાર્યને દીપાવ્યું ને કડી સોનાની દડી બન્યું.

આદરણીય પૂ. મોહનભાઈ સાહેબ એક સફળ સ્કૂલ સંચાલક ઉપરાંત સાહિત્યકાર-લેખક હતા. ગુજરાતી સાહિત્યમાં 'લઘુકથા'ના એ જનક હતા. પૂ. મોહનભાઈ સાહેબ 'અવસાન પામ્યા' કહેવા કરતાં 'નિર્વાણ પામ્યા' કહેવું વધારે ઉચિત લાગે છે. તેઓ

અનંતયાત્રાના સહયાત્રી બન્યા. હજારો વિદ્યાર્થીઓનાં હૃદયસિંહાસને બિરાજ્યા. ગુજરાતના સ્વયં પ્રકાશિત કેળવણીકારો અને સાહિત્યકારોના તારમંડળમાં પૂ. મોહનભાઈ સાહેબનું સ્થાન ઘણું ઊંચું છે.

**બનીને સૌ સ્વજનોનો શ્વાસ,**
**વસ્યા જઈ પ્રભુને આવાસ.**
**અમ હૈયાંને હવે રહ્યો કેવળ,**
**તમ સ્મૃતિનો સહવાસ.**

મહેસાણા જિલ્લો અને ઉત્તર ગુજરાત નહીં, પરંતુ સમગ્ર ગુજરાતમાં મોખરાનું સ્થાન ધરાવતી 'સર્વ વિદ્યાલય' કડીનું સુપેરે સંચાલન કરતાં-કરતાં સંસ્થાને શિક્ષણ અને સંસ્કારનું માનસરોવર બનાવવામાં પૂ. ગામીસાહેબ અને પૂ. નાથાભાઈ સાહેબ પછી સ્વ. મોહનભાઈ સાહેબનું યોગદાન નોંધપાત્ર રહ્યું. કેળવણીકાર સાથે સાહિત્યકાર હોવું ભાગ્યે જ જોવા મળે, જે મોહનભાઈ સાહેબમાં જોવા મળતું. સાહિત્યનો જીવ હંમેશાં સંવેદનશીલ હોય જ. તેનાં કાન અને આંખ હંમેશાં ખુલ્લાં હોય. કંઈક જુએ – વિચારે અને એક 'લઘુકથા' જન્મે.

પૂ. સાહેબે મૃત્યુની શોભા વધારે તેવું લાંબું આયુષ્ય સાર્થક કર્યું. તેઓ જે રીતે જીવી ગયા, તેનો ખ્યાલ રહે તો એટલું જરૂરી કહી શકાય કે, 'ધન્ય જીવન ! મૃત્યુને રળિયામણું બનાવતું ગયું. એમના પુણ્યાત્માને શાંતિ જ હોય. તેમની પ્રતિભાને શત્ શત્ વંદન.'

દરેક ઉંમરને એક મિજાજ હોય છે. એ મિજાજને પારખવાની અને મિજાજની માવજત માણવાની તૈયારી જ બે પેઢી વચ્ચેનું અંતર ઘટાડી શકે છે. સદ્‌ગત મોહનભાઈ સાહેબે તેમના આચરણથી અને લખાણથી તે સાબિત કરી આપ્યું. દીવાની પાસે એકલા બેઠા હોઈએ અને સાથે હાથમાં લેખન માટે નોટ કે પુસ્તક હોય, તેના જેવો આનંદ દુનિયામાં બીજો હોઈ શકે નહીં. સ્વ. પટેલસાહેબ આ વાતનું પ્રતીક હતા. તેમનાં સદ્‌વર્તનને એક સલામ !

આજે પૂ. માણેકલાલ સાહેબનું પણ પુણ્ય સ્મરણ થાય છે. તેમનું અને પૂ. મોહનભાઈ સાહેબનું સ્થાન સર્વ વિદ્યાલય કડી સંસ્થાના ઘડવૈયામાં મોખરાની હરોળમાં લેવાશે. આ સંસ્થામાં ભણેલા વિદ્યાર્થીઓ દીવા રૂપે સમગ્ર ગુજરાતને, દેશને અને પરદેશને અજવાળી રહ્યા છે. શૈક્ષણિક જગતમાં મોહનભાઈ સાહેબનું પ્રદાન નોંધપાત્ર રીતે બેનમૂન રહ્યું છે. સર્વ વિદ્યાલયના વિશ્વકર્માઓમાં મોહનભાઈ સાહેબનું સ્થાન સદાય આગળ રહેશે.

ચં. ચી. મહેતાના એક સૂક્તિવચન સાથે મારી વાત પૂરી કરીશ. 'માણસ સદ્‌વર્તનને લણવાનો વિષય માને છે, તેને બદલે વાવણીનો વિષય માનતો હોત તો ? !

ભવદીય, ગુણાનુરાગી

**ડૉ. પ્રભુદાસ પટેલ**
તંત્રી : 'ઉમિયા જ્યોત'
મો. ૯૮૨૫૩૧૬૬૧૭

*વિદ્યાર્થી પર કેવા આચાર્યનાં અસરકારક પ્રભાવ પડી શકે ? પ્રથમ તો એ ઉત્તમ શિક્ષક હોય. કલાના સર્જકોમાં જે એક નૈસર્ગિક શક્તિ હોય છે એવી જ કોઈ સર્ગશક્તિ શિક્ષકની અધ્યાપનકળામાં પણ હોય તો જ ઉત્તમ શિક્ષક બની શકે. વ્યક્તિમાં આ શક્તિ હોય, પણ એણે જે વિષયનું અધ્યાપન કરવાનું છે એ વિષયનું એનું જ્ઞાન છીછરું, અધૂરું કે તત્ત્વની પકડ વિનાનું હોય તો એની અધ્યાપનકળા પૂરી કારગત નહીં નીવડે. વળી, એના વિષય સાથે સંકળાયેલા બધા જ વિષયો ઉપર પણ એની જરૂરી પકડ હોવી જોઈએ. આચાર્ય વિદ્યાર્થીઓ પ્રત્યે માન અને પ્રેમની લાગણી ધરાવતો હોવો જોઈએ. એ વિદ્યાર્થીઓને માનપૂર્વક બોલાવે. કોઈ શાળાકીય દોષ માટે વિદ્યાર્થીને જાહેરમાં શિક્ષા ન કરે. શિક્ષા એટલે શારીરિક શિક્ષા તો નહીં જ. એનું અપમાન, ધમકાવવું વગેરે શિક્ષાના પ્રકારો ગણાય. આચાર્ય દંભરહિત હોય. પ્રામાણિક અને પારદર્શી વહીવટવાળો હોય. વાલીઓ પ્રત્યે માનવીય અભિગમ ધરાવતો હોય.*

***મોહનલાલ પટેલ. 'ટાઈમ કેપ્સૂલ', ૨૦૧૯, પૃ. ૧૯૨***

# સૌમ્યમૂર્તિ શ્રી મોહનભાઈ પટેલ

**ચંદુલાલ હીરાલાલ પટેલ**

**'પાત્ર, સંદર્ભો ને પ્રસંગો છે છતાં,**
**આ જિંદગી વાંચ્યા વગરની વારતા.'**

**- મુકલ ચોકસી.**

સદ્‌ગત શ્રી મોહનભાઈ વિશે ઘણુંબધું જાણવા છતાં તેમના જીવનને સમગ્ર રીતે સમજીને શબ્દોના માળખામાં પરોવવા જતાં મૂંઝારો જ અનુભવાય. સમગ્ર ઉત્તર ગુજરાત માટે શિક્ષણની અને સંસ્કાર-સિંચનનો પ્રેરણાસ્રોત એવી સર્વ વિદ્યાલય, કડીની સંસ્થા. આ સંસ્થા માટે એમ કહેવાય આ સંસ્થા થકી તેના આચાર્યની ઓળખ છે કે આચાર્યની પ્રતિભા પણ આ સંસ્થાના પ્રભાવનાને અનુકૂળતાને ખંડિત ન કરે તેવી વિભાવના છે – એ એક મૂંઝવણ અનુભવાતી બાબત બની રહે તેવું મારા અનુભવની અસરમાં આવ્યું છે. આવા એકબીજામાં ઓતપ્રોત થનાર સ્રોતોની સરવાણીમાંના એક એટલે આચાર્યશ્રી મોહનભાઈ પટેલ. આવા સરસ સંસ્થાના પર્યાવરણમાં તેમની પ્રતિભા વધુ ખીલતી રહી. આ સંસ્થા નિવાસ દરમિયાન તેમનામાંના અભ્યાસનિષ્ઠ સાહિત્યકારને કોળવાની સરસ તક સાંપડી. પરિણામે ગુજરાતના સાહિત્યક્ષેત્રે વાર્તાલેખનનું અને લઘુકથાક્ષેત્રનું તેમનું પ્રદાન વિશેષ ધ્યાનાકર્ષક રહ્યું છે. તેમની અધ્યયનશીલતા અને ચિંતનશીલતા તેમના લેખનમાં સહજ રીતે પ્રગટતી રહે તે સ્વાભાવિક છે.

જીવનના મારગના આનંદને માણવો હોય તો કાચબાને પુછાય સસલાને નહીં. આવું જ કંઈક એમના જીવન- એમના જીવનમાં વણાતા જતા સદ્‌ગુણો જ એમનો પરિવેશ હતો એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. સરળતા એવી કે આપણા પ્રશ્નો નાના હોય કે મોટા તેમની પાસે જઈ રજૂ કરવામાં સહેજ પણ સંકોચ ન અનુભવાય. એમની વાક્‌શૈલી એવી કે એમને ઓછાબોલા કે વાક્‌પટુ તરીકે ન ઓળખાવાય.

મૃદુ અને મધુરભાષી એવા કે એમની સાથેના વાર્તાલાપમાં તેમના દ્વારા ઉચ્ચારાતા શબ્દો પ્રસન્નકર જ લાગે. મેં તેમને મહેસાણા જિલ્લા શાળાસંઘની મીટિંગોમાં કે અન્ય પ્રસંગે થતા સમારંભોમાં તેમના સભા-સંચાલનમાં કુશળ સભાસંચાલક તરીકે અનુભવ્યા છે. સામાન્ય હોય કે ગંભીર પેચીદા પ્રશ્નો હોય ત્યારે તેમના દ્વારા અપાતા જવાબો તેમની સ્વસ્થતા અને વિવેકશીલતા તેમના ચારિત્ર્યને ઉજાગર કરતા રહ્યા છે. દરેક પ્રસંગમાં નિખરતું એમનું વ્યક્તિત્વ પ્રખરતાથી આંજવાનું નહીં, પણ મુલાયમતાથી અજવાળવાનું રહ્યું છે. મારી નિવૃત્તિ પછી પણ તેમને મળવાનું અવારનવાર થયા કરતું. ત્યારે એવી અનુભૂતિ થઈ છે કે – હાંસિયામાં જે ટપકાવી હતી તે નોંધ તો સમયે-સમયે કામ આવી હતી. એમની સહજ રીતે જીવી જાણવાની રીતિ એ તેમના આકર્ષણની આગવી દેણ છે.

એમના જીવનનો અંતિમ તબક્કો શાંત થઈ ચિંતનમાં જ વીત્યો હશે. આમ તો જીવનનો પ્રવૃત્તિથી ધબકતો સમય ઝડપથી પસાર થઈ જતો જણાય છે, પણ તેની આખરી પળો તો જેનું શુદ્ધ સાત્ત્વિક તપોમય જીવન હોય તે જ સહજતાથી પસાર કરી શકે છે. એમના આ આખરી તબક્કાને વર્ણવવાનું હોય તો એમ કહી શકાય છે. એમણે ખરવાનું પણ સુગંધી સાથે ખરવું એમ શીખી લીધું હશે. તેમણે પ્રગટાવેલ જ્યોતનું મૂલ્ય તેમના અસ્તાચળે જ વિશેષે સમજાય તેવું છે. એમને અંજલિરૂપે રમેશ પારેખના શબ્દોમાં એટલું જ કથવું રહ્યું કે :

**'પડે ના સહેજે ખુદનો ડાઘો એમ જગતને અડે**
**એવા કોઈ દરવેશ કે જેનાં કાળ સાચવે પગલાં.'**

**નિવૃત્ત આચાર્ય,**
શ્રી જે. એન. હાઈસ્કૂલ, કામલી
મો. ૮૧૨૮૧૬૩૯૯

# નથી છતાં છે – મારી સ્મૃતિમાં !

**પ્રા. દિનકર દેસાઈ 'વિશ્વબંધુ'**

મારા માનનીય વડીલ મિત્ર શ્રી મોહનલાલ પટેલ, જે ગુજરાતી સાહિત્યમાં 'લઘુકથા'ના જનક, સમર્થ સિદ્ધહસ્ત નવલિકાકાર અને ધ્યાનાર્હ નવલકથાઓના સર્જક હતા, તેવા તેઓશ્રી પ્રભુએ પ્રદાન કરેલ સમયાવધિ પૂર્ણ થતા સ્વધામ પધાર્યા છે. એક નખશિખ સજ્જન માનવી, આપણી વચ્ચે હવે નથી રહ્યો, એ હકીકત સ્વીકાર્યે જ છૂટકો.

એમનાં સો કાર્યો પડતાં મૂકી, મારા આગ્રહને વશવર્તી અગ્રક્રમ આપી, મારા 'ધરતીની સુગંધ'નામના ધર્મકથાઓના પુસ્તક માટે 'પ્રથમ વર્ષા પછીનો મઘમઘાટ' લેખ લખી આપી અને મારા હાસ્યકટાક્ષ-વ્યંગના ત્રીજા પુસ્તકને 'રેલાય સ્મિત ધીરે ધીરે' નામ આપી, મને પ્રોત્સાહિત કરનાર મારા મિત્ર આજે નથી. મને અક્ક્યાસી થયાં, એમને ત્રાણું. 'છે' અને 'નથી' વચ્ચેનો ભેદ સમજાયો. એ નથી છતાં છે – મારી સ્મૃતિમાં !

મારા મિત્ર પદ્મશ્રી સ્વ. ભોળાભાઈ પટેલે કહ્યું, "તમે હવે સત્યાગ્રહ છાવણીમાં રહેવા જવાના છો, તો ત્યાં મારા પૂજ્ય ગુરુ સાહિત્યકાર શ્રી મોહનલાલ પટેલ રહે છે, મળજો, મળવા જેવા માણસ છે." મેં કહ્યું, 'તમારા જેવા સાહિત્યકારોનો સત્સંગ ત્યાં નહીં મળે, હું ત્યાં કોની સાથે સાહિત્ય અને સાહિત્યકારોની વાતો કરીશ?' મારી આવી મૂંઝવણ તમે ટાળી દીધી, આભાર." પહેલે જ દિવસે હું સત્યાગ્રહ છાવણીના બાગમાં ફરવા ગયો અને પેન્ટમાં ઇનસર્ટ કરેલા શ્રી મોહનલાલ પટેલને પકડી પાડ્યા. એ બાંકડે બેસતા નહીં, મેં બાંકડે બેસતા કર્યા. એ નાના કે મોટા દરેકને માનથી બોલાવતા, મૃદુભાષી અને ધીરગંભીર લાગ્યા. જરૂરી હોય એટલા જ શબ્દો બોલે, ન એક વધુ, ન એક ઓછો. સત્યાગ્રહના બાગમાં બેસીને સાહિત્ય, રાજકારણ, કેળવણી અને સંસારની વાતો કરતા. પાછા વળતાં હું એમના બંગલા સુધી મૂકવા જતો., આવા નિત્યક્રમના પરિણામે બાંકડાનો સંબંધ ઘર સુધી લંબાયો અને ઘરોબો થઈને અટક્યો.

એક દિવસ એમના મોબાઇલ પર કોઈનો ફોન આવ્યો. એ ઘણો લાંબો સમય ચાલ્યો. વર્તાલાપ પૂર્ણ થતાં સહજ રીતે જ મેં પૂછ્યું, 'આટલો દીર્ઘકાળપર્યંત કોનો ફોન આવ્યો ?' એમણે કહ્યું, 'એ તો અમારા માણેકલાલ પટેલનો કડીથી હતો.' 'શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ' કડી દ્વારા પ્રગટ થયેલ 'કર્મચૂડામણિ : માણેકલાલ' ગ્રંથમાં શ્રી મોહનલાલ લિખિત 'માણેકલાલ : એક પાવરહાઉસ' લેખ વાંચતા એ બંનેની કેવી અતૂટ જોડી હતી ? અને એ બંને વચ્ચે કેવો નિર્વ્યાજ પ્રેમભાવ હતો ? તેની પ્રતીતિ થાય છે. એ બંને મહાનુભાવો આજે નથી, એનો અભાવ વર્તાયા વિના રહેશે નહીં. જોકે, શ્રી વલ્લભભાઈ માણેકલાલ પટેલ જેવા સમર્થ ઉત્તરાધિકારી પ્રાપ્ત થયા છે, તે આશ્વાસન છે ખરું.

સ્વ. મોહનલાલ પટેલ માટે કડી અને ગાંધીનગરનું કેળવણી સંકુલ શ્વાસ અને પ્રાણ સમાન હતું. એ સાહિત્યકાર ખરા, પણ એમના સમગ્ર જીવનમાં કેન્દ્ર સ્થાને આ સંસ્થાઓ અને એમના સંચાલકો જ હતા. તેમાંય શ્રી વલ્લભભાઈ એમ. પટેલ, ડૉ. કનુભાઈ ડી. પટેલ, ડૉ. રામભાઈ એમ. પટેલ, ડૉ. મણિભાઈ એસ. પટેલ અને શ્રી દિલીપભાઈ કાપડિયાનાં નામ અવારનવાર સાંભળવા મળતાં. એ ઉપરાંત ડૉ. સોમાભાઈ સી. પટેલ, ડૉ. વીણાબહેન કે. પટે, શ્રી મણિભાઈ પ્રજાપતિ, ડૉ. રમેશભાઈ જે. વ્યાસ, ડૉ. અમૃતાબહેન પી. પટેલ, ડૉ. બિન્દુ ભટ્ટ, શ્રી નરેન્દ્રભાઈ નાયી અગ્રસ્થાને હતાં. વળી એમના સાહિત્યવર્તુળના સભ્યો શ્રી રામજીભાઈ કડિયા, શ્રી ભગવત સુથાર, શ્રી રમેશ ત્રિવેદી, પ્રા. સુરેશભાઈ ચૌધરી, શ્રી બાબુભાઈ આર. પટેલ અને દિલીપ રૉય, એ બધાને યાદ કરતા. એટલું જ નહીં, મારા દ્વારા પ્રગટ

થયેલાં ચારેક પુસ્તકો શ્રી મણિભાઈ પ્રજાપતિ દ્વારા પહોંચતાં કરેલાં, મારાં પ્રિયજનોને મળવાં જોઈએ તેવો ભાવ, લાગણીથી ભરેલો માણસ.

હું એલ.ડી. આર્ટ્સ કૉલેજનો નિવૃત્ત વ્યાખ્યાતા, એટલે શ્રી મોહનલાલ પટેલ મને કહે, 'હું એમ.એ., બી.એડ્ થયો પછી અમદાવાદની એક કૉલેજમાં ગુજરાતીના વ્યાખ્યાતા તરીકે મારી પસંદગી થયેલી.

મેં પૂછ્યું, 'હાઈસ્કૂલ કરતાં કૉલેજમાં પગાર વધારે મળે. આવી સુવર્ણ તક તમે કેમ જતી કરી ? પાછું મોટા શહેરમાં રહેવાનું મળે.'

શ્રી મોહનલાલ કહે, 'મારું ભાગ્ય કંઈક જુદું હશે. કડી કેળવણી મંડળના આગેવાનોએ મારો સંપર્ક સાધ્યો અને એમના અત્યાગ્રહને વશવર્તી મેં હાઈસ્કૂલનું આચાર્યપદ સ્વીકાર્યું.

મેં કહ્યું, 'જે થયું તે સારું થયું. સંસ્થાને પ્રેમાળ, કર્મઠ અને સાહિત્યરસિક આચાર્ય મળ્યા અને તમને અનુકૂળ કામ મળી રહ્યું. તમે કશું ગુમાવ્યું નથી, મેળવ્યું ઘણું છે. મેંય તેત્રીસ વર્ષ નોકરી કરી છે, પણ નો-કરી બરાબર છે. સંસ્થા-નોકરી છોડ્યા પછી અમને તો કોઈ યાદ કરતું નથી. હું તો તમારી ઈર્ષા કરું છું. કડી કે ગાંધીનગર સંસ્થાની મીટિંગ હોય ત્યારે તમને લેવા–મૂકવા આવે છે, આવો અનર્ગળ પ્રેમ ભાગ્યશાળીને જ મળે. દેશ-વિદેશના વિદ્યાર્થીઓ અવારનાવર મળવા આવે, તમારા હાથે એમનું જીવનઘડતર સુપેરે થયું હશે ત્યારે જ ને ?

શ્રી મોહનલાલ પટેલ કહે, 'કૉલેજમાં વ્યાખ્યાતા ન બન્યો તેનો જરાય ખેદ થતો નથી. તમારી વાત સાચી છે, 'હું ભાગ્યશાળી છું' મારો કરેલો પુરુષાર્થ એળે ગયો નથી.'

એક તપ જેટલાં વર્ષ અમે બાગમાં ફર્યા હોઈશું. એમને ડાયાબિટીસ તો નિયંત્રણમાં હતો, પણ ઝામર નામનો ચક્ષુરોગ ખૂબ પીડતો. દિવસમાં ચાર વાર તો આંખમાં ટીપાં નાખવાં પડતાં, પાછું વાંચવાનું અને લખવાનું તો ચાલુ જ. ઘણા લઘુકથાના લેખકો પ્રસ્તાવના લખાવવા, હસ્તપ્રતો આપતા જાય. પૂરેપૂરું પઠન કરે, પછી જ લખે. એમણે પોતે પાંચસો જેટલી લઘુકથાઓ લખી છે અને છપાઈ છે. 'ટાઇમ કૅપ્સ્યૂલ' જેવું દળદાર પુસ્તક લખવા પાછળ તેઓશ્રીએ આંખોને ત્રાસ આપેલો. મેં કહેલું, 'હવે બધું છોડો, ઘણું લખ્યું.' હસે પણ જવાબ ન આપે. એ ભલા, એમનું કામ ભલું.

એમના દીકરા ડૉ. મયંકને કે પુત્રવધૂ સીમાબહેનને કશું કામ સોંપે નહીં. એ બાપડાં ગ્લાનિ અનુભવે. સામયિકોને વાર્તા મોકલવાની હોય, ઇન્કમટેક્સનાં ફૉર્મ સાથે જરૂરી કાગળો ઝેરોક્સ કરાવવાના હોય, કુરિયર કરવાનું હોય કે મોબાઇલ રિચાર્જ કરાવવાનો હોય – બધું જ જાતે કરવા જોઈએ. બીજા કોઈ પર વિશ્વાસ નથી, એવું નહીં, પણ પોતાનો બોજો અન્ય ઉપર ન નાખવો, એવી સમજ. પડી ટેવ તે તો ટળે કેમ ટાળી!

હું પેન્શનર અને એ પણ પેન્શનર. વર્ષમાં એકવાર હયાતીની ખાતરી કરાવવા બૅન્કમાં સહી કરવા રૂબરૂ જવું પડતું. હું એમને રિક્ષામાં લઈ જાઉં અને અન્ય કાર્યોમાં પણ સાથે હોઉં. પછી કહે, 'તમને મારે તકલીફ આપવી પડે છે!' હું કહું, 'એમાં તકલીફ શેની ? આ તો મારા માટે આનંદદાયક કામગીરી છે.'

એમનાં સહધર્મચારિણી હીરાબા સૌમ્ય પ્રકૃતિનાં હતાં. 'કોઈ પૂર્વ પરિચય કેળવ્યો નહીં એવા અજાણ્યા સાસરિયામાં જઈને, દૂધમાં સાકર ભળે કે પાણીમાં મીઠું ઓગળે એમ, પોતાના અસ્તિત્વનું અર્પણ કરી દેવું એ કોઈ જેવો તેવો ત્યાગ નથી. આવી હિંમત માત્ર સ્ત્રીઓ જ દાખવી શકે, પુરુષોની આ પહોંચ નહીં. ભારતીય નારીનો જોટો જગમાં જડવો દુર્લભ છે. લગ્ન પછી એની દૃષ્ટિ અને સૃષ્ટિ બદલાઈ જાય છે. કર્તવ્યની કેડી એ કદી ના ચૂકે, સર્વસ્વપતિચરણે મૂકે છે અને સ્નેહથી સદાય ઝૂકે છે.' હીરાબા એવાં સન્નારી હતાં. એવાં હીરાબા બીમાર પડ્યાં ત્યારે પુત્ર મયંકે અને પુત્રવધૂ સીમાબહેને ખડે પગે સેવા કરેલી, તેનો હું સાક્ષી છું. હીરાબાને પથારીમાંથી બેઠાં કરે, પાછળ તકિયો મૂકી, સામે પાટલી પર કટોરો અને ચમચીથી ધીરે-ધીરે જમાડે. મેં શ્રી મોહનલાલને કહ્યું, 'હીરાબાએ તમારી સેવા ખૂબ કરી, હવે તમારો વારો આવ્યો છે.' તો કહે, 'આખી જિંદગી એમણે અમારી સેવા કરી છે, વસ્તારી કુટુંબને સંભાળ્યું છે, ઘરનો વહીવટ એ જ કરે, સગાંવહાલાં અને

**(અનુસંધાન પૃ. ૫૫મે પાને)**

# સંનિષ્ઠ સારસ્વત અને બહુમુખી પ્રતિભાશાળી સાહિત્યકાર મોહનલાલ પટેલ

ડૉ. બહેચરભાઈ પટેલ

હૃદયસ્થ સાહિત્યકાર અને શિક્ષણકાર મોહનલાલ પટેલ મારા પરમ સ્નેહી હતા. અમારો પ્રથમ પરિચય ૧૯૬૧માં થયો અને ૨૦૨૦ સુધી ચાલ્યા જ કર્યો. સ્નેહાદરભર્યો મૈત્રીભાવ. ૧૯૬૧માં હું અમદાવાદ ગુજરાત યુનિવર્સિટીમાં એમ.એ.ની પરીક્ષા આપવા આવ્યો, ગુ.યુનિ. હૉસ્ટેલમાં મારા મિત્ર શ્રી હસમુખ દાણી ને પ્રા. ડૉ. પ્રફુલ્લ મહેતાની રૂમમાં રહ્યો. ત્યાં પ્રા. ડૉ. માણેકલાલ પટેલ (ગૂજરાત વિદ્યાપીઠવાળા) મારા મિત્ર જે સંબંધી એમણે મારો પરિચય મોહનલાલ પટેલ સાથે કરાવ્યો, તે ૨૦૨૦ જીવનના અંત સુધી પ્રેમભર્યો રહ્યો. એ હૉસ્ટેલમાં મળ્યા એટલે રોજેરોજના પ્રશ્નપત્રની આગલે દિવસે-રાત્રે સવારે ચર્ચા કરે એવા મિત્ર મળ્યા. હું ત્યારે નહેરુ હાઈસ્કૂલ (તા. કપડવંજ)નો આચાર્ય હતો. નડિયાદ અનુસ્નાતક કેન્દ્રના શનિ-રવિના વર્ગો ભરી વિશેષ તો જાતે તૈયારી કરી સજ્જ થયો હતો. પ્રફુલ્લ મહેતાએ નોટો સારી તૈયાર કરેલી પણ ચર્ચા ન કરી શકે. મોહનભાઈએ ગુજરાત યુનિવર્સિટીના ભાષાભવનના એમ.એ.ના વિદ્યાર્થી, જે તે પણ સ્નાતક થયા પછી કડીમાં નોકરી કરી રાજીનામું આપી નિયમિત અભ્યાસ કરવા આવ્યા હતા. સંનિષ્ઠ વિદ્યાર્થી અને સુસજ્જ પરીક્ષાર્થી હતા, એમની ને મારી જોડી જામી ગઈ. આમ તો અમારો 'આપણો ઘડીક સંઘ' પણ 'આતમનો તોય લાગી ગયો જાણે જનમોજનમનો રંગ !' આજીવન સંગ અને રંગ.

અમારું સહ-પરીક્ષાર્થીઓનું એમ. એ.નું પરિણામ પણ કેવું આવ્યું ? મોહનલાલ ને હું ઊંચા બીજા ગ્રેડમાં અને માણેકલાલ અને પ્રફુલ્લ મહેતા, પાછળથી ડિસ્ટિંક્શન સેકન્ડ ક્લાસમાં ગણાયા. મોહનભાઈને તો અધ્યાપકનો નિયુક્તિપત્ર પણ મળી ગયો હતો, પણ કડી સર્વ વિદ્યાલય પ્રત્યેની પ્રેમભક્તિએ ન તો એમને કૉલેજના અધ્યાપક-પ્રાધ્યાપક-આચાર્ય થવા દીધા, ન પીએચ.ડી. - ડૉક્ટર થવા દીધા. આ બધામાં હું જ એવો હતો જે સૌથી પહેલો અધ્યાપક પીએચડી. પ્રાધ્યાપક અને આચાર્ય તથા પીએચડી.નો માર્ગદર્શક થયો ! પણ મોહનભાઈએ સર્વ વિદ્યાલય કડીને એમનું જીવન સમર્પિત કર્યું. વિદ્યાલયના આચાર્ય તરીકે ગૃહપતિ તરીકે અને એ સંસ્થાના વિકાસશીલ વિદ્યાપુરુષ તરીકે જે ઐતિહાસિક મહત્ત્વનું શૈક્ષણિક-સાંસ્કૃતિક-સામાજિક કાર્યકર ને જ્યોતિર્ધર તરીકે કાર્ય કર્યું, તેણે તેમને કડીના પણ વિશ્વવ્યાપી સારસ્વત ને સાહિત્યકાર તરીકે પ્રતિષ્ઠા આપી.

મારે કડી સાથે મારા વડીલોને કારણે નાતો હતો. સ્વ. કુબેરદાસ માસ્તર (પટેલ) વીરમગામના મારા ફુઆ થાય. પછીથી એ પ્રા. ડૉ. માણેકલાલ, મારા મિત્રના સસરા થયા. એ કુબેરદાસના વેવાઈ બાપુલાલ ગામી ને એમના સુપુત્ર રતિલાલ ગામી પણ મારા સંબંધી, આચાર્ય નાથાલાલ દેસાઈ મૂળે બાવળાના ને બાવળા મારું સાસરું. એમાં મોહનભાઈના સ્નેહની સુવાસ ભળી. મોહનભાઈએ અને ડૉ. માણેકલાલે મને કડી સર્વ વિદ્યાલય સાથે સાંકળ્યો અને સર્વ વિદ્યાલયના સંચાલક-પ્રમુખ માણેકલાલ અને ડૉ. રામભાઈ પટેલ પણ સંબંધી થયા. આચાર્યા સુધાબહેન પટેલ (કન્યા વિદ્યાલય કડી) અમારાં ભત્રીજા વહુ થાય. આચાર્ય મનુભાઈ પટેલ મારા મિત્ર ને સંબંધી. આમ સૌ કડીઓમાં સ્નેહની સર્વશ્રી કડી 'કડી' પણ સ્નેહસંબંધની કડી. અમારા સાહિત્યકાર ડૉ. અનામી સાહેબ એક વખતે કડીમાં શિક્ષક હતા. વળી મોહનભાઈ, ડૉ. ભોળાભાઈ પટેલના કથાસાહિત્યગુરુ, ડૉ. રઘુવીર ચૌધરી, ભોળાભાઈના ગુરુ, પ્રા. કાંતિભાઈ નાયક, યશવંત કડીકર વગેરે મિત્રો પણ કડી મૂળના.

મોહનભાઈએ તો કડીને જીવન સમર્પિત કરી દીધું. એ આચાર્ય તરીકે સુદીર્ઘ સેવા આપી નિવૃત્ત થયા. પણ સદાય સંકળાયેલા રહ્યા. 'કડી સર્વ વિદ્યાલય'માંથી

ગાંધીનગરમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલય સર્જાયું. એમાં પણ મોહનભાઈનું યોગદાન છે. તેઓ સંનિષ્ઠ સારસ્વત, મૂલ્યનિષ્ઠ શિક્ષક અને 'ગુરુરાણામ્ ગુરુ' તરીકે સુવિખ્યાત થયા. ગાંધીનગર સર્વ વિદ્યાલયની આટ્ર્સ, કૉમર્સ કૉલજ થઈ, ત્યારે હું વીરમગામ કૉલેજમાં આચાર્ય હતો. એ ઇચ્છતા કે હું એમની કૉલેજમાં આચાર્ય તરીકે જોડાઉં પણ એ ન બન્યું, પણ વિશ્વ વિદ્યાલયના કુલપતિ તરીકે જોડાવા મને કહેલું, પણ ત્યારે હું વય વટાવી ગયો હતો. આવો એમનો સ્નેહસદ્ભાવ પણ મારી ભલામણથી એમણે કેટલાકને ઉપકૃત કર્યા છે.

મોહનભાઈ શિક્ષક-આચાર્ય, કેળવણીકાર કરતાં સવિશેષ સાહિત્યકાર હતા. કડીમાં 'મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ' ચાલે છે. મોહનભાઈ લઘુકથા-સ્વરૂપના સર્જક જ નહીં, જનક ગણાયા. વાર્તા-લઘુકથામાં માતબર પ્રદાન કર્યું. આ સાહિત્યવર્તુળને કારણે કેટલાક વાર્તા-લઘુકારમિત્રો ઘડાયા. તેમણે વિદ્યાર્થીઓને-અધ્યાપકોને-સાહિત્યકારોને પણ ઘડવાનું કાર્ય કર્યું.

અમારો શૈક્ષણિક વિકાસ જુદીજુદી રીતે થયો. હું તો એમ.એ. થયા પછી વિદ્યાનગર-નડિયાદમાં અધ્યાપક થયો. પીએચ.ડી. થયો, અનુસ્નાતક અધ્યાપક થયો, પ્રાધ્યાપક ને આચાર્ય થયો. પીએચ.ડી.નો માર્ગદર્શક થયો. મારી શૈક્ષણિક કારકિર્દીના છેલ્લાં સાડી સત્યાવીશ વર્ષ કૉલેજ-આચાર્ય તરીકે વીત્યાં. સાથે-સાથે સંશોધક, સાહિત્યમીમાંસક ને સાહિત્યિક ઇતિહાસકાર, વિવેચક, આલોચક થયો. મેં પણ વાર્તાઓ, નવલકથાઓ, લઘુકથાઓ લખી છે, પણ મારું મોટું પ્રદાન વિવેચનમાં છે. એટલે જ્યારે તેમને વિશેનો અધ્યનગ્રંથ તૈયાર થઈ રહ્યો હતો, ત્યારે એ મારી પાસે આવ્યા. હું અમદાવાદ સેટેલાઇટ વિસ્તારમાં જ રહું, પણ એ સત્યાગ્રહ છાવણીમાં અને હું જોધપુર ગામ બાજુ, 'ધૂપસળી એપાર્ટમેન્ટ'ને પછી ઉદયગિરિ સોસાયટીમાં. એમણે મને આગ્રહ કરી, 'વાર્તાકાર મોહનભાઈ પટેલ' લેખ લખવા વિનંતી કરી. ચાલતા મારે ઘેર આવે ને વાર્તાસંગ્રહો વગેરે આપી જાય. મેં પણ દિલ દઈને એ લેખ લખ્યો, એમની વાર્તાસૃષ્ટિનો સવિગત પરિચય કરાવ્યો. ને એમની વિશેષતા મર્યાદા સાથે મૂલ્યાંકન કર્યું. એ લગભગ પચ્ચીસ પૃષ્ઠનો લેખ, એ અધ્યયન ગ્રંથમાં સૌથી મોટો હતો. એ પછી મેં 'ગુજરાતીના ગૌરવ ગ્રંથો'માં એમના લઘુકથા સંગ્રહ 'ઝાકળમાં સૂરજ ઊગે'ને આદર્શ લઘુકથા સંગ્રહ તરીકે બિરદાવ્યો છે. ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ (અર્વાચીન-આધુનિકયુગ)માં મુખ્ય આધુનિક નવલકથાકારો અને વાર્તાકારોમાં 'લઘુકથા સાહિત્યસર્જક, વાર્તાકાર, નવલકથાકાર સારસ્વત સાહિત્યકાર તરીકે છ પૃષ્ઠમાં એમની સાહિત્યસેવાનું નિરૂપણ કર્યું છે. હું શ્રી પાટીદાર પરિવાર ટ્રસ્ટ સાથે સંકળાયેલો છું ને તેના માસિકનો તંત્રી પણ છું. તેની સુવર્ણજયંતી ઉજવાઈ ત્યારે 'પાટીદાર-રત્ન' તરીકે બહુમાન કર્યું હતું અને આવું પાટીદાર-રત્નોના ગ્રંથ 'ધરતીથી આકાશ'માં તેમને વિશે લેખ લખ્યો હતો. આ અમારું મૈત્રીમાધુર્ય હતું. હું 'શ્રી પાટીદાર પરિવાર'નો તંત્રી અને એ 'ધરતી'ના તંત્રી.

અમે સાહિત્યિક સભા-સમિતિઓ ને અધિવેશનોમાં સાથે રહેતા. સમારંભમાં મંચ પર મહાનુભાવો હોઈએ. કડી ગાંધીનગરના કાર્યક્રમોમાં તે મને ગાડીમાં લઈ જાય અને શિક્ષણ સાહિત્યયાત્રાનો આનંદ કરાવે. છેલ્લાં કેટલાંક વર્ષો તેઓ મોટા ભાગે બહાર નહોતા જતા પણ ઘેર સતત એમનો વિદ્યાયજ્ઞ ચાલુ. 'સત્યાગ્રહ છાવણી'માં રહેતા મારા પરમ સ્નેહી વતનના મિત્ર ને હાસ્યકાર - પ્રો. દિનકર દેસાઈ 'વિશ્વબંધુ' એમને સંગત ને રંગત આપે એ અમારા બે વચ્ચેની કડી સ્નેહની કડી. ૯૩ વર્ષની પરિપક્વ વયે એ જીવન સાર્થક કરીને ગયા. એમના અંતિમદર્શને ન જઈ શક્યો એનો વસવસો છે. બેસણામાં પુષ્પાંજલિની મનોમન શ્રદ્ધાંજલિ અર્પી. બેસણામાં પૂર્વમંત્રી શ્રી નરોત્તમ પટેલ ને તંત્રી - ગ્રંથપાલ ડૉ. મણિભાઈ પ્રજાપતિ વગેરે સાથે એમની પ્રતિભા અને સેવાનાં સંસ્મરણો વાગોળ્યાં.

મોહનભાઈ વિનમ્ર, સંનિષ્ઠ સાહિત્યકાર ને શીલ-સદાચારના સિદ્ધાંતનિષ્ઠ આચાર્ય હતા. એ મારી જેમ ગરજતા નહોતા. પણ ધીમા ને મક્કમ અવાજે શાસન કરતા હતા. આખ્યાન અભ્યાસ હોય સાથે મુદ્દાઓની નોંધ રાખે અને કથાવાર્તા ધારદાર રીતે નિરૂપે.

એમની કર્મભૂમિ કડી, પણ જન્મભૂમિ પાટણ. પાટણનું ઋણ એમણે ભારોભાર અદા કર્યું છે.

આત્મકથામાં પોતાના પરિવાર, વતન, જળચોક-જોગીવાડો સાથે પાટણનો ભવ્ય ભૂતકાળ ને વર્તમાન આલેખ્યો છે. એમણે 'પ્રજ્ઞાદીપ છગનભા'માં ગુણ ગાયા છે, તો મહેસાણા-પાટણ જિલ્લાના સ્વાતંત્ર્ય સૈનિકોના રેખાચિત્રો આલેખ્યાં છે. પાટણના સાચા ઇતિહાસનું સંશોધન, અધ્યન કર્યું છે. ને 'પાટણની પ્રભુતા', 'કાન્હડ દે પ્રબંધ' 'કરણઘેલો' જેવા ખ્યાતનામ ગ્રંથોને પડકારીને તેમણે તેમની નવલકથા 'અંતિમ દીપ'માં કર્ણદેવ વાઘેલાને વીર અને મુત્સદ્દી તરીકે ઉપસાવ્યો છે. 'લાંછન' નવલકથામાં પણ કરણ ઘેલાનું નવું અર્થઘટન કરી પ્રેમ અને યુદ્ધની રમ્યકથા સર્જી છે. તો સામાજિક નવલકથા 'અંધારી રાતના ઓળા'માં એમણે પાટણ-ઉત્તર ગુજરાતમાં પ્રવર્તિત સાટાપેટાંની પ્રથાનાં દુષ્પરિણામો દર્શાવી સમાજ સુધારાની હાકલ કરી છે. તેમની નવલસૃષ્ટિમાં પાટણના ઇતિહાસ, સમાજ, ગ્રામજીવન, આદિનું પ્રતિબિંબ ઝિલાયું છે. તેમણે વીસ જેટલી નવલકથાઓ આપી છે.

એ અગ્રણી નવલકથાકાર-વાર્તાકાર છે, પણ ગાંધીયુગીન માનસ ધરાવે છે. ખાદી-ગાંધીજન હતા. રઘુવીર ચૌધરી-સંપાદિત 'મોહનલાલ પટેલની શ્રેષ્ઠ વાર્તાઓ' તેમનો ઉત્તમ વાર્તાસંગ્રહ છે. એમણે અનુ ગાંધી-આધુનિક યુગના વાર્તાકાર તરીકે કેટલીક કલાત્મક અભિવ્યક્તિની વાર્તાઓ આપી છે.

પણ એમની વિશિષ્ટ ઓળખ 'લઘુકથા-સ્વરૂપ-સર્જક-જનક-પ્રવર્તક' તરીકેની. એમની લઘુકથા એટલે એક સૂક્ષ્મ પરિસ્થિતિની કથા એવી વ્યાખ્યા કરી સંખ્યાબંધ લઘુકથાઓ આપી. 'ઝાકળમાં સૂરજ ઊગે' ઉત્તમ લઘુકથા સંગ્રહ એમની 'મૌન' લઘુકથાને ભારતીય ટૂંકી વાર્તા સંગ્રહમાં સ્થાન મળ્યું છે.

તદુપરાંત તેમણે નિબંધ હાસ્યનિબંધ ઇતિહાસ, આત્મચરિત્ર, રેખાચિત્ર, પ્રવાસ, વિવેચન, અનુવાદ વગેરે ક્ષેત્રે પણ પ્રદાન કર્યું છે. તેઓ બહુમુખી સાહિત્ય-પ્રતિભા છે, પ્રયોગશીલ સર્જક છે. નવકથાકાર કે વાર્તાકાર ને લઘુકથા-સર્જક તરીકે તેમજ સંનિષ્ઠ સારસ્વત તરીકે ચિરસ્મરણી રહેશે. અંગત મિત્ર તરીકે મેં એમને 'ફેસબૂક' શ્રદ્ધાંજલિ (તા. ૧૫-૩-૨૦૨૦) અર્પી હતી. તેની પંક્તિઓ પ્રસ્તુત કરી વિરમું છું :

**સૂરજની જેમ ઢળતા, તારાની જેમ ખરતા**
**વટવૃક્ષ શા ઉખળતા ચાલ્યા ગયા મોહનલાલ !**

**કેવા હતા મહોદય, સર્જક અને વિવેચક !**
**લઘુકથાના સર્જક ચાલ્યા ગયા મોહનલાલ !**

**ડૉ. બહેચરભાઈ પટેલ**
સાહિત્યકાર, વિવેચક, ચિંતક
મો. ૦૭૯-૨૬૯૨૧૮૪૯

*ઉત્ખનન તો માત્ર સહસ્રલિંગ સરોવર અને રાણીની વાવ પૂરતું થયું. ૮૪ ચૌટાંવાળું નરસમુદ્ર પાટણ તો હજુ ભૂમિના થર નીચે સૂતેલું છે. એ સાવ ઓઝલ હોવા છતાં અમારા માટે હજુય એક સ્વપ્નપ્રદેશ છે. નવું પાટણ રળિયામણું છે પણ હજુ અણહિલપુર પાટણથી અમારો નાળવિચ્છેદ થયો નથી.*

*રેલવે સ્ટેશનથી કનસડા દરવાજા સુધીનો મુખ્ય માર્ગ (પૂર્વ-પશ્ચિમ) ત્રણ જેટલા કિલોમીટરની લંબાઈનો. બગવાડા દરવાજાથી શહેરમાં પ્રવેશ ગણાય. બગવાડા દરવાજા સુધીનો રસ્તો અસલ રાજમાર્ગ જેવો. માર્ગની બંને બાજુએ વિશાળ કેમ્પસવાળા બંગલા. ડાબી બાજુએ 'ચંદ્રનન વિહાર' નામનો વિશાળ મહાલય જેવો બંગલો અને એ જ લાઈનમાં ઈંગ્લિશ આર્કિટેકચરની યાદ આપે એવો સ્પાયરલવાળો નહાલચંદ લલ્લુચંદનો બંગલો. તો સામેની એટલે કે સડકની જમણી બાજુની હારમાં રળિયાત વિલા અને એની બાજુમાં બરાબર એ જ ઘાટનો સિસ્ટર વિલા કરી શકાય એવો બંગલો... કોઈએ વિનોદમાં પાટણને 'બંધ બંગલાનું નગર' કહ્યું હતું. એ તો ઘણે અંશે સાચું છે. મુખ્ય માર્ગ, પર કેટલા બધા બંધ બંગલા છે ઇ - 'મશરૂવાળા બિલ્ડિંગ', 'પાલેજવાલા બિલ્ડિંગ', 'ડાયમંડ બિલ્ડિંગ', 'બાબુનો બંગલો', આયુર્વેદ કોલેજની પાછળ અને બાજુના બે બંગલા...*

**મોહનલાલ પટેલ. 'ટાઈમ કેપ્સ્યૂલ', ૨૦૧૯, પૃ. ૧૦, ૧૯-૨૦**

# `સ્મરણ-મંજૂષા'નાં કેટલાંક `મનમોહન દશ્યો'

- આચાર્ય ડૉ. મણિભાઈ ઈ. પ્રજાપતિ

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના પ્રકાશન-નિયામક અને મારા આત્મીય શ્રી મણિભાઈ પ્રજાપતિએ મોબાઇલમાં મોકલેલ સંદેશના અનુસંધાને 'સ્મરણમંજૂષા' સ્વતઃ ખૂલી જતાં, એમાંથી કેટલાંક રોમહર્ષક દશ્યો જીવંત થઈને મનઃચક્ષુ સમક્ષ તરવરી રહ્યાં. એમાં કાળગણનાની દૃષ્ટિએ સૌથી છેલ્લું દશ્ય તો ઝબકારા સાથે ઝળહળી રહ્યું ! ગુજરાતી વાઙ્મયક્ષેત્રે સુપ્રતિષ્ઠિત સર્જક અને આજીવન કેળવણીકાર શ્રી મોહનભાઈ પટેલના વિવિધ સર્જન-રંગોથી રસાયેલ જીવનનાટ્યનું એ છેલ્લું દશ્ય તો મારા માટે કાયમી રોમાંચક સંભારણું બની રહ્યું.

આ પણ કેવો મિલન-દર્શનનો સુયોગ ! મોહનલાલ પટેલનું અમદાવાદનું, વર્ષોથી કાયમી નિવાસ-સ્થાન સેટેલાઇટ રોડના સત્યાગ્રહ છાવણીના બંગલા નં. ૫૦૧/૨૧માં. ઘણાં વર્ષ પૂર્વે શ્રી મણિભાઈ સાથે એમને મળવા જવાનું થયેલું. મારા જ્યેષ્ઠ પુત્ર હસમુખે 'સત્યાગ્રહ'માં નવું મકાન ખરીદેલું અને તા. ૧૫-૧૨-૨૦૧૯ના શુભદિવસે એમાં ઘટસ્થાપન-પૂજા કરી 'ગૃહપ્રવેશ' કર્યો. નવીન ગૃહમાં પ્રવેશ નિમિત્તે પ્રસાદ અર્પણ કરવા પુત્ર હસમુખ સાથે બીજી વાર મોહનભાઈને ઘેર જવાનું થયું. મકાનમાં પ્રવેશતાં જ મોહનભાઈના સુપુત્ર ડૉ. મયંકભાઈ અને પુત્રવધૂ સીમાએ અમને ભાવથી આવકાર્યા અને અમને પિતાશ્રી મોહનભાઈના સાહિત્ય-સાધનાખંડમાં દોરી ગયા. એમાં એક ખુરશી ઉપર સ્થિતપ્રજ્ઞ અવસ્થામાં વિરાજમાન ૯૩ વર્ષીય વંદનીય મુ. મોહનભાઈએ અમને વંદન કર્યાં અને મારું નામ બોલીને ઓળખાણ કરાવી, તો પ્રસન્નતાપૂર્વક ઉમળકાભેર એમના મલકાતા મુખમાંથી ઉદ્‌ગાર નીકળ્યા : 'આ તો બીજા મણિભાઈ, આવો-આવો, પ્રસન્ન થયો.' ડૉક્ટર-પુત્ર અને પુત્રવધૂ તો અમારી સરભરામાં ચા-નાસ્તો કરાવવામાં ખડે પગે. ઔપચારિક વાતચીત પછી, સુપુત્ર મયંક અને પુત્રવધૂ સીમાએ કરેલ સેવા-ચાકરીની પ્રસન્નતા વ્યક્ત કરીને, મોહનભાઈએ ઉંમરના કારણે થયેલ કેટલીક મુશ્કેલીઓ બતાવી, તેમાં પણ તેમના સર્જક આત્માનો ધબકાર સંભળાતો હતો. બીજો કોઈ અભાવ વર્તાયો નહિ. તેમણે રંજ સાથે કહ્યું : 'ઝામરના કારણે આંખે ઝાંખપ આવી છે. હાથ ધ્રુજવા માંડ્યા છે, એટલે જાતે કલમ પકડી શકાતી નથી. [આવો રંજ મોહનભાઈએ 'ટાઇમ કૅપ્સ્યૂલ'ના પ્રકરણ-૪૦ 'આથમતાં અજવાળાં'માં વ્યક્ત કર્યો છે : 'દર્પણમાં મુખ જોનાર હું આજે અંધાપાની અડોઅડ મુકાઈ ગયો છું. કદાચ મૃત્યુ કરતાંય વધારે ખરાબ દશા ! કામ ઘણું કરવાનું હતું, ન થયું, ઝામરે પડદો પાડી દીધો છે ! કંઈક આપી જવાનો તરવરાટ તો અંધ બની બની ગયેલા મિલ્ટન જેવો છે (પાન – ૩૩૪, ૩૩૮).] 'ટાઇમ કૅપ્સ્યૂલ'ની સુધારા-વધારા સાથેની આવૃત્તિ પૂર્ણ કરી. શ્રી મણિભાઈ કે. પ્રજાપતિનો સન્નિષ્ઠ હાર્દિક સહયોગ ન મળ્યો હોત, તો આ કામ કદાચ અપૂર્ણ રહેત. મણિભાઈ ગાંધીનગરથી દર શનિવારે મારા ઘેર આવીને મારી સામે બેસી જાય અને હું જે બોલું, તે વ્યવસ્થિત લખી નાખે અને એમાં સુધારા-વધારા પણ સૂચવે. એમની મારા પ્રત્યે ભક્તિ તો અનન્ય છે. [આની નોંધ પણ મોહનભાઈએ 'ટાઇમ કૅપ્સ્યૂલ'માં લીધી છે : 'આ આવૃત્તિના સંપાદનકાર્યની સઘળી જવાબદારી શ્રી મણિભાઈ પ્રજાપતિએ સહર્ષ સ્વીકારી છે. કાર્ય સહેલું નહોતું, નવલું ઉમેરણ, જૂનામાં કાટછાંટ કરેલા ટુકડાઓને યોગ્ય જગ્યાએ બંધબેસતા કરવામાં શ્રી મણિભાઈએ ભારે તાર્કિક શ્રમ ઉઠાવ્યો. એમણે કેટલાંક પ્રકરણો વારંવાર વાંચ્યાં. જ્યાં થોડોઘણો ફેરફાર કરવા જેવો લાગ્યો તે મને સૂચવ્યો પણ ખરો. એમની ઇચ્છા પ્રમાણે થયું.

મણિભાઈની અથાગ મહેનત માટે જેટલો આભાર માનું એટલો ઓછો (પ્રાક્કથન, પાન-૧૧) આ જ મણિભાઈના અને મારા આત્મીય એવા આપ આજે મારા ઘેર પધાર્યા, એનો હરખ થાય છે. એમણે સ્વહસ્તે 'ટાઇમ કૅપ્સ્યૂલ' [ઈ. સ. ૧૯૨૭થી ૨૦૧૮ : શ્રી મોહનલાલ પટેલની આત્મકથા]ની બીજી સંવર્ધિત આવૃત્તિની એક નકલ મને પ્રેમથી આપી.

ગુજરાતી સાહિત્યની નવલકથા-વાર્તા-લઘુકથા-સંપાદનાદિ વિધિઓને ફળદ્રુપ-સમૃદ્ધ કરીને નિર્દંભ, વિનમ્ર, સૌમ્ય, શીલભદ્ર વ્યક્તિત્વ નિષ્પન્ન કરનાર મોહનભાઈ સાથેના દર્શન-સત્સંગનું એક બીજું દૃશ્ય. પાટણનગરીના પ્રીતમ કહી શકાય એવા શ્રી મુકુન્દભાઈ બ્રહ્મક્ષત્રિય દ્વારા લિખિત 'પાટણ' વિશેના પુસ્તકના વિમોચન-પ્રસંગે શ્રી મોહનભાઈ પટેલ સારસ્વત-વિશેષ તરીકે સ્ટેજ પર વિરાજમાન થયેલા. એમની સાથે બેસવાનો, એમનાં નિકટથી દર્શન-સત્સંગ કરવાનો મને પણ લહાવો મળેલો. મારે લોકાર્પણ થનાર પુસ્તકનો પરિચય કરાવવાનો હતો. મોહનભાઈના પ્રત્યક્ષ દર્શનનો અને એમની મિષ્ટ વાણીના શ્રવણનો આ પહેલો પ્રસંગ હતો.

'શ્રી મોહનલાલ પટેલ ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળા'માં ભાવક તરીકે અનેકવાર ઉપસ્થિત રહેવાનું થયું છે. મોહનભાઈને ૭૫ વર્ષ પૂર્ણ થતાં તેમનાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને સ્નેહીજનો દ્વારા તેમનું અમૃતપર્વ પાટણ-યુનિવર્સિટીના પ્રાંગણમાં વર્ષ ૨૦૦૧માં ઉજવાયું હતું. આ પ્રસંગે એકત્રિત થયેલ ધનરાશિમાંથી પાંચ લાખ રૂપિયાનું દાન હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણને 'શ્રી મોહનલાલ પટેલ ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળા'ની સ્થાપના માટે પ્રદાન કરાયું. આ દાનની વ્યાજની રકમમાંથી પ્રતિવર્ષ રાષ્ટ્રીય કક્ષાના તજ્જ્ઞોને નિમંત્રી વ્યાખ્યાનમાળાનું આયોજન કરાય છે. આ વ્યાખ્યાનમાળા પ્રવર્તિત કરવામાં અને એના સુચારુ સંચાલન-આયોજન વગેરેમાં આ લેખમાં આરંભે નિર્દિષ્ટ શ્રી મણિભાઈ કે. પ્રજાપતિ (પૂર્વાધ્યક્ષ, ગ્રંથાલય વિજ્ઞાનભવન અને પૂર્વ કુલસચિવ, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ)નો સહયોગ અમૂલ્ય છે. ઈ. સ. ૨૦૦૬થી વ્યાખ્યાનમાળાની આ ઉજ્જ્વળ પરંપરા પ્રવર્તિત થઈ રહી છે.

['ટાઇમ કૅપ્સ્યૂલ' આત્મકથાના પાન-૨૨૨-૨૨૩ પર પણ મોહનભાઈ આ ઉલ્લેખે છે : 'મને પંચોતર વર્ષ થતાં ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના ગ્રંથપાલ શ્રી મણિભાઈ પ્રજાપતિએ શ્રી ભોળાભાઈ પટેલ અને શ્રી રઘુવીર ચૌધરી સાથે ચર્ચા-વિચારણા કર્યા પછી, મારા અમૃત મહોત્સવની ઉજવણી કરવાનું થયેલ સૂચન શ્રી માણેકલાલ પટેલે (સદ્‌ગત ચેરમૅન, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી) પ્રેમ અને ઉત્સાહપૂર્વક સ્વીકારી લીધું. આ ઉજવણી-સમિતિના અધ્યક્ષપદે રહીને મારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને શુભેચ્છકો પાસેથી સાત લાખ કરતાં વધારે ભંડોળ એકત્રિત કરીને એમાંથી પાંચ લાખ રૂપિયાની સખાવત એમણે 'શ્રી મોહનલાલ પટેલ ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળા'ને અર્પણ કરવા માટે ઉત્તર ગુજરાત યુનિવર્સિટીને કરી.' (પાન-૨૨૨-૨૨૩).]

આત્મશ્લાઘાનો દોષ વહોરીને પણ કહું કે મારી ષષ્ટિપૂર્તિ (વર્ષ : ૧૯૯૮)ની ઉજવણી પ્રસંગે વધેલી રકમ આયોજક શ્રી મણિભાઈ કે. પ્રજાપતિએ ઉત્તર ગુજરાત યુનિવર્સિટીને પ્રદાન કરેલ અને એ રકમના વ્યાજમાંથી પ્રતિવર્ષ યુનિવર્સિટીના સંસ્કૃત ભવનમાં 'આચાર્ય ડૉ. મણિભાઈ ઈ. પ્રજાપતિ વ્યાખ્યાનમાળા' સંપન્ન થાય છે. શ્રી મણિભાઈ કે. પ્રજાપતિ દ્વારા યુનિવર્સિટીમાં પ્રવર્તિત 'ગુરુવંદના વ્યાખ્યાનમાળા' પણ પ્રતિ વર્ષ યોજાય છે, જે ગુરુ-શિષ્ય પરંપરાને ઉજાગર કરે છે.

ભૌગોલિક દૃષ્ટિએ અમે એક જ પંથકના. મોહનભાઈ મહેસાણા જિલ્લાના પાટણના વતની, તો મારું ગામ પાટણ તાલુકાનું મણુંદ ગામ. પાટણ તો અમારું હટાયાણાનું સ્થાનક. પાટણના તો ખૂણા-ખાંચરા, પાડા-મહોલ્લાઓમાં તો અમે વર્ષો સુધી ફરતા રહ્યા. આ પાટણનગરીનું સર્વાંગી દર્શન કરાવે છે આત્મકથાકાર મોહનભાઈ પોતાની આત્મકથા 'ટાઇમ કૅપ્સ્યૂલ'નાં અનેક પ્રકરણોમાં, 'ટાઇમ કૅપ્સ્યૂલ' એટલે 'કાળસંદૂક.' આમાં તો શ્રી મોહનભાઈના જીવનવૃત્તાંતનો 'ઇતિહાસ' ભરવામાં આવ્યો છે. આત્મકથાનું પહેલું પ્રકરણ પણ પાટણના ઇતિહાસની અને એની અસ્મિતાની જાણે 'ટાઇમ કૅપ્સ્યૂલ' છે. એમાં ઇતિહાસકારની અદાએ જૂના-નવા પાટણના ઇતિહાસની સર્વાંગી વિગતો પાટણના

પનોતા પુત્ર મોહનભાઈએ નિરૂપી છે. શ્રી મોહનભાઈ આજે તો 'ક્ષર'રૂપે ધરતીલોક ઉપર નથી, પણ કાળજયી 'ટાઇમ કૅપ્સ્યૂલ'માં તેમને તેમજ તેમના વાઙ્મય-દેહમાં 'અક્ષર' સ્વરૂપે સદૈવ જીવંત રહેશે.

આઝાદીની લડતમાં ભાગ લેનાર શ્રી મોહનભાઈ પટેલનાં સ્મરણો ઉવેખતી વખતે, એમણે પોતાની આત્મકથામાં જેમનો ઉલ્લેખ કર્યો છે, તે અમારા મણુંદ ગામના અને હાલ પાટણમાં રહેતા સ્વાતંત્ર્યસેનાની શ્રી મણિભાઈ ભાણજીભાઈ અમીન નોંધપાત્ર બની રહે છે. મોહનભાઈ નોંધે છે; 'અમે મૅટ્રિકના વર્ગમાં હતા ત્યારે ૧૯૪૨ની 'હિન્દ છોડો'ની લડતનો આરંભ થયો હતો. પાટણમાં પણ એનો જુવાળ બરાબર જામ્યો હતો. પાટણ હાઈસ્કૂલનું મકાન બાળવાનો પ્રયાસ થયો. પટેલ બૉર્ડિંગમાં રહેતા કેટલાક વિદ્યાર્થીઓએ આ મકાનને આગ લગાડવાનું આયોજન કર્યું હતું, એમાં અમારા વર્ગના વિદ્યાર્થી સાહસિક શ્રી મણિભાઈ અમીનનો મુખ્ય ભાગ હતો. તેમણે સ્કૂલ-મકાનમાં પ્રવેશ કરી કેરોસીનના કાકડાઓથી મકાન ભસ્મીભૂત કરી નાખ્યું ! (ટાઇમ કૅપ્સ્યૂલ', પાન-૬૨,૬૩)

'ટાઇમ કૅપ્સ્યૂલ'ના પરિશિષ્ટમાં શ્રી મણિભાઈ પ્રજાપતિએ 'મોહનલાલપટેલ અધ્યયનગ્રંથ' માટે લીધેલી મુલાકાતની પ્રશ્નોત્તરી પ્રસ્તુત થઈ છે (પાન- ૩૭૧, ૩૯૪). એમાં મણિભાઈએ પૂછેલ પ્રશ્નોના મોહનભાઈએ ઉત્તરો આપ્યા છે. આ 'પ્રશ્નોત્તરી'માં મોહનભાઈનાં સમગ્ર જીવન-કાર્યો, સર્જક વ્યક્તિત્વ, વિચારધારા, શિક્ષણ-સાહિત્યની સાંપ્રત સ્થિતિ, ગમા-અણગમા વગેરેની સંક્ષેપમાં ગૂંથણી થઈ છે. આ પ્રશ્નોત્તરી તો મોહનભાઈની આત્મકથાની સંવાદાત્મક અતિલઘુ-આવૃત્તિ કહી શકાય. આ 'પ્રશ્નોત્તરી'માં શ્રીયુત મોહનલાલ પટેલે ખાસ કરીને સંપ્રત સાહિત્ય અને શિક્ષણ સંબંધી જે પ્રતિભાવ આપ્યા છે, તે નોંધપાત્ર છે : 'કોઈ સમૂહ માધ્યમ ન આપી શકે એવો ખજાનો ગ્રંથોમાં રહેલ છે. વાચનની ઘટી ગયેલ ટેવને કારણે આવા મૂલ્યવાન ગ્રંથો પહોંચ બહારના થઈ ગયા છે. એ ભાવિ પેઢી માટે મોટા દુ:ખની વાત છે' (પાન ૩૭૩). 'શિક્ષણમાં આપણે કંઈ ઓછી ઊથલપાથલ નથી કરી. આ છતાં અનુભવે આપણે 'ઠેરના ઠેર' રહ્યા છીએ, જે સાચો શિક્ષક છે એને કોઈ શિક્ષણપદ્ધતિ શિખવાડવાની જરૂર નથી. શિક્ષણમાં વ્યાપારીકરણ અને ભ્રષ્ટાચાર અમર્યાદાપણે પ્રવેશી ગયાં છે. આભ ફાટ્યું છે, થીગડું દેવા નીકળ્યે ક્યાં ચાલશે.' (પાન-૩૭૫).

રઘુવીર ચૌધરી મોહનભાઈના સિદ્ધાન્તોને 'સુખડનો હાર' કહી વધાવે છે, તો શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક (પૂર્વકુલપતિ, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી) 'બુધવારિયા'માં એમન સુખડનો હાર પહેરાવી સન્માને છે.

તા. ૩૦-૪-૧૯૨૭માં પાટણમાં જન્મેલા શ્રી મોહનલાલ પટેલ ૯૩ વર્ષની વયે તા. ૧૩ માર્ચ, ૨૦૨૦ના રોજ દિવંગત થયા. પાટણમાં રખાયેલ એમના બેસણામાં દિવંગત આત્માનાં તસવીરમાં અંતિમ દર્શન કર્યાં. મારી સાથે શ્રી મણિભાઈ કે. પ્રજાપતિ, પ્રો. તુલસીભાઈ કે. પટેલ વગેરે પણ હતા.

સુખડ જેવા મઘમઘતા એમના જીવનને આપણે સૌ વધાવીએ, કાયમ સ્મરણમાં રાખીએ.

**ડૉ. મણિભાઈ ઈ. પ્રજાપતિ**
૧૧, નીલકંઠ બંગ્લોઝ, નાગલપુર,
મહેસાણા - ૩૮૪ ૦૦૨
મો. ૯૮૭૯ ૬૩૨૮૧૬

*લઘુકથા ઉપેક્ષિત રહે કે ન રહે પણ એણે એક સ્વતંત્ર સાહિત્યસ્વરૂપ તરીકે પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. એના પર કોઈ અન્ય ભાષાની લઘુકથાનું અનુકરણ કરતી હોવાનો આરોપ નથી. હિન્દી લઘુકથાનો ઉદય થયો ત્યારે તો ગુજરાતી લઘુકથા પોતાની આગવી વિભાવનાઓ સાથે સ્થિર થઈ ચૂકી હતી.*

***મોહનલાલ પટેલ. 'ટાઈમ કેપ્સૂલ', ૨૦૧૯, પૃ. ૨૭૧***

# આવી પરગજુતા ક્યાં જોવા મળશે ?

**તુલસીભાઈ પટેલ**

ગુજરાતી સાહિત્ય-જગતમાં 'મોહનભાઈ' નામના બે સાક્ષર જાણીતા છે : એક 'મોહનભાઈ શં. પટેલ' (૧૯૨૦-૨૦૦૨) એમનો જન્મ વડદલા (જિ. ખેડા)માં થયો હતો. એમણે અલીઆબાડા (સૌરાષ્ટ્ર)ની આર્ટ્સ કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક અને આચાર્ય તરીકે ૧૯૫૨-૬૨ સુધી સેવાઓ આપી, તથા ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદમાં ૧૯૬૨-૭૮ સુધી વિવિધ પદો પર સેવાઓ આપી; તેથી તેઓ 'મોહનભાઈ અલીઆબાડાવાળા અથવા વિદ્યાપીઠવાળા' નામે ઓળખાય છે. બીજા, મોહનભાઈ પટેલ જેમણે અમદાવાદની કૉલેજમાં પ્રોફેસરની નિમણૂકનો ત્યાગ કર્યો અને સર્વ વિદ્યાલય, કડીમાં સમર્પિત સેવાઓ આપી; તેથી તેઓ 'મોહનભાઈ કડીવાળા' તરીકે જાણીતા છે. બંનેની શૈક્ષણિક કારકિર્દી તેજસ્વી હતી. બંનેએ નગરજીવનની ઝમકદાર જીવનશૈલીનો ત્યાગ કર્યો ને બંનેએ ગ્રામદવેતાને ચરણ શિક્ષણયજ્ઞની ધૂણી ધખાવી. બંને શિક્ષણ અને સાહિત્ય પ્રતિ જીવનભર મૂલ્યનિષ્ઠ ને સમર્પિત રહ્યા.

મેં અલીઆબાડાની આર્ટ્સ કૉલેજમાં ચાર વર્ષ (૧૯૫૭-૬૧) સુધી અભ્યાસ કર્યો; તેથી પ્રથમ મોહનભાઈનો પ્રત્યક્ષ અને નિકટ પરિચય થયો. પરંતુ અહીં મોહનભાઈ કડીવાળા વિશે વાત કરવી છે. એમનો પ્રત્યક્ષ પરિચય અલ્પ, પરંતુ એમના કામ અને નામથી પરિચિત રહ્યો છું. 'ધરતી' માસિક દ્વારા આયોજિત મિલનસમારંભો, સાહિત્યિક સંમેલનો, ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં મોહનભાઈના નામથી ચાલતી વ્યાખ્યાનમાળામાં એમને મળવાનો, સાંભળવાનો લ્હાવો મળતો રહ્યો છે.

'આદર્શ પ્રકાશન', અમદાવાદમાં મોહનભાઈ એકવાર આકસ્મિક મળ્યા, ત્યારે એમણે ઘરે આવવા પ્રેમાગ્રહ કર્યો હતો; પરંતુ જઈ શકાયું નહીં. મારાં દીકરી-જમાઈ સેટેલાઇટ, અમદાવાદમાં રહે છે; ત્યાંથી સત્યાગ્રહ છાવણીમાં આવેલું એમનું નિવાસસ્થાન નજીક ગણાય. એટલે એકવાર સેટેલાઇટથી મોહનભાઈના નિવાસસ્થાને ગયો. મારું વતન મણુંદ, તા. પાટણ, એ જાણ્યું એટલે એમણે મણુંદના વતની અને એમના સહાધ્યાયી મણિભાઈ અમીન વિશે વાત કરી. મણિભાઈ પણ સ્વાતંત્ર્યસેનાની, ગાંધીવિચારને વરેલા અને અમારા ગામના સેવાભાવી સરપંચ. મોહનભાઈએ અતીતનાં સ્મરણો વાગોળતાં કહ્યું કે, ૧૯૪૨ની સ્વાતંત્ર્ય ચળવળમાં મણિભાઈએ પાટણની ઇંગ્લિશ સ્કૂલના મકાનમાં આગ લગાડી હતી. મણિભાઈ સાહસિક ક્રાંતિકારી, પણ મોહનભાઈએ એમ પણ કહ્યું કે શાળાનું મકાન ઉત્તમ હતું. ભવ્ય મકાનના નાશથી પોતાને ઉદ્વેગ થયો હતો. આ પ્રસંગનો ઉલ્લેખ એમણે 'ટાઇમ કૅપ્સ્યૂલ' આત્મકથામાં પૃષ્ઠ નં. ૬૩ પર કર્યો છે. એમણે મને પોતાનાં બે પુસ્તકો તથા ચિ. ડૉ. મયંક પટેલ રચિત બાળકાવ્યસંગ્રહ સપ્રેમ ભેટ આપ્યાં.

મોહનભાઈએ 'મહેસાણા, પાટણ જિલ્લાના સ્વાતંત્ર્ય સૈનિકો' વિશે સન ૧૯૯૮માં એક પુસ્તક લખ્યું છે, પરંતુ અત્યારે એની નકલ પોતાની પાસે નથી એવું એમણે જણાવ્યું. પરંતુ મારી પાસે એ પુસ્તક હતું. મેં એમને કહ્યું, 'મહેસાણા જઈને એ પુસ્તક આપને મોકલી આપીશ.' ત્યાર બાદ મારા જમાઈ મહેશકુમાર દ્વારા એ પુસ્તક મોકલી આપ્યું; ત્યારે મોહનભાઈના સ્વાગત અને સૌજન્યથી મહેશકુમાર ખૂબ પ્રસન્ન થયા હતા.

મને પ્રવાસનો શોખ. વિકલ્પે પ્રવાસવર્ણનો વાંચવામાં પણ રસ, સન ૨૦૦૦માં અમે હ્યુસ્ટન (અમેરિકા) ગયાં. મોહનભાઈએ 'ગુડ મૉર્નિંગ, અમેરિકા' (૧૯૮૪) પ્રવાસ- પુસ્તક લખ્યું છે; જે મહેસાણામાં મળ્યું

નહીં, પણ અહીં અમેરિકામાં મળ્યું ! બન્યું એવું કે કડીમાં મોહનભાઈના વિદ્યાર્થી ચીમનભાઈ પટેલ 'ચમન' મને હ્યુસ્ટનમાં મળ્યા. તેઓ કેમિકલ એન્જિનિયર પણ સાહિત્યના જીવ. હ્યુસ્ટનમાં 'દર્પણ'નામનું સામયિક પ્રગટ થાય, એમાં એમનાં લેખો-કાવ્યો આવે. ચીમનભાઈએ મોહનભાઈરચિત 'ભવપ્રપંચ (૧૯૯૮) નવલકથા પણ આપી. મેં એનો આસ્વાદલેખ તૈયાર કર્યો. ત્યારે જાણીતા લેખક ભોળાભાઈ પણ અમેરિકા હતા. ફોન પર વાતચીતમાં એમણે કહ્યું, 'આસ્વાદ-લેખ હ્યુસ્ટનથી જ 'પરબ'પર મોકલશો. લેખ નીચે હ્યુસ્ટનનું સરનામું લખશો. આ લેખ 'પરબ' (સપ્ટે. ૨૦૦૦)માં પ્રગટ થયો. પરંતુ લેખ નીચે સરનામું મહેસાણાનું હતું !

મોહનભાઈ કેવા તો પરગજુ હતા, એનો એક પ્રસંગ ચીમનભાઈ પાસેથી સાંભળ્યો. ચીમનભાઈએ હાસ્યરસનું 'હળવે હૈયે' પુસ્તક લખ્યું. આ પુસ્તકનું મેટર એમણે અમેરિકાથી જ એક મિત્ર દ્વારા મોહનભાઈ સાહેબ પર મોકલ્યું. એના પ્રકાશનમાં સાહેબે કરેલી મદદ વિશે ચીમનભાઈ લખે છે :

'એક અમદાવાદી હોવા છતાં એમણે એમના સ્વાર્થનો વિચાર કર્યા વગર એ મટિરિયલ સ્વીકારી તો લીધું એટલું જ નહીં પણ એ બધાનું વાચન કરી, લેખોની પસંદગી કરી, ગોઠવણી કરી, પ્રસ્તાવના લખીને એ મટિરિયલ પ્રેસના પગથિયાં સુધી પહોંચાડ્યું. પુસ્તકનાં શીર્ષક, પ્રૂફરીડિંગ, મુખપૃષ્ઠ માટેના કલાકાર વગેરેની સંભાળ એમણે પોતાના પુસ્તકની જેમ લીધી છે એ કોઈ માનવા તૈયાર નહીં થાય. આવા મોટા સાહિત્યકાર પાસે સમ ખાવાનો સમય જ્યારે ન હોય ત્યારે મારા જેવા દૂર બેઠેલાને આ રીતે મદદ કરવી એમાં મને શ્રી મોહનલાલ સાહેબ કોઈ અનેરી વ્યક્તિ લાગ્યા છે. કર્મનિષ્ઠ અને ધ્યેયનિષ્ઠ એ વ્યક્તિથી હું અંજાઈ ગયો છું. ('અમૃતપર્વ' પૃ. ૧૧૫) આવી પરગજુતા ક્યાં જોવા મળશે ?

**પ્રો. તુલસીભાઈ પટેલ**
૧, ઉદયનગર, સોસાયટી,
ધરમ સિનેમા રોડ, મહેસાણા.
મો. ૯૯૯૮૦૮૯૬૩૩

---

**(અનુસંધાન પૃ. ૪૭નું ચાલુ)**

મહેમાનોનું સ્વાગત કર્યું છે. એમણે શું શું નથી કર્યું ? એમને એકલું ન લાગે એટલે એમનો પલંગ મારા અભ્યાસખંડમાં રખાવ્યો છે, જેથી વાતચીત કરી શકાય.' હીરાબાને શ્રી મોહનલાલ પટેલે કદી તુંકારીને બોલાવ્યાં નથી. છેલ્લા દિવસોમાં કોણ આવ્યું, ને કોણ ગયું ? તેનો ખ્યાલ રહેતો નહીં. હું જાઉં, ને મોટેથી બોલું, 'હીરાબા ઠીક છે ને? મજામાં ને ?' જાગી જઈને કહે, 'પ્રોફેસરસાહેબ છે કે ?' શ્રી મોહનલાલ કહે, 'તમારા અવાજથી ઓળખી કાઢ્યા.' ન કોઈ તકરાર, નહીં ઊંચો અવાજ, ન કોઈ ફરિયાદ - સુખી દાંપત્ય જીવન!

ત્રાણું વર્ષના એમના જીવનનો નિચોડ આપતાં કહે, 'જીવનમાં ચઢાવ-ઉતાર તો આવે. સાચો રસ્તો પકડવો, સાચા રસ્તે ચાલો તોપણ વિક્ષેપો તો આવવાના જ. વિક્ષેપો તમારી કસોટી કરે અને એ જ તમારા પગમાં અને હૈયામાં હામ ભરે. સાથે-સાથે નમ્રતા પણ એટલી જ જરૂરી છે. અહંકાર અને દંભ પ્રગતિને પંથે આગળ વધનારાઓને એમના ટાંટિયા પકડી પછાડનારા દુશ્મનો છે.'

મૃત્યુ અંગે વાત નીકળતાં કહે, 'મારે તો હું સખત પરિશ્રમમાં પ્રવૃત્ત હોઉં ત્યારે મૃત્યુને ભેટવું છે, કોઈ એદી માણસની માફક ખાટલે પડ્યા-પડ્યા સ્વજનોની સેવા લેતાં-લેતાં, મૃત્યુનું સ્વાગત નથી કરવું. રાત થોડી છે, વેશ ઝાઝા છે. એ ટૂંકી રાત્રીનો બને એટલો ઉપયોગ કરી લેવો છે.'

સ્વ. મોહનલાલ પટેલની અંતિમ ઇચ્છા – 'મેં મારી જિંદગીના અંતિમ શ્વાસ સુધીમાં પાંચસો લઘુકથાઓ લખી છે. બધી નહીં, તો મેં ખાસ પસંદ કરેલી બસો પચાસ, પુસ્તકાકારે છપાય તેવી ઇચ્છા છે. આ કાર્ય સ્નેહી ભાઈશ્રી મણિભાઈ પ્રજાપતિ અન્યોની સદ્ભાવના મેળવી પૂર્ણ કરે.' આ શુભકાર્ય એમના ચાહક વર્ગથી થઈ શકે તો સાચી શ્રદ્ધાંજલિ ગણાશે.

**– પ્રા. દિનકર દેસાઈ 'વિશ્વબંધુ'**
૧૭/૩૪૨, સત્યાગ્રહ છાવણી સોસાયટી,
સેટેલાઇટ, અમદાવાદ - ૩૮૦ ૦૧૫

# એમને પગલે..પગલે..ચાલવા માંડીએ તો..

**ઈશ્વર પરમાર**

એમના દુઃખદ અવસાનના ખબર જાણીને સર્વ કોઈને ઊંડો ખેદ થવો સહજ છે; ધરતીનો એક સિતારો તેજલિસોટોકરતોકને ખરી ગયો ! એ આદર્શ સર્જક અને શિક્ષક મોહનલાલ પટેલનો પરિચય મારા પુસ્તક ''શિક્ષણના સિતારા''માં લખેલ છે; એથી વિશેષ તો શું લખું ? કોરોનાના કમનસીબ કાળમાં સંદર્ભ સાહિત્ય પણ હાથવગું થાય તેમ નથી !

એ તેજસ્વી તારલાને નિરખતાં નિરખતાં યાદ કરું કે શ્રદ્ધેય મોહનભાઈને હું પરથમ મળ્યો ક્યારે અને ક્યાં ? ક્યારેનો જવાબ તો જડતો નથી પણ સ્થળ અને નિમિત્ત યાદ આવે છે : ગાંધીનગર મુકામે પાઠ્યપુસ્તક મંડળના સભાખંડમાં માધ્યમિક કક્ષાના વર્ગ માટે ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તક માટે કૃતિઓની પસંદગી કરવા માટેની સમિતિની સભા હતી. હું એ સમિતિના એક સભ્ય તરીકે એ ખંડમાં પહોંચ્યો ત્યારે તે ખંડમાં એક જ શ્વેત વસ્ત્રધારી સજ્જન બેઠેલા હતા. થોડો સમય તો બંને મૌન રહ્યા; પછી એમણે જ વાતચીતનો આરંભ કર્યો : 'ક્યાંથી આવો છો ?' મેં મારું નામ-ગામ કહ્યું તે સાથે એમને ચહેરે હેત-ભાવ પથરાઈ રહ્યો. એમણે પોતાની ખુરસી મારી નજીક ખસેડી અને બોલ્યા : 'હું મોહનલાલ પટેલ.' મેં વીજળીવેગે ઊભા થઈને એમના ચરણે વંદન કર્યાં !

એકચ્યુલ્લી, મેં મારો લઘુકથાસંગ્રહ ''તુલસીની માળા'' એમને સ-સંકોચ મોકલ્યો હતો અને એમણે એનું સાદ્યંત પઠન કરીને ઉમળકાભેર પ્રોત્સાહક પત્ર લખ્યો હતો. ગુજરાતી સાહિત્યક્ષેત્રે નવલા સ્વરૂપ 'લઘુકથા'નું પ્રતિષ્ઠાપન કરનાર સાક્ષાત સર્જક મોહનલાલ પટેલ તે આ જ !

પછી તો મેં સ્વસ્થ થઈને એમનો વધુ પરિચય મેળવવા એમને પ્રશ્નો પૂછવા માંડ્યા અને એમણે નમ્ર અને નિખાલસ ઉત્તરો આપવા માંડ્યા. કૈંક એ ઉત્તરો અને વિશેષ બીજેથી એમના વિશેની પ્રેરક સામગ્રી એકઠી કરીને એક રેખાચિત્ર લખ્યું : 'મોહ ન પામ્યા તે મોહક શિક્ષક !'

આ વિરલ સર્જકની અને અન્ય તજજ્ઞ સર્જક-સમીક્ષકોની સાથે મને પણ સંપાદન સમિતિમાં સ્થાન મળ્યું હતું. આ સમિતિએ પાઠ્યપુસ્તકમાં કૈંક નવીનતા દાખલ કરવા માટે એક લઘુકથા સ્વરૂપની કૃતિનો સમાવેશ કરવાનું ઠરાવ્યું; તે સાથે સૌએ એકી અવાજે મોહનલાલની તેઓ કહે તે એક લઘુકથા પસંદ કરવાની હતી; તે પહેલાં તો લેખકની સંમતિ મેળવવી રહી.

પાઠ્યપુસ્તકમાં પોતાની કૃતિનું સંપાદન થવાથી મળે તે પ્રતિષ્ઠા અંકે કરવાની દોટમાં આ સાચુકલા સર્જક [અને સંપાદક પણ] ન જ પડ્યા. હું જે સંપાદન સમિતિમાં હોઉં તે જ પાઠ્યપુસ્તકમાં પોતાની કૃતિ સામેલ ન જ થાય. અધ્યક્ષશ્રીએ એવું બન્યાના બે'ક દાખલા દર્શાવ્યા ખરા પણ આ મૂલ્યની માવજત કરતાં કરતાં જીવનારા સર્જક-સંપાદકે સંમતિ ન આપી તે ન જ આપી !

ગુજરાતી સાહિત્યજગતમાં સ્વરૂપ 'લઘુકથા'નું પ્રતિષ્ઠાપન કરનાર આ પ્રેરક સર્જકે મારા સરખા અન્ય નવોદિતોને છેલ્લા શ્વાસ લગી ઉત્સાહિત કરતા અને મીઠાશથી તેમની ચૂક પણ ચીધતા રહ્યા હતા. વાચક-સમીક્ષક તરીકે એમની નજર એવી તો પારખુ કે અવસાન પૂર્વેના દિવસોમાં એમણે સાહિત્ય અકાદમી, નવી દિલ્હી માટે 'ગુજરાતી લઘુકથાસંચય'(૨૦૧૯) સંપાદિત કર્યો ત્યારે ગુજરાતને ગૌરવ અપાવે તેવી ૭૫ વીણેલી લઘુકથાઓનું સંપાદન કરી આપ્યું. આ ગ્રંથ માટે એમણે મારી એવી કૃતિ પસંદ કરેલ છે જેની તરફ આ પૂર્વે અન્ય કોઈ લઘુકથાના સંપાદકોનું ધ્યાન ગયું નહોતું : એ

**(અનુસંધાન પૃ. ૮૦મે પાને)**

# મોહનલાલ પટેલનું સંપાદન-કાર્ય

રતિલાલ બોરીસાગર

મોહનલાલ પટેલને લઘુકથા અને ટૂંકી વાર્તાના ઉત્તમ સર્જક તરીકે હું વર્ષોથી જાણતો હતો. સાવરકુંડલામાં કૉલેજના મારા સાથી જાદવભાઈ પટેલ મોહનભાઈ પાસે ભણેલા. તેઓ 'સર્વ વિદ્યાલય' કડીની, આ વિદ્યાલયના શિક્ષકોની ઘણી વાતો કરતા. એમાં મોહનલાલ પટેલને હું સર્જક તરીકે ઓળખતો એટલે મોહનભાઈ વિશેની વાતોમાં મને વિશેષ રસ પડતો. મોહનભાઈ કેવું સરસ ભણાવતા, છાત્રાલયના ગૃહપતિ તરીકે કેવા વાત્સલ્યથી વિદ્યાર્થીઓને સાચવતા, વિદ્યાર્થીઓ પર એમના પ્રેમનો અભિષેક કેવો સતત થતો રહેતો, વિદ્યાર્થીઓમાં કેવો સાહિત્ય-પ્રેમ જગાડતા અને વિદ્યાર્થીઓની ફૂટતી સર્જકતાને તેઓ કેવી રીતે સંકોરતા – આ બધી વાતો જાદવભાઈ અહોભાવથી કરતા અને હું અહોભાવથી સાંભળતો. આ વાત છે ૧૯૭૧-૭૨ની. આ સમયથી મારા મનમાં મોહનભાઈને એક ઉત્તમ સર્જક, એક દૃષ્ટિવંત આચાર્ય, એક સ્નેહાળ શિક્ષકની મૂર્તિ સ્થાપિત થયેલી અને મોહનભાઈને પહેલવહેલું મળવાનું થયું ત્યારે મનમાં સ્થાપિત થયેલી મૂર્તિઓ સાથે જીવંત મૂર્તિની એકરૂપતાને મેં પૂરેપૂરી પ્રમાણી હતી.

મોહનલાલ પટેલને પહેલવહેલો ક્યારે મળ્યો હતો, ક્યાં મળ્યો હતો એ મને આજે પણ બરાબર યાદ છે. આપણી એક ઉત્તમ શૈક્ષણિક સંસ્થા, આજોલમાં કોઈ પાઠ્યપુસ્તકની હસ્તપ્રતનું પરામર્શન ગોઠવાયેલું હતું. ૧૯૭૫-૭૬નું વર્ષ હતું. મોહનલાલ પટેલ આ પરામર્શન-શિબિરમાં આવવાના છે તેની મને ખબર હતી. એટલે એમને મળવાની ઉત્સુકતા પણ મારા મનમાં હતી. એ વર્ષમાં મારું લેખનકાર્ય ખાસ ચાલતું નહોતું. મારું એકેય પુસ્તક પણ પ્રગટ થયું નહોતું, પણ મારા આશ્ચર્ય વચ્ચે મને જાણ થઈ કે મોહનભાઈ પણ મને નામથી જાણતા હતા. મારી ત્રણચાર લઘુકથાઓ 'કુમાર'માં પ્રગટ થયેલી એની પણ મોહનભાઈને ખબર હતી. બસ ત્યારથી અમારો સંબંધ-સેતુ રચાયો અને અમે એકબીજાની નજીક આવતા ગયા... નજીક... સાવ નજીક... એકદમ નજીક. આજે શિક્ષણ અને સાહિત્યના ક્ષેત્રનાં કેટલાંક આદરણીય નામો માટે મારા મનમાં સતત પૂજ્યભાવ રહ્યા કર્યો છે, એમાં એક નામ અવશ્ય 'મોહનલાલ પટેલ' છે.

આજોલમાં ગોઠવાયેલા પરામર્શન કાર્યમાં મોહનભાઈ સૌપ્રથમ જોડાયા તે પછી તેઓ સતત પાઠ્યપુસ્તક -નિર્માણની પ્રવૃત્તિ સાથે સક્રિય રીતે સંકળાયેલા રહ્યા છે. કોઈ કોઈ વાર પરામર્શક તરીકે, પણ મુખ્યત્વે, સંપાદક તરીકે મોહનભાઈએ ગુજરાતીનાં પાઠ્યપુસ્તકો – ગુણવત્તાવાળાં પાઠ્યપુસ્તકોના નિર્માણમાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે. કોઈ પણ પાઠ્યપુસ્તકની પૅનલમાં ઓછામાં ઓછા એક શિક્ષક તો હોવા જોઈએ એવી 'પાઠ્યપુસ્તક મંડળ'ની પ્રણાલિકા રહી છે. 'પાઠ્યપુસ્તક મંડળ'માં ગુજરાતી પાઠ્યપુસ્તકોના નિર્માણ સાથે સંકળાયેલા અધિકારી તરીકે મને આ માટે જે ત્રણ-ચાર ઉત્તમ શિક્ષકો મળ્યા, એમાં મોહનભાઈનું નામ ઘણું મહત્ત્વનું છે. આ ઉત્તમ શિક્ષકો એટલે જે-તે પાઠ્યપુસ્તકની પૅનલમાં લેવાયેલા યુનિવર્સિટી અને કૉલેજ-કક્ષાના ઉત્તમ અધ્યાપકો સાથે બરાબરી કરી શકે એવા શિક્ષકો. જે-તે પાઠ્યપુસ્તકની હસ્તપ્રત તૈયાર કરતી વખતે જે ચર્ચાવિચારણા થાય એમાં મોહનભાઈ એકદમ સક્રિય હોય. આ ચર્ચામાં એમના વિશાળ વાચનનો તેમજ એમની પરિશુદ્ધ સાહિત્યિક સૂઝનો અને ઊંડી શૈક્ષણિક દૃષ્ટિનો મને સતત પરિચય થતો રહ્યો છે. મોહનભાઈના અભિપ્રાયનું આ કારણ મારે મન ઘણું મહત્ત્વનું રહ્યું હતું. પૅનલના યુનિવર્સિટી અને કૉલેજકક્ષાના અધ્યાપકો પણ

મોહનભાઈનો આદર કરતા. મને હંમેશાં લાગ્યું છે કે મોહનભાઈએ જો ઇચ્છ્યું હોત તો તેઓએ ઊંચી નામના મેળવી હોત, પણ તેઓએ 'સર્વ વિદ્યાલય'ને પોતાનું સર્વસ્વ સમર્પી દીધું. તેઓને ઉત્તમ શિક્ષક તરીકેનો રાજ્ય ઍવૉર્ડ મળ્યો છે. મોહનભાઈના નામ સાથે જોડાઈને આ ઍવૉર્ડ શોભી ઊઠે એવું મોહનભાઈનું શિક્ષણક્ષેત્રે યોગદાન છે.

પાઠ્યપુસ્તકના સંપાદનમાં મોહનભાઈએ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ત્રણેય ક્ષેત્રે મહત્ત્વનું અર્પણ કર્યું છે. પાઠ્યપુસ્તકની શૈક્ષણિક સામગ્રી તૈયાર કરવા માટે કૉલેજ કે યુનિવર્સિટીના અધ્યાપકો કૃતિ-પસંદગીમાં કે કૃતિ-કર્તા પરિચયમાં એમની વિદ્વત્તાને કારણે ઉત્તમ પ્રદાન કરી શકતા હોય છે. પણ એમનો શૈક્ષણિક અનુભવ મોટા ભાગે કેવળ ઉચ્ચ શિક્ષણ પૂરતો મર્યાદિત હોય છે એટલે જે-તે કૃતિની કથાનુરૂપતા નક્કી કરવામાં કે જે-તે કૃતિનું ટિપ્પણ લખવામાં કે જે-તે કૃતિના સ્વાધ્યાય-પ્રશ્નો રચવામાં આ અધ્યાપકો એટલા સહાયભૂત થઈ શકતા નથી. આ માટે તો મુખ્યત્વે પૅનલ શિક્ષક-સભ્ય પર જ આધાર રાખવાનો હોય છે. મોહનભાઈ જ્યારે પૅનલમાં સભ્ય હોય ત્યારે તેઓ એમના વિશાળ વાચનને કારણે કૃતિ પસંદગીમાં અધ્યાપકો જેટલા જ સહાયભૂત થાય. તે ઉપરાંત કર્તા-કૃતિ-પરિચય અને ટિપ્પણ – સ્વાધ્યાયમાં પણ ખૂબ ઉપયોગી થાય. માતૃભાષાનાં પાઠ્યપુસ્તકો દ્વારા વિદ્યાર્થીની ભાષાકીય સજ્જતા વધે તેમજ વિદ્યાર્થી પોતાની માતૃભાષાનાં શક્તિ અને સૌંદર્યથી પરિચિત થાય એ માટે પ્રાથમિક અને માધ્યમિક કક્ષાનાં પાઠ્યપુસ્તકોમાં ભાષા-અભિવ્યક્તિના પાઠો મૂકવામાં આવે છે. આ પાઠો લખવામાં પૅનલના સભ્યોની ઘણી કસોટી થતી હોય છે. આ પાઠોની ભાષા અને રજૂઆત એકદમ સરળ હોવાં જોઈએ અને આ પાઠો લખનાર પોતે સાહિત્યકૃતિની ભાષાના સૌંદર્યને બરાબર પ્રમાણતા હોવા જોઈએ. તેમજ સાહિત્ય-કૃતિ દ્વારા પ્રગટતી ભાષાની શક્તિનો પણ એમને પૂરો અંદાજ આવવો જોઈએ. આટલે સુધી તો પૅનલના સભ્યો, બધા જ સક્ષમ નીવડે પણ પછીનું કામ, પાઠની વિદ્યાર્થીભોગ્ય રજૂઆત કરવાનું કામ આસાન નથી હોતું. આવા પાઠો લખવાનું કામ જ્યારે-જ્યારે મોહનભાઈને સોંપાયું છે ત્યારે એમણે ઉત્તમ રીતે પાર પાડ્યું છે. પાઠ્યપુસ્તકના નિર્માણના સામાજિકીકરણ પછીના પાઠ્યપુસ્તક-નિર્માણનો ઇતિહાસ જ્યારે લખાશે ત્યારે ગુજરાતીનાં પાઠ્યપુસ્તકોના નિર્માણમાં મોહનભાઈએ આપેલ યોગદાનની આદરપૂર્વક નોંધ લેવાશે એમાં મને લેશમાત્ર શંકા નથી.

શાલેય પાઠ્યપુસ્તકોના નિર્માણમાં સંપાદક તરીકે મોહનભાઈનું યોગદાન છે તે વિશે આપણે જોયું પરંતુ માત્ર પાઠ્યપુસ્તકોના સંપાદક તરીકેની મોહનભાઈની ઓળખ ઘણી અધૂરી ગણાય. સાહિત્યક્ષેત્રે પણ મોહનભાઈનું સંપાદક તરીકેનું યોગદાન ઘણું મહત્ત્વનું છે. મોહનભાઈએ સંપાદનો ઝાઝી સંખ્યામાં ભલે નથી આપ્યાં, પણ એમનાં સંપાદનો ગુણવત્તાની દૃષ્ટિએ ઉત્તમ ગુણવાળાં છે. આ સંપાદનોમાં મોહનભાઈનાં અભ્યાસ, સાહિત્યસૂઝ અને સંપાદક તરીકેની નિષ્ઠા પૂરેપૂરાં દેખાય છે.

'મોપાસાંની શ્રેષ્ઠ વાર્તાઓ'માં પ્રસ્તાવના રૂપે મોપાસાં વિશે જે અભ્યાસ લેખ આપ્યો છે તે મોહનભાઈની વિદ્વત્તાનો પૂરો પરિચય કરાવે છે.
'મોપાસાંની શ્રેષ્ઠ વાર્તાઓ'માં કુલ વીસ વાર્તાઓ છે. જે-તે લેખકની શ્રેષ્ઠ રચનાઓનાં સંપાદનો જોવામાં આવે ત્યારે મને પહેલો પ્રશ્ન એ થાય છે કે સંપાદકે આ લેખકની કુલ કેટલી રચનાઓ વાંચી હશે ? મોહનભાઈ કહે છે 'મોપાસાંએ લગભગ ૩૦૦ વાર્તાઓ અને ૬ નવલકથાઓ લખી છે. આ ૩૦૦ વાર્તાઓ બધી જ અંગ્રેજીમાં ઊતરી હોય એવું નથી, પણ જે જાણીતી અને સારી વાર્તાઓના અનુવાદ થયા છે એ બધી મેળવવાનો મેં નિષ્ઠાપૂર્વક પ્રયત્ન શરૂ કર્યો. ઈ. સ, ૧૯૫૦ની આસપાસ મેં ત્રણેક જુદા-જુદા સંગ્રહો વાંચેલા એમાં વાઇકિંગ લાઇબ્રેરીના પ્રકાશનનો મોપાસાંની વાર્તાનો સંગ્રહ ખૂબ ગમી ગયેલો. આઠમા દાયકામાં મોપાસાંની ૮૮ વાર્તાઓનો સંગ્રહ 'રીડર્સ ડાયજેસ્ટ' દ્વારા પ્રગટ થયેલો જે સર્વ વિદ્યાલયના પુસ્તકાલયમાં ઉપલબ્ધ હતો. આ ઉપરાંત ફ્રૅન્ચ વાર્તાકારોના બે સંગ્રહો જે મારી પાસે

હતા. તે ઉપરાંત વિશ્વની શ્રેષ્ઠ વાર્તાઓના બેચાર સંગ્રહો (આવો એક ભારત -બર્મા - સિલોનવાળું ટાઇમ્સ ઑફ ઇન્ડિયાનું પ્રકાશન - જગતની શ્રેષ્ઠ વાર્તાઓનો દળદાર ગ્રંથ, જેમાં શેપિયા રંગમાં સર્જકોના સુંદર ફોટોગ્રાફ છે. આમ લગભગ સવાસો ઉપરાંતની સંખ્યામાં મેં મોપાસાંની વાર્તાઓના અંગ્રેજી અનુવાદ ગુજરાતી અનુવાદ કરવાના હેતુથી વાંચ્યા.'

મોહનભાઈના આ કથન પરથી ખ્યાલ આવશે કે વીસ વાર્તાઓ પસંદ કરવા માટે મોહનભાઈ અત્ર-તત્ર-સર્વત્ર કેવા ઘૂમી વળ્યા હતા!

પોતાના સંપાદનમાં કોઈ પણ સંપાદકે પોતે પસંદ કરેલી કૃતિઓ અંગેનો પોતાનો દૃષ્ટિકોણ રજૂ કરવો જોઈએ. પોતે લેખકની જે-જે રચનાઓ વાંચી હોય તેમાંથી આ અમુક રચનાઓ શા માટે પસંદ કરી તેનું બયાન સંપાદકે આપવું જોઈએ. કૃતિ પસંદગી માટેના માપદંડ અંગે સંપાદક તદ્દન સ્પષ્ટ હોવા જોઈએ.

'મોપાસાંની શ્રેષ્ઠ વાર્તાઓ'ના સંપાદનમાં મોહનભાઈએ વાર્તાઓની પસંદગી પાછળનો પોતાનો દૃષ્ટિકોણ સુપેરે સ્પષ્ટ કર્યો છે. આવાં સંપાદનોમાં સંપાદકનાં રસરુચિ અગત્યનો ભાગ ભજવે છે તે ખરું, પણ આ રસરુચિ એટલાં બધાં અંગત કે વૈયક્તિક ન હોવાં જોઈએ કે જેના આધારે પસંદ થયેલી કૃતિઓમાં સાહિત્યનાં સાચાં રસરુચિવાળા મોટા ભાગના ભાવકોને એમાં રસ ન પડે. 'મોપાસાંની શ્રેષ્ઠ વાર્તાઓ'ના મોહનભાઈના સંપાદનમાં ટૂંકી વાર્તાઓના ચાહકોને તેમજ મોપાસાંના ચાહકોને અવશ્ય રસ પડે એમ ખાતરીપૂર્વક કહી શકાય.

'ગુજરાતી પ્રતિનિધિ લઘુકથાઓ' પણ મોહનભાઈનું યશોદાયી સંપાદન છે, ગુજરાતી ભાષા-સાહિત્યને લઘુકથાનું કલાસ્વરૂપ મોહનભાઈની આગવી ભેટ છે. મોહનભાઈ યોગ્ય રીતે લઘુકથાના 'પિતા' ગણાય છે. આટલું મોટું સન્માન મળવાં છતાં મોહનભાઈમાં એટલી બધી શાલીનતા, એટલી બધી નમ્રતા અને એટલું બધું અભિજાત્ય છે કે પોતે ગુજરાતી ભાષાને આટલું મોટું અર્પણ કર્યું છે તોપણ એનું સહેજેય અભિમન એમના મનમાં નથી. આ વાત નાની નથી એ તરફ મારે ધ્યાન દોરવું છે. મોહનભાઈએ લઘુકથાના કલાસ્વરૂપમાં પ્રારંભકાર તરીકેની ભૂમિકા તો ભજવી પણ આજ સુધીમાં મોટી સંખ્યામાં અને ઊંચી ગુણવત્તામાં ઉત્તમ લઘુકથાઓ આપનાર એકમાત્ર સર્જક પણ તેઓ જ રહ્યા છે. અહીં સ્વાભાવિક રીતે ગુજરાતી ભાષાને ખંડકાવ્યનું, કલાસ્વરૂપ આપનાર કવિ 'કાન્ત' યાદ આવે. કવિ કાન્તે સૌ પહેલાં ખંડકાવ્યો લખ્યાં એટલું જ નહીં, એમણે એવાં કમનીય અને કલાપૂર્ણ ખંડકાવ્યો લખ્યાં કે એમના પછી સંખ્યાબંધ ખંડકાવ્યો લખાયાં છતાં ખંડકાવ્યોના ક્ષેત્રે આજપર્યંત કવિ કાન્ત જ સર્વશ્રેષ્ઠ રહ્યા છે. મોહનભાઈ પછી અનેક લેખકોએ લઘુકથાઓ લખી છે. એક સમયગાળામાં તો ગુજરાતી ભાષામાં લઘુકથાઓનું પૂર આવ્યું હતું એમ કહેવાય. પણ આજ સુધીમાં સર્વ લઘુકથાકારોમાં મોહનભાઈ સર્વશ્રેષ્ઠ રહ્યા છે. લઘુકથાના કલાસ્વરૂપ વિશે એમનું ચિંતન સતત ચાલતું રહ્યું છે. દેશ-વિદેશની લઘુકથાઓ તેઓ સતત વાંચતા રહ્યા છે. એટલું ગુજરાતી ભાષામાં આજ સુધીમાં લખાયેલી બધી જ લઘુકથાઓ એમણે વાંચી છે એટલે ગુજરાતી ભાષામાં લઘુકથાના સંપાદન માટે મોહનભાઈનું નામ સર્વથા યોગ્ય ગણાય. 'ગુજરાતની પ્રતિનિધિ લઘુકથાઓ'માં મોહનભાઈએ ગુજરાતી ભાષામાં લખાયેલી લઘુકથાઓમાંથી વીણી-વીણીને પ્રતિનિધિરૂપ કહેવાય એવી લઘુકથાઓ રજૂ કરી છે. લઘુકથાના કલાસ્વરૂપ અંગે આપણે ત્યાં હજુ ઠીક-ઠીક અસ્પષ્ટતા જોવા મળે છે. આ બાબત ધ્યાનમાં રાખી મોહનભાઈએ આ સંગ્રહમાં સમાવિષ્ટ એવી પ્રત્યેક લઘુકથાનો મિતાક્ષરી પરિચય પણ કરાવ્યો છે. '૪૦ લઘુકથાઓ' એ સંપાદનમાં પણ પ્રતિનિધિરૂપ કહેવાય એવી ૪૦ લઘુકથાઓ કડીના સર્જકોની છે. એ આ સંપાદનની એક વિશિષ્ટતા છે. 'કડી' મોહનભાઈની કર્મભૂમિ. અહીં મોહનભાઈ ઘણાં વર્ષો રહ્યા. કડીમાં એમણે શિક્ષણક્ષેત્રે ઉત્તમ પ્રદાન કર્યું જ, પણ અનેક વ્યક્તિઓમાં પડેલી સર્જનશક્તિ એમણે સંકોરી. મોહનભાઈને કારણે કડીના સર્જકો લઘુકતાના કણસ્વરૂપ પરત્વે આકર્ષાયા. ગુજરાતી ભાષામાં લઘુકથાના ક્ષેત્રે નોંધપાત્ર અર્પણ કરનારા સર્જકો છે, એમાંથી ૩-૪

ભાગના (કદાચ એથી પણ વધારે) કડીના છે. કડીમાં મોહનભાઈના કારણે લઘુકથાની આબોહવા સર્જાઈ છે. એટલે 'કડી'ને લઘુકથાનું પિયર કહેવામાં કશું ખોટું નથી. લઘુકથાના કલાસ્વરૂપને ગુજરાતમાં પ્રતિષ્ઠિત કરનાર બે નામો ગુજરાત કાયમ યાદ રાખશે : તંત્રી તરીકે 'કુમાર'ના તંત્રી સ્વ. બચુભાઈ રાવત અને સર્જક તરીકે મોહનલાલ પટેલ.

મોહનભાઈની બહુમુખી પ્રતિભાનાં અનેક પાસાં છે. પણ અહીં મારે એમના સંપાદક તરીકેના પાસાને જ વિશેષે કરીને ઉજાગર કરવાનું હતું. એટલે મારી ચર્ચા આ પાસા પૂરતી સીમિત રાખી છે. મોહનભાઈનું આ પાસું પણ એટલું બધું મજબૂત છે કે હું એમને પૂરતો ન્યાય આપી શક્યો હોઉં તો સારું એવી લાગણી આટલું લખ્યા પછી પણ મને થાય છે.

**રતિલાલ બોરીસાગર**

# હૃદયસ્થ શ્રી મોહનલાલ પટેલ

**જિતેન્દ્ર કા. વ્યાસ**

શ્રી મોહનલાલ બાભાઈદાસ પટેલ એટલે કવિતા સિવાયનાં સર્વ સાહિત્યસ્વરૂપોમાં અનેરું અને ઊંચેરું પ્રદાન કરનાર, અનેક પારિતોષિકોની પ્રાપ્તિથી પારિતોષિકોનું પણ ગૌરવ વધારનાર, અંગ્રેજી, ગુજરાતી, અને સંસ્કૃત સાહિત્ય ઉપરાંત ઇતિહાસ-ભૂગોળના ઉત્તમ અભ્યાસી અને આરાધક, વિદ્યાર્થીવત્સલ આચાર્ય, શ્રી ભોળાભાઈ પટેલ જેવાના દીક્ષાગુરુ અને નવોદિત સર્જકોને માર્ગદર્શન આપનાર મહાન વિભૂતિ. લઘુકથાના જનક અને ગુજરાતીમાં લઘુકથાના સ્વરૂપને દૃઢમૂળ કરનાર સર્જક તો ખરા જ, વળી મધ્યકાલીન અને અર્વાચીન પાટણના ઇતિહાસનાયે જ્ઞાતા. પોતાના પાટણસ્થિત મહોલ્લા જોગીવાડાના ઇતિહાસમાં પણ એમને અપાર રસ.

એમની જન્મભૂમિ પાટણ પણ કર્મભૂમિ તો કડી જ. એ બંનેને જોડતી પ્રેમની, હેમની કડી એટલે મોહનલાલ પટેલ. સાહિત્યની દુનિયામાં એ ભલે મોહનલાલ રહ્યા, અમારે મન તો એ મોહનભાઈ જ.

૧૯૬૪માં બી. એ.માં પ્રથમ વર્ગ મેળવી હું પાટણની કૉલેજમાં અધ્યાપક થયો અને અધ્યાપન દરમિયાન પાટણના મધ્યકાલીન અને અર્વાચીન સર્જકોમાં ઊંડો અને વિશેષ રસ પડવા માંડ્યો. એટલે મોહનભાઈ પ્રત્યે આદર અને આકર્ષણ જાગ્યાં.

હું અને મારા કવિમિત્ર સ્વ. વિષ્ણુ કલાલ 'બાદલ' એ સમયે સર્જનક્ષેત્રે પ્રવૃત્ત. અમે પાટણમાં કોઈ સાહિત્યવર્તુળની સ્થાપના કરવાનું વિચારતા હતા. રાંધેજાનિવાસી સાક્ષર, સંશોધક અને કવિ શ્રી જેઠાલાલ ત્રિવેદીએ એ માટે પ્રેરણા અને પ્રોત્સાહન આપ્યાં અને તા. ૨-૧૧-૧૯૭૧ને દેવદિવાળી સં. ૨૦૨૮ના રોજ 'ભાલણ સાહિત્યસભા'ની અમે સ્થાપના કરી. અમારા સાહિત્યવર્તુળનું નામ 'ભાલણ સાહિત્યસભા' રાખવું એવું શ્રી જેઠાલાલ ત્રિવેદીએ જ અમને સૂચવેલું.

'ભાલણ સાહિત્યસભા'ની સ્થાપનાના શુભ સમાચાર અમે શ્રી મોહનભાઈને પત્રથી મોકલ્યા. ત્યારે તેઓશ્રીએ એમના તા. ૧૨-૭-૧૯૭૨ના પત્રમાં અમને લખ્યું,

'ભાલણ સાહિત્યસભા' સ્થપાયાનું આપના પત્ર દ્વારા જાણી ખૂબ ખૂબ આનંદ થયો. પાટણના વતની તરીકે મને વિશેષ આનંદ થાય એ સ્વાભાવિક છે. કડી સાહિત્યવર્તુળના મિત્રોને પણ ખૂબ આનંદ થયો છે. 'ભાલણ સાહિત્યસભા'ની પ્રવૃત્તિ, પ્રગતિ અને યશ ઉત્તરોત્તર વધતાં રહે એવી શુભકામના અમારા વર્તુળ તરફથી આપને પાઠવું છું. અમારો આપને હરહંમેશ સાથ અને સહકાર રહેશે.'

પત્ર મળતાં અમારા ઉત્સાહમાં અભિવૃદ્ધિ થઈ

અને અમે 'ભાલણ સાહિત્યસભા'ની દ્વિતીય વર્ષગાંઠ એમના સાંનિધ્યમાં તા. ૨૫-૧૧-૧૯૭૩ને દિને ઊજવી.

❊

મેં એમને અંગ્રેજીમાં પણ લખવાનું એક પત્ર દ્વારા સૂચવેલું. એના ઉત્તરરૂપે એમનો તા. ૨૯-૪-૧૯૯૪નો પત્ર આવ્યો. એમાં એમણે લખેલું :

'ગઈ કાલે વડોદરાથી આવીને તમારો પ્રેરણાસભર પત્ર વાંચ્યો. ખૂબ આનંદ થયો. પત્ર અને તમે પાઠવેલાં અભિનંદન માટે ખૂબ ખૂબ આભારી છું.

જ્યારે-જ્યારે તમને મળવાનું થયું છે ત્યારે કંઈક ને કંઈક પ્રેરણા પામ્યો છું. (હજુ અંગ્રેજીમાં લખવાનું તમારું સૂચન મારી નજર આગળ જ છે.)

એક વિશ્વકોશની અંગ્રેજી આવૃત્તિ માટે મેં બે લેખ તૈયાર કરી આપ્યા હતા. તે છપાયા છે. આ સહજ તમારી જાણ સારુ.

મે મહિનામાં પાટણ આવવાનું છે. એકાદ મહિનો રહીશ ત્યારે તમને મળાશે.'

❊

તા. ૩૦-૧૨-૧૯૯૮ના પત્રમાં તેમણે લખેલું :

'આપે પાઠવેલાં અભિનંદન માટે આભારી છું. જ્યારે-જ્યારે આપણે મળ્યા છીએ ત્યારે તમારી પાસેથી પ્રેરણાના બોલ સાંપડ્યા છે. અર્થાત્ જે કંઈ લખાય છે એની પાછળ આપ જેવા મિત્રોનાં પ્રેરણા અને પ્રોત્સાહન રહેલાં છે.'

❊

શ્રી મોહનભાઈને ધનજી કાનજી એવૉર્ડ મળ્યો ત્યારે મેં પાઠવેલાં અભિનંદનના ઉત્તરરૂપે એમણે તા. ૩-૯-૨૦૦૪ના રોજ પત્ર લખ્યો.

'તમારો પત્ર મળ્યો છે. ધનજી કાનજી એવૉર્ડ માટે તમે પાઠવેલાં અભિનંદન માટે આભારી છું. તમારી શુભેચ્છા તો હંમેશાં મને મળતી જ રહી છે, જે સમયે-સમયે મારા માટે પ્રેરકબળ બનતી રહી છે.'

❊

મેં 'મોહનલાલ પટેલ અધ્યયન ગ્રંથ' માટે એમની નવલકથા 'જલતા હિમગિરિ' ઉપર એક લેખ લખ્યો હતો. એ પછી એમણે એમના તા. ૨૫-૩-૨૦૦૯ના પત્રમાં મને લખ્યું હતું :

'તમારા તરફથી શુભેચ્છા અને પ્રોત્સાહન વર્ષોથી મળ્યા કરે છે. અધ્યયનગ્રંથ માટે તમે મારી નવલકથાનો વિસ્તારપૂર્વક સરસ વિવેચનલેખ મોકલી આપીને ગ્રંથની ગુણવત્તામાં કેટલો બધો ઉમેરો કરી આપ્યો હતો !

❊

પાટણમાં વર્ષોથી 'ડૉ. પંડ્યા અભ્યાસગૃહ' ચાલે છે તેને બધા જ જાણે છે, પણ ડૉ. પંડ્યા વિશે ભાગ્યે કોઈને કંઈ ખબર હશે.

શ્રી મોહનભાઈએ ડૉ. પંડ્યા વિશે માહિતી એકઠી કરીને એમના વિશેનો એક લેખ 'કુમાર'માં લખેલો. મેં એ લેખ વાંચીને શ્રી મોહનભાઈને પત્ર લખેલો એના જવાબમાં તેમણે તા. ૧૬-૨-૨૦૧૦ના પત્રમાં જણાવ્યું :

'તમારા પત્રનો આટલા વિલંબે પ્રત્યુત્તર આપવા માટે પ્રથમ ક્ષમા યાચી લઉં. સેટેલાઇટ રોડ પર વિવિધ સંસ્થાઓ એટલો બધો વિસ્તાર રોકીને ગોઠવાઈ ગઈ છે કે પોસ્ટ ઑફિસ (અને બૉક્સ પણ) બે કિલોમીટરને અંતરે છે. રિક્ષા પણ અર્ધા કિ.મી. અંતર કાપ્યા પછી મળે, ઉંમર (૮૩ વર્ષ)ના કારણે બેત્રણ કામ ભેગાં થાય ત્યારે બહાર નીકળાય છે. પત્રલેખનના કામમાં થયેલા વિલંબનું આ કારણ.

ડૉ. પંડ્યા પરના લેખના આટલા સુંદર પ્રતિભાવ માટે ખૂબ આભારી છું. તમારું સૂચન (અન્ય મહાનુભાવોના ચરિત્રલેખ માટે) બહુ ઉપયોગી છે. કેટલાક સમયથી કોટાવાલા ઉપર લખવાનું વિચારું છું. માહિતી મેળવવી અઘરી છે. પ્રયત્ન કરીશ.

આંખે ઝામરની થોડી તકલીફ છે. બાકી તબિયત સારી. કુશળ હશો.

❊

એમના પત્રોમાં અભિમાનનો સદંતર અભાવ, નરી નમ્રતા, ગુણગ્રાહીતા અને બીજાને મોટા દેખાડવાની વૃત્તિ જણાઈ આવે છે. આ ગુણો કોઈ પણને માટે અનુકરણીય છે.

❊

શ્રી મોહનભાઈએ તો મારા ઉપર મોટો ઉપકાર કર્યો છે, જેનાથી તેઓ પણ અજ્ઞાત હતા.

હું ૧૯૬૪માં બી. એ.માં પ્રથમ વર્ગ મેળવી પાટણની આર્ટ્સ કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકે

જોડાયો. એમ.એ. પણ કર્યું અને એ પછી તરત જ એમ.એ.ના વર્ગમાં અધ્યાપન પણ કર્યું. શિક્ષણ અને સાહિત્યમાં સતત મગ્ન રહેતો હતો. દિવસો આનંદથી જતા હતા.

ત્યાં ૧૯૭૭માં હાયર સેકંડરી આવી અને મારે સરપ્લસ થવું પડ્યું.

બી. એ.માં ભણતો ત્યારથી કૉલેજના અધ્યાપક થવાનું સ્વપ્ન સેવેલું. એ સ્વપ્ન સિદ્ધ પણ થયું. પણ કૉલેજમાં આટલાં બધાં વર્ષ અધ્યાપન કર્યા પછી હાઈસ્કૂલના શિક્ષક થવાનું ! અને એને માટે અરજી કરવાની અને ઇન્ટરવ્યૂ પણ આપવાનો ! મારા માથે વીજળી ત્રાટકી. હું ઘોર હતાશામાં આવી ગયો. જીવન વ્યર્થ લાગવા માંડ્યું. જીવનમાંથી રસ જ ઊડી ગયો. પ્રાણ હતા છતાંય નિષ્પ્રાણ હતો.

પણ મને શ્રી મોહનભાઈનો દાખલો યાદ આવ્યો. તેઓશ્રીએ કૉલેજના અધ્યાપકપદને સવિવેક છોડી દઈને માધ્યમિક શાળામાં જવાનું પસંદ કર્યું અને શિક્ષણ અને સાહિત્યમાં અપાર પ્રગતિ કરી. મારી હતાશા ઓસરવા માંડી. અને પછી તો મારી શાળા (શેઠ એમ. એન. હાઈસ્કૂલ, પાટણ)ના શિક્ષણકાર્યમાં મને કૉલેજના શિક્ષણકાર્ય જેટલો રસ પડવા માંડ્યો. કિશોરવયનાં બાળકોને સમજવાની અને એમને સમજાવવાની શક્તિ પાંગરી. અને ૧૯૮૦માં Re-call થયો ત્યારે અધ્યાપનમાં અને સાહિત્યપ્રવૃત્તિમાં રસ બેવડાયો અને ૧૯૮૨માં મારો પ્રથમ કાવ્યસંગ્રહ 'ભમ્મરિયું મધ' પ્રગટ કર્યો. શ્રી મોહનભાઈનું જીવન આ રીતે મારા માટે પ્રોત્સાહક અને પ્રેરણાદાયક બન્યું.

❊

એક દિવસ શ્રી મોહનભાઈના ભત્રીજા શ્રી અમૃતભાઈ પટેલ (બૂકસેલર) ઓચિંતા મારે ઘેર આવ્યા. આવીને કહ્યું : 'કાકા તમને હમણાં ને હમણાં બોલાવે છે.' નવાઈ લાગી.

હું તરત જ ગયો. શ્રી મોહનભાઈને મળ્યો.

શ્રી મોહનભાઈએ કહ્યું : 'ગાંધીનગરની, અમારી સંસ્થાની કૉલેજમાં આચાર્યની પસંદગી કરવાની છે. તમારા નિકટના સાથી એવા ડૉ. સોમભાઈ સી. પટેલ વિશે તમારો અંગત અભિપ્રાય જણાવો.'

મેં ડૉ. સોમભાઈની અધ્યયનશીલતા, અધ્યયનદક્ષતા, વિદ્યાર્થીવત્સલતા, આયોજનબદ્ધતા વગેરેની વાત કરી.

એમણે કહ્યું : 'આચાર્યની જગ્યા માટે સૌથી મહત્ત્વનો ગુણ, ચારિત્ર્યશુદ્ધિ છે. એમની ચારિત્ર્યશુદ્ધિ કેટલી ?'

મેં કહ્યું : 'સો ટકા. એમના વિશેષ ગુણ છે આજ્ઞાંકિતતા, નમ્રતા, વાણીવ્યવહારમાં વિનય અને વિવેક.'

શ્રી મોહનભાઈની નજરમાં હું આટલો બધો વિશ્વસનીય છું એ જાણી મને અપાર આનંદ થયો.

શ્રી મોહનભાઈએ મારા અભિપ્રાયને માન આપ્યું. ડૉ. સોમભાઈને આચાર્યપદે આસીન કરાયા. થોડાંક વર્ષો પછી શ્રી મોહનભાઈએ સાચો અભિપ્રાય આપવા બદલ મારો આભાર માન્યો. મેં ડૉ. સોમભાઈ વિશે જે કહ્યું હતું તે બધું જ સાચું હતું. એ અનુભવે તેમને સમજાયું. શ્રી મોહનભાઈએ મારું ગૌરવ કર્યું. અને મારો અભિપ્રાય સાચો પાડવા બદલ હું ડૉ. સોમભાઈનો પણ આભારી છું. ડૉ. સોમભાઈ આચાર્યપદેથી નિવૃત્ત થયા પછીયે સંસ્થાએ એમને ડિરેક્ટરપદે નીમીને એમની સેવા લેવાનું ચાલુ રાખ્યું છે.

❊

શ્રી મોહનભાઈ જેવા શારદોપાસક શિક્ષણકાર, ડૉ. સોમભાઈ જેવા આચાર્ય અને કડી સર્વ વિદ્યાલય જેવી સંસ્થા ક્યાંક જોવા મળે તો આનંદ-આનંદ થઈ જાય.

આજે શ્રી મોહનભાઈ સ્વર્ગસ્થ છે, પણ કેટલાય વિદ્યાર્થીઓ, કેળવણીકારો અને સાહિત્યકારોના હૃદયસ્થ છે; તેઓ આંખ સામેથી ખસી ગયા છે, પણ બધાંના અંતરમાં વસી ગયા છે. સ્થૂળ રીતે સ્વર્ગસ્થ છે, સૂક્ષ્મ રીતે હૃદયસ્થ

**(અનુષ્ટુપ)**

મોહનભાઈનો અર્થ પુર પાટણ ને કડી.
બંનને જોડતી રમ્ય પ્રેમની, હેમની કડી.

**જિતેન્દ્ર કા. વ્યાસ**
પ્લોટ નં. ૩૪૦ ૧, સાંઈનાથ ડુપ્લેક્ષ,
ચર્ચ સામે, સેક્ટર ૨૩, ગાંધીનગર-૩૮૨૦૨૪
મો. ૯૯૦૯૨ ૮૬૨૫૯

# સ્મરણસેતુ પર સાહેબ સાથે સંવેદનસભર સફર

પ્રસાદ બ્રહ્મભટ્ટ

બે-ત્રણ વર્ષ પહેલાં દિવાળી પછી નવા વર્ષે આશીર્વાદ લેવા પૂ. મોહનભાઈ સાહેબના ઘેર (કડીની ઝવેરી હાઈસ્કૂલના નિવૃત્ત ઉર્દૂ શિક્ષક) શ્રી કાદરીસાહેબ સાથે ગયો હતો. મયંકભાઈ પણ ઘરે હતા તેથી નિરાંતે એકાદ કલાક બેસવાનું થયું. સાહેબ સ્વસ્થ હતા. સાહિત્ય અને અન્ય વિષયો પર ખાસ્સી વાતો થઈ. નેવું વર્ષે પણ સાહેબ કેવા સક્રિય અને મેધા-સ્મરણશક્તિ સંપન્ન છે એ જોઈ સાનંદાશ્ચર્ય થયેલું. કાદરીને 'ટાઇમ કૅપ્સ્યૂલ' વાંચવી હતી. મારી નકલ વંચાઈ ગયા પછી તે દિવસોમાં ગોધરાથી એકેડેમિક સ્ટાફ કૉલેજમાં વ્યાખ્યાન આપવા આવેલા કવિ-નિબંધકાર શ્રી રઘુવીર દેસાઈ વાંચવા લઈ ગયેલા. સાહેબે એક નકલ પ્રેમપૂર્વક કાદરીને ભેટ આપી. એ પછી સાહેબને મળવાનું ન થયું. વચ્ચે મયંકભાઈ મળેલા ત્યારે સાહેબના સમાચાર પૂછેલા.

૨૦૨૦ના આરંભે 'ટાઇમ કૅપ્સ્યૂલ'ની શોધિતવર્ધિત આવૃત્તિ કુરિયર દ્વારા મળી ત્યારે હું 'ભજ ગોવિંદમ્' અને ' તૈત્તિરીય ઉપનિષદ'ની હસ્તપ્રતો પર કામ કરી રહ્યો હતો. પ્રકાશકોને મારે માર્ચ મહિનામાં હસ્તપ્રત આપવાની હતી તેથી પુસ્તક છાજલીમાં મૂકી દીધું. અગાઉ (૨૦૧૩માં) વાંચેલું હતું જ તેથી તરત વાંચવાની ઉત્સુકતા ન હતી. ૨૦મી ફેબ્રુઆરીએ સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા સાહેબે સંપાદિત કરેલ 'ગુજરાતી લઘુકથા સંચય'ની નકલ મળી ત્યારે એક હસ્તપ્રત તૈયાર થઈ ગઈ હતી અને બીજી પૂર્ણતાને આરે હતી તેથી પુસ્તક ઝીણવટપૂર્વક વાંચી લીધું. સાહેબે તેમના સ્વભાવ પ્રમાણે સંપાદન સૂઝ અને નિષ્ઠાપૂર્વક કર્યું હતું એ જોઈ શકાયું. લઘુકથાના જનકે વાત્સલ્યપૂર્વક પોતાના માનસસંતાનને સુદઢ બનાવવા જીવનની ઢળતી સાંજે પણ સમર્થ પ્રયાસ કર્યો.

ફેબ્રુઆરીના અંત સુધીમાં મારી બીજી હસ્તપ્રત પણ તૈયાર થઈ ગઈ. ચોથી માર્ચે ગુ. યુનિ. ભાષાભવનના ગુજરાતી વિભાગના અધ્યાપકોએ શ્રી રઘુવીર ચૌધરી, સુમન શાહ વગેરે નિવૃત્ત પ્રાધ્યાપકોની ઉપસ્થિતિમાં સ્નેહસંમેલન સાથે એક દિવસીય સેમિનાર યોજ્યો હતો. મારે અનુવાદ વિશે બોલવાનું હતું. આખો દિવસ ભાષાભવનમાં જૂના મિત્રો સાથે આનંદપૂર્વક પસાર થયો. બીજા દિવસે ગુ. યુનિ.ના પત્રકારત્વ વિભાગનું નિમંત્રણ મળ્યું. ૧૨મી માર્ચે મારે રવીન્દ્રનાથ ટાગોરના જીવન-સાહિત્ય વિશે બે વ્યાખ્યાનો લેવાનાં હતાં. આખું અઠવાડિયું રવીન્દ્ર સાહિત્યના પરિશીલનમાં પસાર થયું. ૧૨મીએ સાંજે રવીન્દ્રનાથનાં પુસ્તકો યથાસ્થાને ગોઠવી દીધાં. કોરોના કહેરની શરૂઆત થઈ ગઈ હતી. હવે બહાર નીકળાશે નહીં એવો ખ્યાલ આવી ગયો. ઘણા દિવસો પહેલાં તત્ત્વતીર્થમાંથી પૂ. સ્વામી વિદિતાત્માનંદજીના બે અંગ્રેજી પુસ્તકો 'અદ્વૈત મકરંદ' અને 'દૃક્ દૃશ્યવિવેક' લાવ્યો હતો તે હવે શાંતિથી વંચાશે એમ માની મેડા ઉપરથી નીચે લઈ આવ્યો. ૧૩મીએ સવારે 'દૃક્ દૃશ્યવિવેક' વાંચવું શરૂ કર્યું. હજુ તો કેવળ પ્રસ્તાવના-ભૂમિકા વાંચી હતી ત્યાં તો એકાએક મને 'ટાઇમ કૅપ્સ્યૂલ' યાદ આવી. ઉપર જઈ લઈ આવ્યો. આખો દિવસ વાંચ્યું. નવાં ઉમેરેલાં પ્રકરણો વાંચ્યાં. મણિભાઈએ લીધેલી મુલાકાત આખી વાંચી. કોઈ નિમિત્ત કે કશી અનિવાર્યતા ન હોવા છતાં આજે કેમ એકાએક મને 'ટાઇમ કૅપ્સ્યૂલ' વાંચવાની ઇચ્છા સ્ફુરી એ સમજાયું નહીં. સાહેબ વિશે અમંગળ શંકા ઉદ્ભવવા જતી હતી પણ તેને દબાવી દીધી.

બીજા દિવસથી 'દૃક્ દૃશ્યવિવેક' હાથમાં લઈ અઠવાડિયામાં વાંચી લીધી પછી 'અદ્વૈત મકરંદ'નો સ્વાધ્યાય શરૂ કર્યો. દરમિયાન લૉકડાઉન શરૂ થઈ ગયું. મુંબઈનો જ્ઞાનયજ્ઞ પૂરો કરી સ્વામીજી અમદાવાદ તો

આવી ગયા પણ આશ્રમમાં થતા વર્ગો બંધ થયા. એપ્રિલમાં સ્વામીજીએ ઓનલાઇન વર્ગો શરૂ કર્યા અને ગીતા-ઉપનિષદના નિયમિત વર્ગોની સાથે 'અદ્વૈત-મકરંદ' વિશે પણ પ્રવચનો પ્રારંભાયાં. આનંદ થયો. કોરોનાના કહેર વચ્ચે, વિષાણુના ઝેર વચ્ચે સાચે જ અમૃતવર્ષાનો અનુભવ થવા લાગ્યો. એવામાં ૧૮મી એપ્રિલે શ્રી કાદરીનો ફોન આવ્યો. એણે સાહેબના અવસાનના સમાચાર આપ્યા. ક્યારે અવસાન થયું તેની તો તેને પણ જાણ ન હતી. એ પછી ૨૭મી મેના રોજ શ્રી મણિભાઈનો ફોન આવ્યો. પછી પત્ર વોટ્સએપમાં મળ્યો. તેમાં સાહેબના અવસાનની તારીખ વાંચી - ૧૩મી માર્ચ ૨૦૨૦ ! અઢી મહિના પછી તાળો મળી ગયો.

સ્મરણસેતુ પર સફર શરૂ કરી. સાહેબને પહેલી વાર ક્યાં કેવી રીતે મળવાનું - જાણવાનું થયેલું તે યાદ કરવા લાગ્યો. સરકારી પ્રાથમિક શાળાના ચોથા ધોરણમાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયો ત્યારે પિતાજીએ સ્કૂલમાં બેસાડવાનું નક્કી કર્યું. અમારા મહોલ્લા (કરણપુર, કડી)ના મારા બધા જ સાથીઓ, મિત્રો સર્વ વિદ્યાલયમાં ભણતા હતા તેથી મેં પણ ત્યાં જવાની જીદ કરી, પરંતુ પિતાજી પોતે ઝવેરી (તે સમયની કોઠારી) હાઈસ્કૂલમાં ભણ્યા હતા, તેમની (સ્ટેમ્પ વેન્ડરની) દુકાન એ સ્કૂલની બાજુમાં જ હતી અને અમારા ઘરથી સર્વ વિદ્યાલય કરતાં ઝવેરી હાઈસ્કલ પ્રમાણમાં નજીક હતી તેથી મને (મારી ઇચ્છા વિરુદ્ધ) ઝવેરી હાઈસ્કૂલમાં દાખલ કર્યો.

અમારા ગુજરાતીના શિક્ષક શ્રી રામજીભાઈ કડિયા લેખક હતા અને સાહેબના શિષ્ય હતા તેથી તેમની પાસેથી સાહેબ વિશે સાંભળવા મળતું. ઈ. સ., ૧૯૬૬માં કડીમાં સાહિત્યવર્તુળની સ્થાપના અમારી જ્ઞાતિના અગ્રણી વડીલ શ્રી સીતારામ શર્માના અધ્યક્ષસ્થાને થઈ હતી. દર અઠવાડિયે કડીના લેખકો તેમના ઘરે ભેગા થતા. હું ત્યારે નવમા ધોરણમાં હતો અને કાવ્યો-વાર્તાઓ લખવા માંડ્યો હતો. એક દિવસ સાંજે હું નગરના જાહેર ઉદ્યાનમાં સાંધ્ય ભ્રમણ કરી ઘરે પાછો જઈ રહ્યો હતો ત્યારે શ્રી સીતારામભાઈના ઘરમાંથી આઠદસ લેખકોને બહાર નીકળતા મેં જોયા. અમારા શિક્ષક શ્રી રામજીભાઈ તેમાં હતા. મેં તેમને નમસ્કાર કર્યાં. તેમની સાથે શ્રી મોહનભાઈ સાહેબ પણ હતા. એ વખતે પહેલી વાર તેમનાં દર્શન થયાં. પછી તો બીજા વર્ષે સાહેબ અમારી સ્કૂલમાં વ્યાખ્યાન આપવા આવેલા. તેમણે પન્નાલાલ પટેલ તથા તેમની નવલકથા 'મળેલા જીવ' વિશે રસપ્રદ વાતો કરી હતી. એ મને યાદ છે.

૧૯૬૯માં ડિસ્ટિંક્શન સાથે એસ.એસ.સી. પાસ થઈ હું કડીમાં થોડાં વર્ષ પૂર્વે શરૂ થયેલી સાયન્સ કૉલેજમાં પ્રી.સાયન્સના વર્ગમાં દાખલ થયો. કૉલેજ સર્વ વિદ્યાલયના કેમ્પસમાં હતી. ગુજરાતીના પેપરમાં અમારે 'મળેલા જીવ' ભણવાનું આવ્યું. સાહેબના શિષ્ય અને અચ્છા અધ્યાપક શ્રી દિલીપ રૉય ભણાવતા હતા. સાયન્સના વિષયોમાં રસ ન પડ્યો. સાહિત્યનો રસ વધવા લાગ્યો. સર્વ વિદ્યાલયના પ્રાકૃતિક પરિવેશમાં કાવ્યો સર્જવા લાગ્યાં. સ્કૂલ અને કૉલેજનો સમય એક જ હતો. સ્કૂલના જ કેટલાક વર્ગખંડોમાં કૉલેજ ચાલતી હતી. ફ્રી પિરિયડમાં કે કૉલેજ છૂટ્યા પછી સાહેબની ઑફિસમાં કે ક્યારેક ઘરે (જે કેમ્પસમાં જ હતું.) અવારનવાર પહોંચી જતો. રચાયેલાં કાવ્યો લઈ જતો. સાહેબ ધીરજથી વાંચતા અને હંમેશાં પૉઝિટિવ પ્રતિભાવ પાઠવતા. પ્રોત્સાહન મળતું. સાયન્સ ફૅકલ્ટીમાં ભૂલથી આવી ગયો છું એમ લાગતું, પણ આખું વર્ષ પૂરું કરવાનું મેં નક્કી કર્યું. બીજા વર્ષે આર્ટ્સમાં જઈશ. એવો નિર્ણય સાહેબ સમક્ષ જાહેર કર્યો. તેમણે ના ન પાડી, જવા માટે પ્રોત્સાહિત પણ ન કર્યો.

સાયન્સમાં રસ ન પડવા છતાં પ્રી.સાયન્સમાં ડિસ્ટિંક્શન માર્ક્સ આવ્યા હોઈ નવા પ્રિન્સિપાલ તરીકે આવેલા શ્રી નરોત્તમભાઈ પટેલે મને સાયન્સ ફૅકલ્ટી ન છોડવા અતિ આગ્રહ કર્યો, પણ મારા દૃઢ સંકલ્પ આગળ નમતું જોખી તેમણે ટ્રાન્સફર સર્ટિફિકેટ આપ્યું. આર્ટ્સમાં મને પ્રથમ વર્ષ બી. એ.માં પ્રવેશ મળ્યો. તેથી મારું વર્ષ બગડ્યું નહીં. ગુજરાતીના અધ્યક્ષ ડૉ. કાન્તિ રામી એ જ વર્ષે વડનગરમાં નવી કૉલેજ શરૂ થતી હોઈ તેમાં પ્રિન્સિપાલ તરીકે જોડાયા અને તેમને સ્થાને માણસાથી ડૉ. રતિલાલ વિ. દવે આવ્યા. શ્રી ભગવતભાઈ સુથાર અધ્યાપક હતા અને (નંદાસણવાળા) શ્રી માધુભાઈ પટેલ ખંડ સમયના અધ્યાપક હતા. સાયન્સ છોડીને આર્ટ્સમાં આવ્યો ત્યારે મોસાળમાં આવ્યો હોઉં એવું લાગેલું.

જલસા જ જલસા. ભણવાનું કોઈ ટેન્શન નહીં. અધ્યયન આનંદપ્રદ બન્યું. ઇતર પ્રવૃત્તિમાં ભાગ લેવાની, લખવાની મોકળાશ વધી ગઈ. એ વર્ષે (૧૯૭૦-૭૧) મોહનભાઈ સાહેબ કડી લાયન્સ ક્લબના ચાર્ટર સભ્ય થયા હતા અને તેની શૈક્ષણિક સમિતિના ચૅરમૅન બનેલા. અમારી કૉલેજના પ્રિ. એન. બી. જોશી પણ સભ્ય હતા. એ વર્ષે લાયન્સ ક્લબ તરફથી વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. કડીમાં હું પ્રથમ આવ્યો, પછી વિભાગીય સ્તર માટે પાલનપુર ગયો હતો ત્યાં પણ પ્રથમ આવતાં સ્ટેટ લેવલે પણ ભાગ લેવા અમદાવાદ આવ્યો હતો અને મીઠાખળીમાં આવેલ લાયન્સ હૉલમાં ફાઇનલ સ્પર્ધા યોજાયેલી. તેમાં મારી સ્પર્ધા દીપ્તિ શાહ સાથે થઈ હતી. સાહેબ મારા વક્તવ્યથી ખુશ થયેલા.

અમારી કૉલેજમાં અમે વર્ષ દરમિયાન અનેક સાહિત્યકારોને આમંત્રિત કરતા. શ્રી કે. કા. શાસ્ત્રી, અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ અને સાહેબનાં વ્યાખ્યાનો પ્રથમ વર્ષે થયેલાં. બીજા વર્ષે અમે શ્રી ગુલાબદાસ બ્રોકરને યુનિ. વ્યાખ્યાન માટે આમંત્રિત કરેલા. સવારે કૉલેજમાં પ્રવચન થયેલું. એ વર્ષે સાહેબના વાર્તાસંગ્રહ 'પ્રત્યાલંબન'ને ગુજરાત સરકારનો પુરસ્કાર મળેલો. તેથી કડી વાર્તાવર્તુળ તરફથી સાંજે શ્રી બ્રોકરના પ્રમુખસ્થાને તેમનું સન્માન કરવામાં આવેલું. મોટી સંખ્યામાં સાહિત્યરસિકો હાજર રહેલા.

ઈ. સ. ૧૯૭૨માં એક ઘટના ઘટી. જૂનમાં નવું શૈક્ષણિક સત્ર શરૂ થયું ત્યારે અમારા ખંડ સમયના વ્યાખ્યાતા શ્રી માધુભાઈએ તેમને કલોલ કૉલેજમાં પૂર્ણ સમયના વ્યાખ્યાતા બનવાની તક મળતાં અમારે ત્યાં રાજીનામું આપ્યું. તેમનો છ કે નવ તાસનો કાર્યભાર હતો. મારું ટી.વાય.નું વર્ષ શરૂ થયેલું. શ્રી મોહનભાઈ સાહેબ પાસે સ્કૂલમાં ભણવા મળેલું નહીં એનો મને રંજ હતો અને કૉલેજમાં (સિલેકશન થયું હતું છતાં કડીમાં આચાર્ય બનતાં) પોતાને અધ્યાપનની તક ન મળી તેનો રંજ તેમને પણ હતો. મારી આગળ અનેક વાર તેમણે તે પ્રગટ કરેલો. મને વિચાર આવ્યો - માધુભાઈની ખાલી જગ્યાએ મોહનભાઈ સાહેબને બોલાવીએ તો કેવું ! મેં પ્રિ. જોશીસાહેબને વાત કરી. મોહનભાઈ સાહેબની આચાર્ય તરીકેની પૂર્ણ સમયની કામગીરીને કારણે ખંડ સમયના અધ્યાપક બનવું તેમને માટે શક્ય ન હતું. માનદ્ મુલાકાતી અધ્યાપક તરીકે તેમને બોલાવી શકાય. અમારા વિભાગના બંને પ્રાધ્યાપકો (જે પૈકી એક તો તેમના વિદ્યાર્થી અને પ્રશંસક હતા, છતાં)ને તે પસંદ ન હતું. તેમણે જાહેરમાં તેમનો અણગમો પ્રગટ કરવા માંડ્યો; પરંતુ હું સાહેબને બોલાવવાનો સંકલ્પ કરી ચૂક્યો હતો. પ્રિન્સિપાલે કડી કેળવણી મંડળના ચૅરમૅન-સેક્રેટરીને સમજાવ્યા. તેઓ સંમત થયા અને અઠવાડિયામાં બે દિવસ ચાર તાસ માટે સાહેબને બોલાવવાનું નક્કી થયું. બંને પ્રાધ્યાપકોને ન ગમ્યું, પણ વિદ્યાર્થીઓ ખુશ થયા. આખું વર્ષ સાહેબ નિયમિત આવ્યા અને વર્ષાંતે મંડળે પણ સાહેબના મોભાને અનુરૂપ માનદ્ વેતન આપ્યું. કડીના લગભગ બધા લેખકો (તથા ભોળાભાઈ અને રઘુવીરભાઈ પણ) સાહેબના સ્કૂલના વિદ્યાર્થીઓ, માત્ર હું જ (અને મારી બેચના વિદ્યાર્થીઓ) સાહેબનો એકમાત્ર કૉલેજનો વિદ્યાર્થી બન્યો ! અમારા બંને પ્રાધ્યાપકો મારા કૃત્ય માટે મારાથી નારાજ થયેલા છતાં મેં તેમની સાથે સૌહાર્દપૂર્ણ સંબંધ જીવનભર રાખેલા. કડી કૉલેજના ઇતિહાસમાં એ વર્ષે ગુ. યુનિ.માં ગોલ્ડમેડલ મેળવનાર હું પ્રથમ વિદ્યાર્થી બનેલો. મારી સાહિત્યિક સમજના સંવર્ધનમાં સાહેબનું અદકેરું યોગદાન છે.

૧૯૭૩ના પૂર્વાર્ધમાં કોઈ સાહિત્યિક વ્યાખ્યાન માટે શ્રી ભોળાભાઈ પટેલ કડી આવેલા. અમારી (ઝવેરી) સ્કૂલમાં કાર્યક્રમ થયેલો. અમદાવાદ પાછા ફરતાં તેઓ સરતચૂકથી સાહેબના ચપ્પલ પહેરી ગયેલા. થોડા સમય પછી મેં અનુસ્નાતક અભ્યાસ માટે ગુ. યુનિ.ના ભાષા સાહિત્યભવનમાં પ્રવેશ મેળવેલો અને પગરખાંની અદલાબદલીનો વાહક બનેલો. એ નિમિત્તે ભોળાભાઈ (તેઓ હિન્દીના પ્રાધ્યાપક હતા છતાં) સાથે સ્નેહસંબંધ બંધાયેલો જે પછી બંગાળી ભાષા સાહિત્યના અધ્યયન નિમિત્તે પ્રગાઢ બનેલો. શ્રી મોહનભાઈ પછી મારા સાહિત્યિક ઘડતરમાં શ્રી ભોળાભાઈનું યોગદાન સવિશેષ રહ્યું.

અનુસ્નાતક અભ્યાસ પૂરો કરી જૂન'૭૫માં માર્કશીટ હાથમાં આવે એ પહેલાં તો હું પ્રિ. વિનોદ અધ્વર્યુની બાલાસિનોર કૉલેજમાં પૂર્ણ સમયના

વ્યાખ્યાતા તરીકે જોડાઈ ગયો. બે વર્ષ ત્યાં રહ્યો. આ ચારે વર્ષ દરમિયાન (પરિવાર કડીમાં હતો તેથી) જ્યારે પણ કડી જતો ત્યારે સાહેબને અચૂક મળતો. મેં જે કંઈ લખ્યું હોય તેની ચર્ચા તેમની સાથે કરતો તથા તેમનું માર્ગદર્શન મેળવતો.

૧૯૭૭માં શિક્ષણની નવી તરાહને લીધે કૉલેજમાંથી ફાજલ થયો. પ્રથમ ઇન્ટરવ્યૂ વિદ્યાનગર આપ્યું. શ્રી દિલાવરસિંહ જાડેજાએ ઑર્ડર આપી દીધો, પરંતુ કડીની બંને હાયર સેકન્ડરી સ્કૂલોમાં જગ્યા હતી અને વતનનું આકર્ષણ હતું તેથી સર્વ વિદ્યાલયમાં ઇન્ટરવ્યૂ ગોઠવાય એ પહેલાં ઝવેરીમાં નિમણૂક થઈ જવાથી હું માતૃસંસ્થામાં જોડાઈ ગયો. બે વર્ષ કૉલેજમાં ભણાવ્યા પછી શાળાનું શિક્ષણ રમત જેવું લાગ્યું. શ્રી ભોળાભાઈને મળી વિષય નક્કી કરી ડૉ. ચિમનલાલ ત્રિવેદીના માર્ગદર્શનમાં 'રાજેન્દ્ર-નિરંજન યુગની કવિતા' વિશે પીએચ.ડી. શરૂ કર્યું. અમારી સ્કૂલની લાઇબ્રેરી દરિદ્ર હતી; કૉલેજની સમૃદ્ધ અને સર્વ વિદ્યાલયની સમૃદ્ધતર. સાહેબને વાત કરી. તેઓ જાતે મને તેમના ગ્રંથપાલ પાસે લઈ ગયા અને સૂચના આપી : 'પ્રસાદભાઈને જેટલાં પુસ્તકો જોઈએ તે મારા નામે નોંધી આપવાનાં.' કડી કૉલેજ કરતાં પણ સર્વ વિદ્યાલયના ગ્રંથાલયમાંથી મને વધુ કાવ્યસંગ્રહો-સંદર્ભગ્રંથો સાંપડ્યા અને બે વર્ષના લઘુત્તમ સમયગાળામાં મારું પીએચ.ડી. કાર્ય સંપન્ન થયું. એ દરમિયાન ૧૯૭૮માં બારમા ધોરણની બોર્ડની પ્રથમ પરીક્ષા પૂર્ણ થઈ. તેની મોડરેશનની કામગીરી સર્વ વિદ્યાલયને સોંપાઈ અને સાહેબ તેના કોઓર્ડિનેટર થયા. અમારા ભાષાભવનના પ્રો. રમણલાલ જોશી ગુજરાતીના ચીફ મોડરેટર તરીકે કડી આવ્યા. ડૉ. ધીરુભાઈ પરીખ (જેઓ સી. યુ. શાહ કૉમર્સ કૉલેજમાંથી ફાજલ થઈ ભાષાભવનમાં જોડાયા હતા.)ને પણ સાથે લાવેલા. મને જાણ થતાં સાંજે હું તેમને મળવા ગયો. સાહેબની ઑફિસમાં અમે મળ્યા. ગુજરાતી વિષયમાં મોડરેટરોની કમી હતી તેથી સાહેબે મને જોડાવા આમંત્રણ આપ્યું અને હું બીજા દિવસથી જોડાઈ ગયો. આ રીતે મારે એચ.એસ.સી. બોર્ડમાં પહેલી (અને છેલ્લી) વાર મોડરેટરની કામગીરી કરવાની થઈ. મારો સ્વાર્થ જુદો હતો. એ વખતે મારું પીએચ.ડી.નું સંશોધનકાર્ય ચાલતું હતું. દિવસે મોડરેશન પતાવી સાંજે ધીરુભાઈ અને સાહેબ પાસે બેસતો, મારી સંશોધનની સમસ્યાઓની ચર્ચાવિચારણા કરતો. વાસ્તવમાં કડીમાં સર્વ વિદ્યાલય કૅમ્પસ મારું પ્રિય સ્થળ હતું. કોઈ પણ નિમિત્ત મળતું ત્યારે હું ત્યાં જવાની તક ઝડપી લેતો.

ત્રણ વર્ષ હાયર સેકન્ડરીમાં ડૉક્ટરેટ અને પત્ની પ્રાપ્ત કરી ૧૯૮૦માં હું ઈડર કૉલેજમાં જોડાયો. પ્રિ. હરિહર શુક્લ અને મિત્ર મણિલાલ પટેલને કારણે ઇન્ટરવ્યૂની ઔપચારિકતા વિના જ ત્યાં જોડાયો. સમૃદ્ધ કૉલેજ, સમૃદ્ધ ગ્રંથાલય અને પ્રાકૃતિક સૌંદર્યને કારણે કામ કરવાની મઝા પડી. બે વર્ષ પછી ૧૯૮૨માં સાહેબને ટૂંકી વાર્તા વિશે વ્યાખ્યાન માટે બોલાવ્યા હતા. ઈડરના ડુંગરાઓમાં સાહેબ સાથે ફરતાં ઉમાશંકરભાઈને વારંવાર સ્મરેલા.

ઈડરમાં મારા લેખનકાર્યને પૂરો અવકાશ મળ્યો. ૧૯૮૧માં ડૉ. રમણલાલ જોશીએ પ્રતિષ્ઠિત 'ગુજરાતી ગ્રંથકાર શ્રેણી'માં પ્રહ્લાદ પારેખ પરનો મારો લઘુગ્રંથ પ્રગટ કર્યો તેથી મારો ઉત્સાહ વધ્યો. બીજા વર્ષે મારો મહાનિબંધ 'રાજેન્દ્ર-નિરંજન યુગની કવિતા' મેં ગુજરાત સરકારની આર્થિક સહાયથી પ્રગટ કર્યો. સરકારે જે રકમ આપેલી તેના કરતાં ચારપાંચ ગણો ખર્ચ થયો. વળી તત્કાલીન નિયમ પ્રમાણે ૭૫૦ નકલ છાપી. મુખ્ય વિક્રેતાએ તો માંડ-માંડ ૨૫૦ નકલ વેચવાની તત્પરતા દાખવી. વધેલી ૫૦૦ નકલનું કરવું શું ? બધા પરિચયોનો ઉપયોગ કરવા માંડ્યો. સાહેબ પાસે પણ ગયો. તેમણે સર્વ વિદ્યાલય માટે તો એક નકલ ખરીદી પણ સામેથી મને કહ્યું, પચાસ નકલો મને આપો. હું આચાર્ય સંઘનો પ્રમુખ છું. વાર્ષિક અધિવેશનમાં ઘણા આચાર્યો આવશે. તેમને કહી શકાશે.' મેં ખૂબ જ સંકોચ સાથે ૫૦ નકલો આપી. થોડા મહિના પછી તેમને ફરી મળવા ગયો ત્યારે તેમણે બધી નકલના પૈસા મારા હાથમાં મૂક્યા ! અર્જુને ભગવાન પાસે રથ હંકાવ્યો હતો, મેં ગુરુ પાસે પુસ્તકો વેચાવ્યાં ! આવા ગુરુજનો આજે જોવા મળે ?

ઈડરમાં એક તપ પૂરું કરી ૧૯૯૧માં હું ગુ. યુનિ.ના ભાષાભવનમાં રીડર તરીકે જોડાયો. સાહેબ પણ નિવૃત્તિ પછી અમદાવાદમાં સ્થાયી થયા હતા, તેથી

સાહેબને મળવાનાં નિમિત્તો વધવા લાગ્યાં. ૧૯૯૬માં 'શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ' રચાયા પછી તે નિમિત્તે મળવાનું વિશેષ થવા લાગ્યું. ક્યારેક કડી તો ક્યારેક ગાંધીનગરમાં કાર્યક્રમ કે મીટિંગ નિમિત્તે મળવાનું થાય. એક દિવસ અગાઉ સાહેબનો ફોન આવે અને હું જોડાઈ જઉં. કાર્યક્રમ-મીટિંગ તો નિમિત્ત, જૂના સ્નેહી મિત્રો, મુરબ્બીઓને મળવાનું થતું એ જ મોટો લાભ હતો. એને લીધે જ મુ. માણેકલાલભાઈ, ડૉ. રામભાઈ, ડૉ. મણિભાઈ, પ્રિ. મનુભાઈ વગેરેની નિકટ આવવાનું થયું. કડી સાહિત્યવર્તુળ જાણે એક વિશાળ પરિવાર બની ગયો ! જીવનભર અનેક સાહિત્ય સંસ્થાઓ સાથે સંકળાવાનું થયું છે, પણ 'મોહનલાલ સાહિત્યવર્તુળ'ની મીઠાશ જ ઑર હતી. ૨૦૧૫ના અંતે થોડા દિવસોમાં જ તેના ચાર સ્તંભો (યશવંત કડીકર, ર. સાં. નાયક, રામજીભાઈ કડિયા અને ભગવત સુથાર) ખરી પડવાથી, મુ. માણેકલાલભાઈના આકસ્મિક અવસાનથી અને સ્વયં સાહેબનું સ્વાસ્થ્ય કથળવાથી વર્તુળની ગતિ એકાએક મંદ પડી ગઈ.

સાહેબના સુપુત્ર મિત્ર મંયકના પુત્ર ચિ. ઇપ્સિતના લગ્નપ્રસંગે સાહેબના ઘરે સપરિવાર જવાનું થયું હતું. ત્યારે ઉપર્યુક્ત મુરબ્બીઓ અને શ્રી ભોળાભાઈના પરિવારને ઉમળકાપૂર્વક મળવાનું થયું તેવું બીજા કોઈ લગ્નપ્રસંગે થયાનું યાદ નથી. લગ્ન-રિસેપ્શન અને ભોજન સમારંભો મોટા ભાગે ઔપચારિક બની જાય છે. આ પ્રસંગ સાવ અનૌપચારિક હતો. ભોજન પછી બધા મુરબ્બી-મિત્રો લાંબો સમય ગપસપ કરતા રહ્યા. ઘરે પાછા ફરવાની જાણે કોઈને ઉતાવળ જ નહોતી !

સાહેબનું વ્યક્તિત્વ એવું હતું કે તેઓ સતત સક્રિય રહેતા, નાની-મોટી અનેક જવાબદારીઓનું વહન કરતા હતા, પણ જ્યારે તેમને મળવાનું થતું ત્યારે તેમણે ક્યારેય અણગમો કે કચવાટ પ્રદર્શિત કર્યો ન હતો. એ સમયે એપોઇન્ટમેન્ટ લઈને કે ફોન કરીને જ મળવાની પ્રથા શરૂ નહોતી થઈ. ઇચ્છા થાય ત્યારે સાહેબના ત્યાં (ઘરે કે ઑફિસે) પહોંચી જતો. કામ પત્યા પછી હું ઊઠવાનું કહું તો તેઓ વધુ બેસવા આગ્રહ કરતા. જ્યારે પણ મળતા ત્યારે તેઓ પ્રસન્નતા જ પ્રગટ કરતા, કેમ કે એ જ એમનો સ્થાયીભાવ હતો. સ્વભાવ હતો.

હું ભાષાભવનમાં હતો ત્યારે મારી એક વિદ્યાર્થિની નફીસા શેખે 'શ્રી મોહનલાલ પટેલનું ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે પ્રદાન' વિશે મારા માર્ગદર્શનમાં મહાનિબંધ લખી પીએચ.ડી. પદવી પ્રાપ્ત કરેલી. સાહેબનું કોઈ પુસ્તક તેને ન મળતું તો તે સીધી સાહેબના ઘરે પહોંચી જતી અને સાહેબ તેને તે પુસ્તક (પોતાની પાસે એકાદ નકલ હોય તોપણ) પ્રેમપૂર્વક આપતા. સાહેબના ઔદાર્ય અને વાત્સલ્યભાવથી નફીસા અભિભૂત થઈ ગયેલી.

ઈ. સ., ૨૦૦૪માં હું ગુ. યુનિ.ની એકેડેમિક સ્ટાફ કૉલેજમાં નિયામક તરીકે જોડાયો પછી ગુજરાતીના રિફ્રેશર કોર્સમાં સાહેબ બે-ત્રણ વાર રિસોર્સ પર્સન તરીકે પધાર્યા હતા. પ્રત્યેક પ્રસંગે પૂરી તૈયારી સાથે જ આવતા અને પાર્ટિસિપન્ટ્સ (અધ્યાપકો)ને કશુંક નક્કર, કશુંક નવું જાણવા અચૂક મળતું. તેઓ આજીવન સંનિષ્ઠ શિક્ષક રહ્યા. શ્રેષ્ઠ શિક્ષકનો ઍવૉર્ડ તેમને ખૂબ મોડો, લગભગ નિવૃત્તિ સમયે મળ્યો અને સાહિત્યનાં સન્માનો-ચંદ્રકો પણ પ્રમાણમાં મોડાં જ મળ્યાં, પણ તેનાથી તેઓ ક્યારેય ક્ષુબ્ધ થયા નહોતા. ગીતાને જીવનઆદર્શ બનાવનાર કર્મયોગી માન-અપમાન, રાગ-દ્વેષથી મહદંશે પર હતા. પ્રગટ રીતે તેઓ ભક્ત નહોતા, નાસ્તિક હશે એવું પણ કોઈને લાગે, પણ ઊંડી આધ્યાત્મિકતાથી તેઓ અનુપ્રાણિત હતા. પરમધામ(ચિન્મયમિશન)માં મેં તેમને સ્વામી તેજોમયાનંદ, સ્વામી સ્વરૂપાનંદ વગેરેનાં વ્યાખ્યાનો ધ્યાનથી શ્રવણ કરતા જોયા હતા. 'અદૃશ્ય હાથ' (ટાઇમ કૅપ્સ્યૂલ) પ્રકરણ પરમતત્ત્વ પ્રત્યેની તેમની ઊંડી આસ્થાનું પરિચાયક છે. પરમકૃપાળુ પરમેશ્વર-યોગેશ્વર પ્રત્યેની તેમની શ્રદ્ધાને કારણે જ કોરોનાનો કહેર માઝા મૂકે તે પહેલાં જ પ્રેમના પૂજારીએ, શબ્દના સાધકે, ઉમદા શિક્ષકે ચૂપચાપ વિદાય લઈ લીધી. આજે તેઓ ક્ષર દેહે આપણી વચ્ચે નથી, પણ અક્ષરદેહે છે અને ચિરકાળ રહેશે.

**પ્રસાદ બ્રહ્મભટ્ટ**
૧૦, શુકન વિલાઝ, બકેરી સિટી,
વેજલપુર, અમદાવાદ ૩૮૦ ૦૫૧
Email : prasadbrahmbhatt.@gmail.com
મો. ૯૯૨૫૧ ૫૯૭૫૧

# વિદ્યાગુરુ-સાહિત્યગુરુ
# સ્વ. મોહનલાલ પટેલ, અંજલિકાવ્ય

રમેશ ત્રિવેદી (કડી)

(૧)

હે ગુરુવર્ય,
આપ તો રહ્યા
સરળથીય સરળ
સૌમ્યથીય અધિક સૌમ્ય માનવ અનન્ય, ને
અભિજાત - સ્નેહાર્દ વ્યક્તિત્વ તો
સદા પ્રસન્ન
શાંતિનિકેતન
સા'એબ,
જીવનકથા આપની,
સંવેદનકથા - ઊર્મિકથા
લઘુકથા શી
મર્મસ્પર્શી
સચોટ ને
લક્ષ્યવેધી - ચિરસ્મરણીય

(૨)

હે ગુરુશ્રેષ્ઠ
આપ તો લઘુકથા-મંદિરના
વિશ્વકર્મા.
આપે ઘડ્યા શબ્દશિલ્પી, ને
રચાયું
શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ,
કડી, ગાંધીનગરે,
આ લઘુ-સ્મૃતિ મંદિરે વિરાજ્યો છે
વિરાટ સર્જકાત્મા આપનો હાજરાહજૂર !

(૩)

સા'એબ,
કડી-સર્વ વિદ્યાલય તો
આપની
ઓળખ
ને સાહિત્યજગતે તો
સર્વ વિદ્યાલયની ઓળખ
આપના થકી !
હે શ્રેષ્ઠાચાર્ય,
સર્વ વિદ્યાલયના
આચાર્ય પરંપરાના
મહિમા તંતુને
અવિચ્છિન્ન, દઢબંધ કર્યો આપે,
ને આ સ્નેહતંતુ વિસ્તરતો રહ્યો -
દૂર-સુદૂર ગૂર્જરદેશે, વિદેશે.
હૃદય-વીણા બાજે
પ્રિય સર્વ વિદ્યાલય રાજે
આજે
આપના પુણ્ય સ્મરણે !

મો. ૯૪૨૭૯૦૯૯૦૨

*ક્ષુદ્ર સિચ્યુએશનથી ચિડ ક્ષુબ્ધ થાય અને અતીતની કોઈ સ્મૃતિ ઝંકૃત થઈને ચિડનો વિસ્તાર કરવા લાગે એ લઘુકથાનું પ્રધાન લક્ષણ.*

**મોહનલાલ પટેલ. લઘુકથા સ્વરૂપપરિચય, પૃ. ૪૧**

# પૂજ્ય સ્વ. મોહનભાઈ સાહેબને સ્મરણાંજલિ

**દિલીપ રૉય**

પૂજ્ય સ્વ. મોહનભાઈ સાહેબ અમારા 'શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ', કડીના શ્રદ્ધેય તથા આરાધ્ય ગુરુ ગણાયા, એટલું જ નહીં પણ સાહિત્યક્ષેત્રે સંનિષ્ઠ માર્ગદર્શક, સૌના આદર્શ અને પ્રેમાળ દિશાસૂચક રહેલા. મારા તો શિક્ષાગુરુ તથા સાહિત્યક્ષેત્રે દીક્ષિત કરનાર ધૈર્યવાન પ્રેરકબળ પણ હતા. તેઓશ્રી ગુજરાતી સાહિત્યના લઘુકથાના પ્રથમ સર્જક તથા જનક ગણાયા. તેમજ ગુજરાતી સાહિત્યક્ષેત્રે લઘુકથાની ઉત્તમ સર્જનકૃતિની રચના, સમજ કોને કહેવાય તે અંગે લેખો તેમજ દૃષ્ટાંત દ્વારા સ્પષ્ટ ખ્યાલ આપ્યો.

સાહેબ મૂળ તો પાટણના, પણ તેમણે પોતાનું કર્મસ્થળ કડીને જ બનાવી દીધેલ. પૂજ્ય મોહનભાઈ સાહેબ એટલે કડીના જ કહેવાયા અને તેને લીધે સાહેબ પ્રત્યેના પૂજ્ય અહોભાવને લીધે ગુજરાતમાં સૌપ્રથમ તેમના નામે જ શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ-કડીનું નામાભિધાન થયું, જે અમારા કડીનગરનું ગૌરવ ગણાયું.

હું વિદ્યાર્થી હતો ત્યારથી જ તેમની નવલિકાઓ, લઘુકથાઓ તથા નવલકથાઓનો મુગ્ધ ચાહક હતો. તેમના પ્રથમ વાર્તાસંગ્રહ 'હવા તૂમ ધીરે બહો'થી માંડી અન્ય સામયિકોમાં પ્રગટ થતી રહેલી નવલિકાઓ અને પ્રસિદ્ધ થયેલી નવલકથાઓ ખૂબ જ ધ્યાનથી તથા રસપૂર્વક વાંચતો અને તેને લીધે જ મને વાર્તાઓ લખવાની પ્રેરણા મળી. મારા સાહિત્યિક કારકિર્દીના ઘડવૈયા પૂ. મોહનભાઈ સાહેબ જ હતા. મેં નવલિકાક્ષેત્રે લગભગ બસો જેટલી વાર્તાઓ લખી જે વિધવિધ દૈનિકો, સામયિકોમાં પ્રગટ થઈ ચૂકી છે. એ માટે મારા પ્રેરક ગુરુ પૂ. મોહનભાઈ સાહેબ જ હતા.

અમારું સાહિત્યવર્તુળ હવે તો તેમાંના અમે કેવળ બે જ જણા જીવિત છીએ; તેમાં હું તેમજ મારા પરમમિત્ર તથા ઉત્તમ લઘુકથાસર્જક શ્રી રમેશ ત્રિવેદી જ હયાત છીએ. અમે બંને પૂજ્ય મોહનભાઈ સાહેબના જ વિદ્યાર્થીઓ છીએ. અમે બંને અમારી સાહિત્યકૃતિઓની હસ્તપ્રત લઈને તેમની પાસે ગમે તે સમયે પહોંચી જતા અને અમારી વાર્તાઓ સંકોચપૂર્વક વાંચી સંભળાવતા, ત્યારે સાહેબ પોતે ખૂબ જ ધૈર્યપૂર્વક, ધ્યાનપૂર્વક સાંભળી જરૂરી પણ ઉપયોગી સૂચનો કરતા. તેમણે કદીએ કોઈ પણ સંજોગોમાં અણગમો કે કંટાળો વ્યક્ત નથી કર્યો.

વિદ્યાર્થીકાળ દરમિયાન તથા તેમના જ આચાર્યપદ હેઠળ શિક્ષક તરીકેની મારી કારકિર્દી દરમિયાન તેમણે જ મને અંગ્રેજી સાહિત્ય સાથે પરિચય કરાવેલો. તેમણે જ મને ગુજરાતી સાહિત્યનાં ઉત્તમ પુસ્તકો વાંચી જવા પ્રેર્યો હતો. પૂજ્ય મોહનભાઈ સાહેબના કારણે જ ઉત્તમ તથા પ્રસિદ્ધ સાહિત્યસર્જકો કડીમાં પધારતા અને તેમનો ઘનિષ્ઠ સંપર્ક થતો રહેતો.

મારી સાહિત્યિક કારકિર્દીના ઘડતરમાં પૂ. મોહનભાઈ સાહેબનો જેટલો સાથ-સહકાર મળ્યો એટલો જ મારા ચિત્રકળાક્ષેત્રે પ્રગતિમાં પણ પ્રાપ્ત થયો. મેં ચિત્રકળાક્ષેત્રે મારી શાળા, મારી તીર્થભૂમિ સમાન સર્વ વિદ્યાલયમાં જે કેટલાંક નાનાં-મોટાં ચિત્રો બનાવ્યાં તેમાં પણ પૂ. મોહનભાઈ સાહેબ જ પ્રેરણાસ્રોત રહેલા. મને મૌલિક ચિત્રોનું સર્જન કરવાનું ગમે, એટલે હું પ્રથમ પેન્સિલથી કાગળ ઉપર સ્કેચ બનાવું. એ પછી સાહેબને બતાવી ચિત્રસર્જન કરતો. મેં તેમનાં કેટલાંક પુસ્તકોનાં મુખપૃષ્ઠ પણ બનાવી આપેલાં.

પૂ. મોહનભાઈ સાહેબ અમારી સંસ્થાના વિકાસ અર્થે ડોનેશન પ્રાપ્તિ માટે સંસ્થાના કર્ણધાર પૂ. માણેકલાલસાહેબની સાથે અમેરિકા ગયેલા. અમારી સંસ્થામાં ભણી ચૂકેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના અતિઆગ્રહ અને તેમના સહકારથી સારું એવું માતબર ડોનેશન પ્રાપ્ત કરી શકેલા. 'ગુડમૉર્નિંગ અમેરિકા' નામનું પુસ્તક લખી પૂ. મોહનભાઈ સાહેબે અમેરિકાનાં

**(અનુસંધાન પૃ. ૮૭મે પાને)**

# પ્રેરણા અને પ્રોત્સાહનનું પીયૂષ - શ્રી મોહનભાઈ પટેલ

**ગિરિમા ઘારેખાન**

જિંદગીના લાંબા રસ્તામાં જુદા જુદા મુકામ ઉપર ઘણી નવી વ્યક્તિઓને મળવાનું બનતું હોય છે. પણ એમાં અમુક વ્યક્તિઓ એવી હોય કે માત્ર યાદ રહે એટલું જ નહીં, થોડા સમય માટે મળી હોય તોપણ પોતાના સ્વભાવથી અને પ્રભાવથી આપણી જિંદગી ઉપર હંમેશ માટે પોતાની સુમધુર યાદ અને અમીટ છાપ છોડતી જાય.

માનનીય શ્રી મોહનભાઈ પટેલ મારે માટે એવું જ એક વ્યક્તિત્વ. શ્રી સ્નેહરશ્મિના શબ્દોમાં કહું તો એમનો પરિચય મારે માટે 'પરિચયપર્વ' બની રહ્યો. પૂરાં બે વર્ષનો પણ પરિચય નહીં, પણ જેટલી વાર મળ્યા, જેટલી વાર ટેલિફોન ઉપર વાતો કરી, જેટલી વાર એમના પત્રો મેળવ્યા, એ બધી જ ઘટનાઓની પળેપળ મારા સાહિત્યલેખનમાં નવી કેડીઓ કંડારી ગઈ છે. વગર માંગે ફળો આપતા વૃક્ષની જેમ એમના તરફથી એટલો સ્નેહ, એવું સરસ માર્ગદર્શન, એવાં અદ્ભુત દિશાસૂચન મળ્યાં છે કે એ બધાએ મને લઘુકથાલેખન માટે આજીવન ચાલે એટલું ભાથું આપી દીધું છે.

લઘુકથાથી સહેજ પણ પરિચિત કોઈ પણ વ્યક્તિએ ગુજરાતી લઘુકથાના જનક શ્રી મોહનભાઈ પટેલનું નામ ન સાંભળ્યું હોય એવું તો બને જ નહીં. એ તો એક એવો ઘેઘૂર વડલો જેની છાયામાં ગુજરાતી લઘુકથા 'મોટી' થઈ હતી. મને પણ એમને મળવાની ખૂબ ઇચ્છા થતી હતી. પણ આટલા મોટા લેખક પાસે એમ તો કેવી રીતે પહોંચી જવાય ? એટલે વિચારતી હતી એ દીવાદાંડીના પ્રકાશનો લાભ દૂરથી, એમની લઘુકથાઓ વાંચીને જ લેવાનો.

પણ કહે છે ને કે આપણે જે વસ્તુ મેળવવા માટે હૃદયના ઊંડાણથી પ્રાર્થના કરતા હોઈએ એ આપવા માટે ઈશ્વર પણ મજબૂર થઈ જાય. તા. ૧૬.૮.૨૦૧૮નો એ દિવસ મારા સ્મરણપટ ઉપર કોતરાઈ ગયો છે, કારણ કે એ દિવસે પોસ્ટમેન મારા ઘરમાં શ્રી મોહનભાઈનું લખેલું એક પોસ્ટ કાર્ડ નાખી ગયો હતો. એમણે ફેબ્રુઆરી-૨૦૧૮ના 'નવચેતન'ના અંકમાં મારી લઘુકથા 'હીંચકો' વાંચી હતી, એમને બહુ ગમી હતી અને એ માટે અભિનંદન આપતો પત્ર લખ્યો હતો. થોડી વાર સુધી તો હું માની જ નહોતી શકાતી કે આ પોસ્ટકાર્ડ લખનાર ખરેખર 'The' મોહનભાઈ પટેલ છે, લઘુકથાના જનક પોતે! અભિનંદન પણ માત્ર ઔપચારિક નહીં. પોસ્ટકાર્ડ બંને બાજુ બરાબર ભરીને, વિગતથી, એમણે એ લઘુકથાની સારી બાબતોને ઉજાગર કરી હતી. [એમાં એક મુદ્દો તો એવો પણ હતો જે મારા મનમાં પણ ઊઘડેલો ન હતો.] કયા એક વાક્યને લીધે એ લઘુકથા એમના જ શબ્દોમાં કહું તો 'શ્રેષ્ઠ લઘુકથા બનવાથી ચૂકી ગઈ' એ પણ એમણે જણાવ્યું હતું. કેટલી સૂક્ષ્મ દૃષ્ટિ! એમનાં દેહચક્ષુ નબળાં પડ્યાં હતાં પણ જ્ઞાનચક્ષુ અંત સુધી ઘણાં જ તેજોમય હતાં એનો આ પુરાવો હતો. પત્રમાં છેલ્લે એમણે નાગરોની ઓળખની વાત કરીને એક આત્મીયતા બાંધી દીધી હતી. એવું લાગતું જ ન હતું કે આટલા મોટા લેખકનો આ પત્ર છે. શિખર ઉપર બેઠેલો માણસ તળેટીમાં બેઠેલા કોઈની સામે જુએ ત્યારે એણે પોતે કેટલું નીચે ઝૂકવું પડતું હોય! કેટલું નિરાભિમાન!

પત્ર ઉપર લખેલા ફોન નંબર ઉપર મેં ફોન કર્યો. મોહનભાઈએ ખૂબ શાંતિથી, લાંબા સમય સુધી વાતચીત કરી. મારા વિશે બધું પૂછ્યું. મેં મારા લઘુકથાના પુસ્તક વિશે એમને જણાવ્યું, મળવાનો સમય માંગ્યો અને એમના આપેલા સમયે પહોંચી ગઈ એમના ઘેર.

હું મારું લઘુકથાનું પુસ્તક 'તેજ તિખારા' લઈને ગઈ હતી. લઘુકથામાં એમને એટલો રસ કે તરત જ ખીસામાંથી એમનો વાંચવાનો કાચ કાઢીને વાંચવા માંડ્યા. અમુક લઘુકથાઓની મારી સાથે ચર્ચા પણ કરી.

'રસ્તો' લઘુકથામાં અંધ માણસે આ હાથમાં લાકડી પકડી હોય તો પોતાનો બીજો હાથ કઈ તરફ લંબાવે એ પણ પ્રેક્ટિકલી કરી જોયું. હું તો અવાચક થઈને જોતી, સાંભળતી હતી. વિષયમાં ઊંડા ઊતરવાનો કેવો ખંત! એ પણ ૯૨ વર્ષની ઉંમરે! જેમણે લેખનકાર્યમાં આટલી નામના મેળવી છે, જેમના ઉપર વિદ્યાર્થીઓ પીએચ.ડી. કરે છે, જેમનાં પુસ્તકો મહાવિદ્યાલયોમાં ભણાવાય છે, એ લેખક એક નવી લેખિકાની કૃતિઓમાં આટલો રસ લે! હું ખરેખર ભાવવિભોર થઈ ગઈ હતી.

એ દિવસે એમની પાસેથી ઘણું બધું મળ્યું – માત્ર લેખનમંત્રો જ નહીં, જીવનમંત્રો પણ! વાંચવું હોય તો નબળી આંખો પણ નડતર રૂપ નથી થતી અને નવું નવું જાણવામાં ઉંમર ક્યારેય બાધારૂપ નથી બનતી. એ પહેલી જ મુલાકાતમાં શ્રી મોહનભાઈએ મને એક અમૂલ્ય ભેટ પણ આપી-એમનું લખેલું લઘુકથા સ્વરૂપ અંગેનું પુસ્તક. એક જનક પુત્રીને આપતા હોય એમ મને કહે, 'મારી પાસે આ છેલ્લી કોપી છે, પણ લઈ જાઓ. હવે મારે શું કરવું છે ?' મને લાગ્યું કે મોહનભાઈ પાસેથી આટલો સ્નેહ મેળવવા માટે હું ખરેખર નસીબદાર છું.

થોડા દિવસ પછી શ્રી મોહનભાઈએ મોકલેલું એક કવર મળ્યું. ખોલીને જોયું તો એમાં એમણે મારી બધી જ લઘુકથાઓ વિશે એમનાં મંતવ્યો લખ્યાં હતાં, ખાસાં ચૌદ પાનાંમાં. સાથે એમનો પત્ર પણ હતો જેમાં શરૂઆતમાં જ લખ્યું હતું કે 'આ સાથેનું મેટર સમીક્ષા, અવલોકન કે વિવેચનરૂપે નહીં, પણ તમારી લઘુકથાઓ વાંચતી વખતે અથવા વાંચ્યા પછી પણ, અંગત અભિપ્રાય રૂપે વાંચતી વખતે જે સૂઝ્યું છે તે લખ્યું છે.' સાથે રૂબરૂ મળવા માટેનું આમંત્રણ હતું જેથી 'મારી માન્યતા જુદી હોય તો હું દલીલ કરી શકું.' કેટલી મહાનતા! લઘુકથાની સમજણ એમનાથી વધારે કોને હોય ? તોપણ મારો પક્ષ સાંભળવાની એમની પૂરી તૈયારી.

મોહનભાઈએ બધી લઘુકથાઓને અલગ અલગ વિભાગોમાં વહેંચીને જે રીતે અવલોકન કર્યું હતું એ ઉપરથી જ ખ્યાલ આવતો હતો કે એમણે કેટલી મહેનત અને ચીવટથી આ કાર્ય કર્યું છે. કમ્પ્યૂટરની એકસલ શીટની જેમ બધી લઘુકથાઓને 'સારી રચનાઓ', 'ઉત્તમ રચનાઓ', 'શ્રેષ્ઠ બની શકી હોત' અને 'શ્રેષ્ઠ' એમ જુદા જુદા વિભાગોમાં વહેંચી હતી અને પછી એ અંગેનાં કારણો આપ્યાં હતાં. એ બધું વાંચીને થયું કે કોઈ એમ જ કંઈ 'મોહનભાઈ પટેલ' નથી બની શકતું. વર્ષો સુધી ખંતપૂર્વક, એક ભક્તની જેમ, સાહિત્યના એક સ્વરૂપની આરાધના કરી હોય તો જ કરેલું કામ આમ શુદ્ધ ઘીના દીવાની જેમ ઝળહળે. હું આભાર માનવા એમના ઘેર ગઈ તો મને સંકોચથી કહે, 'મારી નબળી આંખોને લીધે સીધી લીટીમાં લખી નથી શકાતું. વાંચવામાં તકલીફ પડી હશે.' શું કહેવું ? મારા શબ્દો આંખોમાં ઝુમ્મર થઈને ચમક્યા હતા. એ પછી એ લેખ એમણે થોડા ફેરફાર સાથે, 'સર્વ વિશ્વ વિદ્યાલય વૃત્તપત્ર'માં પ્રકાશિત પણ કરાવ્યો. એ ફેરફારની મહેનત કરવાનું એમનું કારણ પણ કેવું! 'એ વખતે મેં એક ભાવકની દૃષ્ટિએ લખ્યું હતું, હવે હું સમીક્ષા લખી રહ્યો છું.' પોતાની અંદર રહેલા વિવેચકને પૂરો ન્યાય આપવા માટે, આવી નબળી દૃષ્ટિ સાથે, આટલી મહેનત બીજું કોણ કરે ? એક નવી કલમને આટલું પ્રોત્સાહન બીજું કોણ આપે ?

મોહનભાઈ અમારા વતન પાટણને બહુ પ્રેમ કરતા હતા. [એમની આત્મકથા 'ટાઇમ કેપ્સ્યૂલ'ની પ્રસ્તાવનામાં શ્રી રઘુવીરભાઈએ લખ્યું છે કે 'પુસ્તકના આરંભે લાગે કે લેખક પાટણની આત્મકથા લખી રહ્યા છે.'] અમે જ્યારે મળીએ ત્યારે પાટણની, નાગરવાડાની વાતો કરીએ. એ મારા થોડા વડીલોના નામથી પણ પરિચિત હતા. મને હંમેશાં કહે કે 'મને બહુ આનંદ છે કે મારા પાટણમાંથી કોઈ આવું લખી રહ્યું છે. મને 'તેજ તિખારા'ની પ્રસ્તાવના લખવા મળી હોત તો!' મને અનહદ ખુશી થાય કે મારા પાટણની આવી મહાન પ્રતિભા આવું કહી રહી છે. મને પણ આવા ગુરુ વહેલા મળ્યા હોત તો! એમને એક વાર મળ્યા પછી ક્યારેય એમણે એવું લાગવા નથી દીધું કે હું કોઈ બહુ મોટા લેખકને મળી રહી છું. એ ભેદરેખા તો એમણે પોતાના પહેલા પોસ્ટકાર્ડમાં જ ભૂસી નાખી હતી. હું મારા કોઈ આત્મીય વડીલજનને મળતી હોઉં એવી રીતે મારું શીશ આપોઆપ સ્નેહ અને આદરથી એમની સામે ઝૂકી જતું.

એ પછી તો મોહનભાઈનું બીજું ઘણું સાહિત્ય વાંચ્યું અને જાણ્યું કે ૧૯૫૪થી ૨૦૧૯ની લાંબી લેખનકારકિર્દી દરમિયાન એમણે ગુજરાતી સાહિત્યને ગદ્યસાહિત્યના લગભગ બધા જ સ્વરૂપની કૃતિઓ

પ્રદાન કરી છે -નવલિકા, નવલકથા, લઘુકથા, પ્રવાસવર્ણન, અનુવાદ, ચરિત્રલેખન, નિબંધો, કિશોરસાહિત્ય, શૈક્ષણિક પુસ્તકો, આત્મકથા અને અંગ્રેજી પુસ્તકો પણ ખરાં. એમને ગુજરાતી ગદ્યસાહિત્યનું મહાવિદ્યાલય કહીએ તો એ ઉચિત જ છે.

મોહનભાઈનું લખાણ ચીલાચાલુ નથી. એમની ટૂંકી વાર્તા-મીમાંસાના પુસ્તકની પ્રસ્તાવનામાં શ્રી ભોળાભાઈ પટેલ જણાવે છે એ પ્રમાણે 'આ રીતે ગુજરાતીમાં નહીંવત લખાયું છે.' આગવી અને અનેરી એમની વાર્તાઓ 'નરવી અને ગરવી' છે. એમના કથાસાહિત્યમાં મનુષ્યમનના ગહનસંકુલ ભાવસંદર્ભો સુંદર રીતે રજૂ થતા જોવા મળે છે. શ્રી ચંદ્રકાંત શેઠ કહે છે કે 'નવા નવા સર્જનાત્મક અભિગમો અને ઉન્મેષોને આવકારવા માટે એમનું મન હંમેશાં મુક્ત અને ખુલ્લું હોય છે.' એટલે જ એમનું સાહિત્ય પરંપરાથી મુક્ત અને છતાં અનહદ રસપ્રદ છે.

શ્રી મોહનભાઈની સાહિત્યસાધનાએ એમની પાસે અનેક કાળજઈ કૃતિઓનું સર્જન કરાવ્યું છે. એમનાં પુસ્તકોની જેમ એમને મળેલા પારિતોષિકોની યાદી પણ ઘણી લાંબી છે. એમના કાર્યની પ્રશંસા શ્રી તખ્તસિંહ પરમાર, શ્રી અનંતરાય રાવળ, શ્રી રમણલાલ પાઠક, શ્રી હર્ષદ ત્રિવેદી, વગેરે સાહિત્યજગતના ઘણા વિદ્વાનોએ કરી છે. પણ આ નિરહંકારી વ્યક્તિએ ક્યારેય એ પ્રશંસા અને પારિતોષિકોને એમના નમ્ર, મૃદુ સ્વભાવ ઉપર હાવી થવા દીધાં ન હતાં એ એમના પરિચયમાં આવનાર દરેક વ્યક્તિ અનુભવી શકે. શ્રી રઘુવીરભાઈની પારખુ નજરે યોગ્ય જ નોંધ્યું છે, 'આટલાં વર્ષોમાં મેં મોહનભાઈના વ્યક્તિત્વનું એક લક્ષણ સતત જોયું છે – આભિજાત્ય.'

આટલા સાતત્યથી નાવીન્યપૂર્ણ, જ્ઞાનસભર લખાણ આપનાર મોહનભાઈ પાસે આટલો જ્ઞાનનો ખજાનો ક્યાંથી આવ્યો એ જાણવા માટે એમની આત્મકથા 'ટાઇમ કેપ્સ્યૂલ'ના 'વાચનવિહાર' પ્રકરણ ઉપર નજર માંડવી પડે. જિંદગીના અંત સુધી સતત સારું વાંચન કરવાના વ્યસન જેવા શોખે એમના જ્ઞાનના ભંડોળમાં અહર્નિશ વૃદ્ધિ કર્યા કરી. શ્રી ફ્રાન્સીસ બેકનને યાદ કરીને કહીએ તો 'he must have chewed and digested the books he read'. તો જ જે વાંચ્યું એ બધું એમના અદ્ભુત ગ્રહણશક્તિવાળા મગજની મંજૂષામાં સચવાઈ રહ્યું હશે ને ? એ વિશાળ વાચનનું એકઠું થયેલું અત્તર એમની રોજબરોજની વાતચીતમાં પણ દૂધમાં સાકરની જેમ ભળીને જ્ઞાનભરી સુગંધ બનીને ટપકતું હતું. છઠ્ઠા ધોરણમાં ભણતા હતા ત્યારથી શરૂ થયેલો વાચનનો શોખ આજીવન જળવાઈ રહ્યો અને એમણે ગુજરાતી, સંસ્કૃત ઉપરાંત વિદેશી સાહિત્ય પણ એટલું જ વાંચ્યું. એક રશિયન વાર્તામાં એમને શ્રી ધૂમકેતુની 'પોસ્ટ ઑફિસ'ની સામ્યતા વાળી વાર્તા પણ જડી. અંગ્રેજી સાહિત્ય તો ગુજરાતી કરતાં પણ વધુ વાંચ્યું. પાછું વાંચન માત્ર વાર્તાઓનું જ નહીં, દરેક વિષયોનું રહેતું. ગમે તેટલું વાંચ્યા છતાં એમના જ્ઞાનતરસ્યા જીવની વાચન પિપાસા ક્યારેય તૃપ્તિ ન પામી. કાલિદાસથી કાફકા અને શેક્સપિયરથી માંડીને સાંપ્રત લેખકોની બધી જ સારી કૃતિઓનું વાચન એમણે કર્યું હતું. મોપાસાંની વાર્તાઓનું સંપાદન કરતી વખતે જહેમત ઉઠાવીને પોણા બસો જેટલી વાર્તાઓ ભેગી કરી. તોપણ એમને ગમતી એક વાર્તા ન મેળવી શકાઈ એનો અફસોસ એમને રહ્યો. એમણે ચોવીસ કલાક પાસેથી છત્રીસ કલાક જેટલું કામ લીધું, તો પણ સમયના અભાવે ગમી ગયેલાં પુસ્તકો વારંવાર વાંચવાનો સમય ન મળ્યો એનો રંજ પણ એમને હતો. જોકે, સારી સાહિત્ય રચનાઓના અનુવાદ, આસ્વાદ, અવલોકન કે વિવેચનની પ્રવૃત્તિ દ્વારા એ એવો અવસર મેળવી લેવાનો પ્રયત્ન કરતા જ હતા. કેટલી પુસ્તકપ્રીતિ !

મોહનભાઈ બહુ સારા નવલકથાકાર પણ હતા. એમની પહેલી જ નવલકથા 'હેતનાં પારખાં' એવી લખાઈ હતી કે શ્રી અનંતરાય રાવળ અને રમણલાલ પાઠકે એને એકીબેઠકે વાંચી નાખેલી. સરોજ પાઠકને એ વાંચીને પન્નાલાલની વાર્તાઓનું વાતાવરણ યાદ આવી ગયું હતું. એમની ત્રીજી નવલકથા 'અંતિમ દીપ' એક સાંગોપાંગ ઐતિહાસિક નવલકથા છે. શ્રી મુનશીએ એમની ઐતિહાસિક નવલકથાઓમાં પાટણના ઇતિહાસને બરાબર ન્યાય નથી આપ્યો અને એમાં ઇતિહાસ કરતાં રોમાન્સ વધારે છે એવી એમની ફરિયાદ હતી. ખરેખર ઐતિહાસિક નવલકથા કેવી હોય એ ગુજરાતી વાચકને બતાવવું હોય એમ એમણે આ પડકાર રૂપ કામ ઉપાડ્યું એને માટે અઢળક સંદર્ભ ગ્રંથોનો અભ્યાસ કર્યો અને પૂરતી તૈયારી કર્યા પછી ગુજરાતના

છેલ્લા રાજપૂત રાજા કરણદેવ ઉપર નવલકથા લખી- 'અંતિમ દીપ.' આ નવલકથાએ એમને લેખક તરીકે ધારણા કરતાં વધારે પ્રતિષ્ઠા અપાવી એવું એ પોતે જ કહે છે.

જે કામ કરવું એને પોતાના ૧૦૦% આપી દેવા એવી એમની ચીવટ અને નિષ્ઠા આમાં દેખાઈ આવે છે. એ પછી તો દેશની આઝાદીની ચળવળના ઇતિહાસ ઉપર પણ એમણે ત્રણ નવલકથાઓ લખી અને એ પણ એટલી જ પોંખાઈ. કુલ વીસ નવલકથાઓ આપનાર મોહનભાઈની એક પણ નવલકથા ચીલાચાલુ વિષય ઉપર નથી.

મોહનભાઈના 'સાહિત્યસંકેત' પુસ્તકમાં સંગૃહીત એમનાં પ્રવચનો અને લેખોમાં પાને પાને એમની વિદ્વત્તા પ્રગટે છે. કિપ્લિંગ, જ્હોન સ્ટાઈનબેક, રોબર્ટ ફ્રોસ્ટ, ડેનિસ જ્હૉન્સન વગેરે લેખકોની કૃતિઓનો એમણે કરાવેલો આસ્વાદ એમના વિશ્વસાહિત્યના જ્ઞાનની સાક્ષી પૂરે છે. જેમ કે શ્રી મુનશીની ઐતિહાસિક નવલકથાઓની વાત કરતી વખતે મુંજાલનું પાત્ર પાશ્ચાત્ય સાહિત્યના કયા પાત્ર ઉપરથી પ્રેરિત છે એની વાત વિગતથી એમણે કરી છે. બન્ને તરફના સાહિત્યકારોની કૃતિઓના તલસ્પર્શી અભ્યાસ વિના આ શક્ય ન બને.

શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો રાષ્ટ્રીય ઍવૉર્ડ મેળવનાર મોહનભાઈ વિશેનો કોઈ પણ લેખ કડી સર્વ વિદ્યાલય સાથેના એમના સંબંધનો ઉલ્લેખ કર્યા વિના અધૂરો જ ગણાય. અમદાવાદમાં ચાલતી પોતાની ધમધમતી સાહિત્યિક પ્રવૃત્તિ છોડીને માત્ર આ વિદ્યાલયના હિત માટે જ એમણે બહુ કપરા સંજોગોમાં એનું આચાર્યપદ સ્વીકાર્યું હતું. ત્યાં પણ પોતાને સોંપાયેલી બધી જવાબદારીઓમાં માત્ર ૩૩ વર્ષના આ યુવાન, બિનઅનુભવી આચાર્યે માનવ સ્વભાવને સમજવાની પોતાની આગવી કુનેહ, મૃદુ વાણી અને નિષ્ઠાવાન સ્વભાવથી પોતાની જાતને શ્રેષ્ઠ જ પુરવાર કરી. આત્મકથામાં એમના જણાવ્યા પ્રમાણે એમના આ સંસ્થા સાથેના સંબંધો ઉપર ક્યારેય પૂર્ણવિરામ ન'તું આવ્યું. પદ્મશ્રી ભોળાભાઈ પટેલે એમના આ વિદ્યાલયના આગમનને આ રીતે વધાવ્યું હતું, 'મોહનલાલ પટેલ અમદાવાદથી નવા સાહેબ આવ્યા. તેમની સાથે મોપાસાં, ચેખોવ, ઓ'હેન્રીનું વાર્તાજાગત, બ્રાઉનીંગના મોનોલોગ, શરદબાબુ અને ખાંડેકરનું જગત આવ્યું. નખશીખ સજ્જન---'. શ્રી રઘુવીર ચૌધરી નોંધે છે કે 'મોહનભાઈની સાહિત્યિક કૃતિઓ ઉત્તર ગુજરાતના ભાવકોને પહોંચી છે એથી વધુ એમની શૈક્ષણિક સેવાઓ પહોંચી છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી.'

પચાસથી વધુ એકએકથી ચડિયાતી કૃતિઓના સર્જકના જીવનકાર્યને એક નાના લેખમાં સમાવવું અશક્ય છે. એટલું સત્ય છે કે એમના અવસાનથી ગુજરાતી સાહિત્યે એક બહુ સારા સર્જક ગુમાવ્યા છે. જોકે, મને તો એમ લાગે છે કે મેં એક સાલસ, સરળ, પ્રેમાળ અને ઉત્સાહથી ધબકતા હૃદયવાળા, મારા પાટણના, એક આત્મીય વડીલ ગુમાવ્યા છે. પ્રેરણા અને પ્રોત્સાહનનું પીયૂષ પાતા એમના પત્રો મારી પાસે છે અને એ મારા જીવનભરના ગૌરવ તરીકે, એક અમૂલ્ય સંભારણા તરીકે હંમેશાં મારી સાથે રહેશે. શ્રી મનુભાઈ પટેલે યોગ્ય જ કહ્યું છે કે 'મોહનભાઈ સદાય પોતીકા અને સ્વજનસમા લાગ્યા છે, કેમ કે જીવન જીવવાની અનોખી કળા એમનામાં છે.'

**ફોન-૮૯૮૦૨૦૫૯૦૯**

*ઘટના સાથે માનવીય નિસબત ભળે ત્યારે જે ચિત્તક્ષોભ થાય તે સંવેદનનું ઉદ્ભવસ્થાન. એ સંવેદનના આધારે લઘુકથાની રચના થાય. જે રચનામાં સંવેદન ન હોય એ લઘુકથા હોઈ શકે નહીં.*

*લઘુકથામાં સંવેદન કે લાગણીનું એટલું પ્રાધાન્ય હોય છે કે સાહિત્યના આ સ્વરૂપને સંવેદનકથા કે ઊર્મિકાવ્યની જેમ ઊર્મિકથા તરીકે પણ ઓળખી શકાય. ગુજરાતી સાહિત્યમાં જે લઘુકથાઓ અત્યંત પ્રસિદ્ધ છે તે સાદ્યંત સંવેદનકથાઓ છે.*

***મોહનલાલ પટેલ. લઘુકથા સ્વરૂપપરિચય, પૃ. ૩૧-૩૨***

# સરસ્વતી સપૂત અને શબ્દસાધક : શ્રી મોહનલાલ પટેલ

**રેખાબા સરવૈયા**

શ્રી મોહનલાલ પટેલ વિશે લખવાનું કહેવામાં આવ્યું. આ સમયે એક મહેસૂલી અધિકારી તરીકે, મહામારીનાં સંક્રમણને ફેલાતું અટકાવવા માટે થઈને વહીવટી ફરજો એટલી બધી વધી ગઈ કે... ઇચ્છા હોવા છતાંય આ શ્રદ્ધાંજલિ લખાણ લખવાનો અવકાશ ન જ મળ્યો.

ખેર...

હજુ આજે પણ પરપ્રાંતીય મજૂરોને તેમનાં વતનમાં મોકલવાની વહીવટી વ્યવસ્થાઓ વચાળેથી રેલવે સ્ટેશનની અંદર બેસીને આ લખી રહી છું.

ત્યારે સૌથી પ્રથમ તો મુ. શ્રી પટેલસાહેબના દિવ્ય આત્મને મારાં હૃદયપૂર્વકનાં વંદન પાઠવું છું. ત્યારે સીમિત શબ્દોમાં એમના વિશે કહેવાનું મારું તો ગજુ શું ને વાત શી ? પટેલસાહેબ સાથેના પરોક્ષ પરિચયથી લઈને, એમનાં પરલોકગમન સુધીની વાતોથી 'સંક્રમિત' થયેલ મારું મન એમની સરળતા અને અભિજાત્યપૂર્વકની વાત કરવાની શૈલીથી સદૈવ સ્મરણમાં રહેશે.

એમનાં સમગ્ર સાહિત્યની વાત કરવા માટે તો મારી યોગ્યતા ટૂંકી પડે, પરંતુ એમની આત્મકથા 'ટાઇમ કૅપ્સ્યૂલ'– વાંચતાં કોઈ પણને મુ. પટેલસાહેબના કર્મઠ જીવનનો ખ્યાલ આવ્યા વગર ન રહે.

મારી સાથે સમયાંતરે વાત થાય ત્યારે અચૂકપણે ફોન મૂકતાં પહેલાં તેઓ આ શબ્દો ઉચ્ચારતા : 'લ્યો, ત્યારે – રેખાબા, તમે તો ખૂબ જવાબદારીવાળા હોદ્દા ઉપર બેઠાં છો, મારી સાથે આટલો સમય વાત કરી એ તમારી ઉદારતાની મને કાયમ નોંધ રહેશે જ. હવે ઘણો સમય થયો. હું જાણું છું કે તમારી આવી વ્યસ્તતા વચાળેય મને યાદ કરીને ફોન કરીને તમે તમારું જ ગૌરવ કરો છો ! હોં રેખાબા ! હવે વાતોને વિરામ આપીને તમે તમારું કામ કરો.'

મુ. શ્રી મણિભાઈ સાથે પણ સાહેબ વિશે વાત કરતી. કડીની શિક્ષણસંસ્થા માટેની એમની નિષ્ઠા પરમ વંદનીય બની રહેશે.

મને બહુ જ અફસોસ એ વાતે થયો કે મુ. શ્રી પટેલસાહેબના સર્જનની ગુજરાતી સાહિત્યમાં જોઈએ તેવી નોંધ જ ન લેવાઈ ! આ વાત મેં વારંવાર કહી પણ ખરી.

ગુજરાતી ભાષામાં લઘુકથાના જનક ગણાતા પટેલસાહેબને પણ કહેવાતાં શિષ્ટ સામયિકો દ્વારા થતાં લઘુકથા પ્રકાર પ્રત્યેની ઉપેક્ષાવૃત્તિ અને અવહેલનાથી દુઃખ હતું જ ! આ પ્રકારમાં પોતાની વાત કહેવી એ અત્યંત કઠિન સર્જકકર્મ હોવા છતાંય ઊંડી પીડાની એક ફાંસ સાથે કહેવું રહ્યું કે... આજે ગુજરાતી સાહિત્યમાં લXકનાં સ્વરૂપને એટલાં માનપાન નથી મળી રહ્યાં. બીજું મારું દુઃખ એ પણ હું વ્યક્ત કરી જ લઉં કે, ગુજરાતના એક અગ્રીમ સાહિત્યકાર તરીકે એમના મૃત્યુની નોંધ લેવાનું પણ બધાં જ અગ્રિમ અખબારો ચૂકી ગયાં છે, આ પણ એક ખૂંચે એવી વિટંબણા નહીં તો બીજું શું ?

ક્યાંક ને ક્યાંક સાહેબ પોતે પણ આ બધી ઉપેક્ષાઓને જાણતા જ હતા, પરંતુ એમનાં સ્વભાવ મુજબ પ્રતિકાર કે પ્રત્યુત્તર ન આપવામાં જ પોતાની મહાનતા માની હશે... ?

અંતતઃ એટલું જ કહીશ કે...

**'અહો ! અંજભિત કલા !**
**કઈ આડસથી જલતા રાખ્યા, તમે દીવાઓ ભલા ?**
**સત સમજાયું તમને શું ? 'દીવા તો જલતા ભલા !'**

આંખોનાં ઓલવાતાં ઓજસ વચ્ચે પણ જેમને પોતાની શબ્દસાધના દીવાને સદૈવ પ્રજ્વલિત રાખ્યો એવા તેજસ્વી આત્માને રેખાબા સરવૈયાનાં હૃદયપૂર્વક વંદન-અસ્તુ.

**ડેપ્યુટિ કલેક્ટર**
મો. ૯૯૨૫૦૧૭૫૮૪

# શીલભદ્ર સારસ્વત અને મૂલ્યનિષ્ઠ શિક્ષક

ડૉ. કનકબાળા જાની

લઘુકથા, નવલકથા, વિવેચન, પ્રવાસ, ચરિત્ર, અનુવાદ, સંપાદન એમ સાહિત્યનાં વિવિધ સ્વરૂપોમાં ખેડાણ કરી ગુજરાતી-ભાષા સાહિત્યને સમૃદ્ધ બનાવનાર શ્રી મોહનલાલ પટેલ આજીવન શિક્ષક, કેળવણીકાર અને ગાંધી વિચારધારાથી પ્રભાવિત રહ્યા હતા, જેની છાંટ તેમના સાહિત્યસર્જનમાં વર્તાય છે. તેમના સર્જનમાં તત્કાલીન સમયના સામાજિક, સાંસ્કૃતિક પર્યાવરણના પ્રભાવના કારણે તેમનું સાહિત્ય સર્જન સાહિત્યરસિકો ઉપરાંત વિવિધ વિષયક્ષેત્રના અભ્યાસુઓનું પણ આર્કષણનું કેન્દ્ર રહ્યું છે.

પાટણના હૃદયદ્રાવક પતનની ઐતિહાસિક નવલકથાઓ ''અંતિમ દીપ'' અને ''લાંછન''માં સામાજિક રીતરીવાજો, મહોત્સવો, નાટ્યગૃહો, નૃત્યલીલાઓ, સ્થાપત્ય, નગર રચના, યુદ્ધ, શૃંગાર, સંવાદરચના, સંસ્કૃત ઉદ્ધરણો, પારિભાષિક શબ્દો, સહસ્રલિંગ સરોવરની ભવ્યતા, વગેરે અનેકવિધ આયામોનો વિનિયોગ પાટણની ભવ્યતાનાં દર્શન કરાવે છે. 'અંતિમ દીપ'માં રાજા કર્ણઘેલો ભાગી છૂટે છે. ત્યારબાદ તેની પત્ની કૌલારાણી ભાગી છૂટે છે. અને અલાઉદ્દીન ખીલજીના માણસોના હાથમાં પકડાઈ જાય છે. રાજમહેલ ઉપર દીપ પ્રગટી રહ્યો છે અને તે પાટણનો 'અંતિમ દીપ' હોય તેમ ભાસે છે. અહીં વાચકને પછી કૌલારાણીનું શું થયું ? તેને છોડાવવાના પ્રયાસો સ્વામી ભક્ત સૈનિકોએ કર્યા તેમાં તેમને સફળતા મળી કે કેમ ? કર્ણ વાઘેલાનું પછી શું થયું ? તે યુદ્ધ કરવા પુન : સૈન્ય એકઠુ કરી હુમલો કરી શક્યો કે કેમ ? વગેરે પ્રશ્નોના ઉત્તરો જાણવાની જિજ્ઞાસા રહે છે. આ જિજ્ઞાસાની પૂર્તિ ''લાંછન'' નવલકથામાં થાય છે. સામ્રાજ્યના પતનની સાથે એક સ્ત્રીના સ્ત્રીત્વ ઉપર થતા પ્રહારો અને બળજબરીથી ઉપાડી જઈ અલાઉદ્દીન ખીલજીના અંતઃપુરવાસી બનવાનો પ્રસંગ વાચકો ઉપરાંત મને સ્વયં પણ એક સ્ત્રી હોવાને નાતે અત્યંત પીડાકારક બની રહે છે. પુત્રી દેવળબાને અલાઉદ્દીન ખીલજીના માણસો બળજબરીથી લઈ જવા આવી રહ્યા છે તેવા સમાચાર મળતાં તેને બચાવવા કર્ણ વાઘેલા પડોશના રાજ્યના સામંતનું પીઠબળ પ્રાપ્ત થાય તે માટે એક સમૃદ્ધ રાજ્યની રાજકુંવરીનું સામાન્ય સામંત સાથે લગ્ન કરાવવાનો નિર્ધાર કરે છે. પરંતુ લગ્ન પહેલાં જ અલાઉદ્દીન ખીલજીના માણસો તેને ઉપાડી જાય છે. આમ રાજાનો પ્રયાસ નિષ્ફળ જાય છે. અહીં લેખકનું કારુણ્યસભર વર્ણન ભલભલા કઠણ હૃદયના માનવીની આંખમાં આંસુ લાવી દે તેટલું બળકટ છે. અહીં ઉલ્લેખનીય બની રહે છે કે ધૂમકેતુએ તેની નવલકથામાં ''કૌલારાણી''નું જંગલમાં મૃત્યુ થઈ જાય તેમ જણાવ્યું છે. કનૈયાલાલ મુનશી, નંદશંકર મહેતા, ધૂમકેતુ, પદ્મનાભ વગેરેએ પોતાની કૃતિઓમાં કર્ણ વાઘેલાને એક લંપટ રાજવી વર્ણવ્યો છે. પરંતુ મોહનલાલે કર્ણ વાઘેલાને એક પરાક્રમી અને વતનપ્રેમી રાજવી તરીકે આલેખી તેનું ગૌરવ પ્રસ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો છે. લંપટ હોવાની બાબત એ માત્ર દંતકથા અથવા ભાટ-ચારણોની ગાથાઓ પૂરતી મર્યાદિત હોવાનું જણાવી તેનું ખંડન કરતા કેટલાક ઐતિહાસિક આધારોને પ્રસ્તાવનામાં જ જણાવી દીધા છે. 'બંધન' નવલકથામાં અર્થોપાર્જનની લાલસાથી અમેરિકામાં સ્થાયી થતા જતા ભારતીય યુવાધનના પ્રશ્નો સંબંધી વાચા આપી છે. આર્થિક સદ્ધરતાની અભિલાષા પૂર્ણ કરવાની સાથે જ ઊભા થતા લગ્નજીવન અને સામાજિક પ્રશ્નોને વણી લેવામાં આવ્યા હોવાથી આ કૃતિ રોચક બની છે. આ ઉપરાંત તેમણે વિવિધ વિષયવસ્તુ આધારિત ૨૦ નવલકથાઓનું સર્જન કર્યું છે.

ટૂંકી વાર્તાઓમાં લેખકનું સર્જકત્વ ખીલ્યું છે. તેમણે વિશ્વની જગપ્રસિદ્ધ વાર્તાઓમાં પણ રસ દાખવ્યો છે અને તેનું રસપાન ગુજરાતી વાચકોને કરાવવા તેના અનુવાદો પણ કર્યા છે. જે પૈકી ''૧૫ જગપ્રસિદ્ધ

વાર્તાઓ''નું સંપાદન, અનુવાદ નોંધપાત્ર છે. પ્રસ્તુત પુસ્તકમાં અમેરિકા, ઇંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા, ફ્રાંસ, રશિયા, પોલેન્ડ, અને ન્યુઝીલેન્ડના સર્જકોની વિશ્વપ્રસિદ્ધ થયેલી વાર્તાઓના અનુવાદ કરવામાં આવ્યા છે. જેના કારણે ગુજરાતી ભાષીઓને વિશ્વની વાર્તાસૃષ્ટિ માણવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. તેમની અનેક વાર્તાઓ આપણી સંવેદનાને ઝંઝોળે છે. આપણા ચિત્તમાં વાર્તાનાં પાત્રો - સંવેદનો-દશ્યો ચિત્ત ઉપર કબજો જમાવી લે છે. આ વાર્તાઓનું રસપાન આપણને એ સત્યનું ભાન કરાવે છે કે આજની ભાતિકવાદી વૃત્તિ ધરાવતી જીવન શૈલીમાં પણ પ્રેમ, લાગણી, સંવેદના, કલા - સાહિત્ય પ્રત્યેનું મમત્વ સાવ મરી પરવાર્યું નથી. તે ક્યાંક ધબકી રહ્યું છે. જેનો દિલાસો માત્ર પણ આપણા આંતરમનને સાંત્વના આપે છે. તેનું કારણ કદાચ એ હોઈ શકે કે કદાચ આ વાર્તાઓ કાલ્પનિક છે કે સત્યઆધારિત ઘટનાઓ તેની પળોજણમાં ન પડીએ તો પણ તે તો નિર્વિવાદપણે સત્ય છે કે તે જિવાતા જીવનનો અભિન્ન હિસ્સો તો છે જ. ટૂંકી વાર્તાના ૧૩ સંગ્રહો ઉપરાંત તેના વિવેચન વિશે 'ટૂંકી વાર્તા મીમાંસા' ગ્રંથ તેમને ટૂંકી વાર્તાના સન્માનનીય વિવેચક તરીકે પ્રસ્થાપિત કરે છે. 'સાહિત્ય સંકેત'માં અભ્યાસનિષ્ઠ અને કૃતિલક્ષી વિવેચનલેખોનો સંગ્રહ છે.

''ટાઇમ કેપ્સ્યૂલ'' (ઈ.સ. ૧૯૨૭થી ૨૦૧૯) શ્રી મોહનલાલ પટેલની આત્મકથા છે. પ્રસ્તુત પુસ્તકનો ઉઘાડ ઐતિહાસિક વિરાસત ધરાવતી નગરી પાટણથી કર્યો છે. જેમાં વતન પાટણ સાથેના મમત્ત્વપૂર્ણ ઋણાનુબંધ સાથે ઐતિહાસિક ધરોહરને સંશોધકની દષ્ટિએ મૂલવવાનો પ્રયાસ કર્યો છે. સોલંકીકાલીન પાટણ ઉપરાંત ગાયકવાડી શાસન હેઠળના પાટણને લેખક જરાય વિસર્યા નથી. આઝાદીની લડતમાં પાટણે ઝંપલાવ્યું હતું તેને પણ વર્ણવવાનું લેખક ચૂક્યા નથી. જેમાં શાળાનું મકાન સળગાવવું, પાટણની આયુર્વેદિક કૉલેજમાં હડતાલ વગેરેનો સમાવેશ થાય છે. આમ લેખકે અહીં પ્રારંભમાં ઐતિહાસિક - સાંસ્કૃતિક દષ્ટિએ મહત્ત્વપૂર્ણ વિગતોની વાચા આપ્યા બાદ જ પોતાનું બાળપણ, શિક્ષણ, તત્કાલીન સમાજ, ખેતીવાડી વગેરેને વિવિધ ઉદાહરણો સહિત વર્ણવ્યાં છે. આમ જોવા જઈએ તો આ માત્ર કોઈ વ્યક્તિનું ચરિત્ર નથી. પરંતુ સાંપ્રત સમયનું જનજીવન તેમાં ધબકી રહ્યું છે. ''વિદ્યાગુરુઓ'' પ્રકરણમાં સર્જકે પોતાની શિક્ષણ સાધનામાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર ગુરુઓ રામલાલ ચુ. મોદી, ઉમાશંકર જોષી, પ્રબોધ પંડિત, રામલાલ દવે વગેરે પ્રત્યે વ્યક્ત કરેલ આદરભાવ આપણને ઘણું બધું શીખવી જાય છે.

કડી હાઈસ્કૂલમાં શિક્ષક, આચાર્ય અને ગૃહપતિ તરીકેના અનુભવોનું આચમનમાત્ર શિક્ષકત્વ અને ગૃહપતિત્વના ઉન્નત શિખરો સર કરાવી શકે તેટલું બળકટ છે. અધ્યાપક બનવાની તકો ઉપલબ્ધ થવા છતાંય આચાર્ય બની રહેવા સંદર્ભે પ્રસન્નતાપૂર્વક નોંધ્યું છે કે ''જે પ્રતિષ્ઠા મેં સર્વ વિદ્યાલય કેળવણી મંડળમાંથી મેળવી તે અન્ય ક્યાંય પણ શક્ય ન બનત''. શિક્ષકત્વ અને સર્જકત્વ લેખકની રગેરગમાં વ્યાપ્ત છે. સંવેદનાપૂર્ણ વ્યક્તિત્વથી સમૃદ્ધ આ બધાયની વચ્ચે જો પીડાદાયક હોય તો વહીવટીય મડાગાંઠો-તઘલખી નિર્ણયો જેમાં લેવાતો શિક્ષણનો ભોગ. આ પીડાની વેદના પણ લેખકે અત્ર-તત્ર ઠાલવી છે. સમગ્રતયા પ્રસ્તુત પુસ્તક લેખકના ગૌરવશીલ વ્યકિતત્વ વૈભવનાં દર્શન કરાવવાની સાથે સાથે પાટણના ઇતિહાસ તથા સમાજજીવન, મૂલ્યનિષ્ઠ શિક્ષણના પ્રહરીઓનો વિદ્યાર્થીલક્ષી અભિગમ, શિક્ષણને અભડાવતાં તત્ત્વો અને સાહિત્ય સાધના જેવાં અનેકવિધ પાસાંઓને સુપેરે ઉજાગર કરતો એક દસ્તાવેજી ગ્રંથ બની રહે છે.

આત્મકથા ઉપરાંત 'પ્રજ્ઞાદીપ છગનભા', 'પ્રગટબ્રહ્મ સ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજ' અને 'બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ'નાં જીવનચરિત્રો સાહિત્યિક સંસ્પર્શ કરાવતાં હોઈ રસમય છે. લેખકે વડોદરાના છાત્રવાસ દરમિયાન ગાંધીજીની 'હિંદ છોડો ચળવળ'માં અનેક રચનાત્મક કાર્યોમાં પ્રવૃત્ત થયા હતા તેનો પડઘો 'ભવપ્રપંચ' અને 'ડેડ એન્ડ' નવલકથાઓ ઉપરાંત ચરિત્રગ્રંથ ''મહેસાણા-પાટણ જિલ્લાના સ્વાતંત્ર્યસૈનિકો''માં સંભળાય છે.

''ગુડ મોર્નિંગ અમેરિકા'' એ પ્રવાસગ્રંથ છે, જેમાં અમેરિકન જીવનશૈલીનું પક્ષપાત રહિત વર્ણન કર્યું છે. નિબંધો 'હાસ્ય ઝરૂખે બૈઠ કે', 'હસતાં હસતાં' અને 'હાસ્યમર્મર' વિષય મથાળા હેઠળ ગ્રંથસ્થ કરવામાં આવ્યા છે. જે હળવી શૈલીમાં છે, જેમાં વિશેષ કરીને માનવજીવનની પ્રાયઃ નબળાઈઓ ઉપર વ્યંગ કરવામાં આવ્યો છે.

**(અનુસંધાન પૃ. ૮૪મે પાને)**

# આદરણીયશ્રી મોહનલાલ પટેલસાહેબની સ્મૃતિઓ આ ક્ષણે પણ મને ભીંજવ્યા કરે છે

**નટવર આહલપરા**

શબ્દની તાકાત અનન્ય છે તેની પ્રતીતિ મને આજ સુધી થઈ રહી છે ત્યારે આદરણીયશ્રી મોહનલાલ પટેલસાહેબ સાથેના બે હૃદયસ્પર્શી પ્રેરક પ્રસંગો સૌ પ્રથમ મારે રજૂ કરવા છે. વર્ષ ૨૦૦૯માં શિક્ષણવિદ શ્રી ગિજુભાઈ ભરાડના ગુરુ જૂનાગઢના મુક્તાનંદજીની પુસ્તકતુલા કરવાનો કાર્યક્રમ ૩૬૫ લેખકોના પુસ્તકોથી કર્યો હતો. આ ઉત્સવમાં મારી લઘુકથાનું પુસ્તક 'ફણગો' પણ તુલામાં મૂકવામાં આવ્યું હતું. 'ફણગો' પુસ્તક મેં શ્રી મોહનલાલ પટેલને અર્પણ કરેલું અને તેમને મોકલ્યું. શ્રી પટેલ સાહેબે પોતાના વતન પાટણ શ્રી શંભુભાઈ યોગીને નવજીવન આશ્રમ-શાળામાં મોકલી આપ્યું હતું.

વિચરતી જાતિના બાળકો માટે જીવન સમર્પિત કરનાર, ૧૯૬૩માં રાષ્ટ્રપતિ રાધાકૃષ્ણના વરદ હસ્તે શ્રેષ્ઠ શિક્ષકનો ઍવૉર્ડ મેળવનાર તથા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના શિક્ષક શ્રી શંભુભાઈએ 'ફણગો' પુસ્તક ૮૫ વર્ષની ઉંમરે એક બેઠકે વાંચી શ્રી મોહનલાલ પટેલના સ્મરણ સાથે લઘુકથાઓ વાંચીને મને પત્ર લખ્યો. ઍવૉર્ડ સમો પત્ર મને આવ્યો તેનો શ્રેય શ્રી પટેલ સાહેબને અર્પણ કરું છું.

આવડા મોટા ગજાના લેખક શ્રીએ 'ફણગો' પુસ્તકની લઘુકથાઓ વાંચી મારી પીઠ પણ થાબડી હતી. સાહેબ, આવો સ્નેહ ક્યાં મળે ?

બીજો પ્રસંગ તાદૃશ થાય છે. વર્ષ ૨૦૧૧માં હું લઘુકથાસંગ્રહ 'ક્ષણે ક્ષણે સૂર્યોદય' પ્રકાશન માટે તૈયાર કરી રહ્યો હતો. પ્રબળ ઇચ્છા હતી કે, સાહેબ પ્રસ્તાવના લખી આપે તો કેવું સારું ? શ્રી પ્રફુલ્લ રાવલ અને શ્રી હરીશ વટાવવાલાના તથા આદર્શ પ્રકાશન અમદાવાદના શ્રી કમલેશભાઈના સહકારથી શક્ય બન્યું.

પણ એ ક્ષણો મને બરાબર યાદ છે. શ્રી મોહનલાલ પટેલને પિત્તાશયનું ઑપરેશન કરાવેલું છતાં સાહેબે 'ક્ષણે ક્ષણે સૂર્યોદય' લઘુકથા સંગ્રહની પ્રસ્તાવના અઠવાડિયામાં જ લખી આપી હતી. આ ચિરંજીવ ક્ષણે સાહેબના પગ પાસે બેસીને ઘણું શીખવાનું મળ્યું હતું જે આજેય મને ઉપકારક બની રહ્યું છે.

ત્રીજો પ્રસંગ એમ છે કે, વર્ષ ૨૦૦૬માં આકાશવાણી રાજકોટના ઇગ્નુ લાઇવ ફોન ઇન કાર્યક્રમમાં ઉદ્‌ઘોષિકા શ્રી કામાક્ષી છાયાએ શ્રી મોહનલાલ પટેલની લઘુકથા 'ગતિભંગ' અંગે વાર્તાલાપ લખવા મને કોન્ટ્રેક મોકલ્યો. મારા અવાજમાં મેં લખેલા વાર્તાલાપનું પ્રસારણ થયું અને વાર્તાલાપની ઓડિયો સી.ડી. સાંભળીને મને અભિનંદનનો ફોન કર્યો હતો. સ્વાભાવિક છે કે રાજીપો વધે જ. આકાશવાણીને પ્રતિભાવના અનેક પત્રો મળેલા. સાહેબના પત્રો મેં જીવની જેમ સાચવ્યા છે જે મને સતત ઉજાગર કરતાં રહે છે. તા. ૦૬-૦૪-૨૦૦૬ના પત્રમાં સાહેબે લખ્યું હતું કે, "પાઠ્યપુસ્તકોમાં લઘુકથા ન લેવાઈ એ બાબતનો તમારો આક્રોશ સકારણ છે. એ ન લેવાય તેની પાછળ સંપાદકોનો પૂર્વગ્રહ અથવા લઘુકથાના સ્વરૂપનું ઘોર અજ્ઞાન કે પછી ઉત્તમ લઘુકથાઓના વાચનનો અભાવ. બીજું શું ?

લઘુકથાના સર્જકો અને ચાહકો એ આ બાબત તરફ દુર્લક્ષ ન સેવવું જોઈએ."

તા. ૦૧-૦૪-૨૦૦૯ના પ્રત્યુત્તરમાં સાહેબે મારો વાંસો થાબડતાં લખ્યું હતું : "તમે યાદ રાખીને 'ફણગો' મને મોકલ્યું ! સ્નેહની વ્યાખ્યા આ પ્રવૃત્તિમાં સમાયેલી છે. તમારી કલમની પ્રશંસા મેં અગાઉ કરેલી છે. આ સાથે એનો પુનઃ ઉચ્ચાર કરું છું."

શ્રી મોહનલાલ પટેલસાહેબે ભાવનગર ગદ્યસભા દ્વારા ૧૯૯૩માં ભાવનગર જિલ્લાના લઘુકથાકારોની લઘુકથા 'કૂંપળ ફૂટે'માં મને અને જાણિતા લઘુકથાકાર,

પુસ્તકના સંપાદક મિત્ર શ્રી નરેન બારડને ખૂબ જ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

ભાવનગરમાં જ્ઞાનજ્યોત, એક્ટિવ અને જ્ઞાનગંગામાં તથા રાજકોટમાં જ્ઞાનગંગા કલાસિસમાં મેં ૧૯૮૦થી ૨૦૧૦ સુધી ધો. ૧૦ તથા ધો. ૧૨માં હજારો છાત્રોને વર્ગખંડમાં શ્રી મોહનલાલ પટેલની 'પ્રત્યાલંબન', 'લિખિતના પાયલાગણ', 'ગતિભંગ', 'જાકારો' અને 'દીકરા' લઘુકથાઓ વિદ્યાર્થીઓને ભણાવીને હું પણ ભણતો રહ્યો હતો. સાથોસાથ લઘુકથા લેખનકાર્ય પણ કરતો હતો.

ચાલીસ વર્ષનાં વાણાં વાઈ ગયાં પણ શ્રી પટેલ સાહેબ સાથેનાં અનેક સંભારણાંઓ તાજાં થાય છે. 'ટ્રાયલરૂમ' અને 'સુખમાં સૌ અને દુઃખમાં નહીં' બે લઘુકથા મેં લખી હતી અને તેનાં અંત, શીર્ષક તથા કથાવસ્તુ માટે ફોનથી ચર્ચા થતી. તેની ફલશ્રુતિરૂપે ઘણી લઘુકથાઓ 'કુમાર', 'ચાંદની', 'અખંડઆનંદ', 'વી', 'શબ્દસર', મુંબઈ સમાચાર, ફૂલછાબ, જનસત્તા, જન્મભૂમિ વ. સામયિકો-દૈનિકોમાં પ્રકાશિત થતી રહી છે.

સાહેબને ગુરુદક્ષિણામાં હું આપું તો શું આપું ? પણ યથાશક્તિ એમની વંદના 'ગાંધીનગર સમાચાર'માં કટાર 'મોંઘેરા મોતી'માં, ફૂલછાબ દૈનિકની કટાર 'પંચામૃત પૂર્તિ'માં, ભરાડ ફાઉન્ડેશન, રાજકોટ દ્વારા પ્રકાશિત પુસ્તક 'સંસ્કૃતિના પ્રહરીઓ'માં, લટૂર પ્રકાશન, ભાવનગર દ્વારા પ્રકાશિત પુસ્તક 'અક્ષરોમાં આલ્બમ' ગ્રંથમાં સાહેબનાં સંક્ષિપ્ત ચરિત્ર નિબંધો પ્રગટ કર્યા હતા.

વર્ષ ૨૦૧૪થી ૨૦૧૮ સુધી મારા બંને પુત્રો રવિ અને તરુણ અમદાવાદમાં નોકરી અર્થે સ્થિર થયા હોવાથી મારે પ્રસંગોપાત્ત અમદાવાદ જવાનું થતાં પુત્ર તરૂણને લઈ સાહેબને મારાં પ્રકાશિત પુસ્તકો અર્પણ કરવા અને વંદના માટે બે-ત્રણ વાર અમે સાહેબના નિવાસસ્થાને ગયાં હતાં અને મન ભરીને વાતો કરી હતી.

મારી લઘુકથાઓ સામયિકમાં વાંચે અને અભિનંદનનો ફોન કરી મારું સર્જનબળ વધારતા હતા. 'લાડવો' લઘુકથા તેમને વિશેષ ગમતી હોવાથી વર્ષ ૨૦૦૭માં ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પ્રકાશિત તેમના અને શ્રી પ્રફુલ્લ રાવલના સંપાદનમાં લઘુકથા સંચય થયો અને હાલમાં ૨૦૧૯માં દિલ્હી સાહિત્ય અકાદમી દ્વારા પ્રકાશિત લઘુકથા સંચયમાં તેઓએ જ 'લાડવો' લઘુકથા મૂકી હતી.

દિલ્હી સાહિત્ય અકાદમીના સંચયના સંકલનમાં શ્રી પટેલસાહેબ અને શ્રી મણિભાઈ પ્રજાપતિ સાથે યતકિંચિત સેવા કરવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું તે ધન્ય ક્ષણો મને જિવાડ્યા કરશે.

સાહેબ સાથે લગભગ પ્રત્યક્ષ અને પરોક્ષ રહેવાનું સદભાગ્ય ૨૦૧૮-૨૦૧૯ના મધ્ય ભાગ સુધી રહ્યું હતું. રાજકોટના મારા મિત્ર અને જાણીતા લઘુકથાકાર શ્રી ધર્મેન્દ્રસિંહ રાઠોડના લઘુકથાસંગ્રહ 'કૂંપળ લીલીછમ'ની પ્રસ્તાવના અર્થે હું અને શ્રી રાઠોડ સાહેબના નિવાસસ્થાને ગયા હતા. સાહેબની ૯૦ વર્ષની ઉંમર, આંખે ઓછું દેખાતું હોવાં છતાં સાહેબે, સાત પાનાની તલસ્પર્શી પ્રસ્તાવના લખી આપી હતી.

અમદાવાદમાં શ્રી મિલન પટેલ અને સુશ્રી મૈત્રી શાહ ગુજરાતી લેક્સિકોન નામક ઓનલાઈન શ્રેણી ચલાવે છે જેનાં હજારો વાચકો છે તેમાં શ્રી મોહનલાલ પટેલનું સંક્ષિપ્ત ચરિત્ર નિબંધ સાતસો શબ્દોમાં ઑક્ટોબર - ૨૦૧૯માં પ્રકાશિત કર્યું હતું તે બદલ સાહેબના ફોનથી આશીર્વાદ પણ મળ્યા હતા.

તા. ૧૩-૩-૨૦૨૦ના રોજ મિત્ર પ્રો. શ્રી જયંતી ચાવડાનો શ્રી પટેલ સાહેબના નિધનનો વોટ્સેપ સંદેશ મળ્યો ત્યારે હું શૂન્ય બની ગયો હતો. થયું સો વર્ષે દુકાળ એટલે દુકાળ. સાહેબ જ્યારે માર્ગદર્શન આપતાં ત્યારે એવી અનુભૂતિ થતી કે જાણે પિતા, માથે હાથ ન ફેરવતા હોય ? શ્રી મોહનલાલ પટેલ સ્થૂળદેહે આપણી સાથે નથી રહ્યા પણ તેમની સૂક્ષ્મ ચેતના આશીર્વાદરૂપે અંતરિક્ષમાંથી સદૈવ વરસતી રહેશે એવી મને પૂર્ણ શ્રદ્ધા છે.

સાહેબની બૃહદ અને પ્રેરક આત્મકથા 'ટાઇમ કેપ્સ્યૂલ'ની પ્રથમ આવૃત્તિ તો સાહેબે મને પ્રસાદ સ્વરૂપે આપી હતી પણ તાજેતરમાં બીજી આવૃત્તિ થઈ તેમાં સાહેબે આત્મકથાની મેં લખેલી પ્રતિભાવ નોંધ મૂકી હતી. આ ધન્યક્ષણો આદરણીયશ્રી પટેલસાહેબનું સ્મરણ અદા કરાવતી રહેશે. તેમનાં અન્ય પુસ્તકો પણ માર્ગદર્શન પૂરું પડતાં રહેશે, ઉપરાંત સાહિત્ય સર્જનમાં બળ આપશે.

શ્રી મોહનલાલ પટેલના રાજીપાનું સ્મરણ કેમ ન

થાય ? પૂ. મોરારીબાપુ પ્રેરિત અસ્મિતા પર્વમાં તા. ૨૮-૦૩-૨૦૧૮નાં રોજ લઘુકથા વિમર્શ સંગોષ્ઠિ ટીવી ઉપર આસ્થા ચેનલ ઉપર જોઈ મને અભિનંદન આપતાં કહેલું કે, ''ઓરા આવો તો વાસો થાબડું'' તો દિવ્યભાસ્કર રાજકોટના સૌરાષ્ટ્ર લિટરેચર ફેસ્ટિવલમાં 'ગાગરમાં સાગર ભરવાની કળા એટલે લઘુકથા' સેશનનું સંયોજન કરવાનું સાંભળ્યું તો બહુ જ રાજી થયા હતા અને અભિનંદન આપેલાં.

ચિંતક થોરો કહે છે કે, ''બધી કલાઓમાં જીવન જીવવાની કળા શ્રેષ્ઠ છે. સારી રીતે જીવી જાણે તે જ સાચો કલાકાર, સાહિત્યકાર !''

સાહેબ આપ જીવન જીવી ગયા અને અમને સૌને જિવાડી રહ્યા છો. આપને શતશત શ્રદ્ધા સુમન, વંદન.

**નટવર આહલપરા**

''શ્રી પવનતનય'' પ્લોટ નં. ૬૫-ડી/એ,
વિમલનગર, શેરી નં. ૩, આલાપ સેન્ચૂરી પાછળ,
યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫
મો. ૯૯૭૪૦ ૦૯૦૪૨

# મારા લઘુકથાના માર્ગદર્શક – મોહનભાઈ સાહેબ

**નટવર પટેલ**

હું આઠમા ધોરણમાં આવ્યો ને વામજની હાઈસ્કૂલમાં ભણવા ગયો ત્યારે મોહનભાઈ સાહેબનું નામ સાંભળેલું. એ માટે નિમિત્ત હતા કડીના સાહિત્યકાર અને મારા ગુજરાતી-સંસ્કૃત વિષયના શિક્ષક શ્રી રમેશ ત્રિવેદી. તેઓ તાજા જ સ્નાતક થઈ વામજની હાઈસ્કૂલમાં જોડાયા હતા. તેઓ બે વર્ષ રહી કડીની ખમાર ગર્લ્સ સ્કૂલમાં ગયા. એ પહેલાં તેઓ મને સાહિત્યનો રંગ લગાડતા ગયેલા. એટલે પછી હું એમના સંપર્કમાં રહ્યો. એ સંપર્કનો છેડો ભવિષ્યમાં કડીના સાહિત્ય-વર્તુળના મુખ્ય ફ્યૂઝ સમાન મોહનભાઈ સાહેબ સુધી પહોંચ્યો.

તે સમયે અગિયારમું ધોરણ મૅટ્રિક કહેવાતું. તેના આધારે પછી કૉલેજમાં જે-તે પ્રવાહમાં જવાતું. એ સમયમાં કડીની સર્વ વિદ્યાલયની સુવાસ ગુજરાતભરમાં પ્રસરી હતી. કડી તાલુકામાં મૅટ્રિકમાં સર્વ વિદ્યાલયનો જ વિદ્યાર્થી પ્રથમ આવતો. હું ભણવામાં હોશિયાર હતો. કાયમ પ્રથમ નંબર જ આવતો. અમે વિદ્યાર્થીઓ અંદરોઅંદર ચર્ચા કરતા કે મૅટ્રિકમાં સારા ટકા લાવવા હોય તો સર્વ વિદ્યાલયમાં ભણવા જવું જોઈએ. છાત્રાલયમાં મિત્રો કહેતા કે, 'નટુ, તું ત્યાં જા, તારો વટ પડશે.'

ને મેં કડી ફૉર્મ ભર્યું. વામજની શાળામાં ધોરણ ૧૦ના પરિણામ સાથે આવેલા પત્રમાં લખી દીધું કે હું શાળા બદલવાનો છું. કડીથી પત્ર આવ્યો અને મને સાહેબે રૂબરૂ મળવા બોલાવ્યો. મોહનભાઈસાહેબના મનમાં એમ કે આ વિદ્યાર્થી શા માટે શાળા બદલવા ઇચ્છે છે. તેઓ માનતા હતા કે વામજની શાળા અને એના આચાર્ય જેઠાભાઈ ત્રિવેદી પણ દૃષ્ટિવાન હતા.

હું સાહેબને મળવા કડી ગયો. મને શાળા બદલવાનું કારણ પૂછ્યું. મેં કહ્યું કે સારા ટકા લાવવા. સાહેબે મને સમજ પાડી કે તું અહીં આવે તે મને ગમે, પણ મારા મિત્ર જેઠાભાઈ સાહેબ (વામજની શાળાના આચાર્ય)ના મનમાં એવી છાપ પડે કે મારા એક તેજસ્વી વિદ્યાર્થીને કડીના સાહેબો ફોસલાવીને લઈ ગયા. જેઠાભાઈ પણ વિદ્યાર્થીઓનું સારું ધ્યાન રાખે છે. મારી સલાહ છે કે ત્રણ વર્ષથી જે સંસ્થામાં તું ભણે છે ત્યાં જ મૅટ્રિક થા. હવે એ તારી માતૃસંસ્થા ગણાય.

સાહેબની વાત મારા મગજમાં બેસી ગઈ. હું ઘેર ગયો. નક્કી કર્યું કે કાલે જ વામજ જઈ ફી ભરી આવીશ. પણ ત્યાં બીજે દિવસે અંબુભાઈ સાહેબ મારે ઘેર આવ્યા. તે ઉપાચાર્ય અને છાત્રાલયના મુખ્ય ગૃહપતિ હતા. હું એમનો પ્રિય છાત્ર હતો. સાહેબને આમ અચાનક આવેલા જોઈ હું ક્ષોભ પામ્યો. મારે બરડે હાથ મૂકી કહે, 'નટુ,

તને શાળા છોડવાનું સર્ટિફિકેટ. આપવાનો નથી. મારો આગ્રહ છે કે તું બીજે નહીં જાય.' ને પછી મેં મૅટ્રિક વામજથી કર્યું. આમ, મને મોહનભાઈ સાહેબનો અલગ પ્રકારનો અનુભવ થયો.

પછી તો રમેશ ત્રિવેદીના સંપર્કથી સાહેબનો પ્રત્યક્ષ અને પરોક્ષ પરિચય વધતો ગયો. વર્તમાનપત્રો તથા આરામ, ચાંદની, કુમાર, નવચેતન વગેરે સામયિકોમાં પ્રગટ થતું મોહનભાઈ સાહેબનું સાહિત્ય હું વાંચતો રહ્યો. રમેશભાઈ પાસેથી મેળવીને સાહેબનાં પ્રગટ પુસ્તકો પણ વાંચતો રહ્યો.

પછી તો હું અમદાવાદમાં હાઈસ્કૂલમાં અને પછીથી પીટીસી કૉલેજમાં અધ્યાપક તરીકે જોડાયો. સાહેબ પણ નિવૃત્ત થઈ મયંકભાઈ પાસે અમદાવાદ રહેવા આવી ગયા. સાહિત્યવર્તુળ દ્વારા કડીમાં અવારનવાર કાર્યક્રમો ગોઠવાય. એ માટે અમદાવાદથી આવતા સર્જકમિત્રો માટે વાહનની વ્યવસ્થા કરવામાં આવે. સાહેબના ઘરેથી વાહન નીકળે. રસ્તામાં સૌને લેતાં-લેતાં વાહન આગળ જાય. યશવંતભાઈ કડીકર સાબરમતી રહે. છેલ્લે એમને લેવાના થાય. એક વાર સાહેબ કહે, 'યશવંતભાઈ, પાછળ ન ફાવે તો આગળ બેસો, હું પાછળ જાઉં' ત્યારે યશવંતભાઈએ હસીને કહેલું, 'સાહેબ, તમે ત્યાં બરાબર છો. હું તો કાયમ પાછલા ડબ્બામાં બેસવા ટેવાયેલો છું.' અમે સૌ હસી પડ્યા. યશવંતભાઈ રેલવેમાં ગાર્ડની નોકરી કરતા હતા.

સમય જતાં મેં પણ મારી વિવિધ સામયિકોમાં છપાયેલી બાવન જેટલી લઘુકથાઓનો સંગ્રહ 'અચાનક આવેલો વરસાદ' બહાર પાડ્યો. એક નકલ સાહેબને અવલોકનાર્થે મોકલાવી. મને યોગ્ય માર્ગદર્શન આપવા વિનંતી કરી. થોડા દિવસો પછી છ પેજ ભરીને એમનો પ્રેમાળ પત્ર મેળવી હું ધન્ય થઈ ગયો. સાહેબે દરેક લઘુકથા વિશે યોગ્ય પ્રતિભાવ પાઠવ્યા હતા. શરૂઆતમાં એમણે સમગ્ર પુસ્તકને ધ્યાનમાં રાખી દશ-બાર લાઇન લખી હતી. છેલ્લે લખ્યું હતું કે આ સમીક્ષાત્મક લેખન નથી, ફક્ત તમારા ભવિષ્યના માર્ગદર્શન માટે છે. આ માર્ગદર્શન પછી લખાયેલી લઘુકથાઓ સારી બની રહી, તેનું શ્રેય મોહનભાઈ સાહેબને જાય છે.

અવારનવાર મિત્રો સાથે કે સાહિત્યવર્તુળના કોઈ કામ સારુ સાહેબના નિવાસસ્થાને જવાનું થતું. એ ટૂંકી મુલાકાતો પણ સાહિત્યચર્ચા સભર બની રહેતી હતી. કડીમાં બાળસાહિત્ય અંગે પરિસંવાદ યોજવા ફોન પર મેં સાહેબને વિનંતી કરી. તો તેમણે રસ લઈ રમેશભાઈ વ્યાસને જણાવ્યું અને એમની સાથે રહી તે કાર્યક્રમ પણ કડી ગોઠવાયો. આમ મોહનભાઈ સાહેબ સાથે મારો નાતો એક જિજ્ઞાસુ તરીકે કંઈક વધુ પામવાનો રહ્યો.

**નટવર પટેલ**
એચ-૫૦૩, નિશાન રેસિડેન્સી, આનંદપાર્ટી
પ્લોટ રોડ, માણકી સર્કલ, ન્યૂ રાણીપ,
અમદાવાદ-૩૮૨૪૭૦ (મો. ૯૬૬૨૭૮૦૪૩૭)

---

**(અનુસંધાન પૃ. ૫૬નું ચાલુ)**

લઘુકથા છે : 'ધરતીકંપ'. એક વાર મેં એમને હાલમાં પ્રચલિત થવા માંડેલ સ્વરૂપ માઈક્રોફિક્શન વિશે તેમનો પ્રતિભાવ આપવા વિનંતી કરી. એમણે બહુ ટૂંકમાં જવાબ આપ્યો : 'એ સ્વરૂપમાં વાતાવરણ સામેલ કરવાની વ્યવસ્થા જણાતી નથી; ભાઈ, વાતાવરણ વિના વાર્તાની અસરકારકતા ક્યાંથી થાય ?

માત્ર લઘુકથા જ નહીં, ઇતિહાસ, ચરિત્ર, શિક્ષણ કે અન્ય ક્ષેત્રમાં જરૂરી લાગેલી બાબતે લખતાં પહેલાં તેઓ તેમાં પૂર્ણતઃ ડૂબી જતા અને પૂરતો સમય લીધા પછી બહાર આવતા તેમના હાથમાં રત્ન ઝગમગતું હોય ! એ વિચાર-રત્નને ધીરજપૂર્વક ઘાટ આપીને પછી જ એ વાચકને સાદી ભાષામાં ધરતા. એમની આ સર્જન-પ્રક્રિયા શબ્દ-સાધકોએ અપનાવવા જેવી ખરી. એમને પગલે...પગલે ચાલનાર સર્જક કે શિક્ષકની સેવા દ્વારા ગુજરાતી ભાષી વાચક-ભાવકની સંખ્યા ટકી રહેશે, વધતી રહેશે.

અંતરસ્થ આ જીવન-સાધકની પ્રેરણાદાયી સ્મૃતિને વારે વારે વંદન સહ વિરમું છું.

**ઈશ્વર પરમાર**
'મોરપીંછ', સિદ્ધનાથ સામે,
દ્વારકા-૩૬૧૩૩૫; મો.૯૪૨૭૨૮૪૭૪૨

# શ્રી મોહનલાલ પટેલની યશોદાયી લઘુકથા : `જાકારો'

ગોવિંદ દરજી 'દેવાંશી'

આપણા મૂર્ધન્ય સાહિત્યકાર મોહનલાલ પટેલે ગુજરાતી સાહિત્યમાં લઘુકથાના પ્રકારને ખૂબ જ કલાત્મકતાથી ખેડીને યશોદાયી કીર્તિ મેળવી છે. આ વિશે ઘણી જ ચર્ચા થઈ શકે, પરંતુ અહીં તેમણે સર્જેલી 'જાકારો' લઘુકથાની વાત અભિપ્રેત છે.

આપણા સમાજમાં અવારનવાર બનતી ઘટનાને સુપેરે લઈ લેખકે સમાજનું ચિત્ર દોરીને જાણે કે સમાજને માટે ઉદાહરણરૂપ છતાંય સામાજિક રૂઢિને તોડવાનો આડકતરો ઇશારો બખૂબીથી કર્યો છે.

લઘુકથાનો પ્રારંભ થાય છે એક જ શબ્દ 'સાંભળ્યું ?' તેમાં જ શ્રોતા માટે કંઈ કોઈ એવી હકીકત વિષય હશે કે શું હશે ? એવી જિજ્ઞાસા પેદા કરે છે. લેખક આમ લખે છે, '... આ ડોબું તો બીજી વાર પાછું આવ્યું.' પત્ની કુંવર તેના પતિ ગણપતને વાત કરે છે. તેમાં સમગ્ર ઘટના જ હૃદય સોંસરવી ઊતરી જાય છે. જે કથાનો પ્રારંભ આપણા મનને હરી લે છે.

મોતીરામને વેચી નાખેલી ભેંસની વાત. 'એક કદાવર ભેંસ વાડાના ઝાંપા આગળ ઊભી હતી. ઝાંપો બંધ હતો.'

પોતાના – ગણપત અને કુંવરના – ઘેર આવેલી એ ભેંસનો અણનમ વિશ્વાસ જૂઓ 'ઝાંપો બંધ હતો' છતાંય એ ભેંસને પૂર્ણ શ્રદ્ધા-વિશ્વાસ હતો કે ઝાંપો ખોલશે. તેનું કારણ સ્પષ્ટ છે. એ ભેંસ જન્મી ત્યારથી જ એ વાડામાં. લેખકના શબ્દો, 'એને તો આ જ એનું ઘર.' જન્મ્યું ત્યારનું અહીં છે. આ વાડો અને આ લીમડો...' ખૂબ જ સંક્ષિપ્તમાં લેખક એ ભેંસની 'માયા' જે-તે સ્થળની નિર્દેશી દે છે. કથા ક્રમશઃ આગળ વધે છે. 'પછી એકાએક ઝાંપો ખોલી નાખ્યો.'માં કુંવરના પણ ભેંસ સાથેના પારાવાર પ્રેમની ઝાંખી કરાવે છે. વળી, 'હડી કાઢીને' શબ્દો ભેંસને જાણે પાછા સ્વર્ગે આવ્યાનો આનંદાનુભવ થાય છે.

ગણપતે મોતીરામને વેચેલી ભેંસ પુનઃ બીજી વાર ગણપતને ઘેર આવે છે. મોતીરામ તેને ફરીથી દોરી જવા આવે છે, પણ ગણપત અને કુંવર પણ તેને લઈ જવાની આડકતરી રીતે ના પાડે છે. મોતીરામને ગણપત પૈસા આપે છે, પણ તેનો અસ્વીકાર કરેછે ત્યારે કુંવર કહે છે, 'જે થયું તે થયું, મોતીભાઈ, ભલા થઈને રૂપિયા લૈ લ્યો. ડોબું ઘેર આવ્યું ને અમનેય ટાઢક થઈ...' આ વાક્યો કદાચ લઘુકથાને વધુ ઘેરી બનાવે છે.

એ વાત પતી. 'એના ગયા પછી ઘરમાં એક સન્નાટો છવાઈ ગયો.' એમ લેખક લખે છે. 'સન્નાટો' શેનો ? ભાવકને કથા આગળ વાંચવા જિજ્ઞાસા પ્રેરે છે. ખાસ તો કુંવરના – એક સ્ત્રીના હૃદયની સંવેદનશીલતા હચમચાવે છે. પતિપત્ની – ગણપત અને કુંવર – વચ્ચેના ટૂંકા વાક્યોવાળા સંવાદો ભાવકના દિલને પણ હચમચાવીને રડાવી દે છે.

અહીં વાત જુદી છે. પોતાની પુત્રીને સાસરિયાં તરફથી મળતા ત્રાસને ગણપત અને કુંવર જાણે ગણકારતાં નથી. પણ પુત્રીને 'સાસરું એ જ તારું ઘર' કહીને સાસરે મોકલે છે અને ગોઝારાં સાસરિયાં પુત્રીને મોતને ઘાટ ઉતારી દે છે. એ કરુણ ઘટના જેવી-તેવી નથી. વળી, ગણપત કહે છે, 'ગોઝરાં તો આપણે કુંવર. સાસરું એ જ ઘર કહી કહીને ઘેર આવેલી દીકરીને આંગણે ન ધરવા દીધી !' એ ઉક્તિમાં તો જાણે લઘુકથાની સંપૂર્ણ ફળશ્રુતિ છે.

કુંવરના શબ્દો 'મૂઈએ કૂવો-હવાડો કર્યો હોત તોય મૂવું જાણે'માં દર્શાવ્યા પ્રમાણે દીકરીએ આપઘાત કર્યો હોત તો એ બાબત સ્વીકારી શકાય પણ તેથીય વિશેષ દીકરીનું સાસરિયાવાળાઓએ મૃત્યુ નિપજાવ્યું તેના માટે

(અનુસંધાન પૃ. ૮૬મે પાને)

# સર્વ વિદ્યાલયના `કબીરવડ'
# સ્વ. મોહનલાલ બા. પટેલને હૃદયાંજલિ

**હર્ષદભાઈ ભોગીલાલ શાહ**

ગતિશીલ ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠિત કેળવણી મંડળ- સર્વ વિદ્યાલય કડીની સંસ્થા અને તેના વિશાળ કેમ્પસના અડીખમ 'કબીરવડ' સમા, જાણીતા સાહિત્યકાર, મૂલ્યનિષ્ઠ શ્રેષ્ઠ આચાર્ય, સંનિષ્ઠ ને સાચુકલા શિક્ષણવિદ્, વિદ્યાર્થીપ્રિય, આદર્શ ગુરુવર્ય, મુખ્ય ગૃહપતિ, 'લઘુકથા' સ્વરૂપના જનક અને પ્રેરક, પ્રવર્તક, સૌના માર્ગદર્શક, પ્રશાંત, પ્રતિભાવંત, આભિજાત્યપૂર્ણ વ્યક્તિત્વ એટલે કર્મઠ-કર્મવીર મોહનલાલ બા. પટેલ.

તા. ૧૩ માર્ચ, ૨૦૨૦, શુક્રવાર ફાગણ વદ ચોથ દિને મધ્યાહ્ન અને સંધ્યાકાળ વચ્ચેની સમયક્ષણે તેઓ પંચમહાભૂતમાં વિલીન થયા, અલવિદા ને મહાવિદાય લીધી, વૈકુંઠવાસી થયા, સૌના દિલને, પરિવાર સ્વજનોને ભારે આઘાત આપી ગયા. શિક્ષણ અને સાહિત્ય જગતમાં ઘેરા શોકની લાગણી પ્રવર્તી ગઈ. તેમની ખોટ કદી નહિ પુરાય. ભવ્ય ને દિવ્ય કબીરવડની આસપાસના વાતાવરણમાં જે પરમ શાંતિ અને પવિત્રતા અનુભવાય છે એવી જ શાંતિ અને પવિત્રતાનો સ્પર્શ અને અહેસાસ વંદનીય મોહનભાઈ સાહેબના સત્સંગ અને સાંનિધ્યમાં મને સૌને થયો છે.

પ્રચંડ પુરુષાર્થબળે જીવનઘતર કરી, આપબળે આગળ વધી, જીવનના નવ દાયકા વટાવી, પ્રતિકૂળ સંજોગો સામે અવિરત સંઘર્ષ ખેલી, અખૂટ ઈશ્વરશ્રદ્ધા, દૃઢ મનોબળ અને અપાર પરિશ્રમથી શિક્ષણસંસ્થાના દૃષ્ટાંતપ્રેરક સંચાલન સાથે સાહિત્યજગત અને સમાજ વચ્ચે રહીને કારકિર્દીનું જે રીતે તેઓશ્રીએ નિર્માણ કર્યું છે તે ગુજરાતમાં કેળવણીમંડળો, આચાર્ય, સમાજ, શિક્ષક-અધ્યાપક સમાજ, ટ્રસ્ટીગણ, સાહિત્યસર્જકો સૌ કોઈ માટે કેવળ ઉદાહરણરૂપ જ નહિ પરંતુ ખૂબ પ્રેરણાદાયી ઘટના છે.

મોહનલાલ બાભાઈદાસ પટેલનું વતન ઉત્તર ગુજરાતનું પાટણ, જન્મતારીખ ૩૦, એપ્રિલ, ૧૯૨૭, માતા જેઠીબહેન, પુત્ર ડૉ. મયંકભાઈ, પુત્રવધૂ સીમાબહેન, પૌત્ર - ઇપ્સિત, પૌત્રવધૂ રીકા, પૌત્રી અભિજ્ઞા, દીકરીઓ જલધારા, દીનાબહેન, શર્વરી -ભર્યાભર્યા સુખી-સંપન્ન પરિવાર વચ્ચે ૯૩ વર્ષે સૌના તરફથી પ્રેમ, કાળજી ને લાગણીભર્યા વાતાવરણમાં, નિજાનંદે આગવી જીવનશૈલીથી તંદુરસ્ત અને સ્વસ્થ મનોબળ વચ્ચે રહીને પસાર થઈ ગયા. તેઓ નશ્વરદેહે હવે આપણી વચ્ચે રહ્યા નથી, પરંતુ અક્ષરદેહે સૌના દિલમાં હંમેશાં અમર રહેશે.

ગુજરાતી સાહિત્યજગતમાં સર્જક મોહનલાલ પટેલે ટૂંકી વાર્તાના દસેક સંગ્રહો, વીસેક નવલકથાઓનું, પાંચેક ચરિત્રગ્રંથો, પાંચ નિબંધસંગ્રહોનું મૂલ્યનિષ્ઠ પ્રદાન કર્યું છે. ૧૯૫૧માં પ્રથમ લઘુકથા લખીને લઘુકથાઓને કલાત્મકતાથી ખેડીને તેને અનુકૂળ વાતાવરણ ઊભું કરી આપ્યું છે. લઘુકથા સ્વરૂપના જનક અને પ્રવર્તક મોહનલાલ સાહેબે જે પ્રદાન ને પ્રેરક વાતાવરણ સર્જ્યું તે એમની મોટી સિદ્ધિ ગણાય છે. આ ઉપરાંત અમેરિકાનો પ્રવાસપુસ્તક, ત્રણ અંગ્રેજી પુસ્તકો, મોપાસાંની શ્રેષ્ઠ વાર્તાઓનું અનુવાદ પુસ્તક, પાંચ વિવેચન પુસ્તકો, ત્રણેક લઘુકથા પુસ્તકો સાથે લઘુકથાઓનાં બે સંપાદન પુસ્તકો, શૈક્ષણિક અને સામાન્ય જ્ઞાન વિષયક પુસ્તકો મળી ૭૦ જેટલી કૃતિઓનું ગૌરવશીલ પ્રદાન કર્યું છે.

'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' સંચાલિત ગુજરાતનાં બે જાણીતા કેમ્પસ - કડી અને ગાંધીનગરની અનેકવિધ સંસ્થાઓ અને હાલ અભ્યાસ કરતાં હજારો વિદ્યાર્થી ભાઈ-બહેનો, અમેરિકાસ્થિત તેમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમના નામ મોટાં કામ, પ્રદાન ને પ્રતિભાથી ખૂબ પરિચિત રહ્યાં છે. મહાનગર અમદાવાદમાં રહીને શિક્ષણ અને સાહિત્યક્ષેત્રે અનેકવિધ તકો, પ્રલોભનો હોવા છતાં અંગત સ્વાર્થ અને મહત્ત્વકાંક્ષા જતાં કરીને, તેઓએ સર્વ વિદ્યાલય-કડીની સંસ્થાનું ૧૯૬૧માં આચાર્યપદ સૌની વિનંતીથી સ્વીકાર્યું. જીવનનાં અમૂલ્ય ૩૪ વર્ષ એક જ સંસ્થામાં રહીને મૂલ્યવાન સેવાઓ આપી. હજારો વિદ્યાર્થીઓને આચાર્ય, ભાષા શિક્ષક, મુખ્ય ગૃહપતિની ભૂમિકામાં રહીને શિક્ષા-દીક્ષાના સોનેરી સંસ્કારો આપ્યા. એક બાજુ સાહિત્ય અને શિક્ષણનો ખરો જીવ એટલે

નવલિકાઓ, નવલકથાઓ, લઘુકથાઓ, નિબંધો, વિવેચનો, અનુવાદ, સંપાદનકાર્ય વગેરે ક્ષેત્રે દિવસના દસ-બાર કલાક લેખનકાર્ય તો ચાલુ એ સાથે કડી સંસ્થાના આદ્યસ્થાપક 'પ્રજ્ઞાદીપ છગનભા' નામે ચરિત્રગ્રંથ તૈયાર થયો. સંસ્થાઓમાં વધુ વંચાયો, ઈ. સ., ૧૯૨૭થી ૨૦૧૨ સુધીના સમયગાળાની 'ટાઇમ કૅપ્સ્યૂલ' નામે આત્મકથા અંગત અનુભવોના આધારે તત્કાલીન સમાજનાં કેટલાંક સારાં-નરસાં પાસાંઓનું દર્શન કરાવવાના મુખ્ય હેતુથી લખી, કડી સંસ્થાઓના અને ગાંધીનગરની સંસ્થાઓની વિકાસયાત્રાના 'પાવરહાઉસ' સમા ચૅરમૅન માણેકલાલ માધવલાલ પટેલ વિશે 'કર્મચૂડામણિ માણેકલાલ' નામે અભિવાદનગ્રંથનું સંપાદન તથા 'ધ્રુવતારક માણેકલાલ માધવલાલ પટેલ'નામે ગ્રંથનું લેખનકાર્ય પણ કર્યું. એટલું જ નહીં, કડી સંસ્થાના ઇતિહાસનું લેખનકાર્ય પાછલી અવસ્થાએ આંખની મોટી તકલીફ હોવા છતાં પૂર્ણ કર્યું. ગાંધીનગરની પ્રથમ સંસ્થા શેઠ સી. એમ. હાઈસ્કૂલમાં ભાષાશિક્ષક, નિરીક્ષક, કૅમ્પસના મેગેઝિન 'સર્વપ્રિય'ના લેખન-સંપાદન-ભાષાશુદ્ધિ અને પ્રૂફવાચનની મારી ૩૨ વર્ષની સેવા દરમિયાન મને મોહનભાઈ સાહેબ તરફથી અનેરું ને અપૂર્વ માર્ગદર્શન મળ્યું છે. 'કર્મચૂડામણિ માણેકલાલ' અભિવાદનગ્રંથમાં તેઓએ પ્રૂફરીડર-સંપાદક તરીકે મારી કદર કરી તે કેમ ભૂલી શકાય ? ૨૦૦૪થી ૨૦૦૬ દરમિયાન ગુ. રા. શાળા પાઠ્યપુસ્તક મંડળ પ્રકાશિત 'ગુજરાતી' વિષયનાં પરામર્શક, સમીક્ષક ને વિષયસલાહકાર તરીકે તેઓએ મારી નિયુક્તિ કરાવી એ ઋણ હંમેશ સ્વીકારું છું 'સત્યાગ્રહ છાવણી'ના નિવાસસ્થાને તેમની ફોનથી અગાઉથી સંમતિ લઈને તેમની પાસે બેસીને મને સોંપેલ કામ નિષ્ઠાથી પૂર્ણ કરવા પાછળ તેમના આશીર્વાદ રહેલા છે.

પૂજનીય પરમશ્રદ્ધેય પ્રાતઃસ્મરણીય, મારા માર્ગદર્શક અને પ્રેરણામૂર્તિ સ્વ. મોહનલાલ સાહેબને હૃદયથી ભાવાંજલિ અર્પતા, 'સર્વ વિશ્વવિદ્યાલયવૃત્ત' નામે દ્વિમાસિકના મુખ્ય સંપાદક-લેખક અને મોહનભાઈ સાહેબ તથા તેમના પરિવારના નિકટના અંગત સ્વજન આદરણીય મણિભાઈ પ્રજાપતિએ આ માસિકમાં આગવી દૃષ્ટિ, સૂઝ ને આયોજનથી સ્વ. મોહનલાલ પટેલના વિરલ ને પ્રગલ્ભ વ્યક્તિત્વને ઉપસાવતાં જે લેખોનું સંકલન-સંપાદન કર્યું છે તે સૌ શિક્ષકો, આચાર્યશ્રીઓ, ગૃહપતિશ્રીઓ તથા વિદ્યાર્થીઓ માટે અનેરું ભાથું બની રહેશે.

'સર્વ વિદ્યાલય' - કડી, સંસ્થાના અમેરિકા સ્થિત તેમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ગુરુ પ્રત્યેની શ્રદ્ધા અને ભક્તિભાવથી તેમને અમેરિકામાં ૧૯૮૨માં 'સર્વ વિદ્યાલય' સંસ્થાના વિકાસ અર્થે આમંત્રણ આપીને ઉદારદિલ બનીને ગુરુજીનાં ચરણોમાં માતબર રકમોની દાનગંગા વહાવી દીધી. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, સમાજના આગેવાનો જ આ સંસ્થાના વિદ્યાપ્રેમી દાનવીરો છે એ સંસ્થાનું મોટું ગૌરવ છે. તેઓએ સાહિત્યસર્જક ઉમાશંકર જોશી, ભોળાભાઈ પટેલ, વિનોદ ભટ્ટ, રમેશ ત્રિવેદી પ્રસાદ બ્રહ્મભટ્ટ, ભગવત સુથાર, દિલીપ રૉય વગેરે અનેક વિદ્યાર્થીઓમાં સંસ્કારઘડતરનાં અને શિક્ષણમાં ઊંચાં મૂલ્યો ઉગાડીને સંસ્થાનું વર્ષો સુધી સુંદર સંચાલન કર્યું છે. જે ઉમાશંકરભાઈ, ઈશ્વર પેટલીકરનાં પ્રતિભાવોમાં વિશેષ દેખાય છે.

અમરિકાથી આવ્યા બાદ ૧૯૮૪માં મોહનભાઈ સાહેબે 'ગુડમૉર્નિંગ અમેરિકા' જેવું સુંદર પ્રવાસ- પુસ્તક રચીને એમાં બદલાતાં જતાં સામાજિક વલણોને નીરક્ષીરભાવે, અનોખી દૃષ્ટિથી આલેખ્યાં છે. કડી-ગાંધીનગર કૅમ્પસની સંસ્થાઓના વિદ્વાન આચાર્ય-પ્રાચાર્યમિત્રો, શિક્ષક અધ્યાપકમિત્રો, છાત્રાલયો, સંભાળતા ગૃહપતિશ્રીઓ તથા સાહિત્યમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓ-તાલીમાર્થીઓએ મોહનભાઈ સાહેબનાં આ પુસ્તકો તો અવશ્ય વાંચવાં જ જોઈએ, જે લાઇબ્રેરીઓમાંથી મળી રહેશે. (૧) 'પ્રજ્ઞાદીપ છગનભા', (૨) 'મોહનલાલ પટેલ : અમૃતપર્વગ્રંથ' (સંપાદક-મણિભાઈ પ્રજાપતિ), (પરામર્શક-ભોળાભાઈ પટેલ, રઘુવીર ચૌધરી), (૩) 'ટાઇમ કૅપ્સ્યૂલ' (આત્મકથા), (૪) 'ગુડમૉર્નિંગ અમેરિકા' (પ્રવાસપુસ્તક), (૫) મોહનલાલ પટેલની પ્રતિનિધિ વાર્તાઓ, (૬) ૯૯ લઘુકથાઓ, (૭) ગુજરાતી પ્રતિનિધિ લઘુકથાઓ (સંપાદન), (૮) મોપાસાંની શ્રેષ્ઠ વાર્તાઓ (અનુવાદ). ટૂંકી વાર્તાઓ અને નવલકથા વગેરે.

'પાટીદાર સમાજનું ઘરેણું' ગણાય એવી 'સર્વ વિદ્યાલય'ની નામના તો હવે વિદેશોમાં વ્યાપી ગઈ છે. મહાત્મા ગાંધીજીએ આ સંસ્થાની રૂબરૂ મુલાકાત લઈને આ સંસ્થાને બિરદાવી હતી. સંસ્થાઓ અને 'કડી સર્વ વિશ્વ વિદ્યાલય' યુનિવર્સિટીમાંથી હજારો વિદ્યાર્થીઓ દેશ-વિદેશમાં સ્થાયી થતા જાય છે. એ સમયે 'નો સ્ટડી વિધાઉટ કડી'નું સૂત્ર ગુંજી રહ્યું હતું જે આજે પણ ગુંજી રહ્યું છે. કડી સંસ્થાના મુખ્ય કર્ણધારો શ્રી બાપુભાઈ ગામી, શ્રી પોપટભાઈ, શ્રી નાથાભાઈ દેસાઈ, પછી શ્રી મોહનલાલ સાહેબનું નામ અને મોટું કામ સૌનાં દિલમાં ને સંસ્થામાં

અમર ને કોતરાયેલું છે અને રહેશે.

૭૫ વર્ષના તેમના નિરામય પ્રવેશટાણે ૨૦૦૧માં તેમનો 'અમૃતપર્વ' ઉત્સવ ઊજવાયો ત્યારે 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ'ના ચૅરમૅન શ્રી માણેકલાલ સાહેબના સહયોગથી રૂ. સાત લાખની રકમ એકઠી કરવામાં આવી હતી. આ આર્થિક સહોયગમાંથી રૂ. પાંચ લાખનું દાન ઉત્તર ગુજરાત યુનિવર્સિટીને 'શ્રી મોહનલાલ પટેલ. ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળા'ની સ્થાપના માટે આપવામાં આવ્યું હતું. તેમની કાયમી સ્મૃતિ રહે તે હેતુથી આ વ્યાખ્યાનમાળાઓ દર વર્ષે યોજાય છે. કડી ખાતે 'મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ'ની સ્થાપના થયેલી છે જે સક્રિયપણે સેવા આપી રહ્યું છે.

આજની શિક્ષણ પદ્ધતિથી પરીક્ષા પદ્ધતિ, સમૂહ માધ્યમોના વધતા જતા પ્રભાવ અને લોકોમાં ઘટતી જતી વાચનટેવ સંદર્ભે થયેલ 'પ્રશ્નોત્તરીના પ્રતિભાવો જાણવા ને સમજવા જેવા છે, જે 'ટાઇમ કૅપ્સ્યૂલ' આત્મકથામાં છે. ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તકમંડળ પ્રકાશિત 'ગુજરાતી'નાં પાઠ્યપુસ્તકોની હસ્તપ્રતોની ચકાસણ કરી વિષયસલાહકાર તરીકેની તેમની સેવાઓ યાદગાર રહેશે. ૨૦૦૪માં તેઓ 'ધનજી કાનજી ગાંધી સુવર્ણચંદ્રક', ૨૦૦૮માં 'દર્શક ઍવૉર્ડ' ઉપરાંત 'આનર્ત ગુર્જરી ઍવૉર્ડ', 'પ્રો. સરોજ પાઠક ઍવૉર્ડ', 'રોટરી પાટણ સિટી' વગેરે તરફથી પુસ્કૃત થયા છે. 'ગુજરાત સાહિત્ય અકાદમી' તરફથી તેમનાં કેટલાંક પુસ્તકોને પારિતોષિકો પ્રાપ્ત થયાં છે. ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગને અભ્યાસક્રમો ઘડવામાં, પરીક્ષા પદ્ધતિમાં, કાર્યશિબિરો, સેમિનારો ગોઠવવામાં, વ્યાખ્યાનોમાં તેમના અનુભવોનો લાભ સૌને મળ્યો છે.

ઈશ્વર પણ આવા પુણ્યશાળી આત્માઓને અદૃશ્યપણે મદદ કરતો રહ્યો છે એવી કેટલીક ઘટનાઓ તેમના જીવનમાં બની પણ છે. વિશ્વના કોરોના વાઇરસનું સંક્રમણ વધતું જાય છે તે પૂર્વે તેઓ આપણી વચ્ચેથી વિદાય થઈ નિકુંજવાસી થયા. તેમની સ્મશાનયાત્રા, અગ્નિસંસ્કાર વિધિ, અમદાવાદ-પાટણ ખાતેની પ્રાર્થનાસભાઓમાં તેમના પરિવારજનો સાથે જે વડીલો, મુરબ્બીઓ, મિત્રો, સગાંસ્નેહીજનો, લેખકો, સંસ્થાના ટ્રસ્ટીગણ સાથે સમગ્ર પરિવાર વગેરે જોડાયા હતા. તેમની લાગણી અને સહયોગ બદલ ડૉ. મયંકભાઈના સમગ્ર પરિવારવતી આભાર વ્યક્ત કરી સદ્ગત મોહનભાઈ સાહેબના પરમ પવિત્ર આત્માને પરમકૃપાળુ પરમાત્મા શાશ્વત શાંતિ અર્પે તેવી વિનમ્રભાવે પ્રાર્થના કરી વિરમું છું. ઓમ શાંતિ...શાંતિ...શાંતિ.

**હર્ષદભાઈ ભોગીલાલ શાહ**
મો. ૯૭૧૪૧૮૭૧૫

---

**(અનુસંધાન પૃ. ૭૬નું ચાલુ)**

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા શ્રી મોહનલાલ પટેલના અમૃત પર્વની ઉજવણીના ઉપલક્ષ્યમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણને ''શ્રી મોહનલાલ પટેલ ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળા''ની સ્થાપના હેતુ દાન આપતાં સદર વ્યાખ્યાનમાળાનું આયોજન તેના પ્રારંભકાળથી યુનિવર્સિટી ગ્રંથાલય દ્વારા કરવામાં આવે છે. આ વ્યાખ્યાનમાળાના પ્રારંભથી જ તેના આયોજનમાં સક્રિયપણે જોડાવાનો લાભ મળતાં હું ઘણી બધી રીતે લાભાન્વિત થતી રહી છું.

મોહનભાઈ સાહેબે શિક્ષકત્વ, ગૃહપતિત્વ, અને સર્જકત્વના ત્રિવેણી સંગમનાં ઉન્નત શિખરોને સર કર્યાં છે. આજીવન શબ્દબ્રહ્મના ઉપાસક રહી અધ્યયન - અધ્યાપનને જીવનમંત્ર તરીકે સ્વીકારી જ્ઞાનની પરબ માંડી છે. જેમાં અનેક જ્ઞાનપિપાસુઓ પોતાની જ્ઞાનપિપાસાને સંતોષીને ધન્યતાનો અનુભવ કરે છે. જો કોઈ વ્યકિત શિક્ષકની વ્યાખ્યા કરવાનું કહે તો તેને એક જ શબ્દમાં કહી શકાય ''શિક્ષક એટલે શ્રી મોહનલાલ પટેલ''. કવિતાને બાદ કરતા સાહિત્યનાં બધાં સ્વરૂપોમાં તેમણે ખેડાણ કર્યું છે. અર્થાત્ કર્મયોગ (શિક્ષકત્વ), જ્ઞાનયોગ (સર્જકત્વ) અને ભક્તિયોગ (સમર્પણભાવ-ગૃહપતિત્વ) ત્રણેય યોગને આત્મસાત કરી શ્રીમદ્ ભગવદ્ગીતાને વાંચી-પચાવી અને જીવી જાણી ગૃહસ્થજીવનમાં પરમતત્ત્વની ઉપાસનાના અગ્રેસર રહ્યા હતા, એવા કર્મ યોગી પુરૂષ શ્રી મોહનલાલ પટેલસાહેબને સાદર નિવાપાંજલિ.

**ડૉ. કનકબાળા જાની**
કા. યુનિવર્સિટી લાઈબ્રેરિઅન અને કો-ઓર્ડિનેટર,
ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ,
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ
મો. ૯૮૨૫૮૯૨૫૪૩

# કડીને સાહિત્યિક નગરી બનાવનારને શ્રદ્ધાંજલિ

**શૈલેષભાઈ પટેલ**

કડીથી સર્વ સ્નેહી મિત્રોના જયશ્રીકૃષ્ણ...

સૌના શિક્ષાગુરુ પરમ આદરણીય શ્રી મોહનભાઈ સાહેબની દિ. ૩૦-૪-૧૯૨૭થી આરંભાયેલી લૌકિક જીવનયાત્રા દિ. ૧૩-૩-૨૦૨૦ના પુનિત સ્મરણીય દિવસે સંપન્ન થઈ. એક અદ્‌ભુત વિરલ વ્યક્તિત્વે હંમેશ માટે ઈશ્વરનું શરણ શોધી લીધું. પૂજ્ય સાહેબ 'સર્વ વિદ્યાલય જ્ઞાનકોશ' હતા. ઉત્તમ કેળવણીકાર, પ્રતિભાસંપન્ન સર્જક, લઘુકથાના જનક, વિનમ્ર આભિજાત્ય પુરુષ, ઉમદા શિક્ષક, વિવિધ પુરસ્કાર વિભૂષિત એવા આચાર્યશ્રી મોહનભાઈ સાહેબ માટે જેટલા વિશેષણ કંડારીએ તેટલાં ઓછાં પડે. પૂ. સાહેબશ્રી સને ૧૯૫૦થી અંતરંગ દ્રષ્ટા તથા શ્રદ્ધેય માર્ગદર્શક રહ્યા હતા. સાહેબશ્રીનો દીર્ઘકાલીન ચિરંતન અનુભવ જ સર્વ વિદ્યાલયનો સાંપ્રત ઇતિહાસ આલેખી શકે. કડીના જનમાનસે સાહેબશ્રીના ભાવજગતમાં વ્યક્તિ કરતા વિશ્વમાનવ તરીકેનાં દર્શન સવિશેષ કર્યાં હતાં. જનસમાજના હિતાર્થે પૂ. છગનભા દ્વારા વવાયેલ કેળવણીનાં બીજ, અગણિત સેવાપરાયણ ધ્યેયનિષ્ઠ વ્યક્તિત્વો તેમજ કડીનગરની પાવન ભૂમિના પુણ્યપ્રતાપે સર્વ વિદ્યાલય એક વટવૃક્ષ સ્વરૂપે વર્તમાનમાં શતાબ્દી વર્ષે સોળે કળાએ પૂર્ણ પલ્લવિત છે.

સર્વે સર્જક મિત્રોને એક માળામાં ગૂંથી કડીને સાહિત્યિક નગરી બનાવવામાં પૂ. મોહનભાઈ સાહેબનો સિંહફાળો રહ્યો હતો. કેળવણીની સાથે સાહિત્યના વારસાને ધબકતો રાખવા પૂજ્ય સ્વ. માણેકલાલસાહેબના ઉમદા આગ્રહ અને પ્રેરણા તથા પૂ. મોહનભાઈ સાહેબના અધ્યક્ષીય માર્ગદર્શનથી 'શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ' કડીની રચના થઈ. તેનું સાતત્યપૂર્ણ કાર્ય અને સંચાલન કડી તથા ગાંધીનગરનાં બંને સ્થાનો પર સુપેરે થઈ રહ્યું છે.

આદરણીય શ્રી મોહનભાઈ સાહેબ હવે આપણી વચ્ચે ન રહ્યા. તેઓશ્રીનાં સદ્‌કાર્યોનાં ચિરંજીવ સંભારણાં રહ્યાં. સાકરનો કણ સો વર્ષે પણ મીઠો જ લાગે.

પરમપિતા પરમેશ્વર સદ્‌ગત પુણ્યાત્માને ચિર શાંતિ અર્પે. વૈકુંઠમાં વાસ અર્પે. મોક્ષગતિ અર્પે તથા પરિવારને ખાલીપો સહન કરવાની શક્તિ અર્પે તેવી સહૃદયે પ્રાર્થના સહ શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ તથા સર્વ વિદ્યાલય પરિવાર આપના પારિવારિક દુઃખમાં સહભાગી બની સદ્‌ગત સાહેબશ્રીને શ્રદ્ધાસુમન પાઠવે છે.

શોકાતુર,

**શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ,**
**સર્વ વિદ્યાલય પરિવાર, કડી-ગાંધીનગર વતી**
**શૈલેષભાઈ પટેલ**

*બા નિરક્ષર એટલે ધાર્મિક કે અન્ય ગ્રંથોનું એનું કશું વાચન નહીં. એ કયાંય કથા-વાર્તામાં પણ જતી નહીં. મંદિરમાં જતાં મેં એને કદી જોઈ નથી. એના મુખે અમે કદી રામાયણ કે મહાભારત તો શું, કોઈ પ્રચલિત વાર્તાઓ પણ સાંભળી નથી. પણ બા ખુદ એક આધ્યાત્મિક ગ્રંથ હતી. એ હું વિના સંકોચે કહી શકું છું. જે આધ્યાત્મિક ગ્રંથો, સત્સંગ કે કથા-વાર્તામાંથી મેળવી લેવા માણસ સતત ભ્રમણશીલ રહે છે એ બધું તો બામાં હતું જ. બાના વ્યકિતત્વ હેઠળ અમે ઉછર્યાં અને શું મેળવ્યું એ અમારા વ્યકિતત્વમાં ખુલ્લી કિતાબમાં વાંચી શકાય એ રીતે જોઈ શકાય છે. અમે જે છીએ એ બાના અંશરૂપે છીએ એટલું કહેવું પૂરતું છે.*

**મોહનલાલ પટેલ. 'ટાઈમ કેપ્સૂલ', ૨૦૧૯, પૃ. ૪૭**

# લઘુકથાના ધ્રુવતારક

**જિતુ નાયક**

**મોહન નામે**
**સદાય ચમકતો**
**લઘુતારક... !**

આકાશમાં જેવી રીતે ધ્રુવનો તારો હંમેશને માટે પોતાનું સ્થાન સ્થિર અને નિશ્ચિત કરી ગયો તેવી જ રીતે ગુજરાતી સાહિત્યક્ષેત્રે અને એમાંય લઘુકથાના ધ્રુવતારક બની સ્વ. મોહનલાલ પટેલ પણ અમર બની ગયા છે. જ્યારે-જ્યારે મોહન નામનો ઉચ્ચાર કરવામાં આવે છે ત્યારે-ત્યારે હૃદયમાંથી એક પવિત્ર આદરભાવ સરી પડે છે... ભલે ને પછી તે મોહન કૃષ્ણ હોય.. ગાંધી હોય કે સર્વ વિદ્યાલયના ભૂતપૂર્વ આચાર્યશ્રી હોય... !

જેને કોઈ પણ પ્રકારનો મોહ નથી તે જ મોહન... અને આવા દેવતુલ્ય અને ઋષિતુલ્ય આચાર્યોની પરંપરા સર્વ વિદ્યાલય હાઈસ્કૂલમાં રહી છે તેમાંના એક આચાર્ય એટલે સ્વ. શ્રી મોહનલાલ પટેલસાહેબ. સર્વ વિદ્યાલયને ગુજરાત... દેશ અને દુનિયામાં ગૌરવપૂર્ણ સ્થાન અપાવવામાં સાહેબશ્રીનો સિંહફાળો રહેલો છે. વિદ્યાર્થીપ્રિય શિક્ષક જ એ શ્રેષ્ઠ શિક્ષક હોય છે એવા મોહનલાલ વિદ્યાર્થીઓના હૃદયમાં કાયમ માટે સ્થાન પામ્યા છે. કર્મચારીઓ સદાય તેમને માન-સન્માન આપતા.

ગુજરાતી સાહિત્યમાં વિશિષ્ટ યોગદાન આપનાર અને ગુજરાતી લઘુકથાના જન્મદાતા એવા મોહનલાલે કડીને સાહિત્યની નગરીની તથા વિદ્યાની નગરીની ઓળખ અપાવી છે. સાહેબશ્રીનો પ્રત્યક્ષ અનુભવ અને લાભ મને મળી શક્યો નથી, પરંતુ તેમનાં કર્મોની સુવાસે અમને પણ તેમના ચરણ માર્ગે ચાલવામાં સફળતા અપાવી છે. આજે જ્યારે મૂઠી ઊંચેરા બનેલા મહામાનવ બની શ્રી મોહનલાલ પટેલસાહેબ સ્વર્ગસ્થ થયા છે, ત્યારે તેમને હૃદયથી શત... શત... વંદન/નમન/ શ્રદ્ધા સુમન... શ્રદ્ધા સુમન... શ્રદ્ધા સુમન....

**મોહન નામે**
**સદાય ચમકતો**
**લઘુતારક... !**

**સર્વ વિદ્યાલય, કડી**

---

**(અનુસંધાન પૃ. ૮૧નું ચાલુ)**

ફિટકાર વર્ષાવે છે તે નોંધવા જેવું છે.

હજુય શિક્ષણ મેળવેલ સમાજ દીકરીને જાણે પોતાના સ્વતંત્ર વિચારોથી જીવવા દેવાને બદલે પોતાની ચીલાચાલુ જીવનરીતિથી જીવવા માટે મજબૂર કરે છે ત્યારે તે ન કલ્પેલી ઘટનાઓ આપણી આંખ ઉઘાડી દે છે. તેમજ હદ વટાવી વહુને માટે ગોઝારાં બનતાં સાસરિયાંની નિષ્ઠુરતા, રાક્ષસીપણું એ ન કલ્પી શકાય તેવી નરવી વાસ્તવિકતા સમાજ માટે (કરુણતા !) મરશિયા ગાય તેનાથી વધુ બીજું શું હોઈ શકે ?

લઘુકથાનું છેલ્લું વાક્ય : 'પછી તો ચૂપ થઈ જઈને બંને જાણે ક્યાંય સુધી ભેંસને પસવાર્યા કર્યું.' ઘણું કહી જાય છે. કથાનો પ્રારંભ પાલતુ પ્રાણીથી થયો છે, પરંતુ અંતમાં દીકરી માટેની વાત કલાત્મક રીતે ગૂંથીને લઘુકથાને ચાર ચાંદ લગાવી દીધા છે !

સાચે જ, 'જાકારો' લઘુકથા દ્વારા સાહિત્યકાર મોહનલાલ પટેલને સાહિત્યજગતને જાણે મોટો 'આવકાર' આપ્યો છે એ ચોક્કસ.

**ગોવિંદ દરજી 'દેવાંશી'**
સી-૫, તુલસીકુંજ સોસાયટી,
ઉભય હૉલ પાછળ, ઘોડાસર,
મો. ૯૪૨૮૧ ૧૮૦૦૭

# બીજો કોઈ... મોહનલાલ પટેલ

**જયંતી મકવાણા**

અવસાનના થોડાક દિવસ અગાઉ ફોન લગાડ્યો. ‘હા બોલો’ મેં કહ્યું તમે તો તરત ફોન ઉપાડી લીધો! તો એ જ સહજ સ્વરે કહ્યું, ‘આજે ફોન પાસે પડ્યો હતો એટલે જયંતીભાઈ!’

રોજની જેમ પૂછ્યું, ‘શું કરો છો ?’ ‘બસ ગુજરાતી લઘુકથા સંચયનું કામ પૂરું થયું. હવે મારી છસ્સો લઘુકથાઓમાંથી ૨૦૦-૩૦૦ લઘુકથાઓ પ્રસિદ્ધ કરવાની છે. તમને તો ખબર છે કે આંખે દેખાતું નથી. શ્રી મણિભાઈ પ્રજાપતિ આવે, કૃતિ વાંચી સંભળાવે. ને પસંદ કરતા જઈએ છીએ. પુસ્તક તૈયાર થશે ત્યારે તમને કેશોદ કુરિયરથી મોકલી આપીશ.’ લગભગ ૪૦ મિનિટ વાત ચાલી ! પણ...

વાતનો એક જ વિષય હતો લઘુકથા. ૯૦ વર્ષની ઉંમરે દિલ્હી સાહિત્ય અકાદમીના કામ માટે તેમને પસંદ કર્યા અને સરકારી પ્રોસેસ સામે હાર્યા-થાક્યા વગર પૂરું કરીને જ જંપ્યા.

શ્રી પટેલસાહેબ સાથે મારો નાતો લગભગ ૧૯૭૪ની સાલથી. હું લઘુકથાઓ ક્યારેક લખું, છપાય પછી પત્ર લખું એમનો નિયમિત જવાબ આવે. એમાં મને વિચાર સ્ફુર્યો લઘુકથા સંપાદનનો. અત્યાર જેટલાં માધ્યમો નહીં. દશ દિવસે ટપાલોના જવાબો આવે, પણ સિલસિલો - સલાહો, સહકાર એકધારો ચાલુ રહ્યો. સાથે ઘણાં બધાએ સાથ આપ્યો, પણ આટલી ચીવટ ક્યાંયથી ન મળે. મારી ગુજરાતી લઘુકથાઓનું સંપાદન સૌપ્રથમ ‘ક્ષણોના આકાશ’માં પ્રસિદ્ધ થયું, પ્રસિદ્ધિ મળી પણ... ત્યારથી માંડીને છેક સુધી જળવાયેલો નિરંતર, નિઃસ્વાર્થ પ્રેમ હવે મને મળશે નહીં. એમ ગુજરાતી લઘુકથા માટે છેલ્લા શ્વાસ સુધી જીવનારો, જિવાડનારો બીજો કોઈ સર્જક મળશે નહીં.

**જયંતી મકવાણા,**
તેજદીપ, ગાયત્રી નગર, કેશોદ -૩૬૨૨૨૦
મો. ૯૪૨૭૩૭૯૭૩૧

---

**(અનુસંધાન પૃ. ૬૯નું ચાલુ)**

સંસ્મરણો, પ્રસંગો સુંદરરૂપે આલેખ્યાં છે.

પૂ. મોહનભાઈ સાહેબ ઇતિહાસ તથા ભૂગોળના સારા અભ્યાસી હતા. તેમની ઐતિહાસિક નવલકથા ‘અંતિમ દીપ’માં પાટણના ઇતિહાસનો આધાર લઈ અત્યંત કાળજીપૂર્વક વિવિધ પ્રસંગોનું સાતત્ય જાળવી સુપેરે આલેખન કરી પ્રકરણો લખ્યાં છે.

અમારું કડી સાહિત્યવર્તુળ તેના અમે સૌ સર્જકમિત્રો પારસ્પરિકરૂપે પરિવારજનો જ રહેલા. અમારી સર્જાયેલી સાહિત્યકૃતિઓ અમે પરસ્પર એકબીજાના રહેઠાણે જઈ વાંચતા તથા તે અંગે ચર્ચા કરતા.

અમારી પાસે પાટીદાર કડીનગરના સાહિત્યપ્રેમી ઔદ્યોગિક સંસ્થાઓ, કડી નાગરિક બૅન્ક તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પાસેથી પૂજ્ય મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ-કડીને સારી એવી આર્થિક મદદ મળેલી, જેનો અમે અમારી સાહિત્યિક પ્રવૃત્તિઓ, સાહિત્યવર્તુળ દ્વારા રચાયેલી કેટલીક કૃતિઓ, લઘુકથા સ્પર્ધા, નવલિકા સ્પર્ધા વગેરેનું આયોજન કરી શક્યા હતા. તેમજ અન્ય લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકારોને આમંત્રણ આપી પ્રવચનો, પરિસંવાદો રચી શક્યા હતા.

પૂ. મોહનભાઈ સાહેબની તેમની સૌજન્યશીલ, ઉમદા તથા મિલનસાર સ્વભાવ અને અવિસ્મરણીય સ્મૃતિ એમના સંસ્મરણરૂપે સતત વીંટળાયેલી જ છે અને જે ચિરંજીવ રહેશે.

**દિલીપ રૉય**
બી-૧૯, ઉત્સવ સોસાયટી સુજાતપુરા રોડ,
એસ. વી. કેમ્પસ પાછળ, કડી (ઉ. ગુ.)

# કુટુંબના મોભી :
# અમારા વંદનીય મોહનભા

**ડૉ. હર્ષાબહેન પટેલ**

જેમ ચંદ્રમાથી રાત્રિ શોભે છે અને રાત્રિથી ચંદ્રમા શોભે છે, તેમ વંદનીય મોહનભાના કારણે અમારું બાભાઈમાસ્તર કુટુંબ શોભે છે.

સૌના માટે શ્રી મોહનભાઈ પટેલસાહેબ, પરંતુ અમારા માટે તો અમારા વંદનીય, આદરણીય, પૂજનીય શ્રી મોહનભા જ. તેમના લીધે જ અમારા સમસ્ત કુટુંબનું ઘડતર અને ચણતર થયું છે. અમારા કુટુંબમાં મોહનભાનું માર્ગદર્શન અને પિતૃવત્સલ સ્નેહનું ઝરણું અવિરત વહેતું રહ્યું છે. અમારા ભા સર્વોપરી કક્ષાએ સફળતાની સાથે સર્વપ્રિય લેખકરત્ન થઈ રહ્યા તે અમારા સૌ માટે એક પ્રશંસનીય વાત છે.

અમારા મોહનભાના જીવનમાં નીચેની સૂક્તિ ચરિતાર્થ થયેલી જોવા મળે છે :

**उद्यमेन हि सिध्यन्ति कार्याणि न मनोरथैः ।**

પુરુષાર્થથી કાર્યો સિદ્ધ થાય છે, નહીં કે મનોરથોથી. તેમનું સાદગીભર્યું જીવન હંમેશાં સૌને શીખ આપતું રહ્યું છે. ઓછું બોલવું અને કામ વધુ કરવું એવો તેમનો ગુણ અમારા કુટુંબના દરેક વ્યક્તિના હૃદયમાં એક આગવી છાપ અંકિત કરી ગયો છે. જ્યારે પણ તેઓશ્રીને મળવાનું થાય ત્યારે પરિવારના દરેક સભ્યોની ખબરઅંતર ચોક્કસથી પૂછે. બાળકોનાં અભ્યાસ વિશે સતત સુંદર પ્રેરણા આપતા રહે. મૂળ તેમનો જીવ લેખકનો હોઈ જ્યારે-જ્યારે પણ તેમને મળવાનું થાય ત્યારે કોઈ એક સુંદર પુસ્તક વાંચવાની પ્રેરણા જરૂર આપે.

એક વાર નાનાબાર કડવા પાટીદાર સમાજના મહિલા સંમેલન માટે યોજાયેલી વક્તૃત્વ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે આવેલા પૂ. મોહનભાને મેં મારા લગ્ન પહેલાં પ્રથમવાર જોયેલા અને ઓળખેલા જ્યારે બોલવાનો મારો વારો આવ્યો ત્યારે મનમાં ડર અચૂક લાગેલો કે દાદાને એવું થશે કે ઘરની વહુઓ જાહેરમાં કેવું ફટાફટ બોલે છે ? પરંતુ મારી આ ધારણા એકદમ ખોટી પડી. જેવી સ્પર્ધાપૂર્ણ થઈ કે તરત જ તેઓશ્રીએ મને શાબાશી આપીને અભિનંદન પાઠવેલા. ત્યારે મને બાભાઈમાસ્તરના કુટુંબની વહુ બનવાનું અભિમાન થયેલું. જે કુટુંબમાં આવા પ્રેરણામૂર્તિ વડીલો હોય તે કુટુંબની હું વહુ છું તેવું સમાજમાં કહેવું એ સન્માનપત્ર મળ્યું હોય તેટલું ગૌરવ લાગે છે.

આવા પરમપૂજનીય મોહનભાને અમારા સમગ્ર બાભાઈમાસ્તર પરિવાર તરફથી હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ.

**પ્રા. ડૉ. હર્ષાબહેન રજનીકાન્ત પટેલ**
મો. ૯૮૨૪૭૧૦૨૧૫

*લઘુકથાના સાહિત્યસ્વરૂપની પૂરી અને સાચી જાણકારીના અભાવે ખુદ સર્જકો તેમ જ ભાવકોમાં લઘુકથા, ટૂંકી વાર્તા, ટુચકો, વ્યંગકથા, પ્રસંગકથા, રૂપકકથા વગેરે રચનાઓની ઓળખમાં ભેળસેળ થતી રહે છે. સમજ ભેળસેળ પૂરતી અટકી જતી નથી, એ બધી રચનાઓને લઘુકથા તરીકે ઓળખવાનો અને ઓળખાવવાનો પ્રયાસ થાય છે. આ વલણે લઘુકથાના સ્વરૂપને ભારે નુકશાન પહોંચાડયું છે. લઘુકથાના નામે થોકબંધ નિઃસત્ત્વ રચનાઓ પ્રકાશિત થતી રહે છે જે લઘુકથાના ભવિ માટે ચિંતાજનક બાબત છે.*

***મોહનલાલ પટેલ. લઘુકથા સ્વરૂપપરિચય, પૃ. ૪૫-૪૬***

# દાદાજી સાથેનાં અવિસ્મરણીય સંસ્મરણો

**ડૉ. ઊર્જિતા પટેલ**

દાદાજીની યાદ આવતાં જ પાટણમાં જોગીવાડાનું ઘર અને દાદાજી સાથે વિતાવેલી દરેક ક્ષણ આંખ સમક્ષ તરવરી આવે છે. બાળપણ બા–દાદા સાથે પાટણમાં જ વિતાવ્યું. બાળમંદિરનાં બે વર્ષનો અભ્યાસ દાદાજી સાથે પાટણમાં રહીને જ કર્યો. કક્કો પણ દાદાજીએ જ શિખવાડ્યો. આ બે વર્ષની આછીપાતળી ઝલક મનોસ્મૃતિમાં હજી પણ સંગ્રહાયેલી છે. તેમાંની એક સ્મૃતિ કે જે હજી પણ મને યાદ આવે છે તે – દાદાજીને ગલૂડિયાંથી ખૂબ જ ઘૃણા હતી. અને મને ગલૂડિયાં રમાડવાં બહુ જ ગમતાં હતાં. એ સમયે દાદાને છીકણી સૂંઘવાની ટેવ. ઘણીવાર તેઓ છીંકણીની ડબી ઘરના ઉપરના માળે ભૂલી જતા. ત્યારે મને કહેતાં 'ઝૂલૂ ઉપરથી છીંકણીની ડબી લઈ આવ તો...' ત્યારે હું પણ તેમને સામે શરત મૂકતી કે 'જો તમે મને ગલૂડિયાં રમાડવાની હા પાડશો તો જ હું છીંકણીની ડબી લાવી આપીશ'.

દાદાજી જૂની વસ્તુઓ કે જે ભવિષ્યમાં કામમાં આવશે તે વિચારી સંગ્રહ કરવાનો રસ ધરાવતા હતા. ભંડારમાં જોઈએ તો જૂના ચલણી નાણાંના સિક્કા, પાટણ નગરપાલિકાએ આપેલ સાઇકલ લાઇસન્સ, જૂની ઇન્કપેન, જૂનાં મૅગેઝિન, રેડિયો વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત તેમણે પોતાનો પ્રથમ તૂટેલો દાંત પણ સંગ્રહી રાખ્યો હતો. તેમના આ સંગ્રહનો દૂરંદેર્શિતાનો એક પ્રસંગ એ છે કે મારાં લગ્ન પછી અમે પાટણ દાદાજીના પાયલાગણ હેતુ ગયાં હતાં ત્યારે તેમણે કબાટમાંથી ન્યૂઝપેપરમાં આવતાં રંગીન વિજ્ઞાપનના કાગળમા મારાં દ્વારા ૪-૫ વર્ષની ઉંમરે દોરાયેલાં ચિત્રો-લખાણ કે જે ફક્ત આડી અવળી લીટીઓ જ હતી. જે આટલાં વર્ષે મને સાચા સમયે બતાવવા સંગ્રહી રાખી હતી. કદાચ એ જ કે તે સમયે મારા બાળમાનસમાં શું હતું?

દાદાજી જીવદયા પ્રેમી હતા. એક વખત ગટરની ખાળમાં ફસાયેલી ગરોળીને બચાવવા ગટરના ખાળની જાળી તોડીને તેનો જીવ બચાવ્યો હતો. આ ઉપરાંત બહારગામ જવાનું થાય તો ઘરમાંથી બધાં જ કબૂતરોને/ચકલીઓને બહાર કાઢવાનું ભૂલતા નહિ.

મારા અનુભવે દાદાજી સહનશીલતાની મૂર્તિ હતા. કોઈને દુઃખ થાય તેવું વર્તન તેઓ ક્યારેય પણ કરતા ન હતા. તેમના કાર્યક્ષેત્રમાં નાનામાં નાની વ્યક્તિને પણ સન્માનથી બોલાવતા. સામાજિક કે કૌટુંબિક જીવનમાં ઊભા થતા પ્રશ્નોમાં કુટુંબના સભ્યોનો સાથ- સહકાર મળે કે ના મળે તેમ છતાંય તેઓ કોઈના પ્રત્યે કડવાસ રાખતા ન હતા. આ તેમનો સૌથી મોટો હકારાત્મક ગુણ હતો. કોઈ વખત ટોળામાં ઊભા રહીને કોઈની ચાપલૂસી કરતા કે કોઈ વ્યક્તિની ટીકા કરતાં ક્યારેય પણ જોયા નથી. જીવનના આખરી દિવસોમાં પણ આંખે ઓછું દેખાતું હોવા છતાં અન્ય વ્યક્તિ વાંચે અને તેઓ સાંભળે, તેઓ બોલે અને સામે વાળી વ્યક્તિ લખે. એક દિવસ પણ એવો નહિ હોય કે તેમણે કંઈક નવું વાંચ્યું કે લખ્યું ન હોય. એમ કહી શકાય કે દાદાજીનું જીવન સાહિત્યની દુનિયામાં પસાર થયું. તેઓ એક સ્વમાની વ્યક્તિ તરીકે જીવ્યા.

સારસ્વત દાદાજીની આ લાડકી દોહિત્રી તેમના અવસાન બાદ જીવનમાં ખાલીપો અનુભવે છે. તેમનાં હૂંફ અને માર્ગદર્શન મારા માટે જીવન જીવવાનું સંભારણું બની રહ્યાં છે. કવિ પૂજાલાલ દલવાડીનાં શબ્દોમાં કહું તો ....

દાદાનાં સંસ્મરણો આવાં ખુટાડ્યાં ખૂટતાં નથી,<br>
એકેક સ્મરણે આંખ ભીજાયે સ્નેહને જળે.<br>
પ્રાણતારે પરોવાયા મણકા સ્મરણોતણા;<br>
ગયા દાદા, પરંતુ એ જપની માળ જીવતી!

**– ડૉ. ઊર્જિતા પટેલ**

# શ્રદ્ધેય દાદાગુરુના સાંનિધ્યમાં

**મણિભાઈ પ્રજાપતિ**

પૂજ્ય શ્રી મોહનભાઈ સાહેબ ગુરુપરંપરાની પાંચમી પેઢીએ મારા દાદાગુરુ થાય છે, જેને મારું સૌભાગ્ય ગણું છું. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા વર્ષ ૨૦૦૭ - ૦૮માં 'કીલાચંદ રંગભવન'માં આયોજિત 'શ્રી મોહનલાલ પટેલ ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળા'માં એક સાથે ઉપસ્થિત ગુરુ-શિષ્ય પરંપરાની ૭ પેઢીઓ (શ્રી મોહનલાલ - ભોળાભાઈ - રઘુવીરભાઈ - તુલસીભાઈ - મણિભાઈ - કનકબાળા - ઉર્જિતા) નજરોનજર નિહાળતાં પ્રસન્નતા વ્યકત કરતા અને સભામંડપમાં ઉપસ્થિત સૌ શ્રોતાજનોને સાહેબ પ્રતિ અહોભાવની લાગણી વ્યકત કરતાં જોયા છે, તેમજ આ ધન્ય ઘડીએ સાહેબશ્રીને હર્ષોલ્લાસ સાથે તાળીઓના ગડગડાટથી વધાવવામાં આવ્યા હતા. આવા ગરવા દાદાગુરુનાં પ્રથમ દર્શન ૧૯૮૧ના ડિસેમ્બર માસમાં હૈદરાબાદ મુકામે આયોજિત 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના અધિવેશનમાં આમંત્રિત વકતા તરીકે તેમણે ટૂંકી વાર્તા વિશે વ્યાખ્યાન આપ્યું હતું ત્યારે થયાં હતાં. જોકે વ્યવસાયે ગ્રંથાલયી હોવાના નાતે સાહેબશ્રીને એક નવલકથાકાર અને ટૂંકી વાર્તાકાર તરીકે તેમના નામથી ૧૯૭૧થી પરિચિત છું. આ પૂર્વે અમારા આદર્શ વિદ્યાલય, પાંચોટના આચાર્યશ્રી રમણભાઈ પટેલસાહેબ સરઢવના વતની હોઈ પૂ. છગનભા, સર્વ વિદ્યાલય (કડી) તથા તેના તેજસ્વી અને યુવાસર્જક આચાર્યશ્રી મોહનભાઈસાહેબ વિશે (૧૯૬૨-૬૬) પ્રસંગોપાત્ત વાતો કરતા રહેતા હતા તે આજેય સ્મરણપટલ ઉપર તાજી જ છે. આમ છતાં, પાટણ યુનિવર્સિટીમાં 'યુનિવર્સિટી લાઇબ્રેરિયન' તરીકે ૧૯૯૧માં મારે જોડાવાનું થયું તે વર્ષોમાં સાહેબશ્રી કડીથી સેવાનિવૃત્ત (૧૯૮૪) થયા બાદ પાટણમાં નિવાસ કરતા હોઈ યુનિવર્સિટી ગ્રંથાલય દ્વારા સાપ્તાહિક ચર્ચા વર્તુળ 'બુધવારિયું'નું આયોજન કુલપતિશ્રી કુલીનચંદ્ર યાજ્ઞિકસાહેબના સાંનિધ્યમાં યોજવામાં આવતું હોવાથી તેમના પ્રતિ શ્રદ્ધાભાવથી પ્રેરાઈને સાહેબશ્રી નિયમિત રીતે હાજર રહેતાં તેમની સાથે અંગરંગ નાતો બંધાયો. 'બુધવારિયું'માં તેમની સક્રિય ઉપસ્થિતિ અમારા સૌના માટે પ્રેરક બની રહેતી. સવિશેષતઃ સાહિત્યિક ગતિવિધિઓ ઉપરાંત પાટણના ઇતિહાસ વિશે, પાટણના સુવર્ણયુગમાં રચાયેલ સંસ્કૃત સાહિત્ય અને તેમાં અભિવ્યક્ત પાટણ વિશે સાંભળવું એ એક લહાવો બની રહેતો. ખાસ કરીને ૨૦મી સદીનું તેમણે જોયેલું પાટણ, ૧૯૪૨ની ક્રાંતિમાં તેમના સહાધ્યાયીઓ દ્વારા પાટણ હાઈસ્કૂલનું ભવ્ય મકાન ભસ્મીભૂત કરવામાં આવ્યું હતું કે જે શ્રેષ્ઠ મલબારી સાગના લાકડાથી બનાવેલું વડોદરા રાજ્યનું એક શ્રેષ્ઠ શાળાભવન હતું, રેલવે સ્ટેશનથી બગવાડા દરવાજા સુધી ભવ્ય બંગલાઓની હારમાળા કે જે આજે પ્રાયઃ અસ્તિત્વમાં નથી અને મુંબઈ નિવાસી શ્રેષ્ઠીઓ, રાણી વાવનો વિસ્તાર બોરડીઓના ઝુંડથી આચ્છાદિત હોવો અને માત્ર કૂવો જ દેખાતો હોવો, સહસ્રલિંગ મધ્યેનું વિંધ્યવાસિનીનું મંદિર કે જે હવે માયા ટેકરી તરીકે ઓળખાય છે, પાટણનાં અન્ય ઐતિહાસિક સ્થળો, પાટણ નગરપાલિકા દ્વારા મફત પાણીની વ્યવસ્થા, સાઇકલ માટે લાયન્સ પ્રથા વગેરે વિશે ઉત્સાહથી વાતો કરતા હતા. તેમણે આ બધી વિગતોની તાજેતરમાં પ્રગટ થયેલ તેમની આત્મકથા 'ટાઇમ કૅપ્સ્યૂલ' (૨જી આ. ૨૦૧૮) માં સરસ ગૂંથણી કરી છે. પાટણ વિશે તેમનો આ એક અણમોલ ગ્રંથ છે. સાહેબશ્રીને ૭૫ વર્ષ પૂર્ણ થવામાં આવતાં તેમનું 'અમૃતપર્વ' 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' દ્વારા પાટણ યુનિવર્સિટીના ઉપક્રમે ઊજવવાનું નક્કી થતાં આ સમિતિના સંયોજક તરીકે સેવા આપવાની તક મળતાં સાહેબશ્રી સાથે સતત સંપર્કમાં રહેવાનો લાભ મળ્યો.

આ ઉપરાંત પાટણ યુનિવર્સિટીમાંથી સેવાનિવૃત્ત થતાં 'કડી સર્વ વિશ્વવિદ્યાલય' ગાંધીનગરમાં પ્રકાશન વિભાગના ડાયરેક્ટર તરીકે જોડાવાનું થતાં વિશ્વવિદ્યાલયની પ્રકાશન-પ્રવૃત્તિ અંગે માર્ગદર્શન હેતુ સાહેબશ્રી સાથે પ્રસંગોપાત્ત મળવાનું થતું રહેતાં પુત્રવત સંબંધ કેળવાયો તેમજ તેમના પરિવારનો એક હિસ્સો બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું.

કડી યુનિવર્સિટીમાં જોડાયા બાદ સાહેબશ્રી સાથે અંતરંગ સ્નેહસંબંધ કેળવાતાં અનુભવ્યું છે કે સાહેબશ્રી ખરા અર્થમાં, જ્ઞાનસમૃદ્ધ, અનુભવસમૃદ્ધ અને સ્મૃતિસમૃદ્ધ હતા, જેની પ્રતીતિ તેમણે રચેલા વિવિધ ગ્રંથો દ્વારા તેમજ તેમનાં પ્રવચનો દ્વારા સહજમાં થાય છે. આ ઉપરાંત 'સર્વ વિદ્યાલય' સંબંધી તેમના ગ્રંથો 'પ્રજ્ઞાદીપ છગનભા', 'સર્વ વિદ્યાલય અને કડવા પાટીદાર કેળવણી મંડળનો ઇતિહાસ', 'ધ્રુવતારક માણેકલાલ' વગેરે 'સર્વ વિદ્યાલય'નો 'જીવંત જ્ઞાનકોશ' તરીકે પ્રસ્થાપિત કરે છે. તેમને જન્મભૂમિ પાટણના જેટલું જ મમત્વ કર્મભૂમિ કડી અને સવિશેષતઃ સર્વ વિદ્યાલય પ્રતિ હતું. 'સર્વ વિદ્યાલય' સાથે ૧૯૫૦ થી આયુષ્યના અંતિમ શ્વાસ (૨૦૨૦) સુધી પ્રપત્તિભાવપૂર્વક જોડાયેલા રહ્યા હતા. નિવૃત્તિ બાદ મંડળની ગાંધીનગર શાખાના મંત્રી અને ૨૦૧૧થી અવસાનકાળ સુધી 'કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ'ના પ્રમુખ તરીકે સેવાઓ આપતા રહ્યા હતા. 'સર્વ વિદ્યાલય'ના ચણતર અને ઘડતરના તેઓશ્રી દ્રષ્ટા અને સ્રષ્ટા રહ્યા હોવાથી પ્રાયઃ તેની તમામ ગતિવિધિઓથી વાકેફ હતા. સર્વ વિદ્યાલયનું હિત તેમના હૈયે વસ્યું હતું. 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' અને 'કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ'ની બેઠકોમાં અચૂક હાજર રહીને પ્રાસંગિક ઉદ્‌બોધનોમાં પ્રાયઃ અણકથી અને હૈયે ધરવા જેવી અવનવી વાતો કરતા રહેતા ત્યારે સૌ સભ્યશ્રીઓ મંત્રમુગ્ધ થઈને સાંભળતા અને તેમના ચીંધ્યા માર્ગે પ્રવૃત્ત થવાનું મુનાસિબ ગણતા. આંખે ઝામરની બીમારીના કારણે વાંચવાનું શકય ન બનતાં પ્રત્યેક શનિવારે થોડાક કલાક સાહેબશ્રી સાથે ગાળવાનો લાભ મને મળ્યો, જે માટે હું ખરે જ ધન્યતા અનુભવું છું. સાહિત્યજગતની વાતો, સર્વ વિદ્યાલયમાં પોતાના કાર્યકાળ દરમિયાનનાં કેટલાંક મધુર સંસ્મરણો, માણેકલાલ પટેલસાહેબ સાથેના સૌહાર્દપૂર્ણ સંબંધો, ઐતિહાસિક નગરી પાટણ વગેરે વિશે ભારે ઉમંગથી વાતો કરતાં હું ઘણું બધું લાધ્યો છું. પ્રસંગોપાત્ત કહેતા કે 'માણેકલાલે મારો એક શબ્દ ઉથાપ્યો નથી... શિક્ષકોની ભરતી વગેરેમાં ઉપરવટ જઈ કોઈ નિર્ણય તેમણે કર્યો નથી... આચાર્ય તરીકે મારી કારકિર્દી દરમ્યાન મારે ૬ શિક્ષકોને રૂખસદ આપવી પડી હતી ત્યારે પણ મારી સાથે જ રહ્યા હતા. મારું માન જળવાય, ગૌરવ જળવાય તે રીતે જ વર્તતા... શાળાના આંતરિક વહીવટીની એટલી સારી શાખ કે જિલ્લા શિક્ષણધિકારી પણ ભારે પ્રસન્ન... મારા કાર્યકાળ બાદ મનુભાઈ પટેલની આચાર્ય તરીકે નિયુક્તિથી 'સર્વ વિદ્યાલય'નું ગૌરવ વધ્યું છે. મનુભાઈ સંસ્થાના એક ભેખધારી કાર્યકર છે... 'માણેકલાલની કોઠાસૂઝ ધરાવતા વલ્લભભાઈ સંસ્થાનું સુકાન સારી રીતે સંભાળી રહ્યા છે.' આ સાથે જ સાહેબનો અસાધારણ અનાસક્ત અને શુચિર્દક્ષ ભાવ મને એ સ્પર્શી ગયો કે આટલી નિકટતા હોવા છતાંય યુનિવર્સિટીમાં શું ચાલે છે ? કોણ શું કરે છે ? બરાબર ચાલે છે ? વગેરે સંબંધી મને કયારેય પૃચ્છા પણ કરી નથી. ગીતાને અભિપ્રેત એવા 'ગુણાતીત' બની રહ્યા હતા.

સાહેબનાં સાદગી, સરળતા, વિનમ્રતા ખરે જ પ્રશસ્ય અને અનુકરણીય. તેમણે માત્ર ખાદી પહેરી જ નહીં, પરંતુ ખાદીની ભાવનાને ખરા અર્થમાં આત્મસાત કરી હતી. કાગળનો ઉપયોગ તો ખૂબ જ કરકસરપૂર્વક કરતા રહ્યા હતા. પોતાને પ્રાપ્ત કવરો, પરિપત્રો, કાર્યસૂચિઓ વગેરે સંબંધી કાગળોનો ચોકસાઈથી સંગ્રહ કરતા અને તેની કોરી બાજુ લખવા માટે યા પોતાની લઘુકથાઓ વગેરે કોઈ પત્ર-પત્રિકામાં પ્રગટ થયાં હોય તેને કાપીને ચોંટાડવા માટે ઉપયોગમાં લેતા હતા. આ પ્રકારની કેટલીક ફાઈલો આજે પણ મારી પાસે જમા છે. આર્થિક વ્યવહારો પણ અણિશુદ્ધ. ગાંધીજીની ટ્રસ્ટીશિપના આદર્શને તેમણે વ્યવહારમાં અપનાવ્યો હતો. આમંત્રિત વક્તા તરીકે મળેલ માનદ પુરસ્કારની રકમ રૂ. ૧૦,૦૦૦/- પણ તેમણે અંગત આવક પેટે ન રાખતાં 'શ્રી મોહનલાલ પટેલ અમૃતપર્વ સમિતિ'ને પુસ્તક પ્રકાશનાદિ પ્રવૃત્તિઓ માટે દાનમાં આપી દીધી

હતી. આ ઉપરાંત અવસાનના અંતિમ માસના સમયગાળામાં તેમણે મનોમન નક્કી કર્યું હતું કે પોતાના દ્વારા રચાયેલ લઘુકથાઓ પૈકી પસંદગીની મહત્તમ લઘુકથાઓનો સંચય કરીને લઘુકથાના પ્રેમીઓ / સર્જકોને વિનામૂલ્યે ભેટસ્વરૂપે વહેંચવો. આ હેતુ લઘુકથાઓ પસંદ કરવાનું મોટા ભાગનું કાર્ય પૂર્ણ કરી દીધું હતું, તેમ જ તેની પ્રસ્તાવનાનું ગણેશકાર્ય પોતાની સુપુત્રી શર્વરીબહેન અને આ લખનાર પાસે કરાવ્યું હતું. ગુજરાતી લઘુકથા સાહિત્યસ્વરૂપના નામાભિધાન વિશે તેઓશ્રી કંઈક અંશે અપ્રસન્ન હતા. તેમનું સ્પષ્ટ મંતવ્યું રહ્યું હતું કે આ નામ તો આકાર સૂચવે છે, હકીકતમાં લઘુકથા તો કોઈ એક ક્ષણનો સાક્ષાત્કાર કરતી 'સંવેદનકથા' છે તેથી તેનું નામ 'સંવેદનકથા' હોવું જોઈએ. ઐતિહાસિક નવલકથામાં ઇતિહાસનું પ્રમાણ ભોજનમાં મીઠા જેટલું નહીં પણ ભોજ્ય પદાર્થ જેટલું હોવું જોઈએ તેના પક્ષધર રહ્યા હતા. આ વિશે તેમણે 'ઐતિહાસિક નવલકથાની વિભાવના' (સર્વ વિશ્વવિદ્યાલય વૃત્તપત્ર વર્ષ ૬, અંક-૪, જુલાઈ-ઑગસ્ટ, ૨૦૧૬, પૃ. ૨૧-૨૬) વિશે એક વિસ્તૃત લેખ પણ લખ્યો હતો, જેમાં તેમનો વિવેચકીય અભિગમ અને સવિશેષતઃ પાશ્ચાત્ય નવલકથા સાહિત્યસ્વરૂપ વિશેનો અભ્યાસ ધ્યાનાર્હ બની રહે છે.

એકાદ શનિવારે (સંભવતઃ ૭ માર્ચના રોજ સવારે પ્રાયઃ ૧૧ કલાકે) ડૉ. કનુભાઈ પટેલસાહેબે (પ્રમુખશ્રી, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર) મારો સંપર્ક કરતાં હું સાહેબ સાથે છું તેમ જણાવતાં તેમણે સાહેબના સ્વાસ્થ્ય અને અન્ય આનુસંગિક બાબતો વિશે સાહેબ સાથે વાતો કરી હતી. આ પ્રસંગે સાહેબે કહ્યું હતું કે 'તમે સૌ સર્વ વિદ્યાલય માટે ઘણું સારું કામ કરી રહ્યા છો. તેનો મને આનંદ છે. અમે આપશ્રીના પિતાશ્રી ધનાભાઈ સાથે અમેરિકા ગયા હતા તે પ્રસંગની ઘટના 'બ્રોકન હોમ' શીર્ષક હેઠળ આપણા 'વૃત્તપત્ર'માં લખી છે તે તમે વાંચી જ હશે. ડર્મોન્ટમાં ડેવિડે અમારી જે સરભરા કરેલી તે મને સ્પર્શી થઈ હતી. આ બધું ધનાભાઈના કારણે જ સ્તો ! ધનાભાઈના પગલે પગલે તમે સર્વ વિદ્યાલયને સમર્પિત બની રહ્યા તેનો મને આનંદ છે. સુખી રહો'.

સાહેબશ્રી સાથે મારી છેલ્લી મુલાકાત ૭ માર્ચ, ૨૦૨૦ના રોજ થઈ હતી. હું સાહેબ સાથે સવારે પ્રાયઃ ૪ કલાક રહ્યો હતો. તેમને વાંચનનો ભારે શોખ હોવાથી સપ્તાહ દરમિયાન પ્રાપ્ત થયેલ તમામ પત્ર-પત્રિકાઓના અનુક્રમ મારી પાસે વંચાવતા અને કવચિત કવચિત જે તે લેખક વિશે પોતાનો પ્રતિભાવ, સર્જનકળા વગેરે વિશે ખુલ્લા મને વાતચીત કરતા. આ દિવસે લઘુકથા સંચયની પસંદગીનું મોટાભાગનું કાર્ય પૂરું કર્યું હતું. આશરે ૧૦૦ જેટલી લઘુકથાઓનાં પેપર કટિંગ્સ કે જે તેમણે કાળજીપૂર્વક તૈયાર કર્યાં હતાં તેની ફાઈલ મને સોંપીને કહ્યું હતું કે 'તમે આ પસંદ કરી લેશો. પ્રૂફ વાચન માટે ખપમાં આવે તેવી એક સરસ પેન મને આપતાં કહ્યું કે 'આ તમારી પાસે રાખજો, કામમાં આવશે' આ સાથે જ તેમણે મને વિનાયકભાઈ રાવલને યાદ કરીને કહ્યું કે તેઓશ્રી 'કલાવિમર્શ' સામયિક સારી રીતે ચલાવે છે. તેમણે આર્થિક સહયોગ માટે અપીલ કરી છે. પરંતુ તેમના નવા સરનામે કુરિયર સેવા ન હોવાથી લો આ રૂ. ૨૦૦૦/- તમારી પાસે રાખો, જ્યારે મળે ત્યારે તેમને આપશો'.

હાથ ઉપરનાં કામ પતાવીને મેં રજા લીધી ત્યારે મને કહ્યું કે હવે તમે સુરતથી આવો ત્યારે મળીશું અને આગળનાં કામનો વિચાર કરીશું. તમે આવો છો તે મને ખૂબ જ ગમે છે. વલ્લભભાઈ મારી ખૂબ જ કાળજી રાખે છે - માણેકલાલની જેમ. આ સમયે સાહેબનું સ્વાસ્થ્ય ઘણું સારું હતું - સિવાય કે આંખે ઝામરની તકલીફથી વાંચી ન શકાય, કોઈને ઓળખી ન શકાય. અમને કોઈને - ડૉ. મયંકભાઈ સુદ્ધાં કોઈનેય કલ્પના ન હતી કે પૂ. સાહેબશ્રી આપણી વચ્ચેથી આટલી ઝડપથી વિદાય લેશે. બે-એક દિવસ થોડાક અસ્વસ્થ રહ્યા - ભોજન લીધું ન લીધું અને શુક્રવાર તા. ૧૩ માર્ચ, ૨૦૨૦ના રોજ સાયં ૩:૪૫ કલાકે આપણી વચ્ચેથી વિદાય લીધી. પરમ કૃપાળુ પરમાત્મા સદ્ગતના આત્માને ચિરશાંતિ અર્પે તેની આર્તસ્વરે પ્રાર્થના.

સાહેબશ્રીની વિદાયથી અંગત રીતે મને ભારે મોટી ખોટ પડી છે. હૃદયથી ખાલીપો અનુભવું છું. ભારે મોટી હૂંફ અને આશ્રયસ્થાન ગુમાવ્યાં છે. તેમનું સાંનિધ્ય મારા માટે પ્રેરક બની રહ્યું હતું. 'સર્વ વિશ્વવિદ્યાલય વૃત્તપત્ર'ના સંપાદનમાં અને અન્ય રીતે પણ તેમનાં હૂંફ અને માર્ગદર્શન મને સતત પ્રોત્સાહક બની રહ્યાં હતાં. આ

વૃત્તપત્રનો પ્રારંભ કરવામાં આવ્યો હતો ત્યારે સદ્ગત ચેરમૅન શ્રી માણેકલાલ પટેલસાહેબે મોહનભાઈ સાહેબ અને પદ્મશ્રી ડૉ. ભોળાભાઈના પરામર્શન - સલાહ સૂચન હેઠળ કાર્ય કરવા સૂચવ્યું હતું. આમ છતાં, આ બંને મહાનુભાવો પરામર્શક તરીકે પોતાના નામનો વૃત્તપત્રમાં નિર્દેશ ન કરવાના આગ્રહને વળગી રહ્યા હતા. આ બંને ગુરુજનોનો ખાસ આગ્રહ રહ્યો હતો કે વૃત્તપત્રમાં ફોટા છાપવામાં વિવેક જાળવવો.

પૂજ્ય સાહેબશ્રી આજીવન વિદ્યા-અર્થી, શિક્ષક-કેળવણીકાર અને સાહિત્ય-સર્જક રહ્યા હતા. સર્વ વિદ્યાલયને દૃઢસંકલ્પ સાથે સાધનાભૂમિ બનાવીને તેને પૂર્ણતઃ સમર્પિત બની રહ્યા હતા, જેનાં અમૃતફળોનો લાભ આજે આપણે સૌ મેળવી રહ્યા છીએ. કડી નગર અને સવિશેષતઃ સર્વ વિદ્યાલય પરિસરમાં તેમની સેવાઓની સુવાસ આજે પણ પ્રસરી રહી છે. મહાકવિ ભવભૂતિએ 'ઉત્તરરામચરિત'માં મહાપુરુષો વિશે કહ્યું છે કે **'लोकोत्तराणां चेतांसि को हि विज्ञातुमर्हति'** અર્થાત્ લોકોત્તરપુરુષોનાં ચિત્ત કોણ જાણી શકે ?' તેમને સદાય અનપેક્ષઃ શુચિર્દક્ષ તથા સદાય સંતુષ્ટ જોયા છે. ૯૩ વર્ષની ઉંમરે પણ તેમની વાચન ભૂખ સતત પ્રજ્વલિત રહેવાની સાથે લેખન માટેની જિજીવિષા પણ પ્રબળ બની રહી હતી. પાટણ વિશે એક અધ્યયનશીલ ગ્રંથ રચવાની ખ્વાહિશ ધરાવતા હતા. આ ઉપરાંત એક સપ્તાહ માટે કડીમાં રહીને મંડળના કાર્યાલયમાં જઈ પોટલાં ફંફોસી જોઈને સર્વ વિદ્યાલયના ઇતિહાસ માટે પ્રેરણાદાયી માહિતી શોધી કાઢવા માટે પણ મને પ્રસંગાપાત્ત કહેતા હતા. આ હેતુ અમે બંનેએ કડી જવાનું વિચારી રાખ્યું હતું. પરંતુ, ઝામરના કારણે આ શક્ય ન બન્યું તેનો વસવસો વ્યક્ત કરતા રહ્યા હતા. તેઓશ્રી હંમેશાં ઉત્તમતાના જ આગ્રહી બની રહ્યા હતા. પૂજ્ય સાહેબશ્રીને સાચી શ્રદ્ધાંજલિ એ બની રહેશે કે આપણે સૌ 'સર્વ વિદ્યાલય' પ્રતિ સંકલ્પબદ્ધ બની રહીએ, તેમના આદર્શોને આપણા આદર્શો બનાવવાની સાથે જ **'महाजनो येन गतः स पन्थः'** તેને આપણું ધ્યેય બનાવીએ. આ ઉપરાંત ઋગ્વેદના મંત્ર (૧.૮૯.૮) માં અંશતઃ ઉમેરણ કરીને આપણે ઈશ્વરને પ્રાર્થના કરીએ કે **'वयं सर्व विद्यालयीया, भद्रं कर्णेभिः श्रुणुयाम देवाः, भद्रं पश्येमाक्षिर्यजत्राः'** અર્થાત્ 'હે દેવો અમે સર્વ વિદ્યાલયીઓ - સર્વ વિદ્યાલયજનો સર્વ વિદ્યાલય વિશે કાનથી હંમેશ કલ્યાણકારી વાત સાંભળીએ, અમે નેત્રોથી હંમેશ કલ્યાણકારી દૃશ્ય જોઈએ' તે ભાવના અમારા હૃદયકમળમાં સદાય પ્રદીપ્ત બની રહો. તેમજ 'સર્વ વિદ્યાલય' ને ઋષિકુળ પરંપરાના આચાર્યો / શિક્ષકોની તથા નિઃસ્વાર્થ સેવાપરાયણ કર્ણધારોની / સેવકોની કદીય ખોટ ન હજો. **'वयं मनः शिवसंकल्पमस्तु'**.

**મણિભાઈ પ્રજાપતિ**

*ઉમાશંકરભાઈ વર્ગને સ્વર્ગ માનતા હતા એ જાણીતી હકીકત છે. અમે તો ઉમાશંકરભાઈના કથનનો જાતઅનુભવ કર્યો છે. કૉલેજના વ્યાખ્યાતાઓની અધ્યાપન પદ્ધતિથી સાવ ભિન્ન ઉમાશંકરભાઈની ભણાવવાની રીત હતી. તાલીમ લઈને તૈયાર થયેલા કોઈ માધ્યમિક શાળાના નિષ્ઠાવાન અને પોતાના વ્યવસાયમાં ચુનંદા શિક્ષકની જેમ ઉમાશંકરભાઈ એમ.એ. ના વિદ્યાર્થીઓને ભણાવતા. વર્ગમાં વિદ્યાર્થી-સમૂહને પ્રશ્ન પૂછે અને વર્ગમાં બરાબર નજર ફેરવતા રહીને ઉત્સુક વિદ્યાર્થી પાસેથી પ્રશ્નનો જવાબ મેળવે... વિદ્યાર્થીના ભણતરનો દિવસ એળે ન જાય. એની એ ખૂબ કાળજી રાખતા... એક વખત ઉમાશંકરભાઈને આકસ્મિક સંજોગોવશ શનિવારના દિવસે દિલ્હી જવાનું થયું. એવું નક્કી થયું કે શનિવારના દિવસે ઉમાશંકરભાઈના બદલે મારે એમનો પિરિયડ લેવો. ટૂંકી વાર્તા વિશેનો પિરિયડ હતો... થોડી ક્ષણો પહેલાં લોબીમાં વિદ્યાર્થીઓનો કોલાહલ હતો તે એકદમ શાંત થઈ ગયેલો જાણી થોડા વિસ્મય સાથે પ્રબોધભાઈ પંડિત એમની ચેમ્બરમાંથી બહાર નીકળ્યા અને વર્ગમાં નજર કરી. મને ભણાવતો જોઈ પ્રસન્નતાપૂર્વક એમની ચેમ્બરમાં ચાલ્યા ગયા. એ દિવસે મેં એક કલાકના બદલે દોઢ કલાકનો પિરિયડ લીધો. વિદ્યાર્થીસમૂહ રાજી થયો એ હું જોઈ-સમજી શકયો હતો.*

***મોહનલાલ પટેલ. 'ટાઈમ કેપ્સૂલ', ૨૦૧૯, પૃ. ૨૩૨-૨૩૩***

# સાહિત્યસર્જક અને કેળવણીવિદ આચાર્યશ્રી મોહનલાલ પટેલ

**મણિભાઈ પ્રજાપતિ**

**પ્રસ્તાવના :**

પ્રાજ્ઞ અને શીલવંત શિક્ષક - આચાર્ય તથા મૂલ્યનિષ્ઠ સાહિત્ય સર્જક શ્રી મોહનલાલ પટેલસાહેબનું ૯૩ વર્ષની વયે અમદાવાદમાં તા. ૧૩ માર્ચ, ૨૦૨૦ના રોજ અવસાન થતાં શિક્ષણ તથા સાહિત્ય-જગત અને સવિશેષતઃ સર્વ વિદ્યાલય પરિવારમાં ઘેરા શોકની લાગણી પ્રવર્તી ગઈ. તેમણે ૧૯૫૦થી ૧૯૮૪ (નિવૃત્તિપર્યંત) સુધી સર્વ વિદ્યાલયના શિક્ષક - ગૃહપતિ અને આચાર્ય તરીકે ઋષિકુળ પરંપરાની યાદ તાજી કરાવે તેવી ઉમદા અને ઉદાહરણસ્વરૂપ સેવાઓ આપીને સર્વ વિદ્યાલયને સાચા અર્થમાં શિક્ષણતીર્થમાં પ્રસ્થાપિત કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી હતી. આ સમયગાળા દરમિયાન પોતાની ઉચ્ચ કારકિર્દી માટે પાર્થિવ પ્રલોભનોથી વિચલિત થયા સિવાય પોતાના પિતાજીના રાહે શિક્ષક બની રહીને કડીને પોતાની સાધનાભૂમિ બનાવીને સર્વ વિદ્યાલય સાથે પ્રપત્તિભાવપૂર્વક જીવનપર્યંત જોડાયેલા રહ્યા હતા. તેઓશ્રી બહુશ્રુત વાચક - અધ્યેતા અને ચિંતક પણ હતા. પરિણામે પોતાનો અંગત સમૃદ્ધ ગ્રંથસંગ્રહ ધરાવવાની સાથે 'સર્વ વિદ્યાલય'ના 'દાસ પુસ્તકાલય'ને એક નમૂનેદાર અને સમૃદ્ધ કરવામાં તેમનો મોટો ફાળો રહ્યો છે. શિક્ષણ અને સાહિત્ય ક્ષેત્રની સેવાઓ માટેનો 'આનર્ત ઍવૉર્ડ' સ્વીકારતાં પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે **'શિક્ષણ એ મારો જીવનરસ છે તો સાહિત્ય હૃદયરસ છે'**. તેમના આ ભાવની પ્રતીતિ આપણને તેમનાં શિક્ષક-આચાર્ય, સાહિત્યકાર અને ગાંધીજીવન-શૈલીથી અનુપ્રાણિત એક સૌજન્યશીલ ઉમદા માનવી તરીકેનાં કાર્યો અને આચરણ થકી સહજમાં થાય છે. તેમની સાહિત્યિક કૃતિઓમાં પણ તેમનો શિક્ષકજીવ સતત ધબકતો જોવા મળે છે. મૃદુ ભાષી અને કોઈ વિદ્યાર્થીને પણ 'તું' ન કહે, છતાં શિસ્ત અને શિષ્ટાચારના ભારે આગ્રહી રહ્યા હતા. તેમની સેવાઓની નોંધ લેતાં આપણા ચિંતક મનીષી કવિ ઉમાશંકર જોશીએ તેમને જાહેરમાં બિરદાવતાં કહ્યું હતું કે 'મોહનલાલ એક અચ્છા સાહિત્યકાર તો છે જ, પણ આપણા એક ઉમદા શિક્ષક અને આચાર્ય પણ છે. પ્રોફેસર થવાની મોહિની ખંખેરી નાખી પોતાના સમાજનાં ઊછરતાં બાળકો વચ્ચે જઈને તેઓ બેઠા છે.'' તેમણે સર્વ વિદ્યાલયમાં આપેલ સેવાઓની સંતુષ્ટિ વ્યકત કરતાં આત્મકથા 'ટાઇમ કેપ્સ્યૂલ' (૨૦૧૯, પૃ. ૨૨૨-૨૨૩)માં નોંધ્યું છે કે ''હું અમદાવાદમાં કૉલેજનો અધ્યાપક બની રહ્યો હોત તો મને આર્થિક લાભ વધારે થયો હોત. સાહિત્યની ઘણી વધારે રચનાઓ કરી શક્યો હોત અને એ રીતે પણ સાહિત્યકાર તરીકેની વધારે પ્રતિષ્ઠા તેમ જ નાણાંનો લાભ થયો હોત, પણ કડીમાં રહીને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના આશ્રયે રહીને કામ કરવામાં જે પ્રતિષ્ઠા મળી છે એની તોલે પેલી ઉપલબ્ધિ કદી ન આવી શકત. ઉક્ત મંડળોમાં કામ કરવાના આધારે ઉત્તર ગુજરાતના મોટા વિસ્તારમાં પરોક્ષ રીતે કેળવણીનું ઘણું કામ કરી શકાયું છે. આ પ્રતિષ્ઠા મળી કડીનાં બે કેળવણી મંડળોના આધારે જેનું ઋણ સ્વીકારવું રહ્યું. હું નિવૃત્ત થયો એ પછી પણ મંડળે મને આદર અને મોભાના ઊંચા આસને બેસાડ્યો છે. હું ભારપૂર્વક કહું કે મેં સંસ્થાને સેવા દ્વારા જે કંઈ આપ્યું એના કરતાં અનેકગણું વધારે સંસ્થાએ મને આપ્યું છે. અને મને ખૂબ પ્રતિષ્ઠા અપાવી છે. આ પ્રતિષ્ઠાને સંસ્થાના મંત્રીશ્રીએ પછી સંસ્થાના ચૅરમૅન શ્રી માણેકલાલ મા. પટેલે ચાર ચાંદ લગાડી આપ્યા એ હકીકતની નોંધ સંસ્થાની વાત સાથે લેવાવી જોઈએ એમ હું માનું છું.''

**જન્મ, શિક્ષણ અને કારકિર્દી :**

મોહનલાલ પટેલનો જન્મ વતન પાટણમાં તા. ૩૦ એપ્રિલ, ૧૯૨૭ના રોજ થયો હતો. માતાનું નામ શ્રીમતી જેઠીબહેન અને પિતાશ્રીનું નામ બાભાઈદાસ પટેલ કે જેઓશ્રી શિસ્તના ભારે આગ્રહી એવા ઉત્તમ શિક્ષક હોવાની સાથે ગામના આગેવાન તરીકેની ખ્યાતિ ધરાવતા હતા. તેમનાં પત્નીનું નામ શ્રીમતી હીરાબહેન પટેલ કે જેમનું અવસાન ૨૦૧૬માં થયું હતું. તેમના પરિવારમાં પુત્ર ડૉ. મયંક પટેલ અને પુત્રીઓ જલધારાબહેન, દીનાબહેન અને શર્વરીબહેન છે. તેમણે પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ પાટણમાં લીધું. અહીં ઇતિહાસવિદ્ - પુરાતત્વવિદ્ સ્વ. રામલાલ ચુનીલાલ મોદી જેવા શિક્ષકોનું સાંનિધ્ય સાંપડ્યું. મુંબઈ યુનિવર્સિટી સાથે સંલગ્ન બરોડા કૉલેજમાંથી ઇતિહાસ અને અર્થશાત્ર સાથે B.A. (૧૯૪૭) થયા. કૉલેજમાં અભ્યાસ દરમિયાન ૧૯૪૨માં 'અંગ્રેજો ભારત છોડો' ચળવળ અને મહાત્મા ગાંધી પ્રેરિત રચનાત્મક કાર્યોમાં ભાગ લીધો હતો. કારકિર્દીનો પ્રારંભ ન્યૂ હાઈસ્કૂલ, અમદાવાદમાં (૧૯૪૭) શિક્ષક તરીકે કર્યો. પરંતુ મિત્ર રામભાઈ પટેલ (એબટ લેબોરેટરી)ના આગ્રહથી ૭ જુલાઈ, ૧૯૫૦માં સર્વ વિદ્યાલય, કડીમાં શિક્ષક તરીકે જોડાયા. ૧૯૫૨માં S.T.C.ની ડિગ્રી મેળવી. ૧૯૫૫માં એ. જી. ટીચર્સ કૉલેજમાંથી બી.એડ્.નો અભ્યાસ કરી ગુજરાત યુનિવર્સિટીમાં ત્રીજા ક્રમે ઉત્તીર્ણ થયા હતા. કૉલેજમાં વ્યાખ્યાતા તરીકે જોડાવાનો પ્રસ્તાવ પ્રિ. ડૉ. આર. એસ. ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યો હતો, જેની નોંધ સ્વયં પ્રિ. ત્રિવેદીએ મોહનભાઈ સાથેનાં સંસ્મરણોમાં કરી છે. આમ છતાં આર્ટ્સ કૉલેજમાં અધ્યાપક થવાનો મનસૂબો હોવાથી આ પ્રસ્તાવનો સ્વીકાર ન કર્યો. ૧૯૫૯-૬૦માં એમ.એન. કૉલેજ, વિસનગરમાંથી એમ.એ. (ગુજરાતી)ના પ્રથમ વર્ષનો અભ્યાસ કર્યો અને ત્યાર બાદ ૧૯૬૦-૬૧ ના વર્ષમાં સર્વ વિદ્યાલયમાંથી છૂટા થઈ M.A. કરવા માટે ગુજરાત યુનિવર્સિટીના ભાષા-ભવનમાં જોડાયા અને અહીં ઉમાશંકર જોશીના પ્રીતિપાત્ર વિદ્યાર્થી બની ગયા. શાળા છોડવાનો મૂળભૂત હેતુ એમ.એ. થયા બાદ કૉલેજમાં અધ્યાપક થવાનો અને સાહિત્ય-સર્જન પાછળ સમય ફાળવવાનો રહ્યો હતો. તેમનું પ્રથમ ધ્યેય M.A.ના પરિણામ પૂર્વે જ પ્રકાશ કૉલેજ, અમદાવાદમાં અધ્યાપક તરીકે જોડાવાનો ઑર્ડર મેળવી સિદ્ધ કર્યું હતું. પરંતુ આ બાજુ સર્વ વિદ્યાલયના આચાર્ય શ્રી નાથાભાઈ દેસાઈએ રાજીનામું આપતાં વિદ્યાર્થીઓમાં ભારે અજંપાભરી સ્થિતિ પેદા થતાં સંસ્થા પ્રત્યેના લગાવ અને કેળવણી મંડળ તથા આચાર્ય શ્રી નાથાભાઈ દેસાઈના આગ્રહથી અધ્યાપક બનવાનો મનસૂબો ત્યજીને પુનઃ સર્વ વિદ્યાલયમાં ૧૯૬૧માં આચાર્ય તરીકે જોડાયા અને નિવૃત્તિપર્યંત (૧૯૮૪) સેવાઓ આપી. નિવૃત્તિબાદ પ્રારંભમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર શાખાના મંત્રી તરીકે અને વર્ષ ૨૦૧૧થી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડીના પ્રમુખ તરીકે જીવનના અંતિમ સમય સુધી સેવાઓ આપતા રહ્યા હતા. આમ વર્ષ ૧૯૫૦થી ૨૦૨૦ સુધી અર્થાત્ સતત ૭ દાયકા સુધી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સાથે પ્રપત્તિભાવપૂર્વક સમર્પિત ભાવે જોડાયેલા રહ્યા હતા.

**સંનિષ્ઠ શિક્ષક, ગૃહપતિ અને આચાર્ય :**

શ્રી મોહનલાલ પટેલ સર્વ વિદ્યાલયના પ્રાણ એવા પૂજ્ય છગનભાના જીવનદર્શન અને પોતાના બે પુરોગામી સમર્થ આચાર્યોની રીતિ-નીતિથી પૂર્ણ પ્રભાવિત હતા. સ્વ. નાથાભાઈના સહકાર્યકર તરીકે ૯ વર્ષ સુધી શિક્ષક તરીકે કાર્ય કર્યું હતું. આ સંસ્થાના આદર્શો અને ધ્યેયોને આત્મસાત કરીને પૂર્ણ ધ્યેયનિષ્ઠા સાથે તેમણે એક આદર્શ આચાર્ય અને ગૃહપતિની જવાબદારી પૂર્ણ સભાનતા સાથે સંભાળી અને દીપાવી હતી. છાત્રાલયને 'શિક્ષણનું ધરુવાડિયું' સ્વીકારીને બાળકોનાં શિક્ષણ અને સંસ્કારઘડતરને પ્રાથમિકતા આપી હતી. ધરતીકંપ સમયે પોતાના પરિવારની ચિંતા છોડીને છાત્રાલયનાં બાળકોને ઓરડીએ ઓરડીએ જઈને જગાડીને બહાર કાઢ્યાં હતાં. અરે! તેમણે તો વિદ્યાર્થીઓ ઉપર કોઈ માઠી અસર ન થાય તે હેતુસર નવલકથા લેખન બંધ કરી દીધું હતું, જે પાછળથી પીતાંબર પટેલની સલાહથી શરૂ કર્યું હતું. આ જ બાબતે તેમના વિદ્યાર્થી રહી ચૂકેલ આપણા નિબંધકાર, સાંસ્કૃતિક પ્રવાસ લેખક અને વિવેચક પદ્મશ્રી ડૉ. ભોળાભાઈ પટેલે પોતાનાં સંસ્મરણો રજૂ કરતાં નોંધ્યું

છે કે, 'સવિતા' માસિકની વાર્તાહરીફાઈમાં એમની વાર્તા 'એમના એ સોનેરી દિવસો'ને પહેલું ઇનામ મળેલું. એ દિવસોમાં બહુ ઇનામો મળતાં નહોતાં. અમારે માટે એ ગૌરવની વાત હતી. અમે એ વાર્તા વાંચવા 'સવિતા' માસિકનો એ અંક મેળવવા ઉત્સુક હતા. અંક મળ્યો પણ વાર્તાનાં પાનાં ગાયબ. સાહેબે કાઢી લેવડાવેલાં. પોતાના છાત્રોને સ્ત્રી-પુરુષના સંબંધની વાર્તા રજૂ ન કરાય એવો ખ્યાલ હશે ? આ હતા મોહનલાલ પટેલ. એક અન્ય સંસ્મરણ તાજું કરતાં તેમણે નોંધ્યું છે કે ''મોહનલાલ પટેલ અમદાવાદથી નવા સાહેબ આવ્યા. એમની સાથે મોપાસાં, ચેખોવ, ઓ' હેન્રીનું વાર્તાજગત, બ્રાઉનિંગના મોનોલોગ્ઝ, શરદબાબુ અને ખાંડેકરનું જગત આવ્યું. નખશિખ સજ્જન - 'થેન્કસ' અને 'સોરી' બોલતાં એમણે શિખવાડ્યું... પેન્ટ-શર્ટ પહેરનાર સાહેબે લેંઘો-ઝભ્ભો અપનાવી લીધો તે આજ સુધી. આચારવાન આચાર્ય કોઈ છોકરાને 'તું' ન કહે 'તમે' કહે. એમણે લખતાં શિખવ્યું. સાહિત્યને પરખવાની આંખ આપી.'' આ ઉપરાંત તેમણે શાંતિનિકેતનથી તા. ૪ જાન્યુઆરી, ૧૯૮૪ના રોજ લખેલ પત્રમાં નોંધ્યું છે કે ''હું જાણું છું આજે સર્વ વિદ્યાલયમાં જે કંઈ રહ્યું છે, તેમાં તમે એક મોટું બળ છો. તમે ન હોત તો - સર્વ વિદ્યાલય આજે છે તે તો ન જ હોત. મારો એ વ્યક્તિગત ભાવ હું તમને જણાવું છું તો તેમાં તમને પ્રસન્ન કરવાની વાત નથી.'' આ સંદર્ભેની વાત જ્ઞાનપીઠ પુરસ્કારથી વિભૂષિત શ્રી રઘુવીરભાઈએ પણ નોંધ લીધી છે : ''મોહનભાઈની સાહિત્યિક કૃતિઓ ઉત્તર ગુજરાતના ભાવકોને પહોંચી છે એથી વધુ એમની શૈક્ષણિક સેવાઓ પહોંચી છે એમ કહેવામાં અતિશયોકિત નથી. ગૃહપતિ તરીકે લોકપ્રિય રહેવું અઘરું, આચાર્ય તરીકે લોકપ્રિય રહેવું એથીય અઘરું, પણ મોહનભાઈની લોકપ્રિયતામાં કદી ઓટ આવી નથી.'' તેમણે પોતાના કાર્યકાળ દરમિયાન કડીમાં 'સાહિત્ય વર્તુળ'ની સ્થાપના કરી ઘણા વિદ્યાર્થીઓ અને સાથી શિક્ષકોને સાહિત્યનું ઘેલું લગાડ્યું, સાહિત્યમાં રસ લેતા કર્યા - લખતા કર્યા. બીજા શબ્દોમાં કહીએ તો, કડીની સારસ્વત ચેતનાનો પ્રાણ બની રહ્યા હતા. 'મહેસાણા જિલ્લા શાળા સંઘને વર્ષો સુધી દષ્ટિવંત નેતૃત્વ પૂરું પાડ્યું હતું. આ ઉપરાંત ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળના સલાહકાર અને ગુજરાતી પાઠ્યપુસ્તકોના સંપાદક અને લેખક તરીકે પણ ઉદાહરણ સ્વરૂપ કાર્ય કર્યું છે. સર્વ વિદ્યાલયને ગુજરાતની એક આગવી હરોળની શાળા તરીકે અને એક શિક્ષણતીર્થ તરીકે પ્રસ્થાપિત કરવામાં તેમ જ તેને એક માધ્યમિક શાળામાંથી વિશ્વવિદ્યાલય સુધી વિકસવાના પાયામાં એક સંનિષ્ઠ શિક્ષક - ગૃહપતિ અને ઋષિકુળ પરંપરાના આચાર્ય તરીકે તેમનું ઘણું મોટું યોગદાન રહ્યું છે. 'કડી તાલુકા વ્યાયામ મંડળ' અને 'મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા સંઘ'માં તેમની સક્રિય ભૂમિકા સરાહનીય બની રહી હતી. નિવૃત્તિબાદ 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ'ના ચૅરમૅનશ્રી અને મંત્રીશ્રી સાથે કેળવણી મંડળ માટે દાન એકઠું કરવા અમેરિકાના પ્રવાસે જઈ પોતાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પાસેથી ઘણી મોટી રકમનું દાન મેળવી લાવવામાં સહાયભૂત થયા હતા.

**સાહિત્ય-સર્જક :**

શ્રી મોહનલાલ પટેલ ગુજરાતી સાહિત્યના એક જાણીતા સર્જક તરીકે ખ્યાતિ પ્રાપ્ત છે. તેમણે ગુજરાતી ટૂંકી વાર્તા, નવલકથા, લઘુકથા, નિબંધ, ચરિત્ર, આત્મકથા, પ્રવાસ, વિવેચન, અનુવાદ વગેરે ક્ષેત્રોમાં માતબર પ્રદાન કર્યું છે. આ બધાં ક્ષેત્રોમાં તેમણે આજપર્યંત ૭૦ જેટલા ગ્રંથોનું સર્જન કર્યું છે. તેઓશ્રી સામાજિક સંપ્રજ્ઞતાના સર્જક હતા. તેમની કૃતિઓમાં સામાજિક સંવેદના રસપ્રદ અને કલાત્મક રીતે અભિવ્યકત થયેલી જોવા મળે છે. આજીવન શિક્ષક, કેળવણીકાર અને ગાંધીદર્શનથી પ્રભાવિત હોવાના કારણે તેમની રચનાઓમાં સામાજિક આદર્શનું ભરપૂર ચિત્રણ જોવા મળે છે. સ્વયં એક વિવેચક હોવાથી કલાત્મક કૃતિનાં ધોરણો સ્વભાવતઃ નજર સમક્ષ રહેતાં હોઈ તેમની કૃતિઓમાં વિષયવૈવિધ્ય, કથાવસ્તુ સંયોજન, પાત્રો અને ભાષા, વાતાવરણ વગેરેનું સંયોજન જોવા મળે છે. વિવિધ સાહિત્ય સ્વરૂપોમાં પ્રદાન પૈકી ટૂંકી વાર્તા અને લઘુકથા ક્ષેત્રે તેમનું મહત્ત્વપૂર્ણ અને બળૂકું પ્રદાન રહ્યું છે. ગુજરાતી લઘુકથાના જનક, પ્રસ્થાનકાર - પ્રવર્તક અને તેના વ્યાખ્યાકાર તરીકેનું શ્રેય તેમના શિરે જાય છે. પોતાના સાહિત્ય-સર્જન વિશે પોતાના ખ્યાલો અને વિવેચકોનાં મંતવ્યો વગેરે સંબંધી સારગર્ભિત નોંધ તેમણે

આત્મકથાના પ્રકરણ 'મારી સાહિત્યસર્જન યાત્રા' (પૃ. ૨૪૯ - ૨૭૧)માં નિર્ભીક રીતે લીધી છે, જે દૃષ્ટવ્ય છે.

**નવલકથા :**

તેમની સામાજિક નવલકથાઓ પૈકી 'હેતનાં પારખાં'માં આદિવાસી અને પહાડી પ્રદેશનાં પાત્રો લીલી, હમીરો અને શહેરી ઠેકેદાર જનમનસિંહ વગેરેના માધ્યમથી પ્રણયકથાનું નિરૂપણ કરવામાં આવ્યું છે. અહીં આદિવાસી સમાજનો સમગ્ર પરિવેશ હૃદયંગમ રીતે આલેખવામાં આવ્યો છે. પાત્રોનો મનોવૈજ્ઞાનિક દ્વંદ્વ ધ્યાનાર્હ બની રહે છે. 'ભાસ-આભાસ'માં સમકાલીન સમાજમાં નારી વિશે પ્રચલિત આદર્શ અને વાસ્તવનાં વલણોનું સુરેખ ચિત્રણ નાયિકા અમલાના માધ્યમથી કરવામાં આવ્યું છે. અમલાની ડાયરી-લેખન ટેવના કારણે તેના આંતરભાવવિશ્વનો આત્મકથનાત્મક રીતે લેખકે સારો ઉઠાવ આપ્યો છે. આ જ કથાવસ્તુ 'રઝળપાટ'માં આગળ વધે છે. પોતાની બહેનપણી ઉપર વારંવાર બળાત્કાર કરનાર ગુંડાતત્ત્વની હત્યામાં સહાયક તરીકેના આરોપમાં પુરાવાના અભાવે છૂટી ગયા પછી લોકોની શંકાથી વીંધાતી અને અનેક પ્રતિકૂળ સંજોગોમાં સંઘર્ષ કરતી નાયિકાના રઝળપાટની આ હૃદયંગમ કથા છે. 'ન ગરજ્યાં ન વરસ્યાં'માં સ્ત્રી-પુરુષ સંબંધોની જટિલ સંકુલતાઓને ડાયરી અને પત્ર પ્રયુક્તિના પ્રભાવક વિનિયોગ દ્વારા ઉજાગર કરવામાં આવી છે. 'નયન શોધે નીડ'માં છાત્રાલયજીવનના પ્રશ્નોની છણાવટ કરવામાં આવી છે, જ્યારે 'પડદા જરી-કિનખાબ'માં પૌર્વાત્ય અને પાશ્ચાત્ય સંસ્કૃતિઓની કથા વર્ણિત કરવામાં આવી છે. 'દિયર-ભાભી'નાં બંને મુખ્ય પાત્રો પોતાની નિર્બળતાઓ સામે મરણિયો સંઘર્ષ કરે છે. બંનેને એકબીજા માટે અગાધ પ્રેમ છે ખરો પણ ચિત્ત વિષયવાસનાગ્રસ્ત ન બની રહે એ માટે એ બંને સતત જાગ્રત રહે છે. નવલકથાનો મોટા ભાગનો પથરાટ અને પરિવેશ જાનપદી છે. એમાંય વિશેષ કરીને નવલકથામાં વગડો એક મનોહર પરિવેશ બનીને રહ્યો છે. 'બંધન' માત્ર અર્થોપાર્જનની લાલસાથી ભારતના યુવાનોની અમેરિકા તરફની ઘેલછાભરી દોટ એ મૂળ કથાબીજ છે. સાથે સાથે અમેરિકામાં વસતા ભારતીયજનોની સામાજિક અને લગ્નજીવનની સમસ્યાઓ પણ નવલકથામાં કુશળતાપૂર્વક વણી લેવાઈ છે.

ઐતિહાસિક નવલકથામાં ઇતિહાસનું પ્રમાણ ભોજનમાં મીઠાના પ્રમાણ જેટલું નહીં, પરંતુ ખાદ્ય પદાર્થના પ્રમાણ જેટલું હોવું જોઈએ તેમજ ઇતિહાસની રસાત્મકતામાં અવિશ્વાસ રાખવાની જરૂર નથી તેવા મતના આગ્રહી રહ્યા હતા, જેની પ્રતીતિ તેમની બે ઐતિહાસિક નવલકથાઓ 'અંતિમ દીપ' અને 'લાંછન'ના માધ્યમથી થાય છે. આ બંને નવલકથાઓ પાટણના વાઘેલાકાલીન અંતિમ રાજવી કર્ણદેવ વાઘેલાના ચરિત્રને પ્રચલિત પરંપરાથી ભિન્ન શ્રુતિ અને શાસ્ત્રના આધારે પ્રજાનું પાલન કરનાર શૂરવીર અને પ્રજાવત્સલ રાજવી તરીકે ઉદ્‌ઘાટિત કરતી ઐતિહાસિક નવલકથાઓ છે. 'કરણઘેલો' તરીકે ઓળખાતો આ રાજા પ્રજામાનસમાં લંપટ તરીકેની છાપ ધરાવે છે. પદ્મનાભ, નંદશંકર મહેતા, ધૂમકેતુ, મુનશી વગેરેએ લોકવાયકાને આધાર તરીકે સ્વીકારીને પોતાની કૃતિઓમાં તેને કામલોલુપ રાજા તરીકે ચીતર્યો છે. પરંતુ પાટણના ઇતિહાસવિદ મોહનલાલને આ મત સ્વીકાર્ય ન હતો. તેમણે કર્ણદેવ વિશે પ્રચલિત કથાને 'ભાટચારણોએ રચેલી કથા' કે 'દંતકથા' તરીકે ગણાવીને અને પ્રસ્તાવનામાં આ સંબંધી કેટલાક ઐતિહાસિક આધારો રજૂ કરીને તેના ચરિત્રને ન્યાય આપવા પ્રયાસ કર્યો છે. લેખકે 'અંતિમ દીપ'ને ઐતિહાસિક પીઠિકા ઉપર આધારિત સામાજિક નવલકથા તરીકે ઓળખાવી છે. બંને નવલકથાઓમાં ઐતિહાસિક વાતાવરણ ઊભું કરવા માટે તત્કાલીન યુગના રીતરિવાજો, મહોત્સવો, નાટ્યગૃહો, અને નૃત્યલીલાઓ, સ્થાપત્ય, નગરરચના, યુદ્ધ વગેરેનાં લેખકે કરેલાં વર્ણનો ધ્યાનાર્હ બની રહે છે. આ બંને કૃતિઓમાં શૃંગાર અને સમુચિત સંવાદરચના, સંસ્કૃત ઉદ્ધરણો અને પારિભાષિક શબ્દોના વિનિયોગથી લેખકનું સર્જકત્વ મ્હોરી ઊઠ્યું છે. આ ઉપરાંત ઐતિહાસિક નવલકથા કોને કહેવાય તે સંદર્ભે તેમનું મંતવ્ય, જેમાં રાજા, લશ્કર અને યુદ્ધ હોય તે જ ઐતિહાસિક નવલકથા કહેવાય એવો આપણો ખ્યાલ હોય તો તે એક ભ્રમ છે. પ્રજાના કોઈ ધ્યેય કે લક્ષ માટેની લડત ઐતિહાસિક નવલકથાનું વસ્તુ બની શકે. આપણી આઝાદી માટેની ચળવળ ઉપર રચાયેલી નવલકથાઓને ઐતિહાસિક નવલકથાઓ ગણી

શકાય. આ દૃષ્ટિએ 'રણમાં છાઈ શ્યામ ઘટા', 'ભવપ્રપંચ' અને 'ડેડ એન્ડ' ઐતિહાસિક નવલકથાઓ છે. 'ભવપ્રપંચ'માં ૧૯૩૦થી ૧૯૩૮ના સમયગાળાની કથા છે. અહીં રાષ્ટ્રભક્તિ, ત્યાગ અને બલિદાનની ભાવના રસમયી શૈલીમાં નિરૂપિત કરવામાં આવી છે. 'ડેડ એન્ડ'માં ૧૯૪૨માં 'ભારત છોડો' આંદોલન દરમિયાન ઉત્તર ગુજરાતમાં ચાલતી ક્રાંતિકારી પ્રવૃત્તિઓની કથા વર્ણવવામાં આવી છે.

**ટૂંકી વાર્તા :**

ટૂંકી વાર્તાના સર્જક, મીમાંસક તથા ગુજરાતી, ભારતીય અને વિદેશી સાહિત્યની ટૂંકી વાર્તાઓના અભ્યાસી હોવાથી વાર્તાકલાની લાક્ષણિકતાઓથી અને વૈશ્વિક પ્રવાહોથી તેઓ અવગત હતા. તેમની પહેલી વાર્તા 'ભૂરું કાર્ડ', 'માનસસુધા'ના ૧૯૪૮ના પ્રથમ અંકમાં પ્રગટ થઈ ત્યારથી તેમની વાર્તાકલા સતત ઊર્ધ્વગતિએ વિકસતી રહી હતી. જોકે પોતે 'ભૂરું કાર્ડ' ને એક પ્રાઇવેટ સરક્યુલેશન માટેના માસિકની વાર્તા ગણાવીને પોતાનો ટૂંકી વાર્તામાં જાહેર પ્રવેશ સપ્ટેમ્બર, ૧૯૪૯ના 'નવચેતન'માં પ્રગટ થયેલ 'બહાદર' થી ગણાવે છે. તેમનો પ્રથમ વાર્તાસંગ્રહ અને પ્રથમ ગ્રંથ 'હવા તુમ ધીરે બહો' (૧૯૫૪) છે. તેમના મૌલિક અને અનુવાદિત ૧૪ વાર્તાસંગ્રહો પ્રગટ થયા છે. તેમની વાર્તાઓ પૈકી 'બ્લાઈન્ડ વર્મ', 'ક્રોસરોડ', 'એમના સોનેરી દિવસો', 'વહેંચણી', 'શહીદનો દીકરો', 'બોબ', 'બ્રેકેટ', 'ઘર', 'મત્સ્યવેધ', 'ભૂખનો ઓડકાર', 'લીલો ફણગો', 'દોટ', 'ભીતરના તાગ', 'અનંત શેતરંજ' વગેરે વાર્તાઓ વિષયવસ્તુની માવજત, રચનાશૈલી-ટૅક્નિક, ભાવસૌંદર્ય અને ભાષાકર્મની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ હોવાથી લેખકની 'કારયિત્રી અને ભાવયિત્રી પ્રતિભાનાં સુપેરે દર્શન કરાવે છે. વિષયવસ્તુ અને પાત્રસૃષ્ટિમાં પણ ભરપૂર વૈવિધ્ય-ગ્રામીણ અને શહેરી સમાજ, દેશ-પરદેશ, દલિત અને ઉજાળિયાત, શિક્ષિત, અશિક્ષિત અને આબાલવૃદ્ધ પાત્રો ઊડીને આંખે વળગે તેવાં છે. તેમની વાર્તાઓમાં માનવજીવનનું કલાત્મક આલેખન જોવા મળે છે. ઉપરાંત એ વાર્તાઓમાં ઘટનાતત્ત્વને તાંતણે માનવીય સંવેદનાઓ - લાગણીઓ - ભાવોને માર્મિક રીતે અભિવ્યક્ત કરવામાં આવી છે. ટૂંકી વાર્તાનાં આપણે ત્યાં થતાં સંપાદનો સંદર્ભેનું તેમનું અવલોકન "આપણે ત્યાં ટૂંકી વાર્તાના સંગ્રહોના સંપાદનમાં જે પ્રમાદ, વાર્તાઓ વાંચવાની કે શોધવાની જડતાભરી બેપરવાઈ, ક્યારેક ટૂંકી વાર્તાના સ્વરૂપનું ઘોર અજ્ઞાન મૂલ્યહીન સંપાદનોનું કારણ બને છે. ક્યારેક તો એવી છાપ ઊપસે છે કે સંપાદન વાર્તાઓનું નહીં પણ લેખકોના નામનું થાય છે. ક્યારેક સંપાદનમાં સર્જકની પેઢીલક્ષી ગ્રંથિ કામ કરી ગઈ હોવાનું સમજાય છે." સુચિંતનીય બની રહે છે. આ સ્થિતિ સામે અમેરિકાની Houghton Miffin Company દ્વારા ૧૯૧૫ થી પ્રતિવર્ષ પ્રકાશિત થતી 'The Best American Short Stories'ની પસંદગી પ્રક્રિયાને મુક્તકંઠે પ્રશંસા કરતા જોવા મળે છે.

**લઘુકથા :**

૧૯૫૦ પછીના સમયગાળામાં 'કુમાર'માં પ્રગટ થતી મોહનલાલ પટેલની કેટલીક અત્યંત ટૂંકી વાર્તાઓને અનુલક્ષીને તંત્રીશ્રી બચુભાઈ રાવતે એમને 'કુમાર' માટે એક કૉલમની વાર્તાઓ લખવાનું સૂચવેલું. મોહનભાઈએ એ વખતે તો નહી, પણ ૧૯૬૦ના અરસામાં એક સ્વતંત્ર સાહિત્યપ્રકાર રૂપે આવી કથાઓ લખવાનું શરૂ કરતાં ગુજરાતી લઘુકથા અસ્તિત્વમાં આવી. આકસ્મિક રીતે પ્રગટેલી કોઈ ક્ષુદ્ર ઘટના દ્વારા ક્ષુબ્ધ થયેલા ચિત્તમાં નિર્માણ પામેલી ભાવ પરિસ્થિતિ, લઘુકથાના જન્મનું કારણ બને. આવી રચનામાં એક જ વિચાર સાહિત્ય પદાર્થરૂપે સમાવિષ્ટ હોય. ઘટનાનું આકસ્મિકપણું અને ક્ષુદ્રત્વ જીવનના એક જ સંદર્ભને સ્પર્શતાં હોય એટલે કૃતિનું લાઘવ અને એનું અંતઃતત્ત્વ બની રહે. તેમણે આ નવા સાહિત્યસ્વરૂપને વિષયવસ્તુની વૈવિધ્યતા અને કલાત્મક સર્જનો દ્વારા પુષ્ટ કરવા ઉપરાંત નવોદિતોને પણ આ ક્ષેત્રે ખેડાણ કરવા પ્રોત્સાહિત કર્યા તેમજ સવિશેષતઃ કડીને 'લઘુકથાની કોઢ' તરીકે પ્રસ્થાપિત કરવામાં - કડીના સાહિત્યરસિકોને લઘુકથા લખતા કરવામાં, સક્ષમ લઘુકથાકાર તરીકેના ઘડતરમાં તેમનો નોંધપાત્ર ફાળો રહ્યો છે. વધુમાં, લઘુકથાના સ્વરૂપનો સ્પષ્ટ ખ્યાલ લઘુકથાઓના વિવિધ લેખકોના લઘુકથાસંગ્રહોની પ્રસ્તાવનાઓ લખીને અને 'લઘુકથા : સ્વરૂપ પરિચય' (૨૦૦૭) વિવેચનગ્રંથના માધ્યમથી પૂરો પાડ્યો છે. લઘુકથાના પાયાનાં વ્યાવર્તક લક્ષણો જેમ કે

સિચ્યુએશનની કુશળતાપૂર્વકની ગૂંથણી, પ્રતીકો અને કલ્પનોનો વિનિયોગ તેમજ સાંકેતિક અભિવ્યક્તિ, સંવેદનશીલતા, ભાષાકર્મ, હૃદયસ્પર્શી અને ચોટદાર અંત વગેરેનું તેમની લઘુકથાઓમાં સુપેરે નિર્વહણ જોવા મળે છે. ૨૦૦૭ સુધીમાં મોહનભાઈના ચાર લઘુકથાસંગ્રહો પ્રગટ થયા છે. જેમાં 'ઝાકળમાં સૂરજ ઊગે', '૯૯ લઘુકથાઓ', 'વિકલ્પ' અને 'પ્રત્યાલંબન' સમાવિષ્ટ છે. આ પૈકી 'પ્રત્યાલંબન'માં ટૂંકી વાર્તા અને લઘુકથા એમ બે પ્રકારની મિશ્ર કૃતિઓ ગ્રંથસ્થ છે. તેમની લઘુકથાઓ પૈકી 'ગતિભંગ', 'પ્રત્યાલંબન', 'જાકારો', 'નિગ્રહ', 'લિખિતનાં પાયલાગણ', 'વિકલ્પ', 'ઓનર બોર્ડ', 'સ્પર્શ', 'ત્યારે', 'ઠેસ', 'મડાગાંઠ', 'યુદ્ધવિરામ' વગેરે શ્રેષ્ઠ લઘુકથાઓ છે.

જીવનના અંતિમ દિવસોમાં પોતે રચેલ ૫૦૦થી અધિક લઘુકથાઓ પૈકી આશરે ૩૫૦ જેટલી લઘુકથાઓ પસંદ કરીને તેનો સંચય તૈયાર કરી લઘુકથાના ચાહકોને પ્રસાદી તરીકે ભેટ સ્વરૂપે વહેંચવાનું નક્કી કરતાં પસંદગીનું મોટા ભાગનું કામ પૂર્ણ કર્યું હતું, તેમ જ તેની પ્રસ્તાવનાનું ગણેશ કાર્ય પોતાની દીકરી શર્વરીબહેન અને આ લખનાર પાસે કરાવ્યું હતું. આ લખનારને લઘુકથાઓની પસંદગીની કામગીરી દરમિયાન પ્રસંગોપાત્ત જણાવ્યું હતું કે 'લઘુકથા'નું નામાભિધાન તેના ભૌતિક સ્વરૂપની દૃષ્ટિએ થયું છે, જેમાં ઔચિત્ય નથી. હકીકતમાં 'સંવેદનકથા' તેનું નામ હોવું જોઈએ. કારણ કે આ સ્વરૂપમાં 'સંવેદન' જ તેનું જીવાતુભૂત - પ્રાણતત્ત્વ છે. આ સાથે જ નોંધવું રહ્યું કે લઘુકથાકાર તરીકે 'અઢળક પ્રશંસા પામવાની સાથે અસાધારણ પ્રતિષ્ઠા માટે ગૌરવ અનુભવવા' છતાં તેમનો પ્રથમ પ્રેમ 'નવલકથા' અને 'ટૂંકી વાર્તા' સાથે રહ્યો હતો. લઘુકથાકાર તરીકેની અસાધારણ પ્રસિદ્ધિ હેઠળ નવલકથાકાર અને ટૂંકી વાર્તાકાર તરીકેનું પોતાનું પ્રદાન ઢંકાયેલું રહ્યું તેનો વસવસો પણ વ્યક્ત કરતા જોવા મળ્યા હતા. આ સાથે જ નોંધવું રહ્યું કે તેમણે ગુજરાતી વિવેચકો દ્વારા લઘુકથા સ્વરૂપની ઉપેક્ષા થતી જોઈને 'લઘુકથા' ના ઉદ્ભવ, વિકાસ અને અન્ય ભારતીય ભાષાઓમાં લઘુકથાની સ્થિતિ વિશે તુલનાત્મક પરિપ્રેક્ષ્યમાં અધ્યયન કરીને દો - ટૂક શબ્દોમાં પોતાનો આક્રોશ વ્યક્ત કરતાં નોંધ્યું છે કે ''ગુજરાતી લઘુકથા ગૌરવ અપાવે એવી હોવા છતાં, હોંશે હોંશે એની વાત કરવાને બદલે ઉચ્ચ ભમરિયા ગુજરાતી સાહિત્યકારો અને વિવેચકો દ્વારા સેવાતી ઉપેક્ષા ખેદ ઉપજાવ્યા વિના કેમ રહે ?'' જીવનના પ્રાયઃ અંતિમ દિવસોમાં તેમણે ગુજરાતી લઘુકથા ક્ષેત્રે કેન્દ્રિય સાહિત્ય અકાદેમી, નવી દિલ્હીના નિમંત્રણથી 'ગુજરાતી લઘુકથાસંચય' (૨૦૧૯) સંપાદિત સંગ્રહ સાથે લઘુકથા સ્વરૂપ વિશે અધ્યયનશીલ લેખ ઉપરાંત ૭૫ લઘુકથાકારોનો સંક્ષેપમાં છતાં સંતર્પક પરિચય કરાવીને મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યું છે. સંભવતઃ અકાદેમી દ્વારા સૌ પ્રથમ વખત ગૂર્જર-ભારતીય લઘુકથાઓનો આ સંગ્રહ પ્રકાશિત કરવામાં આવ્યો છે.

**આત્મકથા અને ચરિત્ર :**

આયખાના નવમા દાયકાના ઉત્તરાર્ધમાં આપણને સત્ત્વશીલ અને સંતર્પક વાચન પૂરું પાડતી આત્મકથા 'ટાઇમ કેપ્સ્યૂલ' (૨૦૧૨; સંવર્ધિત આવૃત્તિ ૨૦૧૯) ના શીર્ષક હેઠળ આપી જેમાં તેમના ત્રિવિધ વ્યક્તિત્વ- શિક્ષણકાર, સાહિત્યકાર અને ઇતિહાસકાર-ની છબિ અંકિત થયેલી જોવા મળે છે. આત્મકથાનો ઉઘાડ પોતાના વતન-જન્મ સ્થાન એવી પ્રાચીન ગુજરાતની રાજધાની અણહિલપુર પાટણના ભવ્ય ભૂતકાળથી કર્યો છે. તેની ભવ્યતાનું દર્શન કરાવવા માટે તત્કાલીન સમયમાં રચાયેલ કૃતિઓનો આધાર લીધો છે. આ સાથે જ ૧૩મી સદીના અંતમાં અલાઉદ્દીના લશ્કર દ્વારા પાટણને ધ્વસ્ત કરવું, નવું પાટણ વસવું, જૂના પાટણનો પથ્થરની ખાણ તરીકે સતત ૧૫૦ વર્ષ સુધી ઉપયોગ વગેરે વિગતો લેખકના પાટણના ઇતિહાસના સઘન અભ્યાસનાં પ્રતીતિકારક બની રહે છે. આ ઉપરાંત ૨૦મી સદીના પૂર્વાર્ધમાં પોતે જોયેલ પાટણ, પોતાના શિક્ષકો 'નેચર સ્ટડી'ના તાસમાં 'રાણકી વાવ' અને 'સહસ્રલિંગ સરોવર'ના અભ્યાસ અર્થે લઈ જતા તે વખતનાં બોરડીઓનાં ઝૂંડવાળો પ્રદેશ, રાણકીવાવના સ્થાને શેવાળથી આચ્છાદિત પાણી ભરેલો ખાડો, હજારોની સંખ્યામાં વેરાયેલા સ્તંભો, મંદિરનાં શિખરો વગેરેના અવશેષો કે જે લેખકે જોયેલા તે સ્થિતિ અને આજના પાટણની સ્થિતિ વગેરે બાબતો પાટણના અભ્યાસીઓ - સંશોધકો માટે દિશાપ્રેરક બની રહેશે. જેમકે સરસ્વતી

નદીમાં અર્ધા શિયાળા સુધી પાણી વહેતું રહેવું, સરસ્વતી નદીના વિસ્તારમાં પોતાના ખેતરના કૂવામાં જમીનની સપાટીથી ફક્ત એક વેંત નીચે જોયેલું પાણીનું લેવલ, પાટણમાં આયુર્વેદિક કૉલેજ, ૧૯૪૨ની 'હિંદ છોડો' ચળવળ સંદર્ભે આયુર્વેદિક કૉલેજ અને 'પાટણ હાઈસ્કૂલ'માં ચુસ્ત હડતાલ, વડોદરા રાજ્યનાં ઉત્તમ શાળા મકાનો પૈકીના એક પાટણ હાઈસ્કૂલના મકાનને લેખકના સહાધ્યાયી મણિભાઈ અમીન અને અન્યો દ્વારા ભસ્મીભૂત કરવું વગેરેના ઉલ્લેખોથી પ્રસ્તુત ગ્રંથ પાટણના પ્રાચીન તેમજ સામ્પ્રતકાલીન ઇતિહાસની સામગ્રીનો એક મહત્ત્વપૂર્ણ આધારસ્રોત બની રહે છે. આ આત્મકથાનાં કુલ પૃષ્ઠોનો ત્રીજો ભાગ સર્વ વિદ્યાલયમાં શિક્ષક, ગૃહપતિ અને આચાર્ય તરીકેના અનુભવો માટે ફાળવેલ છે. અહીં એક ઉદાત્ત અને અધ્યયનશીલ શિક્ષક, વિદ્યાર્થી વત્સલ સહૃદયી ગૃહપતિ અને આચારવાન આચાર્યના ત્રિવેણી સંગમરૂપ ઋષિકુળના આચાર્યનાં - આભિજાત્ય વ્યકિતત્વનાં દર્શન થાય છે. આ કૃતિ ૨૦મી સદીના કૃષક સમાજ, શિક્ષણ અને સાહિત્ય ક્ષેત્રની ગતિવિધિઓને વાચા આપતો એક સાંસ્કૃતિક દસ્તાવેજ છે, જે ગુજરાતી આત્મકથામાં પોતાની આગવી ઓળખ ઊભી કરશે તેમ તેના કળાસૌંદર્ય અને વસ્તુતત્ત્વની ઉદાત્તને ધ્યાને લેતાં કહી શકાય.

ચરિત્ર સાહિત્ય ક્ષેત્રે 'પ્રજ્ઞાદીપ છગનભા' (૧૯૮૭), 'પ્રગટબ્રહ્મ સ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ' (૧૯૯૫) અને 'બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ' (૧૯૯૧), 'ધ્રુવતારક માણેકલાલ પટેલ' (૨૦૧૩) અને 'માનવહિતૈષી રામભાઈ' (૨૦૧૮) સાહિત્યિક સંસ્પર્શ કરાવતી અને લેખકને ચરિત્રકાર તરીકે પ્રસ્થાપિત કરતી બળકટ કૃતિઓ છે. 'મહેસાણા-પાટણ જિલ્લાના સ્વાતંત્ર્ય સૈનિકો' (૧૯૯૮)માં સ્વાતંત્ર્યવીરોના પ્રદાનનું સંક્ષેપમાં માહિતીપ્રદ આલેખન કરવામાં આવ્યું છે. પ્રકારાન્તરે અહી મહેસાણા-પાટણ જિલ્લાની સ્વાતંત્ર્ય ચળવળનો રસપ્રદ ઇતિહાસ રજૂ થયો છે.

**પ્રવાસ અને નિબંધ :**

'ગુડમૉર્નિંગ અમેરિકા'માં લેખકે અમેરિકા પ્રવાસ દરમિયાન અનુભવેલી અમેરિકન જીવનશૈલીનું તાટસ્થ્યપૂર્વકનું પ્રાસાદિક શૈલીમાં નિરૂપણ કર્યું છે. તેમના હળવા નિબંધો 'હાસ્ય ઝરૂખે બૈઠ કે', 'હસતાં હસતાં' અને 'હાસ્યમર્મર'માં ગ્રંથસ્થ છે. જેમાં માનવજીવનની નબળાઈઓને શિષ્ટ વ્યંગમાં અભિવ્યક્ત કરવામાં આવી છે. 'યક્ષકર્દમ'માં સાહિત્ય, ઇતિહાસ, સંસ્કૃતિ, ભૂગોળ, રાજકારણ વગેરે વિષયક નિબંધો તથા પ્રતિભાશાળી વ્યક્તિઓનાં ચરિત્રોનો સંગ્રહ છે. પ્રત્યેક નિબંધ જે તે વિષયક્ષેત્રની ઊંડાણપૂર્વકની માહિતી સાથે રસળતી શૈલીમાં રજૂ કરવામાં આવ્યો છે. આ બધા વૈવિધ્યપૂર્ણ નિબંધોના આધારે તેમની વ્યાપક વિષયોમાં રસવૃત્તિ અને સંશોધકીય અભિગમનાં સહજમાં દર્શન થાય છે.

**વિવેચન :**

ટૂંકી વાર્તાના સર્જન અને વિવેચન ક્ષેત્રે તેમનું નોંધપાત્ર પ્રદાન રહ્યું છે. 'ટૂંકી વાર્તામીમાંસા' (૧૯૭૯) ટૂંકી વાર્તાની રચનાપ્રક્રિયાનો સળંગ છણાવટ કરતો તેમનો એક મહત્ત્વપૂર્ણ ગ્રંથ છે. ટૂંકી વાર્તા : આસ્વાદમાં ગુજરાતી ભાષાની ૧૯૬૦ પૂર્વેની નોંધપાત્ર ૧૩ વાર્તાઓ, ૩ ભારતીય પ્રાદેશિક ભાષાઓની ને ૫ વિદેશી વાર્તાઓના અર્થસભર અને સરસ આસ્વાદો કરાવ્યા છે - લેખકે પ્રત્યેક વાર્તાના વિષયવસ્તુનું રસપૂર્ણ નિરૂપણ કરી તેમાં આવતાં પ્રતીકો અને કલ્પનોનો અર્થ, સંવેદ્યભાવપરિસ્થિતિ અને પ્રયુક્ત ટૅક્નિક વગેરે સ્પષ્ટ રીતે રેખાંકિત કરી આપેલ છે. 'સાહિત્યસંકેત' (૨૦૦૧)માં વિષયવૈવિધ્યથી ભરપૂર ૨૧ અભ્યાસનિષ્ઠ અને કૃતિલક્ષી વિવેચનલેખોનો સંગ્રહ છે. આ પૈકી 'ગુજરાતી અસ્મિતાના ઉદ્‌ગાતા હેમચંદ્રાચાર્ય, 'ચંદ્રોત્તર સાહિત્ય', 'ઐતિહાસિક નવલકથામાં ઐતિહાસિક પ્રક્રિયા', 'ટૂંકી વાર્તા', 'એક ગોષ્ઠી' વગેરેમાં લેખકની અભ્યાસનિષ્ઠા અને તેમના સંશોધકીય અભિગમનાં દર્શન થાય છે. આ બધા લેખોમાં જે-તે કૃતિ કે લેખકની વિશેષતાઓ ઉદ્‌ઘાટિત કરવાની સાથે સાથે મર્યાદાઓ તરફ પણ અંગુલિનિર્દેશ કરવામાં આવ્યો છે. 'ઐતિહાસિક નવલકથામાં ઐતિહાસિક પ્રક્રિયા' લેખમાં ઐતિહાસિક નવલકથામાં ઇતિહાસનું પ્રમાણ સદષ્ટાંત અને તુલનાત્મક પરિપ્રેક્ષ્યમાં ઊંડાણપૂર્વક સમજાવવામાં આવ્યું છે, જેમાં લેખકનો ભારતીય અને પાશ્ચાત્ય નવલકથાઓ અને આ સ્વરૂપવિષયક વિવેચન ગ્રંથોનો વિશદ અભ્યાસ અને સમતોલ વિવેચકીય અભિગમનાં

સ્પષ્ટ દર્શન થાય છે. આ વિષયક્ષેત્રનો આ એક ઉત્તમ લેખ છે. 'લઘુકથા : સ્વરૂપ પરિચય' (૧૯૯૧) લઘુકથાના સ્વરૂપની ઉદાહરણ સાથે મીમાંસા કરતું પુસ્તક છે. એમાં લઘુકથાના સ્વરૂપની અત્યંત ઝીણવટપૂર્વકની ચર્ચા કરવામાં આવી છે. આ ઉપરાંત આ પુસ્તકમાં ત્રણ લઘુકથાઓના આસ્વાદ તેમજ પુસ્તકમાં નિર્દિષ્ટ કેટલીક લઘુકથાઓ પણ સમાવિષ્ટ છે. પુસ્તકનાં ત્રણ પરિશિષ્ટોમાં ગુજરાતી લઘુકથાની ગતિવિધિ, હિન્દી લઘુકથા અને વાચકોની જાણકારી માટે બચુભાઈ રાવતે ૧૯૫૩માં 'લઘુકથા' સંજ્ઞા હેઠળ પ્રગટ કરેલી રચના 'શાળાનો રિપોર્ટ' ગ્રંથસ્થ છે.

**તંત્રી / સંપાદક :**

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીએ તેની સ્થાપનાનાં ૫૦ વર્ષ ૧૯૬૯માં પૂર્ણ કરતાં મંડળ દ્વારા 'સુવર્ણ જયન્તી' સાપ્તાહિકની શરૂઆત મંડળના તત્કાલીન મંત્રીશ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ 'દાસકાકા'ના તંત્રીપદે અને મોહનભાઈ પટેલ, ભાઈલાલભાઈ જી. પટેલ અને દિલીપ રૉયના સંપાદકપણા હેઠળ તા. ૧૧ સપ્ટેમ્બર, ૧૯૬૯ ના રોજ તેનો પ્રથમ અંક પ્રગટ કરીને કરવામાં આવી હતી. આ સાપ્તાહિક કેટલાંક વર્ષો સુધી ચાલુ રહ્યું હતું. આ સપ્તાહિકમાં પ્રગટ થતી વિવિધ પ્રકારની સામગ્રી જેમ કે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનાં શાળા વિશેનાં સંસ્મરણો, મંડળના સેવકોનાં ચરિત્રચિત્રણો, પ્રાપ્ત દાનની વિગતો વગેરે મંડળના ઇતિહાસ માટે કાચા સોનાની ખાણ સમાન પુરવાર થઈ રહી છે. આ બધી સમૃદ્ધિ પાછળ સંપાદકીય નિષ્ઠાનાં દર્શન થાય છે. આ સાપ્તાહિક ઉપરાંત 'ધરતી વિકાસ મંડળ', અમદાવાદ દ્વારા પ્રગટ કરવામાં આવતા 'ધરતી' માસિકના સંપાદક તરીકે માર્ચ ૧૯૯૫થી જુલાઈ ૨૦૦૮ સુધી શ્રી મોહનભાઈ, શ્રી ભોળાભાઈ અને શ્રી ગણેશભાઈએ સેવાઓ આપી હતી. શ્રી મોહનભાઈ સાહેબના સંપાદકીય લેખોમાં શિક્ષણના પ્રચાર-પ્રસાર અને સમાજ ઘડતરનો સૂર કેન્દ્ર સ્થાને જોવા મળ્યો છે.

**ઇતિહાસ :**

ગુજરાતી સાહિત્યની સાથે સાથે ઇતિહાસ અને ભૂગોળ તેમના રસ અને અધ્યયનના વિષયો રહ્યા હતા. ઇતિહાસ અંતર્ગત પ્રાચીન રોમ અને ગ્રીસ ઉપરાંત સવિશેષતઃ ગુજરાતના સોલંકીકાળના અને પાટણ તળભૂમિના ઊંડા અભ્યાસી અને જ્ઞાતા હતા. માદરે વતન પાટણ પ્રતિ તેમને અસાધારણ લગાવ હતો. સુપ્રસિદ્ધ સૂક્તિ 'જનની જન્મભૂમિશ્ચસ્વર્ગાદપિ ગરિયસી'ને ખરા અર્થમાં ચરિતાર્થ કરી હતી, જેની સદ્યપ્રતીતિ પાટણને કેન્દ્રમાં રાખીને તેમના દ્વારા લખવામાં આવેલ બે ઐતિહાસિક નવલકથાઓ 'અંતિમ દીપ' અને 'લાંછન' ઉપરાંત નિબંધસંગ્રહ 'યક્ષકદર્મ' તથા આત્મકથા 'ટાઇમ કેપ્સ્યૂલ'નાં પ્રારંભિક પ્રકરણોમાં પાટણના પ્રાચીન ઇતિહાસ અને સવિશેષતઃ પોતે જોયેલા વીસમી સદીના પાટણ વિશેનાં વર્ણનો તેમજ 'રાણીની વાવ', 'નવું પાટણ ક્યારે વસ્યું', 'આનર્તની શિલ્પસમૃદ્ધિ', 'પુરાણોમાં ઇતિહાસ' વગેરે લેખોના માધ્યમથી થાય છે. તેમણે ઉપર ઉલ્લેખિત બે ઐતિહાસિક નવલકથાઓના માધ્યમથી પાટણના અંતિમ રાજપૂત રાજવી 'કરણ વાઘેલાના પાત્રને ઐતિહાસિક સંસાધનોના સઘન અભ્યાસના આધારે ન્યાય આપવા પ્રયાસ કરવા ઉપરાંત તત્કાલીન સમયના સામાજિક ઇતિહાસનું ભરપૂર આલેખન કર્યું છે. આત્મકથામાં સમાવિષ્ટ વીસમી સદીના પાટણ સંબંધી વિગતોની પ્રાપ્તિ પ્રાયઃ અન્યત્ર દુર્લભ છે. આ જ રીતે 'રાણકી વાવ' વિશેનો લેખ તેના શિલ્પવિધાન, ઇતિહાસ વગેરે દષ્ટિએ એક ઉત્તમ લેખ તરીકે ખ્યાત છે. પ્રાચીન સમયમાં સહસ્રલિંગ સરોવર મધ્યેની ટેકરી 'વિંધ્યવાસિની મંદિર' કે 'બકસ્થળ' તરીકે ઓળખાતી હતી કે જેની વિગતો તત્કાલીન સમયમાં રચાયેલ સાહિત્યમાં જોવા મળે છે, તે હવે 'માયા ટેકરી' - 'માયા સ્થાનક' તરીકે ઓળખાવવામાં આવે છે તેની ઐતિહાસિકતા સંદર્ભે પણ ચિંતિત હતા. પાટણનો પ્રાચીન ઇતિહાસ જેમાં ધરબાયેલો છે તેવા ગ્રંથો 'દ્વયાશ્રય મહાકાવ્ય', 'કીર્તિ કૌમુદી', 'કુમારપાળ પ્રબંધ', 'મોહરાજપરાજય', 'વસ્તુપાલપ્રશસ્તિ', 'સરસ્વતીપુરાણ' વગેરેના તેઓ ઊંડા અભ્યાસી રહ્યા હતા.

**સર્વ વિદ્યાલયના ઇતિહાસકાર :**

સર્વ વિદ્યાલય સંબંધી તેમના દ્વારા રચાયેલા ગ્રંથો 'પ્રજ્ઞાદીપ છગનભા' (૧૯૮૯, પુનર્મુદ્રણ ૨૦૦૭, ૨૦૧૮), 'ધ્રુવતારક : શ્રી માણેકલાલ પટેલ (૨૦૧૩)

અને 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળનો સંક્ષિપ્ત ઇતિહાસ' (૨૦૧૫) અને 'માનવહિતૈષી રામભાઈ' (૨૦૧૮) એક સર્જક, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ પ્રત્યેની ભક્તિભાવ સહિતની કર્તવ્યનિષ્ઠા અને સર્વ વિદ્યાલયના જ્ઞાનકોશ રૂપી ત્રિવેણી સંગમના દ્યોતક બની રહ્યા છે.

'પ્રજ્ઞાદીપ છગનભા' (૧૯૮૯) એ સર્વ વિદ્યાલયના પ્રાણ એવા સમાજોદ્ધારક શિક્ષણહિતચિંતક અને ઋષિતુલ્ય છગનભાનું ચરિત્રાંકન કરતો ગ્રંથ છે. એક હકીકત છે કે પૂ. છગનભા (૧૮૬૩-૧૯૪૦) વિશે કોઈ દસ્તાવેજી સામગ્રીના અભાવે તેમના અંગત જીવનનું નિરૂપણ અહીં અલ્પાંશે થયું છે, પરંતુ અજ્ઞાનતાના અંધકારમાં અટવાયેલ તત્કાલીન સમાજમાં ઘર કરી ગયેલી કુરૂઢિઓ, શિક્ષણનો નહિવત પ્રચાર-પ્રસાર વગેરેની યથાતથ સ્થિતિ અને છગનભાના પુનિત પુરુષાર્થથી આરંભાયેલ કડીના શિક્ષણતીર્થની - છગનભાના શિક્ષણયજ્ઞકાર્યની વિકાસગાથા કે જેમાં સર્વ વિદ્યાલયની સ્થાપના સમયની સ્થિતિ, ફંડ પ્રવૃત્તિ, છગનભાની શિક્ષણદષ્ટિ, મહારાજા સયાજીરાવ ગાયકવાડ અને મહાત્મા ગાંધીની મુલાકાતો વગેરે સમાવિષ્ટ છે. આ ચરિત્રાંકન સર્વ વિદ્યાલય પરિવાર માટે એક પવિત્રગ્રંથ - Sacred Scripture સમાન મૂલ્યવાન બની રહ્યો છે. પ્રસ્તુત ગ્રંથની રચના સાથે જ 'સર્વ વિદ્યાલય'ના સ્વતંત્ર ઇતિહાસ-લેખનની આવશ્યકતા તેમણે પિછાણી હતી, જેનો સ્પષ્ટ ઉલ્લેખ તેમણે 'નિવેદન'માં કર્યો છે. મોહનભાઈ સાહેબના માનસપટલમાં રોપાયેલ આ બીજને અંકુરિત કરવાનું કામ સદ્‌ગત ચૅરમૅન શ્રી માણેકલાલ પટેલસાહેબે કર્યું હતું. તેમણે પ્રેમપૂર્વક આગ્રહ ચાલુ રાખતાં આ ગ્રંથનું સર્જન માણેકલાલ સાહેબની હયાતીકાળમાં જ સંપન્ન થઈ ગયું હતું, પરંતુ તેનું પ્રકાશન ૨૦૧૫માં થયું. તેમણે ઇતિહાસકારની નિષ્ઠાથી ખણખોદ કરી સર્વ વિદ્યાલયના કડીબદ્ધ ઇતિહાસનું તટસ્થતાપૂર્વક આલેખન કર્યું છે.

'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ : સંક્ષિપ્ત ઇતિહાસ' (૨૦૧૫) ગ્રંથનું પરિશીલન કરતાં સ્પષ્ટ પ્રતીત થાય છે કે લેખકે કેટલીક મૂંઝવણો, ઉદા. તરીકે બંને મંડળોના 'તાણાવાણા ગૂંથાઈને એક ઘટ્ટ પટ્ટકુળ બની રહ્યાં હોવાથી એકબીજાને કઈ રીતે અલગ તારવવાં, સંસ્થાના વિકાસમાં તેના સ્થાપનાકાળથી સેંકડો કાર્યકર્તાઓ / હોદ્દેદારોનાં બહુમૂલ્ય યોગદાન હોઈ આ સૌનો સમુચિત ઉલ્લેખ કઈ રીતે કરવો, લાગણીઓ વગેરેને કોરાણે મૂકીને પોતે નિયત કરેલ ઇતિહાસની સાચી વિભાવનાનું નૈતિક હિંમત સાથે તટસ્થતાપૂર્વક પાલન કરીને તથા વાસ્તવના ધરાતલ ઉપર રહીને અનાસક્તભાવે તેમજ વ્યકિત નિરપેક્ષ બનીને, અરે! ખુદ પોતાની જાતને પણ યથાસંભવ નેપથ્યમાં રાખીને - શતાબ્દી પૂર્ણ કરવાના આરે આવી ઊભેલ આ સંસ્થાના બે તૃતીયાંશ સમયગાળાના ઇતિહાસના દૃષ્ટા અને તેમના કાર્યકાળને ધ્યાને લેતાં કંઈક અંશે સ્રષ્ટા પણ રહ્યા હોવા છતાં - એક કેળવણીવિદ્ તથા ઇતિહાસલેખકનો વિવેક જાળવીને ફક્ત ઘટના સાથે સંકળાયેલા કાર્યકર્તાઓનો સમુચિત ઉલ્લેખ મુનાસિબ માનીને તેમજ દૂધમાં સાકર ભળે તેમ બંને મંડળોની ગાથા સ-રસ વણી લઈને સર્વ વિદ્યાલયનું અંતઃસત્વ ઉજાગર કરી આપવા કૃતસંકલ્પ રહ્યા છે. અર્થાત્ સર્વ વિદ્યાલય એટલે શું ? સર્વ વિદ્યાલયનું પોત અને પ્રતિભા તથા સર્વ વિદ્યાલય શાળા અને મંડળની આગવી ખાસિયતો કઈ છે તે સાધાર તારવી આપ્યું છે. અહીં ૨૦મી સદીના પ્રારંભમાં અજ્ઞાનતાના અંધકારમાં અટવાતા સમાજની સ્થિતિ, સમાજોદ્ધાર માટે કેળવણી એક માત્ર ઉપાય અને ક.પા.કે.ઉ.મં.ની સ્થાપના અને તેના દ્વારા વિદ્યાર્થી આશ્રમ અને પાટીદાર વિદ્યાલયની સ્થાપના અને તેના નિર્વહણમાં પૂ. છગનભાની પ્રાણાધાર ભૂમિકા, કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળનું સર્વ વિદ્યાલય માટે માવતરકાર્ય, શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને સમયનાં વહેણો સાથે દૂરંદેશિતાપૂર્ણ અભ્યાસક્રમોની પહેલ, ગુરુકૂળ પરંપરા મુજબ છાત્રાવાસોનો નિર્વાહ, મંડળના સંચાલકો દ્વારા સમાજહિતના ધ્યેય સાથે સંસ્થાને સમર્પિત બનીને તેમજ ભૌતિક આકાંક્ષાઓથી પર રહી આપેલ દૃષ્ટિપૂત સેવાઓ, વિદ્યાર્થીઓનો સંસ્થાપ્રેમ, સર્વ વિદ્યાલયનો વિસ્તાર વગેરે બહુવિધ આનુસંગિક બાબતો વિશે પ્રાપ્ત દસ્તાવેજી સામગ્રીનો વિવેકપૂત ઉપયોગ કરીને તથા સ્વાનુભવોના આધારે ઇતિહાસ-લેખકની સજ્જતા સાથે અને સાહિત્યકારની કલમે આલેખન

કરવામાં આવ્યું હોવાથી સાહિત્યકલાથી અનુપ્રાણિત ઇતિહાસગ્રંથ તરીકે ઊભરી આવ્યો છે. પરિણામે, સર્વ વિદ્યાલયનો આ એક ઇતિહાસ જ નહીં, પરંતુ તેના કર્ણધારોનો ભાવિ માર્ગ પ્રશસ્ત કરી આપનાર એક પ્રબોધન ગ્રંથ બની રહ્યો છે. અને તે એટલા માટે શકય બન્યું છે કે આ નથી કોઈ ઇમારતોનો ઇતિહાસ કે નથી તેના સંચાલકોની કે અન્ય કોઈનું પ્રશસ્તિ-ગાન. પરંતુ આ તો છે લોકસંગ્રહાર્થે સ્થપાયેલ કેળવણીની સંસ્થાનું પ્રગતિગાન કે જેમાં આર્ષદષ્ટા સમાજોદ્ધારક પૂ. છગનભાનો ધ્યેયનિષ્ઠ પુરુષાર્થ, ઋષિપરંપરાના આચાર્યો અને શિક્ષકો દ્વારા પ્રસ્થાપિત શિક્ષણની ઉદાત્ત પ્રણાલીઓની પરંપરાઓ અને માણેકલાલ પટેલસાહેબ જેવા ખરા અર્થમાં મંડળના આર્ષદષ્ટા કર્ણધારોની નિઃસ્વાર્થ સેવાપરાયણતાના ત્રિવેણી સંગમમાંથી પ્રસ્ફુટિત સમાજોદ્ધારક કેળવણીની ગાથા. આ ગુણરાશીથી પ્રભાવિત થતાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચૅરમૅન અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલ પ્રસ્તુત ગ્રંથને આવકારતાં નોંધે છે કે 'આ સંસ્થાના અણમોલ દસ્તાવેજી ઇતિહાસ-ગ્રંથનું સર્જન કરીને આપણને સૌને પૂ. મોહનભાઈ સાહેબે તેમના ઓશિંગણ બનાવ્યા છે. પૂ. સાહેબ એટલે 'સર્વ વિદ્યાલયનો જ્ઞાનકોશ'. હકીકતમાં જ સાહેબ સર્વ વિદ્યાલયનો એક જીવંત જ્ઞાનકોશ હતા. સર્વ વિદ્યાલય સંબંધી તેમની સ્મૃતિ અસાધારણ હતી.

પ્રસ્તુત ઇતિહાસનો મુસદ્દો વર્ષ ૨૦૦૩માં તૈયાર કરવામાં આવેલ ત્યારે સર્વ વિદ્યાલયની સ્થાપનાના પ્રથમ દશકના સમયના વિદ્યાર્થી અને શિક્ષક રહી ચૂકેલા જાણીતા કવિ, વિવેચક અને એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડાના સેવા-નિવૃત્ત પ્રો. રણજિત પટેલ 'અનામી'એ આ ગ્રંથનું સાદ્યંત પઠન કરતાં તેની મહત્તા પિછાણીને વ્યક્ત કરેલ હૃદયોદ્ગાર 'ગુજરાતખ્યાત વિદ્યાસંસ્થા 'સર્વ વિદ્યાલય' કડીના ભૂતપૂર્વ ભાવનાશીલ આદર્શ આચાર્ય શ્રી મોહનલાલ બી. પટેલે આલેખેલો, 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી' અને 'કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ' કડીનો સંક્ષિપ્ત ઇતિહાસ નબળી આંખે પણ એકાગ્રચિત્ત રસપૂર્વક વાંચી ગયો અને એના એ શ્રદ્ધેય આલેખનથી પરમ સંતોષની લાગણી થઈ. મને લાગે છે કે શ્રી મોહનલાલની કલમ સિવાય જાગર્તિનો આવો ઇતિહાસ આલેખવાની કોઈની શક્તિ નથી, કારણ કે એ કેવળ 'હવા તુમ ધીરે બહો' - જેવા લલિત સાહિત્યના જ સર્જક નથી પણ તેમને સર્જાઈ ગયેલા ઇતિહાસની પૂરી જાણકારી છે અને સર્જાતા સાંપ્રત ઇતિહાસના તેઓ તટસ્થ દ્રષ્ટા અને સંસ્થાનાં શુભ કાર્યોને સંકોરનાર પણ છે. આ ઇતિહાસ ભૂતકાળનું સ્મરણ-તર્પણ કરે છે. પણ વર્તમાનને સંસ્કારી-સંકોરી ઉજ્જ્વલ ભાવિ માટે ઉદ્બોધન પણ કરે છે. આ ઇતિહાસ તો છે, સંસ્કૃતિઓના વિશ્વપ્રસિદ્ધ ઇતિહાસકાર ટૉયેન્બીના ચેલેન્જ રિસ્પોન્સની સ-દષ્ટાંત કથા અને એનું ભાષ્યવિવરણ.' સર્વ વિદ્યાલય પરિવાર માટે એક ગર્વરૂપ ઘટના બની રહે છે.

'ધ્રુવતારક : શ્રી માણેકલાલ પટેલની જીવનકથા' (૨૦૧૩) ખરા અર્થમાં એક વ્યક્તિની માત્ર જીવનકથા ન બની રહેતાં તેમના લોહીનો લય બની ગયેલ કડી નગર, કડીના ઉદ્યોગો અને તેને ઉપકારક કડી નાગરિક સહકારી બૅન્ક, કડી વિસ્તારના પ્રજાજનોના આરોગ્યની સુખાકારી માટે સ્થાપવામાં આવેલ ભાગ્યોદય હૉસ્પિટલ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર અને અન્ય આનુસંગિક બાબતોની વિકાસગાથા વર્ણવતો ચરિત્રગ્રંથ સાહિત્યની ઉમદા કૃતિની સાથે સાથે એક ઐતિહાસિક દસ્તાવેજની ગરજ સારીને મ્હોરી રહ્યો છે. માણેકલાલ સાહેબનું એક કેળવણીવિદ્ સંચાલક તરીકે કરેલું અવલોકન : ''આદર્શ સંચાલકની વ્યાખ્યા બાંધવી હોય તો ભ્રષ્ટાચારથી ખદબદતા આ ક્ષેત્રમાં પણ.... ખારા પાટમાં વીરડી શોધવા નીકળીએ કે ધગધગતા રણમાં રણદ્વીપની ખોજ આદરીએ તો જરૂર એક વ્યક્તિ મળી રહે. એનું નામ છે માણેકલાલ માધવલાલ પટેલ.... માણેકલાલ માટે શિક્ષણનું જે ક્ષેત્ર નિર્માયું હતું એમાં એમની ચર્યા અને આચાર જોતા રહો તો એક પછી એક ઉત્તમ સંચાલકનાં લક્ષણો લાધતાં રહેશે. એમણે જે કંઈ કર્યું છે, જે ઉસૂલો સ્થાપ્યા છે અને જે આગ્રહો રાખ્યા છે એ બધા એટલા બધા મુખરિત છે કે એમની ઉપસ્થિતિ સિવાય આપણી સમક્ષ કોઈ દળદાર વહીનાં પાનાં ઘડતાં રહે છે. શુદ્ધ અને પારદર્શી વહીવટ એ માણેકલાલનો પ્રથમ આદર્શ''

સુચિંતનીય બની રહે છે.

માનવહિતૈષી રામભાઈ (૨૦૧૮)માં સર્વ વિદ્યાલય કેળવણી મંડળના વર્તમાન પ્રમુખ, મંડળના સદગત ચૅરમૅન શ્રી માણેકલાલ પટેલસાહેબના અંતરંગ સખા અને મંડળના અદના સ્તંભ તથા દાનવીર અને આ સાથે જ કડીના લોકપ્રિય અને સમાજહિતચિંતક ડૉક્ટર રામભાઈ પટેલના જીવનચરિત્રનું આલેખન કરવામાં આવ્યું છે. અહીં ડૉ. રામભાઈનાં અન્ય સત્કાર્યો અને પ્રવૃત્તિઓની સાથે મંડળ સંચાલિત સાયન્સ કૉલેજને પ. પૂ. પ્રમુખસ્વામી મહારાજ પાસેથી દાન મેળવીને જીવતદાન અપાવવામાં તેમની ચાવીરૂપ ભૂમિકાની સરાહનાપૂર્વક નોંધ લેવામાં આવી છે.

**અનુવાદ :**

અનુવાદ ક્ષેત્રે 'મોપાસાંની શ્રેષ્ઠ વાર્તાઓ' (૧૯૯૧)નો ગુજરાતી અનુવાદ તેમની અનુવાદકલાનો તથા ગ્રંથના પ્રારંભમાં મોપાસાં વિશેનો લેખ તેમની વિદ્વત્તાનો પરિચાયક છે. Bhaktamara Stotra (ભાનતુંગ સુરીશ્વરજી રચિત સ્તોત્રનો અંગ્રેજી અનુવાદ). નેહજ એન્ટરપ્રાઈઝ, મુંબઈ, તેમણે અનુવાદ કર્યો છે.

આ ઉપરાંત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે ગુજરાતી ભાષાનાં પાઠ્યપુસ્તકોના નિર્માણ અને સંપાદન કાર્યમાં તેમજ વિદ્યાર્થીઓ માટે શિક્ષકની નિષ્ઠાથી સહાયક સાહિત્યિક સામગ્રી તૈયાર કરવામાં તેમનું પ્રદાન વિશેષ ઉલ્લેખનીય રહ્યું છે.

**સાહિત્ય વર્તુળ, કડીના સ્થાપક :**

ટૂંકી વાર્તા, નવલકથા અને લઘુકથાના સર્જન અને એક મૂઠી ઊંચેરા આચાર્ય - કેળવણીકાર તરીકે પ્રતિષ્ઠિત થવાની સાથે જ તેમણે કડીમાં સાહિત્યિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળી રહે તે હેતુસર 'સાહિત્યવર્તુળ'ની સ્થાપના કરી હતી. આ સાહિત્યવર્તુળ દ્વારા કડીમાં સાહિત્યિક ગોષ્ઠિઓ, સાહિત્યકારોનાં વક્તવ્યો, ચર્ચાઓનું નિયમિત રીતે આયોજન થતાં કડીની પ્રજાને સાહિત્યમાં રસ લેતી કરવામાં પ્રેરક બની રહ્યા હતા. સાહેબશ્રીની પ્રેરણાના કારણે ઘણી વ્યકિતઓ લખતી થઈ અને પ્રતિષ્ઠિત સર્જકો તરીકે ખ્યાતિ પામ્યા. ખાસ તો લઘુકથા ક્ષેત્રે કડી નગરે આગવી પ્રતિષ્ઠા મેળવી. આ સંદર્ભે ભગવતીકુમાર શર્માએ નોંધ્યું છે કે 'ઉત્તર ગુજરાતનું નાનકડું નગર કડી ગુજરાતી લઘુકથાનું 'કાશી' સિદ્ધ થયેલું છે. માનનીય શ્રી મોહનલાલ પટેલ તેના અધિષ્ઠાતા છે. કડીમાંથી ગુજરાતી ભાષાને કેટલા બધા અને સમર્થ લઘુકથાકારો સાંપડ્યા તેનો વિચાર કરતાં આનંદાશ્ચર્ય અનુભવાય છે.' કડી સાહિત્ય સ્કૂલના સર્જકો પૈકી રમેશ ત્રિવેદી, રામજીભાઈ કડિયા, ભગવત સુથાર, દિલીપ રોય, પ્રસાદ બ્રહ્મભટ્ટ વગેરે પ્રતિષ્ઠિત સર્જકો તરીકે ખ્યાતિપ્રાપ્ત છે. આ 'સાહિત્ય- વર્તુળ'ની પ્રવૃત્તિઓથી પ્રભાવિત થઈ શ્રી માણેકલાલ પટેલે 'કડી નાગરિક બૅન્ક' તરફથી રૂપિયા એક લાખનું દાન અપાવીને તેને ૧૯૯૬માં 'શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ' તરીકે નામાભિધાનિત કર્યું. આ 'વર્તુળ'ને નવું નામ પ્રાપ્ત થતાં લાયન્સ કલબ, ડૉ. રામભાઈ પટેલ, ડૉ. મણિભાઈ પટેલ વગેરે તરફથી ઉમદા દાન સાંપડતાં સાહિત્યિક પ્રવૃત્તિઓનાં આયોજનો, પ્રકાશનો વગેરેમાં ભારે વેગ આવ્યો છે.

**પ્રાપ્ત પારિતોષિક / અવૉર્ડ / સન્માન :**

'ચક્રવત્પરિવર્તન્તે' વાર્તા માટે 'કુમાર પારિતોષિક' (૧૯૫૦); ટૂંકી વાર્તા 'એમના સોનેરી દિવસો' માટે 'સવિતા સુવર્ણચંદ્રક' (૧૯૫૬); મુંબઈ સરકાર દ્વારા ગુજરાતના ૧૬ અને મહારાષ્ટ્રના ૮ સાહિત્યકારો અને પત્રકારોને વિદર્ભની યાત્રા માટે પાઠવેલ નિમંત્રણમાં સમાવેશ (૧૯૫૯); 'સંદેશ સુવર્ણચંદ્રક' (૧૯૭૨); ટૂંકી વાર્તા સંગ્રહ 'પ્રત્યાલંબન' ગુજરાત સરકાર દ્વારા પુરસ્કૃત (૧૯૭૨); કડી જેસિસ દ્વારા 'ઉત્તમ સમાજસેવક' તરીકે સન્માનિત (૧૯૭૭); ઇન્ડિયન કોમ્યુનિટી એબ્રોડ, શિકાગો દ્વારા ૧૯૮૨માં સન્માનિત; રાજ્ય સરકાર દ્વારા 'શ્રેષ્ઠ શિક્ષકનો અવૉર્ડ' (૧૯૮૪); 'પ્રજ્ઞાદીપ છગનભા' માટે વ. હે. જનરલ લાઇબ્રેરી પારિતોષિક (૧૯૮૯-૯૦); લઘુકથા સંગ્રહ 'ઝાકળમાં સૂરજ ઊગે' ગુજરાત સાહિત્ય અકાદમી પારિતોષિક (૧૯૯૨); તથા 'સરોજ પાઠક અવૉર્ડ' (૧૯૯૨); મહેસાણાની 'આનર્ત' સંસ્થા દ્વારા 'આનર્ત અવૉર્ડ' (૧૯૯૪); 'સાહિત્યવર્તુળ, કડી' ને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા ૧૯૯૬માં 'શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ' નાભાભિધાનિત કરીને સન્માનિત; 'લાંછન' નવલકથાઃ ગુજરાત સાહિત્ય

અકાદમી (૧૯૯૮) તેમજ ગુજરાતી સાહિત્ય પરિષદ (૧૯૯૮) તરફથી વર્ષના શ્રેષ્ઠ પુસ્તક (નવલકથા વિભાગ) તરીકેનાં પારિતોષિક; 'ડેડ એન્ડ' ગુજરાત સાહિત્ય અકાદમી (૨૦૦૦) દ્વારા પુરસ્કૃત; વડોદરાની સંસ્કાર પરિવાર સંસ્થા દ્વારા 'સંસ્કાર અવૉર્ડ' (૨૦૦૦); વર્ષ ૨૦૦૧માં અમૃતપર્વની ગૌરવપૂર્ણ ઉજવણી નિમિત્ત સદ્‌ગત ચૅરમૅન શ્રી માણેકલાલ પટેલસાહેબના હાર્દિક સહયોગથી રૂ. ૭ લાખની રકમ એકઠી કરી આ રકમમાંથી રૂ. ૫ લાખ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીને 'શ્રી મોહનલાલ પટેલ ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળા'ની પ્રસ્થાપના કરવા હેતુ આપવામાં આવ્યા; 'ધનજી કાનજી ગાંધી સુવર્ણચંદ્રક' (૨૦૦૪); સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ઇતિહાસ (૨૦૧૫) લેખન માટે મંડળ દ્વારા કડીમાં સન્માનપત્ર અર્પણ કરી જાહેર સન્માન (૨૦૧૭).

**સાહિત્ય-સર્જન :**

**નવલકથા :** ૧. હેતનાં પારખાં. પ્રકાશ સાહિત્ય ભંડાર, અમદાવાદ (૧૯૫૭); રવાણી પ્રકાશન ગૃહ, અમદાવાદ (૧૯૬૩), ૨. ખાલી ખેપ. (૧૯૫૯), ૩. અંતિમ દીપ. ભારતીય સાહિત્ય સંઘ, અમદાવાદ (૧૯૬૦); આદર્શ પ્રકાશન, અમદાવાદ (૨૦૦૧), ૪. સાંજ ઢળે. વોરા એન્ડ કંપની, અમદાવાદ (૧૯૭૬), ૫. જલતા હિમગિરિ. વોરા એન્ડ કંપની, અમદાવાદ (૧૯૭૭), ૬. શમણાં ન લાગે હાથ. શ્રી હરિહર પુસ્તકાલય, સુરત (૧૯૭૯), ૭. નયન શોધે નીડ. શ્રી હરિહર પુસ્તકાલય, સુરત (૧૯૮૧), ૮. ટહુકે પંખી કોઈ ઘટામાં (૧૯૮૧), ૯. રણમાં છાઈ શ્યામ ઘટા (૧૯૮૨), ૧૦. પડદા જરી-કિનખાબના (૧૯૮૫), ૧૧. અંધારી રાતના ઓળા (૧૯૮૫), ૧૨. ભાસ-આભાસ (૧૯૮૭; ૨જી આ. ૨૦૧૯), ૧૩. રઝળપાટ (૧૯૮૯; ૨જી આ. ૨૦૧૯), ૧૪. સૂકી સરિતા, ભીના તટ (૧૯૯૪), ૧૫. ઘૂઘવે નિર્જળ દરિયો (૧૯૯૫), ૧૬. લાંછન (૧૯૯૭), ૧૭. ભવપ્રપંચ (૧૯૯૮), ૧૮. ડેડ એન્ડ (૨૦૦૦), ૧૯. દિયર-ભાભી (૨૦૦૩), ૨૦. બંધન (૨૦૦૫; ૨જી આ. ૨૦૧૯).

**વાર્તાસંગ્રહ :** ૧. હવા, તુમ ધીરે બહો ! રવાણી પ્રકાશનગૃહ, અમદાવાદ (૧૯૫૪), ૨. વિધિનાં વર્તુળ. ચેતન પ્રકાશનગૃહ, મુંબઈ (૧૯૫૬), ૩. ટૂંકા રસ્તા. ચેતન પ્રકાશનગૃહ, મુંબઈ (૧૯૫૮), ૪. મોટી વહુ. ભારતી સાહિત્યસંઘ, અમદાવાદ (૧૯૬૬), ૫. પ્રત્યાલંબન. (લઘુકથાઓ સહિત) વોરા એન્ડ કંપની, અમદાવાદ (૧૯૭૦), ૬. ક્રોસરોડ (૧૯૮૨), ૭. મોહનલાલ પટેલની શ્રેષ્ઠ વાર્તાઓ (૧૯૮૮, પુનર્મુદ્રણ ૧૯૯૦), ૮. મોપાસાંની શ્રેષ્ઠ વાર્તાઓ (અનુવાદ) (૧૯૯૧), ૯. મત્સ્યવેધ (૧૯૯૮), ૧૦. તણખલાનો તરાપો. ભરાડ ફાઉન્ડેશન, રાજકોટ (૨૦૦૧), ૧૧. મોહનલાલ પટેલની પ્રતિનિધિ વાર્તાઓ. શબ્દલોક પ્રકાશન, અમદાવાદ (૨૦૧૧), ૧૨. જગપ્રસિદ્ધ વાર્તાઓ. શબ્દલોક પ્રકાશન, અમદાવાદ (૨૦૧૩; બીજી આવૃત્તિ, ૨૦૧૫), ૧૩. રણખજૂરીની છાયામાં. રન્નાદે પ્રકાશન, અમદાવાદ (૨૦૧૪), ૧૪. ઈશાની વાયરા (૨૦૧૯).

**લઘુકથા :** ૧. ઝાકળમાં સૂરજ ઊગે (૧૯૯૧), ૨. ૯૯ લઘુકથાઓ. હર્ષ પ્રકાશન, અમદાવાદ (૨૦૦૧), ૩. વિકલ્પ. ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ (૨૦૦૩).

**નિબંધસંગ્રહ :** ૧. હાસ્યઝરુખે બૈઠકે (૧૯૯૪), ૨. યક્ષકર્દમ. હર્ષ પ્રકાશન, અમદાવાદ (૧૯૯૭), ૩. હસતાં હસતાં (૨૦૦૬), ૪. હાસ્યમર્મર (૨૦૦૭).

**આત્મકથા :** ૧. ટાઇમ કેપ્સ્યૂલ (ઈ.સ. ૧૯૨૭ થી ૨૦૧૨). મોહનલાલ પટેલ અમૃતપર્વ સમિતિ, પાટણ, (૨૦૧૩) (સંશોધિત બીજી આવૃત્તિ : ટાઇમ કેપ્સ્યૂલ : ઈ. સ., ૧૯૨૭ થી ૨૦૧૮. રંગદ્વાર પ્રકાશન, અમદાવાદ (૨૦૧૯).

**ચરિત્ર :** ૧. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ. અક્ષર પુરુષોત્તમ સંસ્થા, શાહીબાગ, અમદાવાદ (૧૯૯૧), ૨. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ. અક્ષર પુરુષોત્તમ સંસ્થા, શાહીબાગ, અમદાવાદ (૧૯૯૫), ૩. મહેસાણા જિલ્લાના સ્વાતંત્ર્ય સૈનિકો. મહેસાણા-પાટણ જિલ્લા સ્વાતંત્ર્ય સૈનિક સંઘ, પાટણ (૧૯૯૮).

**પ્રવાસ :** ૧. ગુડમૉર્નિંગ અમેરિકા. અક્ષર પુરુષોત્તમ સંસ્થા, શાહીબાગ, અમદાવાદ (૧૯૮૪).

**વિવેચન :** ૧. ટૂંકી વાર્તા : મીમાંસા (૧૯૭૯) ગુજરાત સરકારની આર્થિક સહાય દ્વારા. લેખક પોતે, ૨. સાહિત્યસંકેત (૨૦૦૧) ગુજરાત સાહિત્ય અકાદમી

આર્થિક સહાય દ્વારા. લેખક પોતે, ૩. ટૂંકી વાર્તા : આસ્વાદ (૨૦૦૩) ગુજરાત સાહિત્ય અકાદમી આર્થિક સહાય દ્વારા. લેખક પોતે, ૪. લઘુકથા : સ્વરૂપપરિચય (૨૦૦૭) ગુજરાત સાહિત્ય અકાદમી આર્થિક સહાય દ્વારા. લેખક પોતે, ૫. વાગ્વૈભવ : ગુજરાત સાહિત્ય અકાદમી આર્થિક સહાય દ્વારા. લેખક પોતે, ૬. ટૂંકી વાર્તા : ઘડતર અને સર્જન. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ (૨૦૧૭).

**સર્વ વિદ્યાલય :** ૧. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને ગાંધીનગર અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી (સંક્ષિપ્ત ઇતિહાસ). સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી (૨૦૧૫), ૨. પ્રજ્ઞાદીપ છગનભા. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી, (૧૯૮૯), ૩. ધ્રુવતારક શ્રી મોહનલાલ પટેલની જીવનકથા. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી (૨૦૧૩), ૪. માનવહિતૈષી રામભાઈ. કોરલ ફાર્મા, અમદાવાદ (૨૦૧૮), ૫. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી : અમૃત મહોત્સવ સ્મૃતિગ્રંથ. સંપાદકો : મોહનલાલ પટેલ અને ભાઈલાલભાઈ જી. પટેલ. અમૃત મહોત્સવ સમિતિ, સ.વિ.કે. મંડળ (૧૯૮૫), ૬. 'સુવર્ણજયન્તી : સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયન્તી નિમિતે પ્રગટ થતું સાપ્તાહિક. તંત્રી : પુરુષોત્તમદાસ ર. પટેલ. સંપાદકો : મોહનભાઈ પટેલ, ભાઈલાલભાઈ જી. પટેલ દિલીપ રોય. વર્ષ-૧, અંક ૧, તા. ૧૧ સપ્ટેમ્બર, ૧૯૬૯થી ?)

**સંપાદન :** (પુસ્તકો) ૧. ૪૦ લઘુકથાઓ. સાહિત્ય વર્તુળ, કડી (૧૯૮૪), ૨. ગુજરાતી પ્રતિનિધિ લઘુકથાઓ (૧૯૮૫), ૩. 'કર્મચૂડામણિ માણેકલાલ. શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ, કડી (૨૦૧૦); (અન્યોના સહયોગમાં સંપા.), ૪. ગુજરાતી લઘુકથાસંચય. સાહિત્ય અકાદેમી, નવી દિલ્હી (૨૦૧૯); **સામયિકો :** ૧. ધરતી (ધરતી વિકાસ મંડળનું માસિક, માર્ચ ૧૯૯૫ થી જુલાઈ ૨૦૦૮, સંપા. મોહનલાલ પટેલ, ભોળાભાઈ પટેલ અને ગણેશભાઈ પટેલ), ૨. સુવર્ણ જયન્તી (સર્વ વિદ્યાલય કેળવણી મંડળનું સાપ્તાહિક ૧૧ સપ્ટેમ્બર ૧૯૬૯થી ?)

**શૈક્ષણિક :** ૧. નિબંધલેખન (૧૯૯૨), ૨. ભૂગોળપરિચય (૧૯૯૩), ૩. ગદ્ય આસ્વાદ (૧૯૯૪), ૪. ગુજરાતી ગદ્ય સમીક્ષા (૧૯૯૪), ૫. ગદ્ય પરિમલ (૧૯૯૫), ૬. ગુજરાતની ગૌરવકથાઓ (૨૦૧૫).

**સામાન્ય જ્ઞાન :** ૧. ભૌગોલિક જ્ઞાનવિજ્ઞાન શ્રેણી (૬ પુસ્તકોનો સંપુટ) (૧૯૯૭).

**ધાર્મિક : ૧.** વેદરસની વિભાવના. બોચાસણવાસી શ્રી અક્ષર પુરુષોત્તમમ સંસ્થા, અમદાવાદ, (૧૯૮૦).

**અંગ્રેજી પુસ્તકો :** ૧. The Profligate (૪૭ દૃશ્યોમાં સ્ક્રીન-પ્લે) અપ્રકાશિત, ૨. The Cutural History of Patan. In: Millennium History of Patan, p. ૩૨-૫૨ = પાટણની અસ્મિતા (સચિત્ર) સંપા. જયેશ એન. શાહ અને રાજેન્દ્ર કે. શાહ નેહજ એન્ટરપ્રાઈઝ, મુંબઈ (૨૦૦૧), ૩. Jay Hind Readers – Book-૩ અશોક બુક ડીપો, અમદાવાદ.

(નોંધ : નવલકથા : અ.નં. ૨,૩, ૮ થી ૨૦; વાર્તાસંગ્રહ : અ.નં. ૬ થી ૯, ૧૪ લઘુકથા : અ.નં. ૧; નિબંધસંગ્રહ : ૧,૩,૪; સંપાદન : અ.નં. ૨, શૈક્ષણિક : ૧ થી ૬; સામાન્ય જ્ઞાન : અ.નં. ૧ નું પ્રકાશન આદર્શ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ દ્વારા કરવામાં આવ્યું છે.)

**મોહનલાલ પટેલ વિશે અધ્યયન-ગ્રંથો :**

તેમના સાહિત્ય સર્જન વિશે શોધપ્રબંધ તૈયાર કરીને ગુજરાત યુનિવર્સિટી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાંથી ત્રણ વિદ્યાર્થીઓએ Ph.D.ની ડિગ્રી અને ગુજરાત યુનિવર્સિટીમાંથી એક વિદ્યાર્થીએ M.Philની ડિગ્રી મેળવેલ છે. આ ઉપરાંત તેમના વિશે 'મોહનલાલ પટેલ અધ્યયન ગ્રંથ'. સંપા. મણિભાઈ પ્રજાપતિ, રંગદ્વાર પ્રકાશન (૨૦૦૧), 'મોહનલાલ પટેલ અમૃતપર્વ.' સંપા. મણિભાઈ પ્રજાપતિ, મોહનલાલ પટેલ અમૃતપર્વ સમિતિ, પાટણ વતી રંગદ્વાર પ્રકાશન, અમદાવાદ (૨૦૦૧). 'મોહનલાલ પટેલ : સર્જન વિશેષ'. સંપા. રઘુવીર ચૌધરી, રંગદ્વાર પ્રકાશન, અમદાવાદ (૨૦૦૫) ગ્રંથો પ્રકાશિત છે.

(**સંપર્ક** : ડૉ. મયંક પટેલ, ૨૧/૫૦૧, સત્યાગ્રહ છાવણી, સેટેલાઈટ રોડ, ભાવનિર્ઝર પાસે, અમદાવાદ-૩૮૦૦૧૫. મો. ૯૮૯૮૨૨૦૦૩૬)

**મણિભાઈ પ્રજાપતિ**

# મોહનલાલ પટેલ : ઘટનાક્રમ

નામ : મોહનલાલ બાભાઈદાસ પટેલ

માતાનું નામ : જેઠીબહેન

જન્મસ્થળ : પાટણ (ઉ. ગુ.)

જન્મતારીખ : ૩૦-૪-૧૯૨૭

વતન : પાટણ

શિક્ષણ : ઈ. સ. ૧૯૩૩ બાળપોથી, ધોરણ ૧ અને ધોરણ ૨નું શિક્ષણ પિતાએ ઘેર જ આપ્યું. પિતા શિક્ષક હતા.

૧૯૩૪-૩૫

૧૯૩૫-૩૬ : ધોરણ ૩ અને ૪ પ્રાથમિક શાળા પાટણમાં

૧૯૩૬-૩૭થી

૧૯૪૨-૪૩ : ધો. ૧ (હાલનું ૫)થી ધો. ૭ (કેટલાક સમય પૂર્વેનું ધો. ૧૧) અર્થાત્ મૅટ્રિક્યુલેશન સુધી પાટણ હાઈસ્કૂલ, પાટણમાં. ૧૯૪૩ એપ્રિલ મુંબઈ યુનિવર્સિટીનું મૅટ્રિક્યુલેશન પાસ

૧૯૪૨

ઑગસ્ટ, સપ્ટે. : ચળવળ દરમિયાન સભાસરઘસમાં ભાગ લીધો નાગરવાડામાં થયેલા લાઠીચાર્જમાં સાધારણ ઈજા.

૧૯૪૩-૪૪થી

૧૯૪૬-૪૭ : વડોદરા કૉલેજ, વડોદરામાંથી મુંબઈ યુનિવર્સિટીની બી.એ.ની ઉપાધિ મેળવી ઇતિહાસ અને અર્થશાસ્ત્ર વિષયો સાથે. આ વર્ષો દરમિયાન વડોદરાના કારેલીબાગમાંના ક. પા. છાત્રાલયમાં નિવાસ. છાત્રાલલ નિવાસ દરમિયાન ગાંધીનિર્દેશિત રચનાત્મક કાર્યક્રમોમાં સક્રિય જેવા કે - રસ્તા તૈયાર કરવા માટે કોદાળી-પાવડા વગેરે સાધનોથી શ્રમકાર્ય, હરિજન-વાસમાંથી કેટલાક યુવકોને છાત્રાલયમાં આમંત્રણ આપીને પ્રીતિભોજન રાષ્ટ્રભક્તિનાં ગીતો, સંવાદો વગેરે કાર્યક્રમોમાં સીધો કે સંચાલનમાં લીધેલો ભાગ.

૧૯૪૬માં છાત્રાલયના છાત્રો દ્વાર અભિવાદન શ્રી અનામીના પ્રમુખપદે.

એપ્રિલ ૧૯૪૭ : બી.એ.ની પરીક્ષા આપી જૂન ૪૭ બી.એ.માં ઉત્તીર્ણ.

મે, ૧૯૪૭ : 'The Profligate' નામનો સ્ક્રીન પ્લે અંગ્રેજીમાં (૪૭ દશ્યોનો) લખ્યો.

જૂન ૧૨,

૧૯૪૭ : ન્યુ હાઈસ્કૂલ, અમદાવાદ શિક્ષક તરીકેની નોકરીથી વ્યવસાયી કારકિર્દીનો આરંભ.

૧૫ ઑગસ્ટ,

૧૯૪૭ : સ્વાતંત્ર્યોત્સવમાં ઉમળકાપૂર્વક ભાગ લીધો. રાત્રે ૧૨ વાગે અમદાવાદ મ્યુનિસિપાલિટી કોઠાના

પટાંગણમાં શ્રી નિમાવત સાથે આનંદપળો એ અગાઉ શહેરમાં ફરીને ઉત્સવઘેલાં માનવીઓના અભૂતપૂર્વ ઉમળકાનાં દર્શનનો અમૂલ્ય લહાવો, શહેરનો શણગાર, રોશનીની ઝાકમઝાળ. રતનપોળ કાપડ બજારમાં માનવભીડ અવર્ણનીય, રતનપોળની રોશની અને શણગાર શહેરનો સર્વોત્તમ.

જૂન ૧૯૪૭ : નોકરીના આરંભે રમકડાં માર્કેટમાં પહેલા માળની એક રૂમમાં વસવાટ. આર્યનિવાસ લોજમાં રોજનું ભોજન. શ્રી વ્રજલાલ દવે પણ એ જ લોજમાં અને નોકરી પણ ન્યૂ હાઈસ્કૂલમાં કરતા.

જૂન ૧૯૪૮ : આ વર્ષ ઘણી રીતે યાદગાર બન્યું. નિવાસ કોચરબમાં. સાહિત્ય પ્રવૃત્તિઓનો આરંભ. ન્યુ હાઈસ્કૂલના સાહિત્યરસિક મિત્રો - મહેન્દ્ર દવે, વ્રજલાલ દવે, પી. સી. દવે, જગદીશ દવે, શંકરલાલ જોશી વગેરે મિત્રો સાહિત્યગોષ્ઠી માટે મળતા. ક્યારેક બેચરદાસ લશ્કરી મિલ કમ્પાઉન્ડમાં જોશીને ત્યાં, ક્યારેક કટકિયાવાડમાં મહેન્દ્ર દવેને ત્યાં અથવા અન્ય સ્થળે

૧, જાન્યુઆરીના 'કેડી' પાક્ષિક (તંત્રી શશિકાન્ત નાણાવટી)ના અંકમાં એક લઘુકૃતિ (કદાચ લઘુકથાનું બીજ) પ્રગટ થઈ.

એ જ વર્ષમાં શંકર જોશીએ. 'માનસ સુધા' માસિક શરૂ કરવાનું વિચાર્યું. એ માટે એક વાર્તા લખવાનું આમંત્રણ આપવા વ્રજલાલ દવે, શંકર જોશી અને મહેન્દ્ર દવે કોચરબની રૂમ પર આવ્યા. (વ્રજલાલ દવે પણ કોચરબમાં રહેતા હતા) થોડી અવઢવ સાથે વાર્તા લખવા સંમતિ આપી. અને 'ભૂરું કાર્ડ' વાર્તા જે 'માનસ સુધા'ના પ્રથમ અંકમાં છપાઈ.

એ જ વર્ષે બીજી ચારેક વાર્તાઓ લખી. કોઈ અજાણ્યા ક્ષોભ કે સંકોચ વશ એ વાર્તાઓ પ્રગટ કરવા ક્યાંય મોકલી નહીં, પણ મારી જાણ બહાર મારા સહનિવાસી અને મિત્ર રાવજી પટેલે (જે કવિતાઓ લખતા, પણ પેલા જાણીતા કવિ જે પાછળથી થયા તે નહીં) કોઈક સમયે એ વાર્તાઓ 'કુમાર'ના તંત્રી શ્રી બચુભાઈ ઉપર મોકલી આપી. શ્રી બચુભાઈનો મારા નામજોગ પત્ર આવ્યો ત્યારે જ આ વાતની મને ખબર પડી. શ્રી બચુભાઈએ મેં જે કંઈ બીજું લખ્યું હોય તે લઈને મને કુમાર કાર્યાલયમાં એમને મળવા સૂચવ્યું હતું. બીજું કંઈ હતું નહીં. ખાલી હાથે ગયો. બચુભાઈએ મને મારો સાહિત્યિક પરિચય કરાવ્યો.

એપ્રિલ ૧૯૪૯ : મારી એક વાર્તા 'બહાદર' મેં 'નવચેતન'ના તંત્રી શ્રી ચાંપશીભાઈ પર મોકલી. ત્રીજે જ દિવસે ચાંપશીભાઈએ લીલી શાહીથી લખેલો ઉત્તર મળ્યો - વાર્તા ગમી છે, યથાવકાશે નવચેતનમાં પ્રગટ થશે. પુરસ્કાર મોકલાશે. વાર્તા 'નવચેતન'ના સપ્ટેમ્બર ૧૯૪૯ના અંકમાં પ્રથમ સ્થાને બ્લૂ શાહીમાં (બાકીનો અંક કાળી શાહીમાં હતો) બે ચિત્રો સાથે (એક કનુ દેસાઈનું અને બીજું ક્લાબ્ધિનું) પ્રગટ થયો. જાણીતા અને લોકપ્રિય માસિકમાં મારી કૃતિનું આ પ્રથમ પ્રાકટ્ય ! (માનસસુધા રજિસ્ટર થયું નહોતું એટલે અંગત સર્ક્યુલેશન પૂરતું ગણાય.)

એ વર્ષે (૧૯૪૯) 'કુમાર'માં પણ વાર્તાઓ પ્રગટ થવા લાગી.

૧૯૫૦ : આ વર્ષ બે રીતે મહત્ત્વનું હતું.

વર્ષ દરમિયાન 'કુમાર'માં પ્રગટ થયેલી વાર્તાઓમાં મારી 'ચક્રતત્પરિવર્તન્તે' વાર્તાને શ્રેષ્ઠ વાર્તા તરીકે પુરસ્કાર મળ્યો હતો.

અને એ વર્ષે શ્રી ના. ના. દેસાઈ (આચાર્ય, સર્વ વિદ્યાલય, કડી)ના પત્ર અને મારા અંગત મિત્ર શ્રી રામભાઈ ના. પટેલ (જે એબટ લેબોરેટરીમાં વર્ષો સુધી પ્રોડક્શન મૅનેજર હતા)ના આગ્રહથી કડી સર્વ વિદ્યાલયમાં શિક્ષક તરીકે જુલાઈ ૭, ૧૯૫૦થી જોડાયો.

૧૯૫૦-૫૧ : લઘુકથાના સાહિત્યસ્વરૂપના આરંભરૂપ ગણી શકાય એવી 'ડબલ સોપારી', 'શાળાનો રિપોર્ટ', 'મોતનો મિનાર' અને 'બદલો' સાત ટૂંકી વાર્તાઓ લખી જે 'કુમાર'માં પ્રગટ થઈ.

૧૯૫૧ : જીવનનો એક વળાંક 'વિદ્યાર્થીઆશ્રમ'માં ગૃહપતિપદ સ્વીકાર્યું. પશ્ચિમી પોશાક તજીને શુદ્ધ ખાદીનાં વસ્ત્રો ધારણ કર્યાં. જીવન પદ્ધતિ પણ આશ્રમ-જીવનને અનુરૂપ અપનાવી. સવારે પાંચ વાગ્યા પહેલાં ઊઠી જવાનો અનુભવ આરંભમાં થોડો મુશ્કેલ છતાં રોમાંચક હતો.

૧૯૫૨ : અંગ્રેજી, ગુજરાતી અને ભૂગોળ વિષયો સાથે એસ.ટી.સી. પરીક્ષા પાસ કરી સર્ટિફિકેટ મેળવ્યું.

૧૯૫૪ : 'હવા ! તુમ ધીરે બહો !' વાર્તાસંગ્રહ પ્રગટ થયો. પ્રકાશક રવાણી પ્રકાશન ગૃહ, અમદાવાદ

૧૯૫૪-૫૫ : 'એ. જી. ટીચર્સ કૉલેજ'માં બી.એડ્.નો અભ્યાસ. પ્રથમ વર્ગ અને યુનિવર્સિટીમાં ત્રીજે નંબરે પાસ.

૧૯૫૪-૫૫ : સંયુક્ત કુટુંબના સભ્ય તરીકે, અમેરિકા સાથે વ્યાપારી સંબંધો ધરાવતી, 'જય ભારત સત ઇસબગોલ ફેક્ટરી'ના ભાગીદારની હેસિયતથી ઉનાળુ વૅકેશન દરમિયાન ભવાનગઢનાં જંગલો (દાંતા રેન્જ)માં ઠેકેદાર તરીકે દાંતામાં નિવાસ. આખી રેન્જમાં ભ્રમણ, આદિવાસીઓની - જીવનપદ્ધતિનું બારીકાઈથી નિરીક્ષણ પછીનાં બેત્રણ વૅકેશનોમાં પણ એ પ્રમાણે દાંતામાં નિવાસ. એ વર્ષોમાં એ જંગલોમાં વાઘની સંખ્યા સારા પ્રમાણમાં હતી.

૧૯૫૬ : 'વિધિનાં વર્તુળ' વાર્તાસંગ્રહ પ્રકાશિત થયો. વિક્રેતા તરીકે સોલ એજન્સી શ્રી ભોગીલાલ ગાંધી, ચેતન પ્રકાશનગૃહ, મુંબઈને આપી.

૧૯૫૬ : સવિતા વાર્તાહરીફાઈમાં પ્રથમ આવાથી મુંબઈમાં ઓપેરા હાઉસમાં સમારંભ અને સુવર્ણચંદ્રક એનાયત થયો. જ્યોતીન્દ્ર દવે અને ધનસુખલાલ મહેતાની ઉપસ્થિતિમાં.

૧૯૫૭ : 'હેતનાં પારખાં'ની પ્રથમ આવૃત્તિ પ્રકાશ સાહિત્ય ભંડાર, અમદાવાદ દ્વારા પ્રગટ થઈ. નવલ કથાનું નામ 'તંતુબંધ' રાખ્યું હતું પણ પ્રકાશક ઉમાશંકર રાજગુરુના વારંવારના આગ્રહને કારણે 'હેતનાં પારખાં' રાખ્યું. વાર્ષિક અવલોકનમાં વર્ષનાં શ્રેષ્ઠ સાત પુસ્તકોમાંનું એ એક ગણાયું.

૧૯૫૮ : 'ટૂંકા રસ્તા' વાર્તાસંગ્રહ પ્રગટ થયો. વિક્રેતા તરીકે સોલ એજન્સી – ચેતન પ્રકાશનગૃહ, મુંબઈને આપી.

૧૯૫૯ : 'ખાલી ખેપ' નવલકથા પ્રગટ થઈ. વિક્રેતા તરીકે સોલ એજન્સી – ચેતન પ્રકાશન ગૃહ, મુંબઈ ભોગીલાલ ગાંધીને.

૧૯૫૯ : મુંબઈ રાજ્યના ડાયરેક્ટોરેટ ઑફ પબ્લિસિટિ તરફથી નાગપુર ડિવિઝનના પ્રોજેક્ટ અને તેને લગતી વિવિધ પ્રવૃત્તિઓ નિહાળવા (ગુજરાતના અન્ય ૧૪ સર્જકો અને એક પત્રકાર સાથે) પત્ર નં. CIT / ૧૦૫૯ / N ૧૬ Oct. ૫૯થી આમંત્રણ મળ્યું. અન્ય સર્જકો અને એક પત્રકાર હતા – શ્રી નગીનદાસ પારેખ, જયભિખ્ખુ, પન્નાલાલ પટેલ, યશવંત શુક્લ, બકુલ ત્રિપાઠી, પીતાંબર પટેલ, રમણલાલ સોની, સારંગ બારોટ, બાલમુકુન્દ દવે, હીરાબહેન પાઠક, સુભદ્રાબહેન ગાંધી, ચુનીલાલ વર્ધમાન શાહ, હસિત બુચ, મનુભાઈ જોધાણી અને 'તમન્ના'ના તંત્રી જયંતીલાલ સુબોધ.

૧૯૫૯-૬૦ : 'ગુજરાત સમાચાર'માં 'અંતિમ દીપ' નવલકથા ધારાવાહિક સ્વરૂપે પ્રગટ થવા લાગી.

૧૯૫૯-૬૦ : એમ. એન. કૉલેજ, વિસનગરમાં ગુજરાતી અને સંસ્કૃત વિષયો લઈ એમ.એ.ના વર્ગોમાં હાજરી આપવી શરૂ કરી.

૧૯૬૦ : સર્વવિદ્યાલય હાઈસ્કૂલમાંથી રાજીનામું આપી છૂટા થયા અને એમ.એ.ના નિયમિત અભ્યાસ માટે ભાષાભવન, અમદાવાદમાં દાખલ થયા. રહેવાનું યુનિવર્સિટી હૉસ્ટેલમાં રાખ્યું.

૧૯૬૦ : 'અંતિમ દીપ' નવલકથા પ્રગટ થઈ. પ્રકાશક – ભારતી સાહિત્ય સંઘ, અમદાવાદ.

મે, ૧૯૬૧ : એમ.એ.નું પરિણામ પડ્યા પછી આટ્ર્સ કૉલેજમાં નિમણૂક મેળવવાની શરતે પ્રકાશ એજ્યુકેશન કૉલેજમાં અધ્યાપક તરીકે નિમણૂક લીધી. એક દિવસ એજ્યુકેશન કૉલેજમાં અને બાકીના પાંચ દિવસ આટ્ર્સ કૉલેજમાં સેવા લેવાની કૉલેજ મૅનેજમેન્ટની સમજ હતી જ.

મે-જૂન ૧૯૬૧ : આ દિવસોમાં સર્વ વિદ્યાલય, કડીમાં આચાર્યશ્રી નાથાભાઈ દેસાઈએ રાજીનામું આપ્યું હતું અને જૂનથી છૂટા થનાર હતા. કોઈ અસ્પષ્ટ સમજના કારણે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં અજંપો ઊભો થયેલો અને વિદ્યાર્થીઓમાં શાળા છોડવાની પ્રવૃત્તિ શરૂ થયેલી. શ્રી નાથાભાઈના હૈયે સંસ્થાનું હિત વસેલું હતું એટલે એમણે પરિસ્થિતિ થાળે પડે એ ગણતરીએ આચાર્ય તરીકે મને બોલાવવાની મંડળને સલાહ આપી અને મને પણ સંસ્થાના હિસાબનીસ મારફતે શ્રી નાથાભાઈની ઇચ્છાની જાણ થઈ. કડી સંસ્થાનું ડેપ્યુટેશન મને મળ્યું. આગ્રહ થયો. પરિસ્થિતિ વિચારી, અંગત સ્વાર્થ અને મહત્ત્વાકાંક્ષા જતાં કરી સર્વ વિદ્યાલયનું આચાર્યપદ સ્વીકાર્યું.

જૂન, ૧૯૬૧ : આચાર્યપદ સાથે બીજી કેટલીક જવાબદારીઓ સ્વીકારી

- મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા સંઘના મંત્રી
- કડી તાલુકા વ્યાયામ મંડળના પ્રમુખ
- વિદ્યાર્થી આશ્રમના મુખ્ય ગૃહપતિ

૧૯૬૨ : ક. પા. કેળવણી ઉત્તેજક મંડળની કારોબારીના સભ્ય બન્યા. વિદ્યાર્થી સહાયક મંડળી લિ.ના વ્યવસ્થાપક મંડળના સભ્ય થયા.

૧૯૬૩ : NCC.ની સ્ટેટ એડવાઈઝરી કમિટીના સભ્ય તરીકે નિયુક્તિ.

૧૯૬૩ : નવલકથા - વાર્તા લખવાનું બંધ કર્યું પણ લઘુકથાને નવા સાહિત્યસ્વરૂપે ખેડવાનો વિચાર મનમાં ઘોળાવા લાગ્યો. શ્રી બચુભાઈ રાવતે ૧૯૫૦માં એક કૉલમની વાર્તાઓ 'કુમાર' માટે લખવાનું સૂચન કર્યું હતું. એ હકીકતને નજરમાં રાખીને આ વિચારણા કરવાનું શરૂ કર્યું હતું. શ્રી બચુભાઈને મેં આ વિચારણાથી વાકેફ કર્યા અને એમનો તરત હકારાત્મક પ્રતિભાવ મળ્યો અને લઘુકથાઓ રચાવા લાગી, અને ૧૯૬૩, ૧૯૬૪ અને ૧૯૬૫નાં વર્ષોમાં સળંગ ૧૮ લઘુકથાઓ 'કુમાર'માં પગટ થઈ, એક સમજ એવી પ્રવર્તે છે કે એપ્રિલ, ૧૯૬૪માં પ્રથમ 'છાપું' લઘુકથા પ્રગટ થઈ. પણ એ સમજ સાચી નથી. એપ્રિલ, ૧૯૬૪માં તો 'મહોરાં પહેરનારાં' પ્રગટ થયેલી અને જુલાઈ, ૧૯૬૪માં 'છાપું' પ્રગટ થયેલી. ઈ. સ. ૧૯૬૩માં પણ કેટલીક લઘુકથાઓ પ્રગટ થઈ ચૂકી હતી.

૧૯૬૪ : N.C.E.R.T. દિલ્હીના અખિલ ભારતીય સેમિનાર રીડિંગ્ઝના DEPSE કાર્યક્રમ હેઠળ યોજાયેલી નિબંધ હરીફાઈમાં મારો અંગ્રેજી નિબંધ 'School excursions for enriching class room teaching' ત્રીજા ક્રમે પુરસ્કૃત થયો.

૧૯૬૫ : યુનિસેફ, કેન્દ્ર સરકાર અને ગુજરાત રાજ્ય સરકારના સંયુક્ત સાહસ અને સર્વ વિદ્યાલય સંલગ્ન પ્રિ. વૉકેશનલ ટ્રેનિંગ સેન્ટરના માનદ આચાર્ય તરીકેની જવાબદારી સ્વીકારી.

૧૯૬૫ : સાયન્સ કૉલેજ, કડી ગવર્નિંગ બોડીના સભ્ય તરીકે પસંદગી.

૧૯૬૫ : યુનિસેફ તરફથી પ્રિ. વૉકેશનલ ટ્રેનિંગ સેન્ટર સંબંધે સિકંદરાબાદ, આંધ પ્રદેશમાં યોજાયેલા સેમિનારમાં હાજરી.

૧૯૬૬ : 'મોટી વહુ' વાર્તાસંગ્રહ પ્રગટ થયો. પ્રકાશક – ભારતી સાહિત્ય સંઘ લિ., અમદાવાદ.

૧૯૬૬ : કડી સાહિત્ય વર્તુળની સ્થાપના. સક્રિય સભ્ય.

૧૯૬૭ : યુનિસેફ તરફથી બેંગલોર મુકામે પ્રિ. વૉકેશનલ ટ્રેનિંગ સેન્ટર્સના વહીવટી પ્રશ્નો અને અભ્યાસક્રમ બાબતે યોજાયેલા સેમિનારમાં હાજરી.

૧૯૬૯ : યુનિસેફ અને કેન્દ્ર સરકારના સમાજ સુરક્ષા ખાતાના સંયુક્ત ઉપક્રમે કલકત્તા મુકામે પ્રિ. વૉકેશનલ ટ્રેનિંગ સેન્ટર્સ સંદર્ભે યોજાયેલા ત્રણ દિવસના કાર્યશિબિરમાં સક્રિય ભાગ લીધો.

૧૯૭૦ : 'પ્રત્યાલંબન' વાર્તાસંગ્રહ પ્રગટ થયો. પ્રકાશક, વૉરા એન્ડ કંપની, અમદાવાદ.

૧૯૭૦-૭૧ : કડી લાયન્સ ક્લબના ચાર્ટર સભ્ય થયા અને શૈક્ષણિક સમિતિના ચેરમૅન પદે નિયુક્તિ.

૧૯૭૨ : ગુજરાત રાજ્ય સરકાર તરફથી 'પ્રત્યાલંબન' વાર્તાસંગ્રહ પુરસ્કૃત થયો.

૧૯૭૨ : કડી વાર્તા વર્તુળ તરફથી સન્માન. પ્રમુખ તરીકે ગુલાબદાસ બ્રોકર,

૧૯૭૨ : 'બ્લાઇન્ડ વર્મ' વાર્તા માટે સંદેશ સુવર્ણચંદ્રક જાહેર થયો.

૧૯૭૨ : આકાશવાણી અમદાવાદ-વડોદરા તરફથી ૧૯૭૨થી ૧૯૭૬ના ગાળા દરમિયાન પેનલ ઑફ લીસનર્સમાં સભ્યપદે નિયુક્તિ.

૧૯૭૩ : કડીમાં યોજાયેલ સમારંભમાં શ્રી ઈશ્વર પેટલીકરના હસ્તે 'સંદેશ સુવર્ણચંદ્રક' એનાયત થયો.

૧૯૭૩ : ગુજરાત રાજ્ય પાઠયપુસ્તક મંડળ તરફથી સાવરકુંડલા મુકામે યોજાયેલા ગુજરાતી વ્યાકરણવિષયક કાર્યશિબિરમાં પેપર રીર્ડિંગ માટે, રૂબરૂ ઉપસ્થિત ન થઈ શકતાં લેખ મોકલ્યો જે વંચાયો.

૧૯૭૩ : કડી લાયન્સ ક્લબ તરફથી સન્માન. પ્રમુખ-જિલ્લા કલેક્ટર અરુણ સિંહા.

૧૯૭૪ : ગુજરાતી ભાષાના નવા અભ્યાસક્રમની ચર્ચા માટે રાજ્ય શિક્ષણ ભવન અને જિલ્લા આચાર્ય મંડળના સંયુક્ત ઉપક્રમે આજોલ મુકામે યોજાયેલા સેમિનારમાં પેપરરીડિંગ કર્યું અને ચર્ચામાં ભાગ લીધો.

૧૯૭૪ : જિલ્લા રોજગાર વિનિમય કચેરી, મહેસાણા તરફથી રચવામાં આવેલી વ્યવસાય માર્ગદર્શન સલાહકાર સમિતિમાં સભ્યપદે નિયુક્તિ.

૧૯૭૫ : 'સંદેશ' દૈનિકમાં 'સાંજ ઢળે' નવલકથા ધારાવાહિકરૂપે પ્રગટ થઈ.

૧૯૭૬ : મહેસાણા જિલ્લા પંચાયતના આયોજન મંડળ (પ્લાનિંગ કમિટિ)માં જિલ્લાના કેળવણીકાર તરીકે નિયુક્તિ.

૧૯૭૬ : 'સાંજ ઢળે' નવલકથા વોરા ઍન્ડ કંપની, અમદાવાદ દ્વારા પ્રગટ થઈ.

૧૯૭૬ : 'સંદેશ' દૈનિકમાં 'જલતા હિમગિરિ' નવલકથા ધારાવાહિક કથા રૂપે પ્રગટ થઈ.

૧૯૭૭ : 'જલતા હિમગિરિ' નવલકથા વોરા ઍન્ડ કંપની, અમદાવાદ દ્વારા પ્રગટ થઈ.

૧૯૭૭ : કડી જેસીસ તરફથી 'ઉત્તમ સમાજસેવક' તરીકે બહુમાન. પ્રમુખ ગુજરાત સરકારના મંત્રી શ્રી માર્કન્ડ દેસાઈ.

૧૯૭૮ : 'સંદેશ' દૈનિકમાં 'શમણાં ન લાગે હાથ' નવલકથા ધારાવાહિક કથારૂપે પ્રગટ થઈ.

૧૯૭૮ : ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ નિરીક્ષણ પેનલના સભ્ય તરીકે નિયુક્તિ. આ કાર્યમાં મહેસાણા જિલ્લો, અમદાવાદ શહેર, ગાંધીનગર જિલ્લો, અમદાવાદ ગ્રામવિસ્તાર વગેરે વિસ્તારોમાં સેવા આપી.

૧૯૭૯ : નવી શરૂ થવેલી હાયર સેકન્ડરી શાળાઓને બીજા વર્ષની મંજૂરી આપવા બાબતની ચકાસણી સમિતિ (અમદાવાદ શહેર માટે)માં સભ્ય તરીકે નિયુક્તિ.

૧૯૭૯ : 'શમણાં ન લાગે હાથ' નવલકથા. હરિહર પુસ્તકાલય, સુરત દ્વારા પ્રગટ થઈ.

૧૯૭૯ : એમ. બી. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, વલ્લભ વિદ્યાનગરના ઉપક્રમે રચાએલી સંસ્થા 'બિરાદરી'ના સભ્ય તરીકે પસંદગી.

૧૯૭૯ : 'ટૂંકી વાર્તા : મીમાંસા' ગુજરાત રાજ્યની આર્થિક સહાયથી પ્રગટ થયું.

૧૯૮૦ : ગુજરાત રાજ્ય શાળા પાઠયપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત થનાર ધોરણ ૯ના પાઠયપુસ્તક (ગુજરાતી વિષય)ની હસ્તપ્રતોની ચકાસણી માટે પસંદગી.

૧૯૮૧ : ગુજરાત રાજ્ય શાળા પાઠયપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત થનાર ધોરણ ૧૦ના ગુજરાતી વિષયની હસ્તપ્રતોની ચકાસણી માટે આજોલ મુકામે ત્રણ દિવસની કાર્યશિબિરમાં સેવા આપી.

૧૯૮૧ : 'ટહુકે પંખી કોઈ ઘટામાં' લઘુનવલ આદર્શ પ્રકાશન, અમદાવાદ દ્વારા પ્રગટ.

૧૯૮૧ : 'ગુજરાત રાજ્ય શાળા પાઠયપુસ્તક મંડળ' તરફથી શારદા ગ્રામ મુકામે રાષ્ટ્રીય એકતાની દષ્ટિએ પાઠ્યપુસ્તકોનું મૂલ્યાંકન કરવા માટેના પાંચ દિવસની કાર્યશિબિરમાં સેવાઓ આપી.

૧૯૮૧ : 'નયન શોધે નીડ' નવલકથા આદર્શ પ્રકાશન, અમદાવાદ દ્વારા પ્રગટ થઈ.

૧૯૮૧ : ડિસેમ્બર માસમાં હૈદ્રાબાદ મુકામે ભરાયેલા 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના ૩૧મા અધિવેશનમાં સર્જન વિભાગની બેઠકમાં ખાસ આમંત્રિત વક્તા તરીકે પ્રવચન આપ્યું.

૧૯૮૨ : 'રણમાં છાઈ શ્યામ ઘટા' નવલકથા આદર્શ પ્રકાશન, અમદાવાદ દ્વારા પ્રગટ થઈ.

૧૯૮૨ : જાન્યુઆરી માસમાં 'ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ' દ્વારા યોજાયેલી કાર્યશિબિરમાં ધોરણ ૧૦ના ગુજરાતી વિષયના પાઠયપુસ્તકનું મૂલ્યાંકન કર્યું.

૧૯૮૨ : ઑક્ટોબરમાં 'ગુજરાત સાહિત્ય અકાદમી' તરફથી મોડાસા મુકામે યોજાયેલા અકાદમીના પ્રથમ જાહેર સમારંભમાં ૧૭-૧૦-૮૨ની બેઠકમાં વક્તવ્ય આપ્યું.

૧૯૮૨ : 'ક્રૉસરોડ' વાર્તાસંગ્રહ પ્રગટ થયો.

૧૯૮૨ : ડિસેમ્બરમાં ઈડરની આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલેજમાં 'ટૂંકી વાર્તા' વિષય ઉપર પ્રવચન આપ્યું.

૧૯૮૨ : અમદાવાદ એ. જી. ટીચર્સ કૉલેજના સેવા વિસ્તરણ. અને મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા સંઘના ઉપક્રમે કડી મુકામે સમાજવિદ્યા સ્વાધ્યાયની રચના માટે યોજાયેલા કાર્યશિબિરનું સંચાલન કર્યું અને એમાં ભાગ લેનાર સભ્યોને માર્ગદર્શન કરાવ્યું.

૧૯૮૨ : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને ક. પા. કેળવણી ઉત્તેજક મંડળના વિકાસ અર્થે, સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના આમંત્રણથી સંસ્થાના મંત્રી શ્રી ધનાભાઈ હ. પટેલ સાથે અમેરિકાનો પ્રવાસ. વિદ્યાર્થીઓ તરફથી અસાધારણ ઉમળકાભર્યો આવકાર મળ્યો. ઉષ્માભર્યું આતિથ્ય અને સંસ્થા માટે ખૂબ સારો કહી શકાય એવો ફાળો પ્રાપ્ત થયો.

૧૯૮૨ : અમેરિકાના શિકાગો શહેરથી થોડે દૂર મોન્ટ્રોઝ અને વિલ્સન ટેકરીઓની વચ્ચેના મેદાનમાં 'ઇન્ડિયન કોમ્યુનિટી એબ્રોડ' તરફથી યોજાયેલા ભવ્ય સમારંભમાં સન્માન, ધાતુની સુંદર તકતી ઉપર કોતરેલું સન્માનપત્ર અર્પણ થયું.

૧૯૮૨ : સર્વ વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તરફથી અમદાવાદમાં, અમેરિકાની સફળ યાત્રા નિમિત્તે સન્માન સમારંભ.

૧૯૮૨ : ડિસેમ્બર માસમાં 'ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ' દ્વારા અમદાવાદ મુકામે ગુજરાતી (પ્રથમ ભાષા)ના અભ્યાસક્રમની રચના માટે બે દિવસની કાર્યશેબિરમાં ભાગ લીધો.

૧૯૮૩ : ૨ ફેબ્રુઆરીમાં જિલ્લા શિક્ષણાધિકારી અને સંયુક્ત શિક્ષણ નિયામક (૧૦+૨ ઘટક) તરફથી યોજાયેલ શૈક્ષણિક મેળામાં કાવ્યના અધ્યયન માટે એકમવાર શૈક્ષણિક મુદ્દા, સ્વાધ્યાય,

સંદર્ભસાહિત્ય વિશે ચર્ચામાં ભાગ લીધો.

૧૯૮૩ : માર્ચ માસમાં 'ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ' દ્વારા યોજાયેલા ધો. ૧થી ૧૨ સુધીના ગુજરાતી વિષયના અભ્યાસક્રમની રચનાવિષયક ચર્ચામાં ભાગ લીધો.

૧૯૮૩ : એપ્રિલ 'ગુજરાત રાજ્ય શાળા પાઠયપુસ્તક મંડળ'ના ઉપક્રમે 'માતૃભાષાનું શિક્ષણ અને પાઠ્ય સામગ્રી' અંગેના પરિસંવાદમાં ભાગ લીધો.

૧૯૮૩ : ઑગસ્ટમાં સંયુક્ત શિક્ષણ નિયામક (૧૦ + ૨ ઘટક) તરફથી અમદાવાદ મુકામે ધો. ૧૧ અને ૧૨ના અભ્યાસક્રમ અંગે વિચારણા કરવા નિમાયેલી સમિતિમાં સમિતિના સભ્ય તરીકે યથાવકાશ સેવાઓ આપી.

૧૯૮૩ : ઉચ્ચતર અધ્યયન મંડળના ઉપક્રમે શિક્ષકો માટે અંગ્રેજી તેમ જ ગુજરાતી વિષયોના ઓપવર્ગોનું અધ્યયન મંડળની કારોબારીમાં રહીને સંચાલન કર્યું.

૧૯૮૪ : ફેબ્રુઆરીમાં મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા સંઘ તરફથી આયોજિત 'પાઠ્યપુસ્તકોની ખામીઓ અને એમની ગુણવત્તા સુધારવાના ઉપાયો' બાબતે યોજાવેલા કાર્યશિબિરનું સંચાલન કર્યું.

૧૯૮૪ : ગુજરાત રાજ્ય સરકાર તરફથી વર્ષ ૧૯૮૪ના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ માટેની જાહેરાત.

૧૯૮૪ : 'ગુડ મોર્નિંગ, અમેરિકા' પ્રવાસપુસ્તક, આદર્શ પ્રકાશન અમદાવાદ દ્વારા પ્રગટ થયું.

૧૯૮૪ : 'સર્વ વિદ્યાલય' સંસ્થામાંથી વયમર્યાદાવશાત્ સેવાનિવૃત્તિ.

૧૯૮૪ : નિવૃત્તિને કારણે વિવિધ સન્માન અને અભિવાદન સમારંભો

| | |
|---|---|
| - સર્વ વિદ્યાલય કેળવણી મંડળ | - વિદ્યાર્થી આશ્રમના વિદ્યાર્થીઓ |
| - કડવા પાટીદાર ઉત્તેજક મંડળ | - મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા સંઘ |
| - સર્વ વિદ્યાલયનો સ્ટાફ | - મહેસાણા જિલ્લા આચાર્ય સંઘ |
| - સર્વ વિદ્યાલય પ્રાથમિક સ્ટાફ | - કડી તાલુકા વ્યાયામ મંડળ |
| - ટેક્નિકલ હાઈસ્કૂલ સ્ટાફ | - કડી સાહિત્ય વર્તુળ |
| - સાયન્સ કૉલેજ સ્ટાફ | - કડી રેલવે સ્ટાફ |
| - સર્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓ | - નીલકંઠ લોજ વગેરે |

૧૯૮૪ : ૪૦ લઘુકથાઓનું સંપાદન પ્રકાશક સાહિત્ય વર્તુળ, કડી.

૧૯૮૪ : ૩-૩-૮૪ના રોજ ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી મોરબી મુકામે 'લઘુકથા સ્વરૂપ' ઉપર યોજાયેલા પરિસંવાદમાં મુખ્ય વક્તા તરીકે પ્રવચન આપ્યું.

૧૯૮૫ : 'ગુજરાતી પ્રતિનિધિ લઘુકથાઓ'નું સંપાદન પ્રકાશક, આદર્શ પ્રકાશન.

૧૯૮૫ : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર શાખામાં મંત્રી તરીકે નિયુક્તિ.

૧૯૮૫ : 'પડદા જરી કિનખાબના' નવલકથા પ્રગટ થઈ.

૧૯૮૫ : 'અંધારી રાતના ઓળા' આદર્શ પ્રકાશન, અમદાવાદ દ્વારા પ્રગટ થઈ.

૧૯૮૭ : ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી યોજાયેલા કનૈયાલાલ મુનશી જન્મશતાબ્દી ઉત્સવ પ્રસંગે 'કનૈયાલાલ મુનશીની ઐતિહાસિક નવલકથાઓ' વિષય પર અમદાવાદમાં પ્રવચન.

૧૯૮૮ : શ્રી હેમચંદ્રાચાર્યની ૯૦૦મી જન્મજયંતી નિમિત્તે પાટણમાં ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, ગુજરાતી સાહિત્ય પરિષદ અને મુંબઈ જૈન યુવક સંઘના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા સમારંભમાં 'ગુજરાતી અસ્મિતાના ઉદ્‌ગાતા આચાર્ય હેમચંદ્ર' વિષય પર પ્રવચન આપ્યું.

૧૯૮૮ : મોહનલાલ પટેલની શ્રેષ્ઠ વાર્તાઓનું પ્રકાશન. પ્રકાશક – આદર્શ પ્રકાશન, અમદાવાદ, સંપાદક : શ્રી રઘુવીર ચૌધરી.

૧૯૮૯ : 'ભાસ આભાસ' નવલકથાના બીજા ભાગ 'રઝળપાટ'નું પ્રકાશન – પ્રકાશક - આદર્શ પ્રકાશન, અમદાવાદ

૧૯૮૯ : 'પ્રજ્ઞાદીપ છગનભા' ચરિત્રગ્રંથ પ્રગટ થયો. પ્રકાશક – સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી.

૧૯૯૦ : 'મોહનલાલ પટેલની શ્રેષ્ઠ વાર્તાઓ' સંપાદક શ્રી રઘુવીર ચૌધરી, બીજી આવૃત્તિનું પ્રકાશન, પ્રકાશક – આદર્શ પ્રકાશન, અમદાવાદ.

૧૯૯૦ : વિસનગરની વલ્લભરામ હેમચંદ્ર જનરલ લાઇબ્રેરી તરફથી 'પ્રજ્ઞાદીપ છગનભા' પુસ્તકને દ્વિતીય પારિતોષિક મળ્યું.

૧૯૯૧ : લઘુકથા સંગ્રહ 'ઝાકળમાં સૂરજ ઊગે'નું પ્રકાશક – આદર્શ પ્રકાશન, અમદાવાદ.

૧૯૯૧ : 'બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ' ચરિત્રગ્રંથ પ્રગટ થયો. પ્રકાશક - અક્ષર પુરુષોત્તમ સંસ્થા, અમદાવાદ.

૧૯૯૧ : ભાષાનિયામક, ગાંધીનગર તરફથી મહેસાણા મુકામે યોજાયેલા પરિસંવાદમાં 'લોકાભિમુખ વહીવટની ભાષા' વિષય પર તા. ૯-૧-૯૧ના રોજ પ્રવચન આપ્યું.

૧૯૯૧ : 'મોપાસાંની શ્રેષ્ઠ વાર્તાઓ'નું પ્રકાશન. પ્રકાશક – આદર્શ પ્રકાશન, અમદાવાદ.

૧૯૯૧ : 'ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ' દ્વારા પ્રગટ થનાર ધો. ૮ના ગુજરાત વિષયના પાઠ્યપુસ્તકનું સંપાદન.

૧૯૯૨ : 'ગુજરાત સાહિત્ય અકાદમી' તરફથી 'ઝાકળમાં સૂરજ ઊગે'ને દ્વિતીય પારિતોષિક પ્રાપ્ત થયું.

૧૯૯૨ : 'ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ' દ્વારા પ્રગટ થનાર ધો. ૯ના ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકનું સંપાદન.

૧૯૯૨ : 'ઝાકળમાં સૂરજ ઊગે'ને પ્રો. સરોજ પાઠક એવોર્ડ પ્રાપ્ત થયો.

૧૯૯૩ : 'ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ' દ્વારા પ્રગટ થનાર ધો. ૧૦ના ગુજરાત વિષયનું પાઠયપુસ્તકનું સંપાદન.

૧૯૯૪ : 'ભાવનગર ગદ્યસભા' તરફથી તા. ૯-૨-૯૪ના રોજ સન્માન સમારંભ. સ્મૃતિચિહ્ન સ્વીકાર્યા પછી લઘુકથા સ્વરૂપ પર પ્રચવન કર્યું.

૧૯૯૪ : 'સૂકી સરિતા, ભીના તટ' નવલકથા. – આદર્શ પ્રકાશન, અમદાવાદ.

૧૯૯૪ : હળવા નિબંધોનો સંગ્રહ 'હાસ્ય ઝરૂખે બૈઠકે' પ્રગટ થયો. – આદર્શ પ્રકાશન, અમદાવાદ.

૧૯૯૪ : મહેસાણા મુકામે આનર્ત ગુર્જરી એવોર્ડ પ્રાપ્ત થયો.

૧૯૯૪ : 'ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ' દ્વારા પ્રગટ થનાર ધો. ૧૧ના ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકનું સંપાદન.

૧૯૯૫ : 'બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજ'. પ્રકાશક – અક્ષર પુરુષોત્તમ સંસ્થા, અમદાવાદ.

૧૯૯૫ : ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રગટ થનાર ધો. ૧૨ના ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકનું પરામર્શન.

૧૯૯૫ : 'સંદેશ' દૈનિકમાં 'લાંછન' નવલકથા ધારાવાહિક કથારૂપે.

૧૯૯૫ : 'ઘૂઘવે નિર્જળ દરિયો' નવલકથા. પ્રકાશક – આદર્શ પ્રકાશન દ્વારા પ્રગટ થઈ.

૧૯૯૫ : 'ધરતી વિકાસ મંડળ' તરફથી પ્રગટ થતા 'ધરતી' માસિકનું તંત્રીપદ સ્વીકાર્યું.

૧૯૯૬ : તા. ૨૬-૨-૯૬ના રોજ કડી મુકામે લાયન્સ ક્લબ દ્વારા કડીના સાહિત્યકારોના સન્માન વખતે નિજનું પણ સન્માન. આ સમારંભમાં કડી નાગરિક સહકારી બૅંકના ચેરમૅનનું કડી સાહિત્યવર્તુળને 'શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ' નામ આપવા સૂચન થયું. એ સૂચન સર્વાનુમતે સહર્ષ સ્વીકારી લેવાયું અને કડી સાહિત્યવર્તુળને સૂચિત નામ આપી વર્તુળને રજિસ્ટર કરાવી લેવાનું ઠરાવવામાં આવ્યું. આ પછી તરત. જ બૅંકના ચેરમૅન શ્રી માણેકલાલ મા. પટેલ જે આ સમારંભના પ્રમુખ હતા, તેમણે બૅંક વતી વર્તુળને રૂપિયા એક લાખનું દાન જાહેર કર્યું. એ પછી લાયન્સ ક્લબ, ડૉ. રામભાઈ પટેલ વગેરે કેટલાક સભ્યો તરફથી પણ નવું નામાભિધાન પામેલા સાહિત્ય-વર્તુળ માટે દાન જાહેર કર્યાં.

૧૯૯૭ : 'યક્ષ કર્દમ' નિબંધસંગ્રહ પ્રગટ થયો, પ્રકાશક – હર્ષ પ્રકાશન, અમદાવાદ.

૧૯૯૭ : ઐતિહાસિક નવલકથા 'લાંછન'નું પુસ્તકરૂપે પ્રકાશન. પ્રકાશક – આદર્શ પ્રકાશન, અમદાવાદ.

૧૯૯૭ : ભૌગોલિક જ્ઞાનવિજ્ઞાન શ્રેણીમાં છ પુસ્તકોનો સંપુટ, પ્રકાશક – આદર્શ પ્રકાશન, અમદાવાદ.

૧૯૯૮ : 'ભવપ્રપંચ' નવલકથાનું પ્રાકટ્ય. આ નવલકથા અગાઉ 'મહાગુજરાત' સાપ્તાહિકમાં 'શાપિત કિનારો' અને 'સમભાવ' દૈનિકમાં 'અગ્નિશિખા' નામે ધારાવાહિક રૂપે પ્રગટ થઈ હતી. પુસ્તકના પ્રકાશક - આદર્શ પ્રકાશન, અમદાવાદ.

૧૯૯૮ : 'મત્સ્યવેધ' વાર્તાસંગ્રહ પ્રગટ થયો. પ્રકાશક – આદર્શ પ્રકાશન, અમદાવાદ.

૧૯૯૮ : 'મહેસાણા જિલ્લાના સ્વાતંત્ર્ય સૈનિકો' પુસ્તક મહેસાણા- પાટણ જિલ્લા સ્વાતંત્ર્ય સૈનિક સંઘ દ્વારા પ્રગટ થયું.

૧૯૯૮ : અમેરિકાની બીજી વારની યાત્રા.

૧૯૯૮ : ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા 'લાંછન' નવલકથાને દ્વિતીય પારિતોષિક જાહેર થયું.

૧૯૯૮ : ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા 'લાંછન' નવલકથાને શ્રેષ્ઠ પુસ્તક (નવલકથા વિભાગ) જાહેર કરવામાં આવ્યું.

૧૯૯૯ : તા. ૮ અને ૯ ફેબ્રુઆરીના દિવસોમાં પાટણ મુકામે ઉ. ગુ. યુનિવર્સિટી, હેમચંદ્રાચાર્ય સ્વાધ્યાયપીઠ, ગુજરાતી સાહિત્ય પરિષદ અને હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિરના સંયુક્ત ઉપક્રમે 'સિદ્ધહેમ પરંપરા' વિષય પર યોજાયેલા સેમિનારમાં બીજે દિવસે 'હેમચંદ્રોત્તર સાહિત્ય પરંપરા' વિષય પર વ્યાખ્યાન આપ્યું.

૧૯૯૯ : તા. ૧૪-૨-૯૯ના રોજ કડી મુકામે ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી યોજાયેલા લઘુકથા વિષય પરના સેમિનારમાં 'લઘુકથામાં સિચ્યુએશન' પર વ્યાખ્યાન આપ્યું.

૧૯૯૯ : તા. ૨૫-૨-૯૯ના રોજ 'રોટરી પાટણ સિટિ' તરફથી સન્માન થયું.

૧૯૯૯ : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ તરફથી પ્રગટ થનાર ધોરણ ૭ના ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકનું પરામર્શન કર્યું.

૧૯૯૯ : એપ્રિલ માસમાં ગુજરાત સાહિત્ય પરિષદ તથા સોમનાથ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે સોમનાથ મંદિરના પરિસરમાં યોજાવેલા સોમનાથ આધારિત ગુજરાતી નવલકથા પરિસંવાદની પ્રથમ બેઠકમાં અધ્યક્ષીય પ્રવચન આપ્યું.

૧૯૯૯ : સપ્ટેમ્બર માસમાં ડી.પી.ઈ.પી. તથા જી.સી.ઈ.આર.ટી. દ્વાચ પ્રગટ થનાર ધો. ૧ના ગુજરાતી અને પર્યાવરણના પાઠ્યપુસ્તક તેમ જ એ જ ધોરણના ચાલુ પાઠ્યપુસ્તક વચ્ચે તુલનાત્મક ચકાસણી

માટે ચકાસણી સમિતિના સભ્યની હેસિયતથી ઊંડાણપૂર્વક ચકાસણી કરીને રિપોર્ટ આપ્યો.

૧૯૯૯ : ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રગટ થનાર ધોરણ ૩ના ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકનું સંપાદનકાર્ય કર્યું, અન્ય સંપાદકો સાથે.

૧૯૯૯ : ડિસેમ્બરમાં 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના ૪૦મા અધિવેશનમાં બીજા દિવસની બેઠકમાં 'આનર્ત પ્રદેશનું શિલ્પ સ્થાપત્ય' વિષય પર પ્રવચન આપ્યું.

૨૦૦૦ : ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રગટ થનાર ધોરણ ૩ના પર્યાવરણ વિષયના પાઠ્યપુસ્તકના ભાષાસંપાદન અને ભાષાશુદ્ધિની કામગીરી સ્વીકારીને સદર ફરજ બજાવી.

૨૦૦૦ : મે માસમાં મુંબઈના નેહજ એન્ટરપ્રાઇઝ દ્વારા પ્રગટ થનાર 'મિલિનિયમ હિસ્ટરી ઑફ પાટણ'ના ઇતિહાસ વિભાગ તેમ જ સઘળાં દેરાસરોના ઇતિહાસનો અંગ્રેજી અનુવાદ કરી આપવાનું સ્વીકાર્યું. અને ઑક્ટોબર સુધીમાં એ કાર્ય પાર પાડ્યું.

૨૦૦૦ : મે માસની ૧૬મી તારીખે 'Literary - Critical Factor for the Knowledge Revolution' શીર્ષક હેઠળ ૫૦૦૦ શબ્દોનો અંગ્રેજી ભાષામાં નિબંધ ડાયરેક્ટોરેટ ઑફ એડલ્ટ એજ્યુકેશન નવી દિલ્હી-૧૧ ઉપર રજિસ્ટર્ડ પોસ્ટથી રવાના કર્યો.

૨૦૦૦ : તા. ૯-૯-૨૦૦૦ના રોજ ગુણવંતરાય જન્મશતાબ્દી નિમિત્તે ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા યોજાયેલા પરિસંવાદની ત્રીજી બેઠકમાં 'ગુણવંતરાય નવલિકાકાર' વિષય પર પ્રવચન આપ્યું.

૨૦૦૦ : 'ડેડ એન્ડ' નવલકથા આદર્શ પ્રકાશન, અમદાવાદ દ્વારા પ્રકાશિત થઈ.

૨૦૦૦ : તા. ૨૨-૧૦-૨૦૦૦ના રોજ 'દલિત સાહિત્ય અકાદમી', અમદાવાદના ઉપક્રમે ટાઉન હૉલમાં યોજાયેલા ત્રણ પુસ્તકોના વિમોચન તેમ જ એક સન્માન સમારંભમાં બી. કેશર શિવમના વાર્તાસંગ્રહ 'જન્મદિવસ'ના વિમોચન નિમિત્તે પુસ્તકનું અવલોકન વ્યાખ્યાન આપ્યું.

૨૦૦૧ : 'ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ' તરફથી પ્રગટ થનાર ધોરણ ૪ના ગુજરાતી પાઠ્યપુસ્તકના સંપાદનનું કાર્ય, જે આગલા વર્ષથી શરૂ થયેલું તે અન્ય સંપાદકો સાથે પૂરું કર્યું.

૨૦૦૧ : નેહજ એન્ટરપ્રાઇઝ, મુંબઈ દ્વારા પ્રગટ થનાર 'ભક્તામર સ્તોત્ર'ના CD માટે સ્તોત્રનો અંગ્રેજી અનુવાદ કરી આપ્યો.

૨૦૦૧ : ગુજરાત સાહિત્ય અકાદમીની આર્થિક સહાયથી 'સાહિત્ય સંકેત' વિવેચન સંગ્રહ પ્રગટ થયો.

૨૦૦૧ : તા. ૧૬-૩-૨૦૦૧ના રોજ કડી મુકામે શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળના ઉપક્રમે શ્રી માણેકલાલ પટેલની અધ્યક્ષતામાં અમૃત મહોત્સવ નિમિત્તે અભિવાદન અને મોહનલાલ પટેલ વ્યાખ્યાનમાળામાં શ્રી વિનોદ અધ્વર્યુના 'ઐતિહાસિક નવલકથા' વિષય પરના વ્યાખ્યાનથી વ્યાખ્યાનમાળાનો આરંભ.

૨૦૦૧ : 'મોહનલાલ પટેલ અધ્યયન ગ્રંથ' સંપા. મણિભાઈ પ્રજાપતિ. પ્રકાશક – શ્રી મોહનલાલ પટેલ અમૃતપર્વ સમિતિ, પાટણ, તા. ૨૮ ડિસેમ્બર, ૨૦૦૧.

૨૦૦૧ : મોહનલાલ પટેલ અમૃતપર્વ અભિવાદન અમૃતપર્વ ગ્રંથ' સંપા. મણિભાઈ પ્રજાપતિ. પ્રકાશક – શ્રી મોહનલાઈ પટેલ અમૃતપર્વ સમિતિ, પાટણ,૨૮-૧૨-૨૦૦૧

૨૦૦૧ : 'શ્રી મોહનલાલ પટેલ અમૃતપર્વ સમિતિ' પાટણ દ્વારા 'હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી', પાટણને યુનિવર્સિટીમાં 'શ્રી મોહનલાલ પટેલ ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળા'ની પ્રસ્થાપના માટે રૂ. ૫ લાખનું દાન આપવામાં આવ્યું. તા. ૨૮-૧૨-૨૦૦૧

૨૦૦૧ : '૯૯ લઘુકથાઓ' લઘુકથા સંગ્રહ પ્રગટ થયો. પ્રકાશક – હર્ષ પ્રકાશન, અમદાવાદ.

૨૦૦૧ : 'અંતિમ દીપ'ની બીજી આવૃત્તિ પ્રકાશિત થઈ. પ્રકાશક – આદર્શ પ્રકાશન, અમદાવાદ.

૨૦૦૩ : 'દિયર-ભાભી' નવલકથા પ્રગટ થઈ. પ્રકાશક – આદર્શ પ્રકાશન, અમદાવાદ.

૨૦૦૩ : ટૂંકી વાર્તા : આસ્વાદ પ્રગટ થયું. પ્રકાશક – પોતે, 'ગુજરાત સાહિત્ય અકાદમી'ની આર્થિક સહાય.

૨૦૦૩ : 'વિકલ્પ' લઘુકથા સંગ્રહ, પ્રકાશક – ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ.

૨૦૦૪ : ગુજરાત સાહિત્યસભા, અમદાવાદ દ્વારા ધનજીકાનજી ગાંધી સુવર્ણ ચંદ્રક એનાયત થયો.

૨૦૦૫ : 'બંધન' નવલકથા પ્રકાશિત થઈ. પ્રકાશક - આદર્શ પ્રકાશન, અમદાવાદ.

૨૦૦૬ : 'હસતાં હસતાં' હાસ્યલેખસંગ્રહ પ્રકાશિત થયો. પ્રકાશક - આદર્શ પ્રકાશન, અમદાવાદ.

૨૦૦૭ : 'હાસ્ય મર્મર' હાસ્યલેખસંગ્રહ પ્રકાશિત થયો. પ્રકાશક - આદર્શ પ્રકાશન, અમદાવાદ.

૨૦૦૭ : 'લઘુકથા : સ્વરૂપ પરિચય' વિવેચન-પુસ્તક ગુજરાત સાહિત્ય અકાદમીની આર્થિક સહાયથી પ્રગટ થયું. પ્રકાશક – પોતે

૨૦૦૭ : 'કડી સર્વ વિશ્વ વિદ્યાલય', ગાંધીનગરના બોર્ડ ઑફ ગવર્નન્સના સભ્ય તરીકે નિમણૂક.

૨૦૦૮ : 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના ૪૪મા અધિવેશનમાં ઉદ્ઘાટન બેઠક પછીની બેઠકમાં 'ઐતિહાસિક નવલકથાની - વિભાવના'ને લક્ષમાં રાખીને કેફિયત રજૂ કરી.

૨૦૦૮ : 'દર્શક ફાઉન્ડેશન' તરફથી 'દર્શક એવોર્ડ' એનાયત. થયો.

૨૦૧૦ : 'કર્મચૂડામણિ માણેકલાલ'નું અન્યોના સહયોગમાં સંપાદન.

૨૦૧૧ : 'કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ', કડીના પ્રમુખ તરીકે વરણી.

૨૦૧૨ : 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી : સંક્ષિપ્ત 'ઇતિહાસ'નું લેખનકાર્ય પૂર્ણ કર્યું.
'ધ્રુવતારક માણેકલાલ માધવલાલ પટેલ'નું લેખનકાર્ય પૂર્ણ કર્યું.

૨૦૧૩ : 'ધ્રુવતારક શ્રી માણેકલાલ પટેલની જીવનકથા' સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી દ્વારા પ્રકાશિત.

૨૦૧૩ : આત્મકથા 'ટાઇમ કૅપ્સ્યૂલ'નું પ્રકાશન. પ્રકાશક – મોહનલાલ પટેલ અમૃતપર્વ સમિતિ, પાટણ.

૨૦૧૫ : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને ગાંધીનગર બંને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી (સંક્ષિપ્ત ઇત્તિહાસ)નું સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી દ્વારા પ્રકાશન.

૨૦૧૬ : પત્ની હીરાનું અવસાન (તા. ૧૩ ડિસેમ્બર, ૨૦૧૬)

૨૦૧૭ : હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા આયોજિત શ્રી 'શ્રી મોહનલાલ પટેલ ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળા' માટે આમંત્રિત થતાં 'ટૂંકી વાર્તા ઘડતર અને સર્જન' વિશે વ્યાખ્યાન આપ્યું.
'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' અને 'કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ', કડી દ્વારા સંસ્થાના ઇતિહાસના લેખન માટે પ્રશસ્તિપત્ર એનાયત કરી કડીમાં સન્માન કરવામાં આવ્યું.

૨૦૧૮ : 'માનવહિતૈષી રામભાઈ' ગ્રંથનું કોરલ ફાર્મા, અમદાવાદ દ્વારા પ્રકાશન.

૨૦૧૯ : આત્મકથા 'ટાઇમ કૅપ્સ્યૂલ'ની દ્વિતીય સંવર્ધિત આવૃત્તિનું રંગદ્વાર પ્રકાશન, અમદાવાદ દ્વારા પ્રકાશન.

૨૦૨૦ : કેન્દ્રિય સાહિત્ય અકાદમી, નવી દિલ્હીના નિમંત્રણથી 'ગુજરાતી લઘુકથા સંચય' પુસ્તકનું સંપાદન કરી આપતાં અકાદમી દ્વારા તેનું પ્રકાશન

૨૦૨૦ : શુક્રવાર ૧૩ માર્ચના રોજ અમદાવાદમાં તેમના નિવાસસ્થાને સાંજે ૩-૪૫ કલાકે ચિર નિંદ્રામાં પોઢી ગયા.

# સ્નેહસંભારણાં, સ્નેહાંજલિઓ અને અભિપ્રાયો

'હેતનાં પારખાં' હું અઢી કલાકમાં વાંચી ગયો. જંગલની પુત્રીને 'સંસ્કારી' બનાવી શહેરી પુરુષને તેની તપસ્યા ને શુદ્ધિને અંતે તેની વરતી આલેખી તમે વાચકોને એક નવા વસ્તુવાળી પ્રેમકથા આપી છે. જંગલની ભીલી જેવી બોલીનો ઉપયોગ સારો ને વાતાવરણ જમાવે એવો કર્યો છે. નવલકથા સુવાચ્ય છે ને વાચકોને ખેંચી રાખે એવી છે જ. પહેલો જ પ્રયાસ છે, તો અભિનંદન.

**- અનંતરાય રાવળ**

•

શ્રી મોહનભાઈનું સ્મરણ અનેક રીતે થાય છે – એમની વાર્તા દ્વારા એમનો પરિચય. એમનાં માર્મિક વિવેચનો દ્વારા એમનું અહમ્‌ભાવ વિનાનું અને નિર્દંભ વ્યક્તિત્વ વગેરેનો પરિચય મોહનભાઈની આજે પણ યાદ તાજી કરાવે છે. પરંતુ આ ઉપરાંત મારા પર મોહનભાઈની છાપ એક મૌલિક અને સર્જક વિદ્યાર્થીની છે. વર્ગમાં ખૂબ ઉત્સાહથી ધ્યાનપૂર્વક બધી જ ક્રિયા-પ્રક્રિયાની નોંધ લેનાર મોહનભાઈ એક જુદા પ્રકારના વિદ્યાર્થી હતા. પ્રશિક્ષણ મહાવિદ્યાલયના રોજિંદા, ચીલાચાલુ કાર્યક્રમમાં મોહનભાઈ એમની આગવી શિસ્ત અને એમના વિનયવિવેક પ્રમાણે ભાગ લેતા રહે.

શ્રી મોહનભાઈ બી.એડ્.ની તે સમયની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયેલા. પછી તો વર્ષો પસાર થતાં ગયાં અને એક સમયે જે કૉલેજનો હું આચાર્ય હતો તેવે સમયે મેં મોહનભાઈને મારી કૉલેજમાં વ્યાખ્યાતા તરીકે આવવા નિમંત્રણ પાઠવ્યું. પરંતુ નિષ્ઠાવાન શિક્ષક પોતાની માતૃસંસ્થા – કડી સર્વ વિદ્યાલયને છોડવા તૈયાર ન હતા. હોદ્દાના પ્રલોભનને વશ થયા વિના મોહનભાઈએ મારા નિમંત્રણને સ્વીકાર્યું નહિ. સાચા અર્થમાં સાહિત્ય અને શિક્ષણના સુભગ મિલનને મોહનભાઈએ ઊજળું બનાવ્યું.

**- આર. એસ. ત્રિવેદી**

•

લઘુકથાને અત્યારે ગુજરાતી સાહિત્યમાં પ્રચલિત કરવામાં વધારેમાં વધારે ફાળો શ્રી મોહનભાઈ પટેલનો છે. લઘુકથાના સ્વરૂપ સાથે આ મોહનલાલ પટેલનું નામ ઐતિહાસિક દૃષ્ટિએ સંકળાયેલું રહેશે. ભલે કદાચ લઘુકથાના ઉત્તમ નમૂનાઓ હવે બીજા સર્જકો આપે તોપણ લઘુકથા પર એમના નામનો સિક્કો લાગી ગયો તે એક ઐતિહાસિક હકીકત બની ગઈ.

**- ઈશ્વરલાલ દવે**

•

શ્રી મોહનભાઈ એક અચ્છા સાહિત્યકાર તો છે જ, પણ આપણા એક ઉમદા શિક્ષક અને આચાર્ય પણ છે. પ્રોફેસર થવાની મોહિની ખંખેરી નાખી પોતાના સમાજનાં ઊછરતાં બાળકો વચ્ચે જઈને તેઓ બેઠા છે.

**- ઉમાશંકર જોશી**

•

એમનાં સ્મરણો વાંચીને પ્રસન્નતા અનુભવી. મૌનભાવે એકાગ્રચિત્તે અને અનાસક્તવૃત્તિથી કર્તવ્ય બજાવવું એ મોહનલાલભાઈના સ્વભાવમાં છે : રાગ કે દ્વેષથી અળગા રહીને એમણે પોતાની રીતે શિક્ષણ અને સાહિત્યમાં કામ કર્યું છે. એમના વ્યક્તિત્વમાં નમ્રતાનો અનુભવ હંમેશાં થતો રહ્યો અને શિક્ષણ હોય કે સાહિત્ય, પણ એમણે ઝાકઝમાળ વિના શાંત કર્મયોગ સાધ્યો છે. 'ટાઇમ કૅપ્સ્યૂલ'માં એમના અમૃતમય જીવનના પ્રામાણિક આલેખની હૃદયસ્પર્શી અનુભૂતિ થાય છે. એમની આત્મકથા દ્વારા એ સમયની ઘણી પ્રમાણભૂત વિગતો પ્રાપ્ત થાય છે અને સાથોસાથ એમના સાહિત્યસર્જનની વિગતો મળે છે.

**- કુમારપાળ દેસાઈ**

•

કોઈ પૂછે કે આદર્શ શિક્ષક કેવા હોય ? તો શ્રી

મોહનભાઈને ઓળખનાર અવશ્ય કહેશે, 'મોહનભાઈ જેવા!' અમારા ચર્ચાવર્તુળ-બુધવારીઆમાં તેમના અગાધ સામાન્ય જ્ઞાનથી અને શિક્ષણનાં કૌશલ્યોથી એ વિદ્યાર્થીઓને પ્રેરતા રહ્યા. પોતે એટલા વિનયી અને મિતભાષી કે એમની સિદ્ધિઓની જાણ તો મને રફતે-રફતે થયેલી. કડીના વિદ્યાલયમાં અને તેની મારફત ઉત્તર ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે તેમનું મોટું પ્રદાન રહ્યું.

**- કુલીનચંદ્ર યાજ્ઞિક**

•

ગુજરાતી સાહિત્યને 'લઘુકથા' જેવા અદ્યતન સાહિત્યસ્વરૂપની ભેટ ધરનારા મોહનલાલ પટેલ પણ આપણી વચ્ચે રહ્યા નથી. અનેક લઘુકથાઓ, કેટલાક વાર્તાસંગ્રહો તથા ઐતિહાસિક નવલકથા 'લાંછન' ઉપરાંત 'ટાઇમ કૅપ્સ્યૂલ' જેવી વિશિષ્ટ આત્મકથાના સર્જક મોહનલાલ પટેલ મૂળે શિક્ષણના જીવ. કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડીના પ્રમુખ તરીકે પણ એમણે યાદગાર સેવાઓ આપી હતી. છેલ્લાં કેટલાંક વર્ષોથી એ વધતી ઉંમરને કારણે બહાર નહોતા નીકળતા છતાં કેન્દ્રિય સાહિત્ય અકાદમી, નવી દિલ્હી દ્વારા એમને સોંપાયેલું ગુજરાતી ભાષાની ચુનંદી લઘુકથાઓનું સંપાદન કાર્ય બહુ ચીવટપૂર્વક સંપન્ન કર્યું. આ પુસ્તક પ્રકાશિત થવાની જ રાહ જોઈ રહ્યા હોય એમ મોહનલાલ પટેલે એના પ્રકાશન પછી નજીકના જ ગાળામાં જીવનલીલા સંકેલી લીધી. કોરોના-ઈફેક્ટને કારણે આવા એક યશસ્વી સર્જકની વિદાયની પણ લેવાવી જોઈએ તેવી નોંધ નથી લેવાઈ.

**- કેશુભાઈ દેસાઈ**

•

એલ.ડી.આર.પી. ઍન્ડ આઈ.ટી.આર., ગાંધીનગરમાં જોડાયા બાદ સૌ પ્રથમ હું સર્વ વિદ્યાલયના જ્યોર્તિધર પૂ. છગનભાનું ચરિત્ર **'પ્રજ્ઞાદીપ છગનભા'** વાંચી ગઈ. આ પુસ્તકમાં સર્વ વિદ્યાલયની સ્થાપનાની ભૂમિકા, પૂ. છગનભાનો ધ્યેયનિષ્ઠ પુરુષાર્થ અને સંસ્થાનું હાર્દ પૂ. મોહનભાઈ સાહેબે મુઠ્ઠીભર શબ્દોમાં રજૂ કર્યાં છે તે વાંચતાં જ અભિભૂત થઈ ગઈ. આ પુસ્તક વાંચ્યા બાદ મંડળની પ્રસંગોપાત્તની બેઠકોમાં સાહેબને મળવાનું થતાં અને તેમનાં ઉદ્‌બોધનો સાંભળતાં મને સાહેબશ્રી જ્ઞાનગંભીર છતાં ઋષિસમાન વ્યક્તિત્વથી સંપન્ન જણાયા છે. આપણા મંડળનો ઇતિહાસ લખીને પણ તેમણે આપણને ઋણી બનાવ્યા છે. સર્વ વિદ્યાલયના એક ઘડવૈયા એવા પૂજ્ય મોહનભાઈ સાહેબના અવસાનથી આપણને ઘણી મોટી ખોટ પડી છે. ઈશ્વર તેમના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

**– ગાર્ગી રાજપરા**

•

તમે આત્મકથા આપીને ઘણું ઉપયોગી કાર્ય કર્યું છે. તમારી વિકાસયાત્રા સાથે શિક્ષણની અને સાહિત્યિક યાત્રા પણ પ્રગાઢ રીતે જોડાયેલી છે. આ આત્મકથા નિમિત્તે સંસ્કાર તેમજ સંસ્કૃતિનો પથ્ય અને પ્રસન્નકર આસ્વાદ કરવાની અમૂલ્ય તક સૌને સાંપડશે એ આવકાર્ય ઘટના છે.

**- ચંદ્રકાન્ત શેઠ**

•

શ્રી મોહનભાઈ પટેલનું કડીમાં હોવું એ ઉત્તર ગુજરાતના લેખકોની યુવાપેઢી માટે બહુ ફળદાયી નીવડ્યું. કડીમાં જ એમણે લઘુવાર્તાના સ્વરૂપને વિકસાવ્યું અને એને જીવતીજાગતી રાખે એવા જૂના-નવા લેખકોને પ્રોત્સાહન આપ્યું.

**- ચિનુ મોદી**

•

આચાર્યશ્રી મોહનલાલ પટેલ લઘુકથાના પ્રથિતયશ સર્જક અને પ્રસ્થાનકાર છે. એમણે રસાત્મક નવલકથાઓ, વાર્તાસંગ્રહો, નિબંધસંગ્રહો અને પ્રવાસકૃતિનું સર્જન પણ કર્યું છે. એમનો ઇતિહાસ-રસ ઉત્કટ છે અને એમાં એમની ગતિ પણ ઊંડી છે. એટલે જ તેઓ એના સંશોધન-લેખનમાં અધિકારપૂર્વક માહિતીને ઉઠાવ આપી શકે છે. શ્રી મોહનભાઈ હાડે શિક્ષક, ભાવનાશીલ શિક્ષક છે. વિદ્યાર્થીને પોતાના વિચારો કેવી રીતે પહોંચાડવા એની એમને સહજ સૂઝ છે. એટલે એમનાં લખાણોમાં વિશદતા જોવા મળે છે. તેઓ સાહિત્યના સહૃદય ભાવક છે અને સંશોધનરત હોવાથી પોતાના ચિત્તમાં ઝિલાયેલાં સાહિત્યકૃતિનાં ભાવબિંદુઓને સરળતાથી વાચકો સુધી પહોંચાડી શકે છે અને એમના ચિત્તમાં નવા વિચારો સ્ફુરતા કરી શકે છે. શિક્ષકમાં હોવી જોઈએ એવી સામાજિક નિસબત એમનામાં હોવાથી તેઓ સાહિત્ય સિવાયની કૃતિઓ વિશેના પોતાના પ્રતિભાવો પણ વ્યક્ત કરે છે.

**- ચિમનલાલ ત્રિવેદી**

વાર્તાની કલા ઉપરાંત તેના શાસ્ત્રના પણ તમે સારા જાણકાર છો, તેનો પણ તમારી વાર્તાને આકર્ષક બનાવવામાં ફાળો છે. (વાર્તા વિવેચનનું તમારું પુસ્તક 'ટૂંકી વાર્તા : મીમાંસા' મેં વાંચ્યું છે. વાર્તાના કલાસ્વરૂપ અંગેની તમારી સૂઝ-સમજ તેમાં સુપેરે પ્રગટ થાય છે.) જીવનના વિવિધ અનુભવો સતત થતા રહે; તે અંગેની ઉત્કટ સભાનતા કેળવાતી રહે; વિવિધ ભાષાઓના ઉત્તમ વાર્તાસંગ્રહોના વાચન દ્વારા વાર્તાકલાનાં અવનવાં રૂપો આત્મસાત્ કરાતાં રહે; લખાયેલી વાર્તાનું તટસ્થભાવે નિર્મળ નિરીક્ષણ-પરીક્ષણ થતું રહે; વાર્તાની હસ્તપ્રત વખતોવખત સુધારાતી રહે; તો વાર્તાઓ અવશ્ય વધુ ને વધુ સ-રસ બનતી રહે. (મારી આવી માન્યતા છે.) તમારા વિશે આવું ચરિતાર્થ થાઓ – તેવી અપેક્ષા અને કામના સેવું છું; શુભેચ્છા પાઠવું છું.

**- જશવંત શેખડીવાલા**

•

શ્રી મોહનલાલ પટેલ આપણા ગુજરાતી સાહિત્યના બહુમુખી વ્યક્તિત્વસંપન્ન સાહિત્યકાર છે. વ્યક્તિત્વના બહુકોશ એમનામાં સુપેરે ઠલવાયા છે. તેઓ સફળ નવલકથાકાર, વાર્તાકાર અને મર્મી લઘુથાકાર છે. એક રચનાધર્મી લઘુકથાકાર તરીકે કોઈ પૂર્વ નિર્ધારિત રાજમાર્ગ પર ન ચાલતાં તેમણે અનન્ય નિષ્ઠા અને નિરંતર પુરુષાર્થથી નિજની સ્વતંત્ર કેડી કંડારી છે. 'એકલની પગદંડી' પર ચાલતાં-ચાલતાં ગુજરાતી સાહિત્યમાં, લઘુકથાનો નૂતન પથ પ્રશસ્ત કર્યો છે. સંવેદન-સમસંવેદન અનુભવ્યા પછી જ તેઓ કલમને હાથમાં લે છે ને એની સંપૂર્ણ માવજત કર્યા પછી જ એક શિલ્પીની અદાથી એને લઘુકથામાં આકારિત કરે છે.

**- જાદવજીભાઈ તુ. પટેલ**

•

તમારું ધબકતું હૃદય ૩૪૨ પાનાનાં પ્રત્યેક અક્ષરમાં સૂક્ષ્મ રીતે સાંભળી શકાય છે. પાને પાને વ્યક્ત થતું તમારું પારદર્શક વ્યક્તિત્વ વાચકમાત્રને આવતાં વર્ષોમાં અભિપ્રેરિત કરતું રહેશે. તમારું સંવેદનાપૂર્ણ વ્યક્તિત્વ ઔર વધુ સમૃદ્ધ કરતું રહેશે અને યુવા વર્ગ, અધ્યાપક વર્ગ, સમાજસેવક વર્ગ અને હરકોઈ પરિવાજનને ભાવનાની મૂડીથી ધન્ય-ધન્ય કરતું રહેશે.

**- દાઉદભાઈ ઘાંચી**

•

'ટાઇમ કેપ્સ્યૂલ'માં આપના જીવન અને કાર્યનું ઘડતર કરનારાં બળોનું આ રસપ્રદ નિરૂપણ મને ઘણું ખાજ પૂરું પાડશે એ રીતે આ ભેટ મારે માટે મૂલ્યવાન બની રહશે.

**- ધીરેન્દ્ર મહેતા**

•

લેખકનો અભ્યાસ ઘણો ઊંડો છે અને તેમણે કર્ણને ન્યાયી ઠરાવતા મુદ્દાઓ બરાબર પકડી પાડ્યા છે. 'ઇતિહાસને તોડવા-મરોડવાની ચેષ્ટા' કર્યા વિના જ અર્થઘટન ફેરવીને તેમણે 'લાંછન'ની બ્લૂપ્રિન્ટ તૈયાર કરી છે.

**- નરોત્તમ પલાણ**

•

શ્રી મોહનલાલ પટેલ આજીવન શિક્ષક છે, પરંતુ તે ચીલાચાલુ અર્થમાં નહિ. શિક્ષણકાર્ય કરતાં-કરતાં તેમણે સાહિત્યસર્જનકાર્ય પણ કર્યું છે. સાહિત્યક્ષેત્રની સિદ્ધિઓએ તેમનામાં શિક્ષકને 'દશાંગુલ ઊર્ધ્વ' બનાવ્યો છે. એમના શિક્ષણકાર્યને નવઅંકુરિત કર્યું છે. તેઓ એક આદર્શ શિક્ષક બન્યા છે. આદર્શ શિક્ષક વર્ગને સ્વર્ગ બનાવે છે, ને નિશાળને વિશાળ કરે છે. તે વિદ્યાર્થીઓના મગજ સુધી નહીં, હૃદય સુધી પ્રવેશ કરે છે.

**- નરોત્તમ વાળંદ**

•

કોઈ પણ વ્યક્તિ ગમે તે ક્ષેત્રમાં અતિ પ્રતિષ્ઠિત હોય, પણ આખરે તેનું મૂલ્ય એક માનવ તરીકે જ થાય છે. એક નમ્ર, સૌજન્યશીલ, મળતાવડા, નિરભિમાની માનવ તરીકે જ મેં તેમને સદા જોયા છે અને તે કારણે તેમનું વ્યક્તિત્વ મને પ્રશાંત લાગ્યું છે. અમે થોડા મિત્રોએ પાટણમાં 'ભાલણ સાહિત્ય સભા' શરૂ કરી. શ્રી મોહનભાઈ જ્યારે પાટણ હોય ત્યારે તેમાં તેઓ જરૂર હાજર રહેતા અને તેમની કૃતિઓનું અમને, સાહિત્યરસિકોને, રસપાન કરાવતા. તેમને અમારી આ સાહિત્યિક પ્રવૃત્તિ ગમી ગઈ હતી.

**- નવનીત શાહ**

•

''આચાર્ય શ્રી મોહનલાલ મારાં સૌજન્યશીલ અને સ્નેહસભર ફોઈના દિયર થાય અને તે નાતે બાળપણથી જ તેમના માટે સ્નેહસંબંધ બંધાયો. શ્રી મોહનલાલ પટેલના પિતા 'બાભાઈ માસ્તર' અમારા સમાજમાં

આગવું સ્થાન ધરાવતા સૌમ્ય આગેવાન. બાભાઈ માસ્તરના પરિવારની સમાજમાં ઉમદા પ્રતિષ્ઠા. આમ શ્રી મોહનલાલ પટેલને આચાર્ય, સાહિત્યકાર તથા સૌજન્યશીલ સંબંધી તરીકે અમે સૌ સતત સન્માનિત કરતા રહ્યા. સંબંધી તરીકે વિનમ્રતા, ઋજુતાનો જ અનુભવ થાય. અમારી વચ્ચેનો સંબંધસેતુ તો શિક્ષણ અને સાહિત્યની વસ્તુ વડે જ બંધાયેલો રહ્યો. શિક્ષક-આચાર્યના ગુણ વિવિધ પણ ઘરેણાં તો બે - પ્રસન્ન ચહેરો અને રણકદાર અવાજ. વિદ્યાર્થી આ બેથી આકર્ષાય. શ્રી મોહનલાલ આ બંને ઘરેણાંના સ્વામી છે.''

**- પી. જી. પટેલ**

●

સમગ્ર શાળા સુધાર જ્ઞાનસત્ર – અડાલજમાં જે દિવસે હું જઈ ચડ્યો તે જ દિવસે શાળામાં સાહિત્યિક પ્રવૃત્તિ વિશેનો તમારો નિબંધ વંચાયો હતો. નિબંધ ઘણો સરસ લખાયો છે અને મને તેના વસ્તુમાં ખૂબ જ રસ પડ્યો.

**- પ્ર. ચુ. વૈદ્ય**

●

તમે કડીમાં બેઠે-બેઠે ટૂંકી વાર્તા કરતાં ટૂંકી-ટૂંકી વાર્તા જુદી છે તેવું સૌને બતાવી શક્યા. તમે સઘન ભાવાભિવ્યક્તિ અને ટુચકા વચ્ચેનો ભેદ જોઈ શક્યા અને ટૂંકી-ટૂંકી વાર્તાના સ્વરૂપની રેખાઓને તમારી રીતે સુસ્પષ્ટ કરી આપી. તમે એ પ્રકારની વાર્તાઓનાં દૃષ્ટાંતો તો તમારી કૃતિઓ વડે પૂરાં પાડ્યાં જ પણ સાથે દિલીપ, રમેશ, ભગવત વગેરે અનેકને એ દિશામાં વાળ્યા. ગુજરાતી ટૂંકી વાર્તાના જળને પ્રકંપિત કર્યા. કડીને તમે સાહિત્યનું નાનેરું તીર્થ બનાવી મૂક્યું. આ બધું નિઃસ્પૃહભાવે, કશા ધખારા વિના ! તમારું આ સ્વચ્છ, નિર્મળરૂપ મને એ રીતે સતત આકર્ષતું રહ્યું.

**- પ્રવીણ દરજી**

●

હતા તો કૉલેજના અધ્યાપક, કૉલેજમાં રહ્યા હોત તો જરા જુદાં પ્રકારનું વ્યક્તિત્ત્વ મહોર્યું હોત એમ લાગે છે. પણ એમણે યશવંત શુક્લને બદલે સ્નેહરશ્મિનો પક્ષ લીધો. કૉલેજના અધ્યાપકપદેથી રાજીનામું આપીને કડી સર્વ વિદ્યાલયનું આચાર્યપદ સ્વીકાર્યું. એક શિક્ષણસંસ્થાના વિકાસ અને વિસ્તાર માટે પોતાની કારકિર્દીનો વિચાર ન કરવો એ આજના સ્વકેન્દ્રીવૃત્તિ ધરાવતા શિક્ષકો માટે મોટું ઉદાહરણ છે. મોહનલાલભાઈની આ સમર્પણભાવના મને ભારે સ્પર્શી ગઈ છે. શિક્ષણ અધ્યયન, અધ્યાપન જ એમના ઊંડા રસના વિષયો. આ કારણે ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તકમાંથી અને રાજ્ય શિક્ષણાધિકારીની કચેરી દ્વારા શૈક્ષણિક ક્ષેત્રે એમણે આપેલ સેવાઓ ખૂબ જ ઉલ્લેખનીય રહેવાની. એક મૂલ્યનિષ્ઠ શિક્ષક એમની આવી સેવાવૃત્તિ અને નરી નિર્ભેળ શિક્ષણ પ્રવૃત્તિને કારણે વિદ્યાધામ ઉપરાંત કેવું અને કેટલું મહત્ત્વનું યોગદાન આપી શકે એનું ઉદાહરણ મોહનલાલ પટેલ છે. શિક્ષકને મોટા ભાગે મેનેજમેન્ટ સંસ્થાથી દૂર રાખે. પણ મોહનલાલભાઈ તો મૂલ્યનિષ્ઠ શિક્ષક. એ કારણે મેનેજમેન્ટે મોહનલાલભાઈને હંમેશાં સાથે રાખ્યા. શિક્ષણ માટે જાત ઘસનારા મોહનલાલભાઈ એ રીતે અર્વાચીન સમયના દધિચી છે.

**- બળવંત જાની**

●

ગુજરાતી સાહિત્યના આદ્ય લઘુકથાકાર, નવલિકાકાર, નવલકથાકાર, નિબંધકાર અને વિવેચક શ્રી મોહનલાલ પટેલ 'હાસ્ય ઝરૂખે બેઠ કે'માં જુદી પ્રતિભાનાં દર્શન કરાવે છે. બહુધા તેમનું સાહિત્ય ગંભીર પ્રકારનું છે અને વિવેચન શાસ્ત્રીય છે. સ્વભાવની સરળતા અને વ્યક્તિત્વની ગંભીરતા ધરાવનાર લેખક પાસેથી આ ગ્રંથમાં હાસ્યનિબંધો મળે છે, જે તેમની ઉપર્યુક્ત વિશેષતાઓનો પરિચય કરાવે છે.

**- ભરત સોલંકી**

●

સર્વ વિદ્યાલયમાં એ સમયમાં ૧૯૪૮ પછીનાં વર્ષોમાં પણ મોટા ભાગના શિક્ષકો ખાદીનાં કપડાં પહેરતા. એટલે જ્યારે ઉત્તમ સિલાઈવાળાં પૅન્ટ-શર્ટમાં સજ્જ યુવા મોહનલાલ પટેલે પ્રવેશ કર્યો ત્યારે વર્ગખંડના વિદ્યાર્થીઓ એમને જોઈ રહ્યા. ભલે પૅન્ટ-શર્ટમાં સજ્જ પણ 'વટ'નો ભાવ જરા પણ નહિ, એક વિનમ્રતાનો એમનો ભાવ અમને સ્પર્શી ગયો. અમે તો દશમા ધોરણના છાત્ર, પણ કોઈને 'તું'ન કહે, બધા છાત્રોને 'તમે' કહે. આ પણ નવો અનુભવ. વર્ગમાં ફરતાં ક્યાંક કોઈને પણ અડકી જાય તો તરત બોલે 'સૉરી'. ઉજ્જડ એવા અમને આ વિવેક, આ રીતભાત વણકહે કેટલું બધું કહેતાં હતાં – શિક્ષા કહો તો શિક્ષા અને દીક્ષા કહો

તો દીક્ષા. એ પાટીદાર આશ્રમમાં નહિ, પણ કડી ગામમાં રહેતા એટલે શરૂઆતમાં એમનો સંપર્ક ઓછો રહેતો, પણ અમારી સાથે એમ વર્તે જાણે અમે આત્મીય છીએ. પછી તેઓ કિશોરકુંજમાં ગૃહપતિ તરીકે રહેવા આવ્યા. જે દિવસથી એ કાર્યભાર સંભાળ્યો, તે દિવસથી પેલાં પૅન્ટ-શર્ટ અને કોટ અદશ્ય થઈ ગયાં, ખાદીનાં વસ્ત્રો આવી ગયાં હતાં. આચારવાન તે આચાર્ય – એ સૂત્ર અમને એમના આ વેશ પરિવર્તનથી સમજાયું. છાત્રોને સાદગી કેવી રીતે શીખવી શકાય ? આવા સાહિત્યગુરુ મળવા એ આપણું ઉત્તમ ભાગ્ય હોય તો જ બને. મને એવું ભાગ્ય મળ્યું છે. એમના હાથે શિક્ષિત અને દીક્ષિત થયેલા અનેક એમના શિષ્યોને પણ એ મળ્યું છે.

હું જાણું છું આજે સર્વ વિદ્યાલયમાં જે કંઈ રહ્યું છે, તેમાં તમે એક મોટું બળ છો. તમે ન હોત તો – સર્વ વિદ્યાલય આજે જે છે તે તો ન જ હોત. મારો એ વ્યક્તિગત ભાવ હું તમને જણાવું છું તો તેમાં તમને પ્રસન્ન કરવાની વાત નથી.

આવા સાહિત્યગુરુ મળવા એ આપણું ઉત્તમ ભાગ્ય હોય તો જ બને. મને એવું ભાગ્ય મળ્યું છે. એમના હાથે શિક્ષિત અને દીક્ષિત થયેલા અનેક એમના શિષ્યોને પણ એ મળ્યું છે.

**- ભોળાભાઈ પટેલ**

●

સામાન્ય રીતે, વીસમી સદીના પટેલોમાં ભાગ્યે જ જોવા મળતું, આભિજાત્ય મોહનલાલ પટેલનો પ્રથમ ધ્યાન ખેંચનારો ગુણ છે. આ વાત અહીં એટલે નોંધી કે એમની વાર્તા-કથાનાં પાત્રોમાં ઘણે ઠેકાણે આવું અભિજાત આચરણ દેખાય છે. મોહનલાલ પટેલને ગુજરાતની પ્રજામાં, એમની અસ્મિતામાં રસ છે. તમે એમને ભાવનાવાદી કહો તોય એ ગુણ છે. મોહનલાલ કેળવણીના માણસ; જીવ શિક્ષણમાં. જે કામ શિક્ષણમાં થઈ શકે એમ નહોતું; એ એમણે કથાસાહિત્યમાં સમય આપીને કર્યું.

**- મણિલાલ હ. પટેલ**

●

શ્રીયુત મોહનભાઈ પટેલની જન્મભૂમિ પાટણ... પણ કર્મભૂમિ કડી નગર... આજે તેમની સાહિત્યસાધના પાટણ-કડીને સેતુબંધ કરીને અનેકના પ્રેરણાસ્રોત એ બન્યા છે. તેઓશ્રી એક આદર્શ શિક્ષક અને આચાર્ય તરીકે પાર ઊતર્યા છે. જીવનમાં લેશમાત્ર આડંબર વગરના શ્રીયુત મોહનભાઈ પટેલને જ્યારે પણ મળીએ ત્યારે સ્મિતવદન સાથે આવકાર મળે. તેઓશ્રીની સાહિત્યસાધના પૂર્ણ પૂર્ણિમાસમી ખીલી ઊઠેલી આજે આપણે સૌ નીરખી રહ્યા છીએ.

**- મનસુખ સ્વામી**

●

શ્રી મોહનલાલ પટેલની પ્રતિભા બહુમુખી છે. પ્રત્યક્ષપણે એમણે કેળવણી, સંસ્થા, સામાજિક કાર્યો અને બીજી કેટલીય પ્રવૃત્તિઓ સાથે જોડાયેલ રહેવું પડ્યું છે. પણ એમનું મૂળ વ્યક્તિત્વ એક Complete વાર્તાકારનું છે. એકવાર શ્રી ભોળાભાઈ પટેલને સુરેશ જોષીએ પૂછ્યું હતું : 'મોહનલાલ શું કરે છે ?' ભોળાભાઈએ કહ્યું હતું કે ત્રણ કૉલેજો ભેગી કરો એટલી મોટી સંસ્થાનું એમને સંચાલન કરવાનું હોય છે... આપણે જોઈ શકીએ છીએ full-time પ્રવૃત્તિઓમાં જોડાયેલા હોવા છતાં મોહનલાલમાં રહેલો વાર્તાકાર રહસ્યમય રીતે જીવંત અને સક્રિય રહેલો છે. આ વાત આપણા જાગૃત સાહિત્યકારો અને સાહિત્યરસિકો માટે it goes without saying, ઇતિ.

**- મહેશ બાલાશંકર દવે**

●

કોઈ પૂછે કે આદર્શ શિક્ષક કેવા હોય ? તો શ્રી મોહનભાઈને ઓળખનારા અવશ્ય કહેશે, મોહનભાઈ જેવા. કડીના વિદ્યાલયમાં અને તેની મારફત ઉત્તર ગુજરાત શિક્ષણ ક્ષેત્રે તેમનું મોટું પ્રદાન રહ્યું. સંસ્થાના છેલ્લાં ૮૫ વર્ષના ઇતિહાસમાં જે આચાર્યો આવ્યા સદ્ગત બાપુભાઈ ગામી, પોપટભાઈ પટેલ, નાથાભાઈ દેસાઈ, મોહનલાલ પટેલ અને મનુભાઈ પટેલ એ બધા જ ગુરુકુળોની પરંપરાને દીપાવે તેવા.

**- માણેકલાલ પટેલ**

●

કડીનું સર્વ વિદ્યાલય એ એક રાષ્ટ્રીય શાળા હતું. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ પણ આ શાળાની મુલાકાત લીધેલી. મોહનલાલ પટેલ એક આદર્શ શિક્ષક ઉપરાંત ઊંચા ગજાના સાહિત્યકાર પણ છે. સાહિત્યક્ષેત્રે એમણે કવિતા સિવાય બધાં જ સાહિત્યસ્વરૂપોનું સક્ષમ રીતે ખેડાણ કર્યું છે. ટૂંકી વાર્તાઓના તે સિદ્ધહસ્ત લેખક છે.

**- મુકુન્દભાઈ પી. બ્રહ્મક્ષત્રિય**

મોહનભાઈની સાહિત્યિક કૃતિઓ ઉત્તર ગુજરાતના ભાવકોને પહોંચી છે એથી વધુ એમની શૈક્ષણિક સેવાઓ પહોંચી છે. એમ કહેવામાં અતિશયોક્તિ નથી. ગૃહપતિ તરીકે લોકપ્રિય રહેવું અઘરું, આચાર્ય તરીકે લોકપ્રિય રહેવું એથીય અઘરું, પણ મોહનભાઈની લોકપ્રિયતામાં કદી ઓટ આવી નથી.

મોહનભાઈનું વર્તન અભિજાત છે અને એમની સાહિત્યિક રુચિ પ્રશિષ્ટ કૃતિઓના વાચનથી ઘડાયેલી છે. 'ટૂંકી વાર્તા મીમાંસા' (૧૯૭૯) એમનું એક અભ્યાસપૂર્ણ પુસ્તક છે. ગુજરાતના છેલ્લા રાજા કરણ વાઘેલા વિશે એમની નવલકથા 'અંતિમ દીપ' (૧૯૬૦) એક નોંધપાત્ર ઐતિહાસિક નવલકથા છે. વળી, ગુજરાતી સાહિત્યમાં લઘુકથાના પ્રવર્તક અને વ્યાખ્યાકાર તરીકે પણ એમની પ્રતિષ્ઠા છે.

**- રઘુવીર ચૌધરી**

●

''સાચું કહું તો, એક પ્રતિષ્ઠિત સાહિત્યકાર કે 'કમિટેડ સમાજસુધારક મોહનલાલ કરતાં પણ એક નિષ્ઠાવાન, પ્રાજ્ઞ ને શીલવંત આચાર્યશ્રી મોહનલાલનું મૂલ્ય મારે મન સ-વિશેષ છે. પૂ. બાપુભાઈ ગામી, પૂ. પોપટભાઈ પટેલ, પૂ. છગનભાઈ પટેલ, પૂ. નાથાલાલ એન. દેસાઈ જેવાઓએ, એમનાં પ્રજ્ઞા ને શીલ દ્વારા, કડી સર્વ વિદ્યાલયની જે ઉજ્જ્વલ પરંપરા ઊભી કરી તેનું સાતત્ય આચાર્ય શ્રી મોહનલાલે જાગૃતિપૂર્વક જાળવી રાખ્યું છે, ને હજારોનાં હૃદયમંદિરમાં સ્થાન નિશ્ચિત કર્યું છે. એમનું સાહિત્ય શતાયુ બને વા ન બને પણ શુદ્ધ આચાર અને પવિત્ર વિદ્યા દ્વારા એમણે અનેકોનું જે જીવનઘડતર કર્યું છે તે કદી ભુલાવાનું નથી.'... ગુજરાતખ્યાત વિદ્યાસંસ્થા 'સર્વ વિદ્યાલય' કડીના ભૂતપૂર્વ ભાવનાશીલ આદર્શ આચાર્ય શ્રી મોહનલાલ બી. પટેલે આલેખેલો, 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી' અને 'કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ' કડીનો સંક્ષિપ્ત ઇતિહાસ વાંચતાં મને, ગંગોત્રીમાંથી પ્રગટતી વિશાળ ગંગાનો અને કબીરવડના જટાજૂટમાંથી પ્રસ્ફુટતા અનેક સંકુલ કબીરવડોનો અહેસાસ થયો. વડના એક નાનકડા બીજમાં કેટલી બધી વિરાટ શક્તિ ભંડારાયેલી છે તેનો આ રોમહર્ષણ ઇતિહાસ છે. એ ઇતિહાસ ભૂતકાળનું તો સ્મરણ-તર્પણ કરે છે, પણ વર્તમાનને સંસ્કારી-સંકોરી, ઉજ્જ્વળ ભાવિ માટે ઉદ્‌બોધન પણ કરે છે. આ ઇતિહાસ તો છે, સંસ્કૃતિઓના વિશ્વપ્રસિદ્ધ ઇતિહાસકાર ટૉયેન્બીના ચૅલેન્જ રિસ્પૉન્સની સ-દૃષ્ટાંત કથા અને એનું ભાષ્યવિવરણ. મને લાગે છે કે શ્રી મોહનલાલની કલમસિવાય જાગર્તિનો આવો ઇતિહાસ આલેખવાની કોઈની શક્તિ નથી.

**- ડૉ. રણજિત પટેલ (અનામી)**

●

શ્રી મોહનલાલ પટેલની સારસ્વતયાત્રા બહુઆયામી છે : ગદ્યનાં બધાં ક્ષેત્રે એમની કલમ સફળતાથી અને સરસતાથી વિહરી છે; વાર્તા અને વિવેચનક્ષેત્રે તેમણે આગવું ને ઉત્કૃષ્ટ ગજું કાઢ્યું છે. નિબંધક્ષેત્રે પણ એમની પ્રસન્નકર પ્રાસાદિક શૈલીથી ગુજરાતી વાઙ્‌મયને એક સમર્થ નિબંધકાર મળ્યાનો અહેસાસ થયો છે. સંસ્કૃત, સંસ્કૃતિ ને ઇતિહાસ એમના રસના વિષય ખરા પણ એમનું અંગ્રેજી સાહિત્યનું સવિશેષ વાચન એમને પહેલી હરોળના ગુજરાતી ગદ્યકાર ઉપસાવવામાં વિશિષ્ટ નિમિત્ત બન્યું છે.

**- રતિલાલ સાં. નાયક**

●

હિસ્ટોરીકલ પ્રોસેસ જેમાં નથી તેવી કૃતિઓ ઐતિહાસિક નવલકથા જ નથી એ વાત તમે અસરકારક રીતે મૂકી છે. સૈનિકોના વિદ્રોહનું સ્વાતંત્ર્યસંગ્રામમાં પરિણમવું, ઐતિહાસિક પ્રક્રિયાના ઉદાહરણરૂપે તમે જે રીતે સ્પષ્ટ કર્યું તે ગમ્યું.

**- રવીન્દ્ર પારેખ**

●

મોહનલાલ પટેલે ભલે નવલકથાઓ, વાર્તાસંગ્રહો લખ્યાં, પણ સર્જક લેખે મોહનલાલ પટેલ વિખ્યાતિ પામ્યા છે – લઘુકથાના પ્રખર પુરસ્કર્તા અને લેખક તરીકે સાચા અર્થમાં સાક્ષર એવા વાર્તાકાર મોહનલાલભાઈને લઘુકથાના આચાર્ય કહેવા ઘટે.

**- રાધેશ્યામ શર્મા**

●

કવિ સુન્દરમ્‌ ગાયું... 'જગની સહુ કડીઓમાં સ્નેહની સર્વથી વડી.' એ શ્રી મોહનલાલ પટેલે અનુભવ્યું. મહાનગર અમદાવાદમાં શિક્ષણ અને સાહિત્યક્ષેત્રે અનેક

તકો હોવા છતાં કડી જેવા નાના શહેરમાં સર્વ વિદ્યાલયમાં શિક્ષક તરીકે આવવામાં મોહનભાઈએ ગૌરવ જોયું. એ કરતાંય વિશેષ કંઈક પૂ. છગનભાએ સ્થાપેલી આ શાળાના વિદ્યાર્થીઓમાં આત્મીયતા જોઈ અને સ્નેહબંધન થયું.

**- રામજીભાઈ કડિયા**

●

શ્રી મોહનલાલ પટેલ અમારા ગુજરાતી વિષયના શિક્ષક. ભૂગોળ પણ એમનો ભાવતો વિષય. શિક્ષક એટલે સાદો જીવ, ઝભ્ભો-ધોતી એ શિક્ષકનો મુખ્ય પોશાક અને અમારી કલ્પનાને એમણે સાવ જ ખોટી પાડેલી. અમારા મનના કૅમેરામાં એ વખતે ગુજરાતી શાળાના શિક્ષકોની છબી ગોઠવાયેલી એટલે અમને એમનાં ચોખ્ખાચણક ઇસ્ત્રીટાઇટ કપડાં, એમની હરવાફરવાની અને બોલવાની સ્ટાઈલનું જબરું આકર્ષણ થયેલું. લઘરવગર પોશાકમાં અમે એમને કદી પણ જોયેલા નહીં; બિલકુલ સુઘડ અને સ્વચ્છ.

**- રામભાઈ એમ. પટેલ**

●

'લાંછન' કર્ણદેવ વાઘેલા સંબંધિત ઐતિહાસિક ઘટનાને વિષયવસ્તુ તરીકે લઈ રચાયેલી એક વધુ કૃતિ કિન્તુ એ તેની વિશેષતા નથી, કારણ કે આવા અન્ય પ્રયોગોથી આપણે પરિચિત છીએ. પરંતુ એનો એ જ સર્જકે એના એ જ કથાવસ્તુને લઈને બીજી રચના કરી હોય એવું જાણમાં નથી. એટલે 'લાંછન' એ દૃષ્ટિએ, આ જ લેખકે આ જ ઘટનાને આધારે અગાઉ 'અંતિમ દીપ' નામે રચેલી એક નવલકથા પછી ફરીથી એ જ ઘટનાને વિષય કરી આ બીજી નવલકથા રચી હોઈ નોંધપાત્ર પ્રયોગ ગણાય.

**- વિનોદ અધ્વર્યુ**

●

સર્વ વિદ્યાલય કડીના અભ્યાસકાળ દરમિયાન શ્રી મોહનભાઈ પટેલનો પ્રથમ આદર્શ શિક્ષક તરીકેનો પરિચય થયો. વિદ્યાર્થીને સારું, ઉચ્ચ, સંસ્કારી શિક્ષણ આપીને સફળ શિક્ષકની છાપ ઉપસાવી હતી. કોઈ પણ વિદ્યાર્થી તેઓને મળે ત્યારે ખૂબ જ આદરપૂર્વક વાતચીત કરતા. તેઓએ જીવનમાં સાદાઈને વણી લીધી છે. તેઓ વિદ્યાર્થીની વ્યક્તિગત સંભાળ લેતા ને અભ્યાસમાં પ્રગતિ કરવા માટેનો આદેશ આપતા.

**- સાધુ ભક્તિ પ્રિયદાસ**

●

'Mohanlala has carried the torch of education and creative writing and has provided leadership in several educational institutions in Gujarat state. His accomplishments as well as his curiosity and sense of humor have been a significant inspiration for me. I consider my self fortunate being one of his students. Eventually his co-worker and family friend.'

**- Dr. C. K. Patel**

Professor Emeritus and former Chaiperson,
Triton College, River Grove, Illinosis, U.S.A.

●

સર્વાંગે જોતાં [હેતનાં પારખાં] કથા રસદાયી છે. તેમાંના કેટલાક પારિભાષિક શબ્દો પણ વાતાવરણ સર્જવામાં સારો ભાગ ભજવે છે. શૈલી રસિક અને સરળ છે.

**- હીરા પાઠક**

●

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર
**વર્ષ : ૧૦, અંક : ૨-૩, માર્ચ-જૂન, ૨૦૨૦, સળંગ અંક : ૫૬-૫૭**
સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**
પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૦૭૯-૨૩૨૪ ૪૬૯૦**
ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**

# ઉઘાડા પગે

## (એક સ્મૃતિવિશેષ)

યાદ છે –
સાંભળી શોરબકોર કશો,
જમતાં-જમતાં
થઈ ઊભા પાટલેથી
ઉઘાડા પગે
દોડ્યા'તા તમે...

યાદ છે –
રહ્યા નો'તા પે'રવા પગમહીં ચંપલ,
ભરતા ફલાંગો
શોરભણી એ,
ધડકતાં હૈયે
ધસ્યા'તા તમે...

યાદ છે –
મચવાનું છાત્રોમાંહે જ્યાં
દંગલ ઘડીકમાં જ હતું,
દરવાજે આશ્રમને એ,
પળમાં બે
પહોંચ્યા'તા તમે...

યાદ છે –
બે પડ્યા'તા પક્ષ છાત્રબંધુઓ માંહે
ને થયા'તા ઉદ્યુક્ત લડવા સહુ એ,
નો'તી જાણી શી ય હતી બાબત
તૂટે કિંતુ હાડ
કે
ફૂટે માથાં અન્યોન્યનાં
એ પ્હેલાં,
કુરુક્ષેત્રે એ
પૂગ્યા'તા તમે...

યાદ છે –
સમજાવી સહુને સ્નેહશબ્દે,
કરી વાતાવરણ ક્ષુબ્ધ ને શાંત,
પ્રિય જ તમારા છાત્રોને
આખર,
પાછા ધર્મક્ષેત્રે
વાળ્યા'તા તમે...

ડૉ. મયંક પટેલ
મો. ૯૮૯૮૨૨૦૦૩૬

Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar
Year 10, Issue No. 2-3 March-June 2020
Editor : Manibhai Prajapati
Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,
L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016
Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6



તા. ૧૦ નવેમ્બર, ૨૦૧૭ના રોજ શ્રી મોહનલાલ પટેલ કૃત 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી – ગાંધીનગર અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી (સંક્ષિપ્ત ઇતિહાસ)'નો લોકાર્પણ સમારોહ જ્ઞાનપીઠ અવોર્ડ વિજેતા શ્રી રઘુવીર ચૌધરીના સાંનિધ્યમાં સર્વ વિદ્યાલય કેમ્પસ, કડીમાં આયોજિત કરવામાં આવેલ તે પ્રસંગનું દ્રશ્ય.

